# આપણા દેશનો ટૂંકો ઇતિહાસ

## રાજતંત્ર સહિત

# આપણા દેશનો ટૂંકો ઈતિહાસ

## રાજતંત્ર સહિત

લેખક

રા. બ્રિજરત્નલાલ જમનાદાસ અક્કડ,

બી. એ. એસ. ટી. સી.

હેડમાસ્તર. ન. પ્રે. ઝવેરી જૈન હાઈસ્કૂલ, સુરત.

મંગળદાસ એન્ડ સન્સ, સુરત.

કિંમત ૦-૧૨-૦

# પ્રસ્તાવના.

મેં બહાર પાડેલો શાળોપયોગી 'આપણા દેશનો ઇતિહાસ' આજે ગૂજરાતની હાઇસ્કૂલોમાં ઠીક ઠીક વંચાતો થઈ ગયો છે; વિદ્યાર્થીઓને એની લેખન પદ્ધતિ અને ભાષા ગમી ગયાં છે; એથી પ્રોત્સાહિત બની એજ ઇતિહાસનું સંક્ષિપ્ત સ્વરૂપ બહાર પાડવું ઉચિત ધાર્યું છે.

આ જાતના સંક્ષિપ્ત ઇતિહાસો આપણી ગૂજરાતી પ્રાથમિક શાળાઓમાં અને મિડલ સ્કૂલોમાં ચાલે છે. એ વસ્તુસ્થિતિને લક્ષમાં રાખી મેં મારો અસલ ઇતિહાસ ટૂંકાવેલો છે. મૂળની ભાષાને હતી તેથી પણ સહેલી કરવાનો પ્રયત્ન કર્યો છે. ઇતિહાસના બનાવોને બની શકે તેટલી સરળતાથી ટૂંકાવ્યા છે; અને પુસ્તકનું મહત્ત્વ વધારવા શ્રમ લીધો છે. એક રીતે આ ઇતિહાસ સંક્ષિપ્ત હોઈ મેટ્રિકના વિદ્યાર્થીઓને પણ ઉપયોગી થશે.

જરૂરી નકશાઓ અને ચિત્રો મૂકીને પુસ્તકની ઉપયોગિતા વધારવાનો બનતો પ્રયત્ન કર્યો છે; અને ઈશ્વરઇચ્છા હશે તો બીજી આવૃત્તિમાં નકશા અને ચિત્રોની બાબતમાં ઘણો જ વધારો કરવા ઉમેદ છે.

ઇતિહાસરસિકો આ પુસ્તકની ઉણપો-જે કાંઈ એમને માલમ પડે તે-તરફ મારું ધ્યાન દોરશે તો હું ઉપકૃત થઈશ.

શાહપોર, સુરત. }
તા. ૧૫-૧૨-૩૦ }

બ્રિજરત્નલાલ જ. અક્કડ.

## લેખકનાં બીજાં પુસ્તકો.

| | |
|---|---|
| આપણા દેશનો ઈતિહાસ ખંડ પહેલો | ૦-૧૨-૦ |
| આપણા દેશનો ઈતિહાસ ખંડ બીજો તથા ત્રીજો (રાજતંત્ર સહિત) | ૧-૪-૦ |
| સ્વ. ચુનીલાલ ઘેલાભાઈ શાહ (સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના સ્થાપક)નું જીવન વૃત્તાંત | ૦-૬-૦ |

મુદ્રક:—નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમ.
મુદ્રણાલય:—ધી 'શંકર' પ્રી. પ્રેસ, ચૌટાબ્રીજ–સુરત.
પ્રકાશક:—મંગળદાસ એન્ડ સન્સ,
ભાગાતળાવરોડ–સુરત.

# અનુક્રમણિકા.

## ભાગ ૧ લો.

## પ્રાચીન હિન્દુસ્તાન

## ભાગ ૨ જો.

## મુગલ વંશનો ઇતિહાસ.

## ભાગ ૩ જો.

## મરાઠાઓનો ઈતિહાસ.

## ભાગ ૪ થો.

## હિન્દમાં યૂરોપી પ્રજાઓ.



## ભાગ–૫ મો.

## ઈસ્ટ ઈન્ડિયા કંપની.

(૪) લૉર્ડ મિન્ટો

[ત્રાવણકોરનો બંદોબસ્ત; બુંદેલખંડ અને નાગપૂરની વ્યવસ્થા; શિખ સરદાર રણજીતસિંહ; કંપનીનો નવા પટો.]

(૫) માર્ક્વિસ ઑફ હેસ્ટિંગ્સ

[નેપાળના ગુરખાઓ; પિંઢારાઓ; હેસ્ટિંગ્સના સુધારા]

(૬) લૉર્ડ એમહર્સ્ટ

[બ્રહ્મી વિગ્રહ અને યેન્દાબુની સુલેહ; ભરતપુરની જીત]

(૭) લૉર્ડ વિલિયમ બેન્ટિન્ક

[કુર્ગ; મ્હૈસૂર; બેન્ટિન્કના સુધારા; બાંધકામ; રાજા રામમોહનરાય; બેન્ટિન્કની રાજનીતિ]

(૮) સર ચાર્લ્સ મેટ્કાફ

(૯) લૉર્ડ ઑકલૅન્ડ

[અફઘાનીસ્તાન; અફઘાન વિગ્રહ.]

(૧૦) લૉર્ડ એલન્બરો

[અફઘાનીસ્તાન; સિંધના અમીરો; ગ્વાલીઅર.]

(૧૧) સર હેન્રી હાર્ડીંજ

[પહેલો શિખ વિગ્રહ]

(૧૨) લૉર્ડ ડલ્હાઉઝી

[બીજો શિખ વિગ્રહ; બીજો બ્રહ્મી વિગ્રહ; લૉર્ડ ડલ્હાઉઝીની ખાલસા પદ્ધતિ; સતારા અને કરૌલી; નાગપૂર; ઝાંસી; અયોધ્યા; કર્ણાટક અને તાંજોર; નાના સાહેબ; કેળવણી; રેલવે તથા તાર]

(૧૩) લૉર્ડ કૅનિંગ

[ઈરાન સાથે લડાઈ; સિપાઈઓનો બળવો; બળવાનો પ્રવાહ; દિલ્હી તથા કાનપુર આગળ બળવો; લખનૌ રેસીડન્સી; બળવાનો ઠેકઠેકાણે ફેલાવો; બળવાનો અંત; બળવા પછી]

## ભાગ–૬ ઠ્ઠો.
## હિન્દમાં બ્રિટિશ અમલ

## ભાગ-૭ મો.

### નવો યુગ



## ભાગ ૮ મો.

### બ્રિટિશ હિન્દનું રાજતંત્ર.

## પરિશિષ્ટ.



### નકશા, ચિત્રો વગેરે

# ભાગ–૧ લો

# પ્રાચીન હિન્દુસ્તાન

## પ્રકરણ–૧ લું

### હિન્દભૂમિની રચના

હિન્દ આપણી માતૃભૂમિ છે. હજારો વર્ષથી આપણા વડવાઓ અને આપણે હિન્દની રસાળ ભૂમિમાં વસતા આવ્યા છીએ; અને ભવિષ્યમાં પણ આપણી પ્રજા આ જ આપણી માતૃભૂમિમાં વસશે અને આ રસાળભૂમિના રસથી એમનાં શરીર પોષાશે. માતૃભૂમિમાં વસવું અને માતૃભૂમિ માટે જીવવું એ તો એક ઓર જ આનંદ છે. જે ભૂમિના રસથી આપણા હાડમાંસ બંધાયાં છે એ આપણી પ્રિય જન્મભૂમિનો ઇતિહાસ આપણે જાણવો જ જોઇએ.

આપણા દેશ ઉપર કુદરતની તો પૂરેપૂરી મહેર છે. ખાવાપીવા, કે ઓઢવાની કોઈ પણ વાતની ઉણુપ આપણને નથી. આ બધું કોના પ્રતાપે? કુદરતના જ પ્રતાપે. આપણો વેપારરોજગાર ચાલ્યા જ કરે અને વધ્યા જ કરે એવા બહોળા સાધનો કુદરતે આપણી હિન્દભૂમિને આપ્યાં છે. કોઈ પણ જરૂરી વસ્તુ આપણી ભૂમિમાં ન પાકતી હોય કે ન નીપજતી હોય એવું નથી. જે માગો તે મળી રહે એવી લીલા-લહેર આપણને છે.

આપણા ફૂળફુપ દેશનું રક્ષણ એવું સરસ થયેલું છે કે ઉત્તરમાં જુઓ તો નગાધિરાજ હિમાલય એની ચોકી કરે છે, દક્ષિણ તરફ ડાબી જમણી બન્ને બાજુએ મહાસાગર ઘૂઘવી રહ્યો છે, પૂર્વ તરફ પણ ઉંચા અને લાંબા પહાડોની હારો તથા ગીચ જંગલો આવી રહ્યાં

છે. એટલે આટલી બાજુએથી તો એવું સરસ રક્ષણ થયેલું છે કે કોઈ પણ દુશ્મનની સેના આવી શકે તેમ જ નથી. ફક્ત એક વાયવ્ય કોણ તરફ પહાડો બહુ ઉંચા નહિ હોવાથી સહેજ બાકોરૂં રહી ગયું છે; અને ત્યાંથી જ બહારના લોકો આપણા દેશ ઉપર ધસી આવ્યા હતા.

હિમાલય આપણા દુશ્મનના ધાડાઓને ઉત્તર માર્ગેથી પેસવા દેતો નથી એટલુંજ નહિ પરંતુ એ ઉપરાંત બીજા અનેક લાભો આપણને આપી રહેલ છે. હિમાલય છે તો જ આપણો દેશ આટલો બધો ફળદ્રુપ બનેલો છે. તમે પૂછશો એ શાથી? જુઓ હિન્દમાં મીઠાં પાણીની નદીઓ વહેવડાવનાર અને એ પ્રદેશને ફળદ્રુપ બનાવનાર હિમાલય જ છે. ગંગાનદીની ખીણ આખી દુનિયામાં સૌથી ફળદ્રુપ ભૂમિ ગણાય છે, એ હિમાલયને જ આધારે. ચોમાસામાં મોસમી પવનોના વાવા સાથે ઘસડાઇ આવતી પાણીથી ભરેલી વાદળીઓને હિન્દની બહાર નહિ જવા દેનાર અને એમનાં પાણી આપણા માટે હિન્દમાંજ ઠાલવી લેનાર પણ હિમાલય જ છે. આ હિમાલય જો ત્યાં ખડે પગે ન ઉભો હોય તો આપણી આ સુખી દશા ન જ હોય. આપણને સુખી કરનાર હિમાલય આપણને શંકર સમાન પૂજ્ય જ હોવો જોઇએ. અને આપણે કહીએ જ છીએ તો, કે શંકર હિમાલયના કૈલાસ નામના શિખરમાં રહે છે, અને ત્યાં શંકરની જટામાંથી ગંગાજી નીકળ્યા છે.

હિન્દભૂમિનો વિસ્તાર પંદર લાખ ચોરસ માઇલનો છે; અને એ તેત્રીસ કરોડ માણસની વસ્તીવાળો વિશાળ દેશ છે. અહીં કકડતી ટાઢથી માંડી સખત ગરમીવાળા તથા જુદી જુદી જાતના હવાવાળા જુદા જુદા ભાગો છે. ઇતિહાસની દૃષ્ટિએ હિન્દના બે ભાગ પાડી શકાય—એક નર્મદાની ઉત્તરે ઉત્તર હિન્દ અને બીજો એની દક્ષિણે દક્ષિણ હિન્દ.

ઉત્તર હિન્દમાં ગંગા નદીના કાંઠા ઉપર મોટાં મોટાં શહેરો વસેલાં છે. પ્રાચીન કાળમાં પણ આ પ્રદેશમાં ઘણાં આબાદ અને બળવાન

રાજ્યો હતાં. આજે પણ આ પ્રદેશ રસાળ અને બહુ ગીચ વસ્તીવાળો ગણાય છે. દક્ષિણ હિન્દનો આકાર ત્રિકોણ જેવો છે. આ પ્રદેશમાં પહાડો વધારે છે. આ મુલક પણ રસાળ છે. અહીં પણ ગોદાવરી, કૃષ્ણા, કાવેરી વગેરે મોટી નદીઓ આવેલી છે. પણ હવા અને વસ્તીની બાબતમાં આ પ્રદેશ ઉત્તર હિન્દ કરતાં જુદી જાતનો છે. આ મુલકના લોકો ચામડીના રંગમાં, રીતભાતમાં અને બોલીમાં ઉત્તર હિન્દના લોકોથી જુદા પડે છે.

આપણા દેશમાં શું શું નીપજે છે એની જો યાદી કરવા બેસીએ તો તો બહુ લાંબુ થઈ જાય. પણ જુઓ, આપણે ત્યાં દરેક પ્રકારનાં ધાન્યો તથા તેલી વસ્તુઓ અને કપાસ પુષ્કળ પાકે છે. એ ઉપરાંત બ્રહ્મદેશમાં ગ્યાસતેલ જોઈએ તેટલું મળી આવે છે. બંગાળા અને મધ્યપ્રાંતમાં કોલસાની ખાણો છે. વળી લોખંડ, ત્રાંબુ, સીસું, સોનું, રૂપું, વગેરે પણ પુષ્કળ નીકળે છે. અગાઉ હિન્દમાં જવાહિરની તથા હિરાની પેદાશ પણ હતી, જોકે હવે તે ઓછી થઈ ગઈ છે.

# પ્રકરણ-૨ જું

## પ્રાચીન આર્યાવર્ત

### આર્યોનું હિન્દમાં આવવું

ઈતિહાસ જાણનારા વિદ્વાનોનું એવું માનવુ છે કે ઈ. સ. પૂ. ઓછામાં ઓછા ૨૦૦૦ વર્ષ પર એશિયાના મધ્ય ભાગમાં વસનારી કે પછી ઉત્તર ધ્રુવના પ્રદેશમાં વસનારી એક સુધરેલી જાતી ધીમે ધીમે હિન્દુસ્તાનમાં દાખલ થઈ. પ્રથમ તો થોડો સમય એ જાતી પંજાબમાં આવેલી નદીઓના પ્રદેશમાં આવીને વસી. પણ ત્યાંથી ધીમે ધીમે એ જાતી આગળ અને આગળ બીજા ભાગોમાં પણ ફેલાતી ગઈ. આ નવી આવેલી સુધરેલી જાતીને જ આપણે આર્યપ્રજાના નામે ઓળખીએ છીએ. આ આર્યપ્રજા પાછળથી હિન્દુ કહેવાઈ એનું કારણ એવું છે કે અગાઉ ઈરાનીઓ સિન્ધુ નદીને હેન્દુ કહેતા અને આર્યપ્રજા પ્રથમ સિન્ધુના પ્રદેશમાં રહેલી એટલે એ પ્રજાને પણ ઈરાનીઓ હેન્દુની પ્રજા તરીકે ઓળખતા અને આથી જ આગળ જતાં એ આર્યપ્રજા હિન્દુના નામથી ઓળખાઈ; અને એમનાથી વસેલો દેશ હિન્દુસ્તાન કહેવાયો. આ આર્યપ્રજા બહારથી હિન્દમાં આવી તે અગાઉ આ દેશમાં જુદી જુદી અનાર્ય પ્રજાઓ જેવી કે કોલ, દ્રાવિડ, અને મોંગોલિયન રહેતી હતી. શરૂઆતમાં આ નવી આવેલી આર્યપ્રજા અને જુની અનાર્યપ્રજા વચ્ચે બહુ બહુ ઝગડાઓ થયા કરતા હતા. આખરે આર્યપ્રજાએ અનાર્યોને હરાવ્યા, તેમને અહીંતહીં નાસતા કરી મૂકયા અને પોતાનો વસવાટ સ્થિર કર્યો. આ આર્ય લોકો ઈ. સ. પૂ. ૧૦ મા સૈકાને આશરે લગભગ આખા હિન્દુસ્તાનમાં ફરી વળ્યા હતા. છતાં એમણે લાંબા કાળ સુધી હિમાલય અને વિન્ધ્ય પર્વતની વચ્ચેના પ્રદેશમાં પોતાનું રહેઠાણ રાખ્યું હતું; અને એટલાજ કારણે એ આખો પ્રદેશ એમના નામ ઉપરથી આર્યાવર્ત કહેવાયો.

## આર્ય લોકોનો ધર્મ અને ચાર વેદો

વેદ એ હિન્દુઓનું પવિત્ર ધર્મપુસ્તક છે. દુનિયામાં એ જુનામાં જુનો ગ્રન્થ ગણાય છે. આપણા આર્ય ઋષિમુનિઓને ઈશ્વરનું જે જ્ઞાન થયું તે બધું આ વેદમાં વર્ણવેલું છે. અત્યારના આપણા દેશના બધા ધર્મોનું મૂળ આ વેદો જ છે. વેદ ચાર છે. (૧) ઋગ્વેદ–એમાં દેવોની પ્રાર્થનાના મંત્રો છે; (૨) યજુર્વેદ–એમાં યજ્ઞને લગતા દેવોની પ્રાર્થનાના મંત્રો છે; (૩) સામવેદ–એમાં દેવોની પ્રાર્થનાના મંત્રો ગાનમાં ઉતાર્યા છે; (૪) અથર્વવેદ–એમાં શત્રુઓને મારવાના મંત્રો અને મિત્રોનું કલ્યાણ કરનારા મંત્રો છે.

## આર્યોની સમાજરચના

દુનિયાનાં ક્યાંઈ ન જોવામાં આવે એવું ડહાપણ આપણી આર્ય પ્રજાએ સમાજરચનાના શાસ્ત્રો રચવામાં બતાવી આપ્યું છે. મનુષ્ય મનુષ્ય વચ્ચે કેવા પ્રકારનો સંબંધ હોવો જોઇએ કે જેથી સર્વ મનુષ્યમાત્રનું કલ્યાણ થાય એ આવા ગ્રંથોમાં બતાવવામાં આવ્યું છે. આપણા પૂર્વજ આર્યોએ પાડેલા સમાજ ઉન્નતિનાં સાધનો અને નિયમો જોઇને આજની સુધરેલી પ્રજાઓ પણ છક થઈ જાય છે.

## ચાર વર્ણો

દરેક જનસમાજ જેમ જેમ જંગલી દશામાંથી સુધરેલી દશામાં આવતો જાય અને સુધારામાં આગળ પગલાં ભરતો જાય તેમ તેમ એના ધંધાઓની તરેહમાં વધારો થતો જાય. એ બધા ધંધાના ચાર વર્ગ પાડી હિન્દુ ધર્મના શાસ્ત્રકારોએ સમાજના ચાર વર્ણ બાંધ્યા છેઃ–બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શૂદ્ર. વિદ્યા ભણવી અને ભણાવવી, ધર્મ પાળવો ને પળાવવો એ બ્રાહ્મણનો ધંધો છે. યુદ્ધ કરવું અને પ્રજાનું રક્ષણ કરવું એ ક્ષત્રિયનો ધર્મ છે. ખેતી વગેરે ધંધાઓ કરીને તથા પરદેશ સાથે વેપાર ચલાવીને ધન પેદા કરવું એ વૈશ્યનો ધર્મ છે. મજુરી કરી સમાજની સેવા કરવી એ શૂદ્રનો ધર્મ છે.

હાલ આ ચાર વર્ણની ચોર્યાશી—બલ્કે અસંખ્ય-નાતો પડી ગઈ છે. પણ મૂળ હિન્દુ ધર્મશાસ્ત્ર પ્રમાણે તો જનસમાજના માત્ર ચાર વર્ણો જ છે. તે પણ એમના ગુણ અને કર્મ પ્રમાણે પડેલા છે.

**ચાર આશ્રમ**

જન સમાજના હિત માટે, અને સઘળાં કામો બરાબર થાય તે સારૂ શાસ્ત્રકારોએ જેમ ચાર વર્ણની વ્યવસ્થા કરી, તેજ પ્રમાણે મનુષ્ય પોતાના જીવનમાં પોતાનું હિત પૂરેપૂરૂં સાધી શકે તે માટે તેઓએ ચાર આશ્રમો બાંધ્યા (૧) બ્રહ્મચર્યાશ્રમ (૨) ગૃહસ્થાશ્રમ (૩) વાનપ્રસ્થાશ્રમ અને (૪) સંન્યાસાશ્રમ. "આશ્રમ" એટલે રહેવાનું ઠેકાણું. ઋષિઓ જેમ વનમાં આશ્રમ બાંધીને રહેતા અને પવિત્ર જીવન ગાળતા તેમ સાધારણ મનુષ્ય પણ સંસારમાં રહીને પવિત્ર જીવન ગાળવું હોય તો ગાળી શકે એમ બતાવવા માટે જીવનના આ ચારે ભાગને 'આશ્રમ' કહેવામાં આવે છે.

વર્ણવ્યવસ્થા આખી સમાજના કલ્યાણ માટે રચવામાં આવી છે; અને આશ્રમવ્યવસ્થા દરેક માણસનું કલ્યાણ થાય એ હેતુથી રચવામાં આવેલ છે.

**રામાયણ**

રામાયણ એ હિન્દુઓનું ધર્મપુસ્તક ગણાય છે. આ રામાયણમાં આર્યલોકોનો ધર્મ, સદાચાર વગેરે બહુ સુંદરતાથી આપેલ છે. રામાયણ એટલે રામચંદ્ર અને એમના વખતનો હિન્દનો ઇતિહાસ. એ રામાયણની કથા આ પ્રમાણે છે:—

અયોધ્યા નગરીમાં દશરથ નામે એક મહા પ્રતાપી રાજા રાજ્ય કરતા હતા. એમને ત્રણ રાણીઓ હતી. એ ત્રણ રાણીઓથી દશરથને ચાર પુત્રો થયા હતા. સૌથી મોટા રામચંદ્ર હતા. રામચંદ્ર ઉપર દશરથ રાજાને સૌથી વધારે પ્રેમ હતો. જ્યારે દશરથ રાજા વૃદ્ધ થયા ત્યારે તેમણે ગુરૂના કહેવાથી રામચંદ્રને ગાદી આપવાનો વિચાર કર્યો;

પરંતુ એ વિચાર બર આવે તે પહેલાં એક વિઘ્ન આવ્યું. દશરથ રાજાની માનીતી રાણી કૈકેયીએ હઠ કરી કે મારા પુત્ર ભરતને જ ગાદી આપો અને રામને ૧૪ વર્ષ વનમાં મોકલો. રાજા મુંઝાયા પણ એમણે કૈકેયીને અગાઉ બે વચનો આપ્યાં હતાં એટલે અત્યારે કૈકેયીની મરજી પ્રમાણે વર્ત્યા વિના બીજો રસ્તો ન હતો. આજ્ઞાંકિત રામે પણ પિતાને વચન પાળવા આગ્રહ કર્યો અને પોતે સુખેથી વનમાં જશે એવી ખાત્રી આપી. પછી તો રામ પિતાના વચનની ખાતર વનમાં ગયા. લક્ષ્મણ અને રામની સ્ત્રી સીતા પણ વનમાં જવા તૈયાર થયાં. રામે એ બન્નેને ન આવવા બહુએ સમજાવ્યા પણ ફોગટ. સીતા જેવી સતી સ્ત્રીએ અને લક્ષ્મણ જેવા બાંધવે રામ વિના એકલા અયોધ્યામાં રહેવા ચોખ્ખી ના પાડી. આખરે એ ત્રણે વનમાં ગયા. આ બાજુ રામના ગયા પછી દશરથ રામના વિરહથી મૃત્યુ પામ્યા અને ભરતે પણ રાજ્ય સ્વીકારવાની ના પાડી. પછી તો રાણી કૈકેયી બહુએ પસ્તાઈ. રામચંદ્ર વનમાં હતા ત્યારે રાવણે છળકપટથી સીતાનું હરણ કર્યું. આથી રામચંદ્ર અને રાવણ વચ્ચે જબરું વેર બંધાયું. રામે દક્ષિણ હિન્દની વાનર જેવી બધી જાતિઓની મદદ મેળવી લંકા ઉપર ચઢાઈ કરી, અને લંકામાં જબરું યુદ્ધ મચ્યું. એ લડાઈમાં રાવણ, એનો ભાઈ કુંભકર્ણ, એનો પુત્ર ઈંદ્રજીત વગેરે મરાયા. દુષ્ટ રાવણને મારી લંકાનું રાજ્ય રામે વિભીષણને સોંપ્યું અને સીતાને પાછી મેળવી પોતે ૧૪ વર્ષને અંતે અયોધ્યામાં પાછા ફર્યા. અયોધ્યાની પ્રજાએ અને ભરતે રામ, લક્ષ્મણ, અને સીતાને ઉમળકાથી આવકાર આપ્યો; અને ભરતે રામને એમનું રાજ્ય સોંપી દીધું. પછી રામે ધર્મ પ્રમાણે પ્રજાનું પાલન કરવાનું શરૂ કર્યું. એવામાં એવી લોકવાયકા સાંભળી કે પારકા ઘરમાં રહી આવેલી સીતાનો રામે સ્વીકાર કર્યો એ સારું ન કર્યું. આથી પ્રજાને ખુશ રાખવા રામે સીતા જેવી પવિત્ર સતીનો પણ ત્યાગ કર્યો. પાછળથી અશ્વમેધ યજ્ઞ કરી રામ ચક્રવર્તી રાજા બન્યા અને રાજ્યમાં સર્વત્ર શાન્તિ ફેલાવી. ત્યારપછી પુત્રને રાજ્ય સોંપી રામે દેહ છોડયો.

રામાયણની કથા આદિ કવિ વાલ્મીકિએ લખેલી છે.

રામાયણમાં ગૃહધર્મ અને રાજધર્મનો ઉત્તમ ઉપદેશ છે. ઘરમાં સૌ કુટુંબીઓએ પરસ્પર કેવા સ્નેહથી વર્તવું જોઇએ, એ જુદા જુદા દાખલા લઇને બતાવ્યું છે. પિતાના વચન ખાતર પુત્ર રામે વનવાસ સ્વીકાર્યો. પત્નીએ પતિના સુખે સુખી અને દુઃખે દુઃખી થવું જોઇએ તેથી સીતાજી રામ સાથે વનવાસ ગયા. ભાઈ લક્ષ્મણે વનમાં તેમ જ રાવણ સામે યુદ્ધમાં રામની સેવા કરી. બીજા ભાઈ ભરતે મોટાભાઇનો હક્ક વિચારી સામી આવતી લક્ષ્મીને ઠોકર મારી નાનાભાઈ તરીકે પોતાની ફરજ હતી તે જ બજાવી. રામ અધર્મને ઉત્તેજન આપે છે, એવી એક દુષ્ટ પ્રજાજનને શંકા થઇ. એ શંકાને પણ અવકાશ રહેવો ન જોઇએ, એટલા માટે રામે ઉગ્ર રાજધર્મ પાળ્યો; અને સીતાનો ત્યાગ કર્યો. છતાં પતિ તરીકે એમનો એના ઉપર ઘણો પ્રેમ હતો એ અશ્વમેધ યજ્ઞ વખતે ફરી ન પરણતાં સીતાજીની સોનાની મૂર્તિ પાસે રાખીને પોતે ચલાવી લીધું એ ઉપરથી જણાઈ આવ્યું. રામનાં પિતૃભક્તિ અને રાજધર્મ, એમનાં કર્તવ્યનિષ્ઠા અને એકપત્નીવ્રત, હિંદુધર્મના ઇતિહાસમાંથી કદી ભુલાવાનાં નથી.

## મહાભારત

રામાયણની માફક મહાભારત પણ એક મોટું ધર્મપુસ્તક મનાય છે. રામાયણની માફક મહાભારતને પણ આજે લોકો બહુ હોંશપૂર્વક વાંચે છે અને એમાંથી હમેશાં બોધ લે છે. મહાભારતનો ગ્રન્થ દુનિયાના મોટા ગ્રન્થમાંનો એક છે. મહાભારતમાં આવેલી કથા આ પ્રમાણે છેઃ—

હસ્તિનાપુરના રાજા શાન્તનુને ઘરડે ઘડપણ એક માછીની છોકરીને પરણવાનો મોહ થયો. પણ એ માછીની છોકરીએ પોતાના પુત્રને રાજગાદી મળે એમ હોય તો જ પરણવાની મરજી બતાવી. શાન્તનુ રાજા વિચારમાં પડી મુંઝાવા લાગ્યો. આ વાતની ખબર એના પુત્ર ભીષ્મને પડી. પિતાની ઇચ્છા બર લાવવા ભીષ્મે રાજપદનો ત્યાગ

કરવાનું વચન આપ્યું: છતાં જ્યારે એ માછીની પુત્રી મત્સ્યગંધાને ભીષ્મનો વિશ્વાસ ન આવ્યો ત્યારે ભીષ્મે બ્રહ્મચારી રહેવાની દૃઢ પ્રતિજ્ઞા લીધી; અને એમ કરી પોતાના સર્વ સુખના ભોગે પણ એણે પિતાને સંતોષ આપ્યો. ભીષ્મનો ત્યાગ કાંઈ જેવો તેવો ન હતો. એણે રાજ્ય ઉપરનો હક્ક છોડયો ! સંસારનું સુખ છોડયું ! આવડો મોટો ત્યાગ કરવાનું વચન આપવું અને એ વચન પાળી બતાવવું એ વાત જેવી તેવી ન સમજતા. આજેપણ ભીષ્મની પ્રતિજ્ઞાને લોકો માનથી અને આશ્ચર્યથી સંભારે છે. શાન્તનુ પછીના હસ્તિનાપુરમાં ગાદી ચલાવનારા રાજાઓ સારા ન નીવડ્યા. વિચિત્રવીર્ય નાની ઉમ્મરમાં જ મરણ પામ્યો. ધૃતરાષ્ટ્ર જન્મથી જ અંધ હતો; અને પાંડુ પાંડુરોગથી ગુજરી ગયો. પાછળથી રાજ્ય માટે ધૃતરાષ્ટ્રના અને પાંડુના પુત્રો વચ્ચે ઝગડો શરૂ થયો. કપટી દુર્યોધને એક વખતે જુગટામાં પાંડવોને હરાવ્યા અને પાંચે પાંડવોને અને એમની સ્ત્રી દ્રૌપદીને વનમાં મોકલ્યા. વનમાં ૧૩ વર્ષ મહા સંકટો વચ્ચે ગાળી પાંડવોએ વનવાસ પૂરો કર્યો. પાછા આવ્યા પછી પાંડવોએ દુર્યોધન પાસે રાજ્યનો હિસ્સો માંગ્યો; પણ દુર્યોધને કોઈ રીતે ન જ માન્યું. આખરે પાંડવોએ યાદવોના રાજા શ્રી કૃષ્ણની સલાહથી યુદ્ધ જાહેર કર્યું અને બન્ને વચ્ચે મહાન યુદ્ધ થયું. આ મહાન યુદ્ધમાં હિન્દના લગભગ બધા જ રાજાઓ સામેલ થયા હતા. બન્ને બાજુએ કુલ મળી અઢાર અક્ષૌહિણી સેના ભેગી થઈ હતી. અઢાર દિવસ સુધી ઘોર યુદ્ધ મચ્યું. આખરે પાંડવો જીત્યા અને તેમના વડા ભાઈ યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક થયો.

મહાભારતના યુદ્ધમાં યાદવોના પતિ શ્રીકૃષ્ણે જબરો ભાગ ભજવ્યો હતો. પહેલેથી છેલ્લે સુધી શ્રીકૃષ્ણે પાંડવોનો પક્ષ લીધો હતો અને જ્યાં જ્યાં પાંડવો ભીડમાં આવતા ત્યાં ત્યાં શ્રીકૃષ્ણ એમની મદદે ધાતા. યુદ્ધમાં શ્રીકૃષ્ણે જાતે અર્જુન મહારથીનો રથ હાંકયો હતો. પાંડવોનો વિજય શ્રીકૃષ્ણની મદદથી જ થયો હતો એમ કહીએ તો એમાં ખોટું નથી.

મહાભારત જુદી જ ઢબનો ગ્રંથ છે. એમાં રામાયણ કરતાં કુટુંબ-જાળ વિશેષ છે. અને કુટુંબીઓ સ્વાર્થને માટે કેવો અન્યાય કરે છે, કલહમાં ઉતરે છે, ઇત્યાદિ ઘરસંસારની કાળી બાજુ પૂરેપૂરી બતાવી છે. તે સાથે એની ઉજળી બાજુ પણ બતાવવી બાકી રાખી નથી. જુદા જુદા સ્વભાવના ભાઇઓ પણ સંપથી કેવા એકત્ર રહી શકે અને પાસેનાં બીજાં સગાં સંબંધીઓ સાથે કેવો સ્નેહભર્યો સંબંધ રાખી શકે, તે પાંડવોના માંહોમાંહેના અને કૃષ્ણ સાથેના સંબંધમાં બતાવ્યું છે. અને આખી કથામાંથી એ સાર કાઢી આપ્યો છે કે "**यतो धर्म स्ततो जयः ॥**" "જ્યાં ધર્મ ત્યાં જ જય."

## શ્રીમદ્ ભગવદ્ગીતા

શ્રીમદ્ ભગવદ્ગીતા એ મહાભારતના મહા ભંડારમાં રહેલું એક અમુલ્ય રત્ન છે. જગતના ધાર્મિક સાહિત્યમાં એની બરાબરી કરી શકે એવો એક પણ ગ્રંથ નથી એમ હિંદુઓ અભિમાન રાખે તો તેમાં આશ્ચર્ય જેવું નથી.

એનો પ્રસંગ આવો છે: પાંડવો તરફથી શ્રીકૃષ્ણ દુર્યોધન પાસે વિષ્ટિ કરવા ગયા, અને કહ્યું કે પાંડવોને થોડાં ગામ આપો તો બસ છે; છતાં દુર્યોધને માન્યું નહિ, અને એક તસુ જમીન પણ આપવાની ના કહી. આખરે યુદ્ધ માંડયા વિના ચાલ્યું નહિ. યુદ્ધમાં પાંડવકૌરવનાં સૈન્ય સામસામા ગોઠવાયાં છે. તે વખતે અર્જુનના સ્નેહાળ અને ઉચ્ચ હૃદયને પોતાનાં સગાંવ્હાલાં અને વડીલો સામે શસ્ત્ર ઉપાડતાં આંચકો આવે છે, એનો હાથ ધ્રુજે છે, હાથમાંથી ગાંડીવ ધનુષ્ય પડી જાય છે, આખું શરીર પરસેવાથી છવાઈ જાય છે, અને શું કરવું તે સુઝતું નથી. અર્જુન મુંઝાઇને એના સારથી બનેલા શ્રીકૃષ્ણ ભગવાનને શિષ્ય બનીને પૂછે છે કે મારે શું કરવું? તે વખતે કૃષ્ણ એને ઉપદેશ આપે છે. અર્જુન અને કૃષ્ણનો આ સંવાદ શ્રીમદ્ ભગવદ્ગીતાને નામે ઓળખાય છે.

આ ગ્રંથમાં નીચેનો ઉપદેશ સમાયલો છેઃ—

૧. મનુષ્યની સ્થિતિ પ્રમાણે પ્રભુએ જે જે કર્તવ્યો ઠરાવ્યાં હોય તે હમેશાં કર્યાં કરવાં.

૨. એ કરવામાં ફળની ઇચ્છા રાખવી નહિ.

૩. જે કર્મ કરવાં તે પ્રભુની ખાતર કરવાં.

૪. હમેશાં પ્રભુને જ શરણે રહેવું.

## પ્રકરણ-૩જું

## બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મ

### ભગવાન ગૌતમ બુદ્ધ

મહાભારતના યુદ્ધ પછી કેટલોક સમય વહી ગયો. હિંદુસ્તાનમાં બધે નાનાં નાનાં રાજ્યો થઈ ગયાં. કેટલાક રાજાઓ તો પાંચ દશ ગામના માલિક જેવા રહ્યા. કેટલાંક રાજ્યોમાં રાજાઓ ન હતા પણ આબરૂદાર કુળના આગેવાનો રાજસભામાં બેસી રાજ્યકારભાર ચલાવતા. આ સમયે શ્રી ગૌતમ બુદ્ધનો અવતાર થયો.

ગંગાના ઉત્તર પ્રદેશમાં હિમાલયની દક્ષિણ તળેટીએ કપિલવસ્તુ નામે ગામ આવેલું હતું. ત્યાંનો રાજા ઈ. સ. પૂ. છઠ્ઠા સૈકામાં શુદ્ધોદન કરીને હતો. કપિલવસ્તુની પાસેના એક ગામના રાજાની બે દિકરીઓને એ પરણ્યો હતો; જેમાંની એકનું નામ મહામાયા અને બીજીનું નામ મહાપ્રજાપતી હતું. બન્નેને લાંબા વખત સુધી કાંઈ સંતાન ન થયું.

૪૫ વર્ષની ઉમ્મરે મોટી બ્હેન મહામાયાને ગર્ભ રહ્યો, અને પ્રસૂતિનો સમય પાસે આવતાં તે પીયેર જવા નીકળ્યાં, ત્યાં રસ્તામાં એક નદી કાંઠે લુમ્બિની નામે વનમાં એમને પુત્રપ્રસવ થયો. એ પુત્રના જન્મથી માતપિતાની ઇચ્છા પૂર્ણ થઇ તે માટે એનું નામ 'સિદ્ધાર્થ' પાડ્યું. એમના ગોત્ર (કુળ)નું નામ ગૌતમ હતું. તેથી એ ગૌતમ નામે પણ ઓળખાય છે. વળી એ શાક્ય નામની ક્ષત્રિય જાતિમાં શિરોમણિ નીકળ્યા તેથી 'શાક્યસિંહ' પણ કહેવાય છે. જતે દહાડે એ 'બોધ' પામ્યા અર્થાત્ જાગ્યા-જ્ઞાની થયા તેથી 'બુદ્ધ' એવું વિશેષણ ઉમેરાયું. મોટા થતાં ગૌતમબુદ્ધનું યશોધરા નામે એક ક્ષત્રિય રાજકન્યા સાથે લગ્ન થયું. એનાથી એમને રાહુલ નામે એક પુત્ર થયો. ત્યારથી ૨૯ વર્ષની ઉમ્મર થતાં સુધીની એમની હકીકત જાણવામાં નથી. યુવાવસ્થામાં એમણે અનેક વૈભવ ભોગવ્યા હશે. પણ ઇંદ્રિયોના સુખમાં લપટાઇ રહે એવો એમનો આત્મા ન હતો. કહેવાય છે કે એક વખતે એ બહાર ફરવા નીકળ્યા ત્યારે એમણે ઘડપણનાં દુઃખોથી પીડાતો એક વૃદ્ધ માણસ જોયો. બીજે પ્રસંગે એક મહારોગીને રસ્તામાં પડેલો દીઠો. વળી ત્રીજી વખત એક મુડદું જતું જોયું. રાજકુમારને આવા દુઃખી પ્રસંગો જોઇને તીવ્ર વૈરાગ્ય થઇ આવ્યો. પણ શું કરવું તે સૂઝ્યું નહિ. આખરે નિશ્ચય કર્યો કે મારે સંસાર ત્યજી ચાલ્યા જવું, અને આ દુઃખોનું નિવારણ શોધી કાઢવું. તે દિવસે એમને ઉંઘ આવી નહિ. રાણી યશોધરા અને કુમાર રાહુલ સુતા હતા ત્યાં પાસે ગયા. બાળકને ભેટવાનું મન થયું પણ એમ કરવા જતાં રાણી જાગી ઉઠે અને પોતાને સંસાર છોડવા ન દે તો શું કરવું એવી મુશ્કેલી એમના મનમાં આવી. આખરે અસંખ્ય જીવના કલ્યાણાર્થે રાણી અને કુંવરને સુતા મૂકી મહેલ છોડી ગૌતમ ચાલ્યા ગયા. જગતના ઇતિહાસનો આ મહાન બનાવ, "મહાભિનિષ્ક્રમણ" નામે જાણીતો છે.

૭ વર્ષ સુધી ગૌતમે સખ્ત તપશ્ચર્યા કરી. તેઓ જ્ઞાન પામ્યા, જાગ્યા, બુદ્ધ થયા. આ વખતે એમની ઉમ્મર પાંત્રીસની હતી.

બહુ લોકો એમનો ઉપદેશ સાંભળવા આવવા લાગ્યા. એમના શિષ્યની સંખ્યા વધતી ગઇ. ૪૫ વર્ષ સુધી બુદ્ધ ભગવાને પોતાનો ધર્મ ફેલાવ્યો. અનેક બ્રાહ્મણોને ખરૂં બ્રાહ્મણત્વ શેમાં છે એ બતાવ્યું તથા આ બ્રાહ્મણોને તેમજ હજામ, ઝાડુ વાળનાર, અને ગણિકા વિગેરે દરેક જાતના મનુષ્યોને પોતાના ધર્મમાં સ્વીકાર્યા. આવા પરોપકારી જીવનના ૪૫ વર્ષ ગાળીને ૮૦ વર્ષની ઉમ્મરે બુદ્ધ ભગવાને દેહ છોડયો. તેઓ નિર્વાણ પામ્યા.

### ગૌતમબુદ્ધનો મુખ્ય ઉપદેશ:—

૧. વસ્તુમાત્ર ક્ષણિક છે, અને દુઃખરૂપ છે; માટે મોહ તજવો.
૨. હુંપણામાંથી જ જગતનાં દુઃખો ઉત્પન્ન થાય છે; માટે હુંપણું તજવું.
૩. તૃષ્ણાનો નાશ કરવો; અને એ થાય તો નિર્વાણ એટલે મોક્ષ મળે.

### મહાવીર સ્વામી

હિન્દુ ધર્મમાં નવો સુધારો કરનાર એક મહાપુરૂષ ગૌતમ બુદ્ધનો ઇતિહાસ આપણે જોયો. પણ એવો સુધારો કરનાર તેઓ એકલા જ ન હતા. એમના જેટલી જ પ્રસિદ્ધિ પામેલા હિન્દના મહાવીર પણ હતા.

જૈન ધર્મના ચોવીસમા તીર્થંકર મહાવીરસ્વામી ઈ. સ. પૂ. ૫૩૯માં કુંડગ્રામમાં જન્મ્યા હતા. એમના પિતા ક્ષત્રિયકુળના શિરોમણી સિદ્ધાર્થ નામે હતા. અને માતાનું નામ ત્રિશિલાદેવી હતું. એ જન્મ્યા ત્યારથી પિતાની સર્વ સમૃદ્ધિ વધી તેથી પિતાએ એમનું નામ "વર્ધમાન" પાડયું. પણ જે મનોબળથી એમણે પોતાના આન્તર શત્રુઓ જીત્યા તેના સ્મરણમાં જગત એમને 'મહાવીર' એવા ભવ્ય નામથી ઓળખે છે.

મહાવીરે માતાપિતાને સંતોષવા ખાતર રીતસર ગૃહસ્થાશ્રમ માંડયો હતો. તેઓ યશોદા નામે એક કુળવાન સ્ત્રીને પરણ્યા હતા. એમને પ્રિયદર્શના નામે એક કન્યા હતી.

માતાપિતા મરી ગયા પછી તુરત ૩૦ વર્ષની ઉમ્મરે એ યતિ થયા અને તપશ્ચર્યા માટે બહાર નીકળી પડ્યા. એમનો વૈરાગ્ય તીવ્ર હતો. પોતાનાં પહેરેલાં વસ્ત્રો તથા ભિક્ષાપાત્ર સુદ્ધાં ગરીબોને આપી દઈ તેઓ 'દિગંબર' (વસ્ત્રરહિત) અને 'પાણિપાત્ર' (હાથના ખોબામાં જ ભિક્ષા લેવી તે) થઈ પૃથ્વી ઉપર વિચરતા હતા. બાર વર્ષ સુધી તેઓએ ઘર વિનાના થઈ અદ્‌ભુત તપશ્ચર્યા કરી. તેરમે વર્ષે એટલે પોતાની ૪૩ વર્ષની ઉમ્મરે એમને 'કેવલ' જ્ઞાન થયું. આ પછી એમણે ૩૦ વર્ષ સુધી ધર્મનો ઉપદેશ કર્યો. ત્રીસ વર્ષ ઉપદેશ કરીને મહાવીર સ્વામીએ ઘણા શિષ્યો કર્યા તથા જૈન ધર્મ સારી રીતે ફેલાવ્યો. જતે દહાડે ૭૨ વર્ષની ઉમ્મરે ઇ. સ. પૂ. ૪૬૭માં મહાવીર સ્વામી અપાપા નગરીમાં નિર્વાણ પામ્યા.

જૈન ધર્મનું મહામંડળ તે 'સંઘ' કહેવાય છે. સંઘના ચાર વિભાગ છેઃ–(૧) સાધુ; (૨) સાધ્વી: (૩) શ્રાવક; (૪) શ્રાવિકા. તેમાંના પહેલા બે સંસાર ત્યજી તપના તીવ્ર નિયમો પાળે છે; અને છેલ્લા બે સંસારમાં રહી મુનિઓનો ઉપદેશ સાંભળે છે.

### જૈન ધર્મનું સામાન્ય સ્વરૂપ:—

૧. અહિંસા—એ આ ધર્મનું પરમ તત્ત્વ છે. અહિંસા એટલે જીવમાત્રની કોઈ પણ પ્રકારે હિંસા કરવી નહિ કે એમને કોઇ રીતે દુ:ખ દેવું નહિ.

૨. તપ—ઇંદ્રિયો ઉપર કાબુ રાખી મન જીતવા માટે તપ જરૂરનું છે. તપ એટલે ઉપવાસ વગેરેથી ઇંદ્રિયોને કાબુમાં રાખવી તે.

૩. વૈરાગ્ય—સંસારની વસ્તુઓ ઉપર માયા નહિ રાખવી.

૪. મનુષ્યને કર્યાં કર્મો ભોગવ્યા વિના છૂટકો નથી.

# પ્રકરણ–૪ થું

## બૌદ્ધ સમયનું હિન્દ–ઈ. સ. પૂર્વે ૬૦૦ થી ઈ. સ. પૂર્વે ૨૩૨

### મગધનું મહારાજ્ય

ગૌતમ બુદ્ધ અને મહાવીરના વખતમાં હિન્દી પ્રજામાં ખુબ શાન્તિ હતી એમ દેખાય છે. તે વખતે મગધ અથવા હાલનું બિહારનું રાજ્ય બળવાન હતું. એ દેશની રાજધાની પાટલીપુત્રમાં બહુ બુદ્ધિશાળી રાજાઓ રાજ્ય કરી ગયા હતા. આર્યાવર્તના પ્રાચીન સમયમાં આ જ મગધ દેશમાં જરાસંધ નામે રાજા થઇ ગયો હતો. ત્યાર પછી ત્યાં નંદરાજાઓનું અતિ પ્રબળ રાજ્ય થયું હતું. એ રાજની સેના અને સંપત્તિની કીર્તિ દૂર દેશાન્તર સુધી ફેલાઇ હતી. એ જ અરસામાં પારસ દેશનો બળવાન રાજા દારા સિંધુ નદી સુધીનો મુલક જીતી ગયો હતો. દર વર્ષે એ જીતેલા પ્રાંત પાસેથી ભારે કર લેતો હતો. પારસનું રાજ્ય ખૂબ પથરાવાથી અને એક હાથે ન સચવાવાથી રાજ્યમાં શિથિલતા આવી ગઇ હતી. તેવામાં ગ્રીસ દેશના મેસીડોનીઆ પ્રાંતનો સિકંદર રાજા રાજતૃષ્ણાથી પ્રેરાઇ પૂર્વ તરફ સૈન્ય લઇ ધસ્યો. એણે પારસના રાજાને હરાવ્યો અને આગળ વધી સિંધુ દેશ સુધી આવ્યો. તે વખતે પંજાબનો કોઇ પોરસ નામનો રાજા રાજ્ય કરતો હતો. તે સિકંદરની સામે થયો પણ હાર્યો. સિકંદરે તેને પોતાનો માંડલિક રાજા બનાવ્યો હતો. હિન્દમાં આગળ વધવાની સિકંદરની હિંમત ન ચાલી એથી તે પાછો ફર્યો અને બાબિલોન પાસેના નીનેવી શહેરમાં બત્રીસ વર્ષની ભર ઉમ્મરે એ સિકંદર મૃત્યુને વશ થયો, ઇ. સ. પૂ. ૩૨૩. હિન્દુસ્તાનમાં એ ૧૯ મહિના રહ્યો હતો. પાછા ફરતી વખતે હિન્દમાંથી કેટલાક મહત્ત્વના ગ્રંથો લઈ ગયો હતો એમ કહેવાય છે. સિકંદર પંજાબમાં આવ્યો તેજ અરસામાં નંદકુળના એક દેશનિકાલ

થએલા રાજપુત્રે એક તેજસ્વી બ્રાહ્મણની મદદથી નંદવંશનો નાશ કર્યો અને પોતાનો નવો મૌર્યવંશ સ્થાપન કર્યો. આ રાજપુત્ર તે ચંદ્રગુપ્ત.

## ચંદ્રગુપ્ત મૌર્ય–ઈ. સ. પૂર્વે ૩૨૧ થી ઈ. સ. પૂ. ૨૯૭

ચંદ્રગુપ્તની માતાનું નામ મુરા હતું તેથી તે અને તેના વંશજો મૌર્ય કહેવાતા. એના વખતમાં સિકંદર બાદશાહનો સેલ્યુકસ નામનો એક સરદાર ઇ. સ. પૂ. ૩૦૫માં મગધ દેશપર ચઢી આવ્યો. ચંદ્રગુપ્તે તેને હરાવ્યો અને તેના પાસેથી પંજાબ, સિંધ, અફગાનિસ્તાન, અને બલુચિસ્તાન સુધીનો મુલક લઇ લીધો. એ સેલ્યુકસે પોતાની કુંવરી ચંદ્રગુપ્તને આપી હતી અને મેગેસ્થિનીસ નામના એલચીને મગધની રાજધાનીમાં મોકલ્યો હતો. ચંદ્રગુપ્તનો વૈભવ અસાધારણ હશે એમ લાગે છે. તેનો રાજમહેલ એટલો બધો સુંદર હતો કે પરદેશના લોકો એમજ માનતા કે મનુષ્યના હાથની એ કારીગરી નથી પણ દેવોએ તે બાંધી આપ્યો છે. ચંદ્રગુપ્તના દરબારમાં થાંભલા સોનાની વેલોથી શણગારેલા હતા અને તેના ઉપર સોનાના પક્ષીઓ બેસાડેલા હતા. તે નગરમાં ફરવા નીકળતો ત્યારે સોનાની પાલખીમાં બેસતો.

એની રાજધાનીની વ્યવસ્થા પણ ઘણી સારી હતી. આખા રાજ્યના વિભાગ પાડેલા હતા અને તેની ઉપર ચંદ્રગુપ્તના અમલદારો રાજ્ય ચલાવતા હતા. રાજ્યમાં ઘણી જગ્યાએ કિલ્લા બંધાવી દીધા હતા.

ચંદ્રગુપ્તનું રાજ્ય હિંદુકુશ, હિમાલય, અને વિંધ્ય પર્વત સુધી ફેલાયેલું હતું. આપણા ગુજરાત ઉપર પણ તેનો અમલ ચાલતો. આવડા મોટા રાજ્યના રક્ષણ માટે એની પાસે છ લાખ પાયદળ, ત્રીસ હજાર હયદળ, અને નવ હજાર ગજદળ હતું.

ચંદ્રગુપ્ત પછી તેનો દીકરો બિંદુસાર ગાદીએ આવ્યો. તે પણ તેના બાપ જેવો પરાક્રમી હતો. બિંદુસાર પછી તેનો પુત્ર અશોકવર્ધન ગાદીએ આવ્યો.

**અશોકવર્ધન–ઈ સ. પૂ. ર૭રથી ઈ. સ. પૂ. ર૩ર**

ગાદીએ આવ્યા પછી અશોકે કેટલાંક વર્ષો રાજ્યની વ્યવસ્થા કરવામાં ગાળ્યાં. અશોક જેવા પરાક્રમી રાજાને કલિંગ દેશની સ્વતંત્રતા ખુંચતી હતી. તેથી તેણે કલિંગ દેશ પર ચઢાઈ કરી. એ લડાઈમાં લાખો માણસો માર્યા ગયા. આખરે અશોક જીત્યો પણ પોતાના વિજય કરતાં પ્રજાનો થએલો સત્યાનાશ જોઇને અશોકનું હૃદય બહુ બળ્યું. તેજ દિવસથી અશોકે યુદ્ધને નમસ્કાર કર્યા, મૃગયા ખેલવાનું પણ બંધ કર્યું, અને બૌદ્ધ ધર્મનો સ્વીકાર કરી ગૃહસ્થાશ્રમી બૌદ્ધ તરીકે રહેવા લાગ્યો. પોતે માંસાહાર ત્યજી દીધો એટલુંજ નહિ પણ પોતાના રાજ્ય-મહેલમાં થતી હિંસા પણ બંધ કરી.

અશોકે બૌદ્ધ ધર્મનો પ્રચાર કરવા માટે દેશ વિદેશ ધર્મોપદેશકો મોકલી દીધા, અને સર્વત્ર ધર્મનું રાજ્ય સ્થાપન કરવાના પ્રયત્નો આદર્યા.

અશોકે ઠેર ઠેર શિલાલેખો સ્થાપ્યા અને પ્રજાએ કેવી રીતે નીતિ પાળવી તે માટે ૧૪ નિયમો કરી તેમાં કોતરાવ્યા. અશોકનો એક શિલાલેખ આપણા ગુજરાતમાં ગિરનારની તળેટીમાં છે.

અશોકના રાજ્યનો વિસ્તાર બહુ મોટો હતો. ઉત્તરમાં નેપાળ અને કાશ્મીરથી માંડી દક્ષિણમાં પલાર નદી જે તામીલ રાજ્યની ઉત્તર સીમા હતી ત્યાંસુધી અને પૂર્વ તરફ બંગાળાથી માંડી પશ્ચિમ તરફ હિંદુકુશ, અફઘાનિસ્તાન અને બલુચિસ્તાન સુધી એના રાજ્યની હદ હતી.

અશોક રાજા ઘણો ઉદ્યોગી હતો. દિનરાત ગમે ત્યારે લોકો રાજા પાસે અરજી લાવી શકતા. અશોક લખે છે કે હું જમતો હોઉં કે અંતઃપુરમાં હોઉં, પથારીમાં હોઉં, વાહનમાં બેસી જતો હોઉં કે બગીચામાં ફરતો હોઉં, ગમે તે દશામાં દૂતોએ મને પ્રજા સંબંધી કામકાજ વિષે વાકેફ કરવો જોઇએ. મારે પ્રજાહિતમાં જ હમેશાં રોકાવું જોઇએ અને પ્રજાનાં કામમાં ઢીલ ન જ થવી જોઇએ. પ્રજાનું હિત અદા કરવાનું મારૂં ઋણ છે. લોકો પાપ રૂપી સંકટમાં ન પડે એની મારે કાળજી રાખવી જોઇએ.

# પ્રકરણ-૫ મું

## ચક્રવર્તી અશોક પછીના સમયનું હિન્દ

## ઈ. સ. પૂર્વે ૧૮૦ થી ઈ. સ. ૬૪૭

### શુંગ વંશ અને આંધ્રવંશ

મહાન સમ્રાટ્ અશોક પછીના મૌર્ય વંશના રાજાઓ નિર્બળ નીવડ્યા. મૌર્ય વંશનો છેલ્લો રાજા બૃહદ્રથ પ્રજાપાલન કરવા અસમર્થ નીવડ્યો એટલે તેના સેનાપતિ પુષ્પમિત્ર શુંગે તેને ગાદી પરથી ઉઠાડી મૂકી રાજ્ય લઈ લીધું.

પુષ્પમિત્રને ઘણા શત્રુઓ સાથે લડવું પડ્યું પણ તે સર્વેને એણે પોતાના પુત્રની સહાયથી હરાવ્યા.

શુંગ વંશના રાજાઓ સૂર્યના ઉપાસક હશે એમ લાગે છે. કેમકે દરેકના નામને અંતે મિત્ર (સૂર્ય) શબ્દ આવે છે.

ઈ. સ. પૂર્વે ૧૧૭ને સુમારે શુંગ રાજ્યને કણ્વોએ જીતી લીધું. કણ્વ વંશના રાજાઓએ ૪૫ વર્ષ સુધી રાજ્ય કર્યું. તેમનું રાજ્ય બહુ જ નાનું હશે એમ લાગે છે. પછી ઇ. સ. પૂર્વે ૭૩ને સુમારે દક્ષિણના આંધ્રરાજા શાતકર્ણીએ તે રાજ્ય જીતી લીધું. આ વંશની બહુ વિગત મળતી નથી; છતાં એ રાજ્યનો વિસ્તાર બહુ જ મોટો હતો. આંધ્ર રાજ્યમાં મોટાં મોટાં ૩૦ શહેરો હતાં. આંધ્ર વંશ પછી ઇ. સ. ૩૨૦માં ગુપ્ત રાજ્ય સ્થપાયું. ત્યાંસુધીમાં હિંદની સરહદ પરના યવનોના જે હલ્લાઓ ચાલુ હતા તે વિષે થોડું જાણવાની જરૂર છે.

### સરહદ ઉપરના યવનો અને કુશાન

સિકંદરના મરણ પછી એના રાજ્યના ભાગલા પડી ગયા હતા. એની સાથે આવેલા જે લોકો હિંદુસ્તાનની ઉત્તર સરહદમાં વસ્યા હતા

તે બૅક્ટ્રિયનને નામે ઓળખાતા હતા. અને કૅસ્પિયન સમુદ્રની દક્ષિણ તરફ વસેલા સિકંદર સાથે આવેલા યવનો પલ્લવ નામે ઓળખાતા હતા.

પલ્લવ લોકોનું રાજ્ય પ્રથમ ગુજરાતમાં થયું હતું. ધીમે ધીમે તેઓ મહારાષ્ટ્ર તરફ ખસ્યા હતા અને છેક દક્ષિણ સુધી તેમનો પગ પેસારો થયો હતો. દક્ષિણમાં પલ્લવોને ત્યાંના પાંડ્ય, ચોલ, અને કેરલ રાજ્યો સાથે યુદ્ધો થયાં હતાં.

મૌર્ય વંશનો અસ્ત થયા પછી બૅક્ટ્રિયન લોકો જોરમાં આવ્યા હતા. એમનું રાજ્ય લગભગ અયોધ્યા સુધી વિસ્તર્યું હતું પણ પુષ્પમિત્રે તેમને હઠાવ્યા હતા.

બૅક્ટ્રિયન લોકો પછી પાર્થિયન લોકો હિંદુસ્તાન તરફ આવવા લાગ્યા હતા. પાર્થિયન લોકોના વંશજોએ સૌરાષ્ટ્રમાં સત્રપ નામ ધારણ કરી રાજ્ય કર્યું જણાય છે. પાર્થિયન લોકો પછી કુશાન લોકો હિંદુસ્તાન તરફ ધસી આવ્યા. કુશાન લોકો ચીન દેશના હતા. આ કુશાન લોકોએ કાબુલની આસપાસ પોતાની સત્તા જમાવી હતી. આ કુશાન લોકોનો પ્રથમ રાજા કેડફ્યુશિયસ નામનો હતો. એનો પુત્ર કનિષ્ક એક મહા પ્રતાપી અને સંસ્કારી રાજા થઇ ગયો.

કનિષ્કે પોતાની રાજધાની પિશાચપુર અથવા પેશાવરમાં રાખેલી હતી.

## ગુપ્તકાળ

યવનો અને કુશાનોનાં હલ્લાથી અકળાયલી હિન્દની પ્રજાને અને હિન્દુ ધર્મને ગુપ્તવંશે સારું રક્ષણ આપ્યું. ગુપ્તવંશના પ્રથમ રાજા ચંદ્રગુપ્તે મૌર્યવંશના ચંદ્રગુપ્તની પેઠે ઈ. સ. ૩૦૮માં પાટલીપુત્ર કબજે કરી બીજા આર્ય રાજાઓને એકત્ર કરવાની પ્રવૃત્તિ આદરી. કેટલાક રાજાઓને રાજીથી અને કેટલાકને એમની સાથે લડીને પણ એણે તાબે કર્યા. આમ બાર વર્ષની અંદર એણે આખો મગધ, અયોધ્યા, અને ગંગાયમુનાનો પ્રદેશ પોતાના છત્ર નીચે આણ્યો. ઈ. સ. ૩૨૦માં

ચંદ્રગુપ્તે પોતાનો ગુપ્ત શક ચલાવ્યો અને પોતાના અને પોતાની પટ્ટરાણી કુમારદેવીના નામના સિક્કા પડાવ્યા. એના વખતમાં રાજ્ય બહુ જ વ્યવસ્થિત હતું.

એના પછી એનો પ્રતાપી પુત્ર સમુદ્રગુપ્ત સમ્રાટ્ થયો. એ રાજા સંગીતપ્રિય અને સાહિત્યપ્રિય હતો. એ સર્વ ધર્મોને આશ્રય આપતો હતો. એણે પાટલીપુત્ર છોડી પોતાની રાજગાદી અયોધ્યામાં ખસેડી હતી. એ શુરવીર રાજાએ જીવ્યો ત્યાંસુધી એક ચક્રે રાજ્ય કર્યું હતું. એણે આખા ભરતખંડમાં ફરીને દિગ્વિજય કર્યો હતો. એ દિગ્વિજયના સ્મરણમાં એણે એક વિજયસ્તંભ જે હાલમાં અલ્લાહાબાદના કિલ્લામાં ઉભો છે તે બંધાવ્યો હતો. તેના ઉપર વિજયના વર્ણનનો એક લેખ પણ કોતરેલો છે.

એના દરબારમાં ઠેઠ લંકામાંથી પણ ત્યાંના રાજાએ કીમતી બક્ષીસો સાથે પોતાના એલચીને મોકલ્યો હતો.

એના રાજ્યનો વિસ્તાર હિમાલયથી નર્મદા સુધીનો અને બ્રહ્મપુત્રાથી સિન્ધુ સુધીનો ગણી શકાય.

સમુદ્રગુપ્ત પછી એનો પુત્ર ચંદ્રગુપ્ત ગાદીએ આવ્યો. આને કેટલાક વિક્રમાદિત્ય પણ માને છે. એણે માળવા, ગુજરાત, અને સૌરાષ્ટ્ર ઉપર રાજ્ય કરતા શક રાજાઓને હરાવ્યા હતા અને ક્ષત્રપ વંશનો નાશ કરી ઉજ્જયિની નગરી જીતી લીધી હતી.

ચંદ્રગુપ્ત પછી કુમારગુપ્ત અને સ્કંદગુપ્ત નામના બે રાજાઓ થયા. સ્કંદગુપ્તે એક વખત હૂણ લોકોને બહુ સખ્ત હાર આપી, અને ઈ. સ. ૪૮૦ સુધી હૂણ લોકોને પગપેસારો કરવા દીધો નહિ.

સ્કંદગુપ્તના ભત્રીજા નરસિંહગુપ્ત બાલાદિત્યના વખતમાં હૂણ સરદાર તોરમાણે માલવા જીતી લીધું, ઈ. સ. ૪૯૫. એ તોરમાણનો પુત્ર મિહિરગુલ મહા ક્રૂર હતો. એ મિહિરગુલને ઈ. સ. ૫૨૮ના અરસામાં નરસિંહગુપ્તે સખ્ત હાર ખવડાવી તેનું જોર તોડી પાડયું હતું.

નરસિંહગુપ્ત પછી ગુપ્ત સામ્રાજ્યનો અંત આવ્યો ગણાય. એ વંશના અંત પછી હિન્દમાં ફરી નાનાં નાનાં રાજ્યો સ્થપાયાં અને મહારાજાધિરાજ શ્રી હર્ષદેવે ફરી પાછાં તે બધાંને પોતાના છત્ર નીચે આણ્યાં ત્યાંસુધી એ સ્થિતિ ચાલી.

## ફાહિયાનનો પ્રવાસ

બૌદ્ધ ધર્મનો અભ્યાસ કરવા કેટલાય ચીની સાધુઓ હિન્દ આવ્યા હતા. એ બધામાં ફાહિયાનનું નામ પ્રથમ બીરાજે છે અને એની પછીનો આવનાર હ્યુએનસાંગ પણ વિખ્યાત છે. ફાહિયાન પાંચ સાથીઓ સાથે હિન્દુસ્તાનમાં આવવા નીકળ્યો હતો, પણ હિન્દમાં પહોંચતાં ફક્ત એકજ સાથી જીવતો રહ્યો હતો. આ ઉપરથી રસ્તાની મુશ્કેલી અને ફાહિયાનની ધર્મભક્તિનો ખ્યાલ આવી શકે છે. એ ચંદ્રગુપ્તના વખતમાં હિન્દમાં આવ્યો હતો. એણે તે વખતના હિન્દની સ્થિતિનું જે વર્ણન કર્યું છે તે આપણે અભિમાન લેવા જેવું હોઇ જાણી લેવાની જરૂર છે. આ રહ્યો એનો સાર માત્ર:—

"લોકો બહુ સુખી અને આબાદ છે. રાજ્યમાં કોઇને દેહાંત દંડની શિક્ષા તો કરવામાં આવતી જ નથી. ચંડાળ અને ભંગી સિવાય બીજા કોઇ પણ લોક મદ્ય પીતા નથી. બજારમાં કતલખાનાં કે દારૂનાં પીઠાં નથી હોતાં. જમીનદારો તરફથી ધર્માદા દવાખાનાઓ ચાલે છે અને માંદા તથા અશક્તની મફત સારવાર થાય છે. ચોમાસા પછી ભાવિક જનો સાધુઓને માટે ઉઘરાણું કરે છે. અને સાધુઓ મોટી સભા ભરીને તેમને ધર્મનો ઉપદેશ કરે છે."

## ગુપ્ત સમયમાં દેશની સ્થિતિ

ગુપ્ત રાજાઓના સમયમાં ઉત્તર હિન્દની સ્થિતિ સર્વ રીતે આબાદ કહી શકાય. ગુપ્તરાજાઓ રાજકાર્યમાં બાહોશ હતા; એમણે રાજ્યનો સારો વિસ્તાર કર્યો હતો; અને પોતાનાં વિસ્તીર્ણ રાજ્યમાં બંદોબસ્ત

પણ બહુ સારો જમાવ્યો હતો. એ સુવ્યવસ્થિત કાળમાં વિદ્વાન માણુસોની શક્તિઓ પણ પૂર્ણ રીતે વિકાસ પામી હતી. એ રાજાઓ મોટા મોટા દરબારો ભરતા અને તેમાં વિદ્વાન માણુસોને અને વિદ્યાને ઉત્તેજન મળે એવું કરતા. આ કારણને લઈ એ સમયમાં વિદ્યા અને કળા સારી રીતે ખીલવા પામી હતી.

## કવિકુલગુરૂ કાલિદાસ

હાલના ઘણા ખરા વિદ્વાનોના માનવા પ્રમાણે કવિશિરોમણિ કાલિદાસ આ જ ગુપ્ત સમયમાં પાંચમા સૈકાની શરૂઆતમાં થઇ ગયા. સર્વ એક અવાજે કબુલ કરે છે કે કાલિદાસ તો કાલિદાસ જ હતા. સંસ્કૃત કવિઓમાં કાલિદાસનું સ્થાન સૌથી શ્રેષ્ઠ છે. એમનાં કાવ્યોએ અને નાટકોએ હિન્દુઓના મન હરણ કર્યાં છે એટલું જ નહિ પરંતુ વિદેશીઓનાં મન પણ એટલાં જ જીતી લીધાં છે. કાલિદાસનું 'મેઘદૂત' નામનું નાનુ પણ રસીલું સુંદર કાવ્ય વાંચીને યુરોપીય વિદ્વાનો પણ છક થઈ જાય છે. 'રઘુવંશ' અને 'કુમારસંભવ નામનાં બે મહા કાવ્યો પણ બહુ વિખ્યાત છે. પણ કાલિદાસની સૌથી શ્રેષ્ઠ કૃતિ તો એમનું 'અભિજ્ઞાન–શકુન્તલા' નામનું નાટક ગણાય છે. એમણે લખેલા નાટકોમાં આ 'શકુન્તલા'નું નાટક સર્વ દેશના વિદ્વાનોએ ઉચ્ચ કોટિમાં મૂક્યું છે.

## કલાની વૃદ્ધિ

આ સમયમાં શિલ્પકામ અને ચિત્રકામ બહુ ઉત્તમ પ્રકારનું થયેલું ગણાય છે. હાલ એ સમયના કલાના અવશેષો બહુ જ ઓછા નજરે પડે છે છતાં અજન્તાની ગુફાઓ જ જોતાં એ વખતની શિલ્પકળાનો કાંઇક ખ્યાલ આવી શકે છે.

ગણિત અને ખગોળનું જ્ઞાન પણ આ સમયમાં ઠીક ખીલવા પામ્યું હતું. પ્રસિદ્ધ ખગોળવેત્તા આર્યભટ્ટ આ જ સમયમાં થઇ ગયો છે. એનો જન્મ ઇ. સ. ૪૭૬માં મનાય છે.

# શ્રી હર્ષવર્ધન-ઈ. સ. ૬૦૬ થી ૬૪૭

પ્રાચીન ભારત વર્ષના ત્રણ ચક્રવર્તી રાજાઓ ગણાય છે (૧) ચંદ્રગુપ્ત મૌર્ય (૨) દિગ્વિજયી સમુદ્રગુપ્ત (૩) શ્રી હર્ષવર્ધન. મેગેસ્થિનિસે પહેલાના રાજ્યતંત્રનાં. ફાહિયાને બીજાના બંદોબસ્તનાં અને હ્યુએનસાંગે ત્રીજાની વિદ્વત્તાનાં વખાણ કર્યાં છે. ગુપ્તવંશનું રાજ્ય છિન્નભિન્ન થયું ત્યારે પ્રભાકર વર્ધમાન નામનો સુબો સ્વતંત્ર થયો. તે પોતાના પરાક્રમથી મહારાજાધિરાજ પદને પામ્યો. એના મરણ પછી એનો પુત્ર રાજ્યવર્ધન ગાદીએ આવ્યો. પરંતુ બંગનરેશ શશાંકે વિશ્વાસઘાતથી તેનું ખૂન કર્યું. એની પછી એનો નાનો ભાઈ હર્ષવર્ધન ઈ. સ. ૬૦૬માં ગાદીએ આવ્યો.

ગાદીએ આવ્યા પછી ૭ વર્ષ સુધી લડાઈઓ લડી ઉત્તર હિન્દના બધા ય રાજાઓને હરાવી હર્ષવર્ધને સામ્રાજ્ય જમાવ્યું. આ સામ્રાજ્યનો વિસ્તાર હિમાલયથી નર્મદા સુધી અને કામરૂ દેશથી માંડી રજપુતાના સુધી હતો.

એના રાજ્યમાં સર્વત્ર સુખ અને શાન્તિ હતાં. શહેરોની આસપાસ ખાઈઓ અને દિવાલો કરવામાં આવતી. લોકો રેશમ, રૂ, ઉન અને શણનાં કપડાં પહેરતા. ઘરેણાંનો પણ લોકોને શોખ હતો. બ્રાહ્મણોનું બહુ માન હતું. લોકો પ્રામાણિક અને ભલા હતા. વેઠની પ્રથા હતી; પણ મજુરીના દામ પુરેપુરા આપવામાં આવતા.

આ રાજા ધાર્મિક ચર્ચાઓ કરી ધર્મસહિષ્ણુતા કેળવતો હતો. દર પાંચ વર્ષે રાજ્યમાં વધેલું ધન દાનમાં આપી દેતો. એ કવિ હતો. એના વખતમાં જ બાણભટ્ટ, દણ્ડી અને સુબન્ધુ નામના પ્રખ્યાત કવિઓ થઇ ગયા છે. આ રાજાના વખતમાં હ્યુએનસાંગ નામનો ચીની મુસાફર હિન્દમાં આવ્યો.

## હ્યુએનસાંગનો પ્રવાસ

ફાહિયાન પછી બસેં વર્ષે બીજો એક પ્રખ્યાત ચીની સાધુ હિન્દમાં ધર્માર્થે આવી આપણા દેશની તે વખતની સ્થિતિ ઉપર સારૂં અજવાળું

પાડી ગયેલ છે. એને પણ માર્ગમાં ફાહિયાન જેટલી જ મુશ્કેલીઓ પડી હતી, છતાં ૩૦૦૦ માઇલની મુસાફરી પગપાળે એક વર્ષમાં પૂરી કરી તે હિન્દમાં આવ્યો હતો. એણે સાતમા સૈકાની હિન્દની સ્થિતિનું બહુ સુંદર ચિત્ર દોર્યું છે:—

"લોકો સાદા, સ્વચ્છ અને પ્રામાણિક હતા. લેવડદેવડમાં નિષ્કપટ અને ન્યાય તોલવામાં વિવેકવાળા હતા. આપેલું વચન તેઓ હંમેશાં પાળતા. ગુન્હા ઓછા બનતા. ગુન્હા કબુલ કરાવવા માટે આરોપી ઉપર બળાત્કાર કરવામાં આવતો નહિ. લોકો ઉપર કરનો બોજો બહુ હલકો હતો. સાધુ સંતોનું સારૂં પોષણ થતું. આખા સમાજમાં કેળવણી માટે ચોક્કસ પદ્ધતિ નિર્માણ થઇ હતી. મૂળાક્ષરનું જ્ઞાન બાળકને ઘરમાં જ આપવામાં આવતું. ગુરૂને ત્યાં બધી કોમના વિદ્યાર્થીઓ શીખવા જતા. કેટલાક શ્રીમંતો તો આખું જીવન અધ્યયનમાં જ ગાળતા. બધું શિક્ષણ મુખપાઠથી જ અપાતું. બૌદ્ધ તથા બ્રાહ્મણ શિક્ષકો બહુ ખંતીલા હતા. બૌદ્ધ સાધુઓ ધર્મમાં પ્રવીણ હતા. વિહારોનું વાતાવરણ બહુ શુદ્ધ અને ઉચ્ચ જોવામાં આવતું. સાધુના સહેજસાજ દોષ માટે એને અમુક વખત સુધી મૌન પળાવવામાં આવતું પણ ગંભીર દોષ હોય તો તેને કહાડી મૂકવામાં આવતો."

હ્યુએનસાંગ શ્રી હર્ષ વિષે લખે છે:—

"શ્રી હર્ષ રાજ્યકાર્યમાં બહુ શ્રમ લેતો. અશોકની માફક તેણે પણ જીવહિંસાનો પ્રતિબંધ કર્યો હતો. સર્વ સંપ્રદાયોના સાધુઓને દાન આપવામાં તેનો હાથ છૂટો હતો. દરબારી રસોડે દરરોજ એક હજાર બૌદ્ધ સાધુઓ અને પાંચસો બ્રાહ્મણો જમતા."

### રજપૂતસમય

ઈ. સ. ૬૪૭માં હર્ષના મૃત્યુ બાદ હિન્દમાં જે અવ્યવસ્થા અને અંધેર ચાલ્યું તે સમયમાં અનેક નાનાં મોટાં રાજ્યો ઉગી નીકળ્યાં.

આ રાજ્યો મોટે ભાગે રજપૂત રાજ્યો હતાં. એ રજપૂતો પોતાને સૂર્યવંશી અને ચંદ્રવંશી કહેવડાવતા હતા. હર્ષના મૃત્યુથી માંડીને તે ઇસ્લામી સત્તાના ઉદયકાળ સુધીના સમયને આપણે રજપૂત સમયનું નામ આપી શકીએ.

રજપૂતોમાં વફાદારીનો ગુણ ખાસ ધ્યાન ખેંચે તેવો હતો. પોતાના સરદાર કે રાજા માટે કે પછી પોતાની જાતિના કોઇ પણ માણુસ માટે આ રજપૂતો બહુ લાગણી ધરાવતા અને અત્યારે પણ ધરાવે છે. તેઓ પોતાના માણુસ માટે પોતાનો જાન જાય ત્યાં સુધી બહાદુરીથી લડતા. યુદ્ધમાં તેઓ કદી પણ શત્રુને પીઠ બતાવતા નહિ; અને અપમાન તો કોઈ વખત સહન કરી શકતા નહિ.

રજપૂતની સ્ત્રીઓ રજપૂતાણીઓ પણ મરદના જેવી જ બહાદુર, સાચી, અને ઉદાર હતી. મરણુથી તેઓ લગાર પણ બ્હીતી નહોતી. કોઇ કટોકટીના વખતે રજપૂતાણીઓ શસ્ત્રો સજી રણુ મેદાને પણ પડતી. શૂરી રજપૂતાણીઓ રજપૂત વીરોનાં મરણુ માટે કદી પણ શોક કરતી નહિ.

## શ્રી હર્ષ પછીનાં રજપૂત રાજ્યો

શ્રી હર્ષની પડતી પછી ઉત્તર હિન્દમાં ઘણાં રજપૂત રાજ્યો ઉભાં થયાં હતાં; અને મુસલમાન લોકોએ હિન્દુસ્તાન જીત્યું ત્યાં સુધી એ રજપૂત રાજ્યો પોતપોતાની સત્તામાં ટકી રહ્યાં હતાં. મુખ્ય રજપૂત રાજ્યો નીચે પ્રમાણે હતાં:—

(૧) કનોજનું રાજ્ય—આમાં યશોવર્ધન નામનો રાજા ઇ. સ. ૭૩૧માં રાજ્ય કરતો હતો. એ વિદ્યાને સારૂં ઉત્તેજન આપતો. ઈ. સ. ૭૮૦માં એના વંશનો નાશ થયો.

(૨) માળવાનું રાજ્ય—કનોજના રાજ્યની પડતી પછી માળવાનું રાજ્ય પ્રબળ થયું. ઈ. સ. ૭૮૩માં એમાં વત્સરાજ રાજા રાજ્ય કરતો હતો. ઈ. સ. ૮૪૨થી ૮૮૫ સુધી એ રાજ્યનો વિસ્તાર સારો થયો.

(૩) ગુજ્જરોનું રાજ્ય—આ લોકો પ્રથમ હૂણ લોકો સાથે હિન્દમાં આવેલા. શરૂઆતમાં તેઓ પંજાબ અને રજપૂતાનામાં વસ્યા. ત્યાંથી માળવા ગયા. પાછળથી ગુજ્જરો મારવાડમાંથી લાટમાં આવ્યા અને છેક ખાનદેશ સુધી ફેલાયા. આપણા પ્રાંતનું ગુજરાત નામ પણ ગુજ્જરો ઉપરથી જ પડ્યું છે.

## ધર્મની પરિસ્થિતિ

મહાન અશોકના કાળ પછી બૌદ્ધ ધર્મનું જોર દિવસે દિવસે ઘટતું જતું હતું અને ધીમે ધીમે અનેક પ્રકારના નવા ધર્મો સ્થપાવા લાગ્યા હતા. આઠમા સૈકામાં બે સમર્થ બ્રાહ્મણસુધારકોનો ઉદય થયો; અને એમના પ્રયત્નથી બ્રાહ્મણધર્મનું નિર્જીવ ખોળીયું ફરી પ્રાણવાન થયું. એ બે ધર્મસુધારકો કુમારિલ ભટ્ટ અને જગદ્‌ગુરૂ શંકરાચાર્ય. કુમારિલ ભટ્ટની જન્મભૂમિ આસામમાં હતી. એ બડા કર્મકાંડી અને સમર્થ મીમાંસક હતા.

### શ્રી શંકરાચાર્ય

શ્રી શંકરાચાર્ય કેરલદેશમાં એક બ્રાહ્મણ માતાને પેટે જન્મ્યા હતા. એમના પિતા એમના ન્હાનપણમાં જ ગત થઈ ગએલા હોવાથી, એમને ઉછેરીને મ્હોટા કરવાનું કામ એમની માતાને શિર પડ્યું હતું. માતાએ એમને પૂર્ણ સ્નેહથી ઉછેરી, પાંચમે વર્ષે જનોઈ દીધું. થોડા વખતમાં શંકર સકળ શાસ્ત્રમાં પારંગત થયા. સમય થતાં માતા એમને સંસારમાં-ગૃહસ્થાશ્રમમાં-જોડવાનો વિચાર કરતા હતા, ત્યાં શંકરે એક દિવસ, માતા પાસે હાથ જોડી, સંન્યાસ ગ્રહણ કરવાની રજા માગી. માતાના કોમળ હૃદયને આથી ઘણું દુઃખ થયું. છતાં તેમણે રજા આપી. પછી શંકરાચાર્યે નર્મદા નદીને કાંઠે જઈ ગોવીન્દપાદાચાર્ય પાસે સંન્યાસ લીધો, અને એમની પાસેથી વેદાન્ત સાથે યોગનું પણ ઘણું જ્ઞાન મેળવ્યું. એમ કહેવાય છે કે એ પ્રયાગ ગયા ત્યાં કુમારિલ ભટ્ટ અગ્નિ સળગાવી



શંકરાચાર્ય.

એમાં પોતાનો દેહ હોમ્યો હતો. અર્ધો અગ્નિ એમને શરીરે ફરી વળ્યો હતો. ત્યાં શંકરે એમને જ્ઞાનનો ઉપદેશ કર્યો, તે સાંભળીને કુમારિલ ભટ્ટે કહ્યું 'યતિરાજ ! મેં નાસ્તિક મતનું ખંડન કરીને વૈદિક કર્મમાર્ગ પ્રવર્તાવ્યો છે, તમે જ્ઞાનમાર્ગ પ્રવર્તાવો અને તે માટે મંડનમિશ્ર નામનો એક મ્હારો શિષ્ય છે એની પાસે જઈ એના ઉપર જય મેળવો.' શંકરાચાર્ય મંડનમિશ્રને ગામ ગયા. પછી મંડનમિશ્રનો અને શંકર ભગવાનનો મીમાંસા અને વેદાન્તના સિદ્ધાન્ત સંબન્ધી વિવાદ ચાલ્યો. તેમાં મંડનમિશ્રના પત્ની સરસ્વતી મધ્યસ્થ થયા. એ બેનો વિવાદ સાંભળી છેવટે સરસ્વતીએ શંકરાચાર્યનો જય થયો એમ જણાવ્યું. પ્રથમના કરાર મુજબ મંડનમિશ્ર સંન્યાસી થયા. ત્યારબાદ શંકરાચાર્યે આખા હિન્દુસ્તાનમાં ફરી નવો ધર્મ ફેલાવ્યો; અને એના રક્ષણ માટે હિન્દુસ્તાનને ચાર ખુણે–જગન્નાથપુરી, રામેશ્વર, દ્વારિકા અને બદરીનાથમાં ચાર મઠો સ્થાપી તે ઉપર પોતાના ચાર મુખ્ય શિષ્યોની યોજના કરી. એમના મુખ્ય સિદ્ધાંત નીચે પ્રમાણે છે:—

૧–બ્રહ્મ (પરમાત્મા) સત્ય છે; જગત મિથ્યા (ખોટું) છે; અને આત્મા એજ પરમાત્મા છે.

૨–ઉપર કહ્યું તેવું જ્ઞાન થાય ત્યારે જ મોક્ષ મળે.

૩–જ્ઞાન માટે સંન્યાસની જરૂર છે.

# પ્રકરણ-૬ હું

## હિન્દમાં મુસલમાની સત્તા-ઈ. સ. ૯૯૭થી ઈ. સ. ૧૫૨૬

### હઝરત મુહમ્મદ

ઈ. સ. ૫૭૦ના ઑગષ્ટ માસની તારીખ ૨૯મી ને સોમવારને દિવસે પ્રાતઃકાળમાં મક્કા ( અરબસ્તાન ) શહેરમાં હજરત મુહમ્મદનો જન્મ થયો હતો. મુહમ્મદ પયગમ્બર માતાના ઉદરમાં હતા તેવામાં જ એમના પિતા ગુજરી ગયા. અને એ ૭ વર્ષના થતામાં એમના માતા અમિના બાબીએ પણ સ્વર્ગવાસ કર્યો. હજરત મુહમ્મદને એમના દાદાએ ઉછેર્યા. બે ત્રણ વર્ષમાં દાદા પણ ગુજરી ગયા: અને મરતી વખતે પોતાના બીજા દિકરાને બાળકની સંભાળ સોંપતા ગયા. હજરત મુહમ્મદ કાકાની દેખરેખ નીચે મોટા થયા. એ ન્હાનપણથી જ હોંશિયાર અને બાહોશ હતા. પરંતુ આપણે જેને પુસ્તકની કેળવણી કહીએ છીએ તે તેમને જરા પણ મળી નહોતી. લાયક ઉમ્મરના થયા ત્યારે તેઓ એમના કાકાની સાથે સીરિયા તરફ વેપારની સફરે ગયા. આ સફરમાં તેમણે વેપારના કામમાં સારો અનુભવ મેળવ્યો, અને પ્રમાણિકપણા માટે એવું નામ પ્રાપ્ત કર્યું કે લોકો એમને 'અલ-અમીન' (સત્યનિષ્ઠ, ઇમાનદાર) કહી ઓળખવા લાગ્યા.

મક્કામાં આ વખતે કુરેશી કુટુમ્બના ખદીજા બીબી કરીને એક વિધવા બાઈ હતા; એમનો સીરિયા સાથે પુષ્કળ વેપાર ચાલતો. કાકાની આજ્ઞાથી હજરત મુહમ્મદ એમને ત્યાં મુનીમ રહ્યા. એ સ્થાને એમણે એવું સારૂં કામ કર્યું કે એ સીરિયાથી પાછા ફર્યા તે વખતે ખદીજા બીબી, એમની પ્રમાણિકતા વગેરે ગુણથી આકર્ષાઇ, એમને પરણ્યાં.

હજરત મુહમ્મદને દિન પર દિન પ્રભુની લગની વધતી ગઈ. એક રાત્રે તેઓ પાસેના પર્વતની ગુફામાં પ્રભુનું ચિન્તન કરતા પડ્યા.

ત્યાં એક દિવ્ય પુરૂષે એમની સમક્ષ આવી કહ્યું. "તું ખુદાતાલાનો પયગમ્બર: થયો છે." એટલું કહી એ ફિરસ્તો ઉડી ગયો. હજરત મુહમ્મદે ગભરાતે હૃદયે બીબી ખદીજા પાસે જઇને કહ્યું, "ઓ ખદીજા! મને કાંઇક થયું!" બીબી ખદીજાએ સઘળી હકીકત સાંભળી અને કહ્યું, "પ્રાણનાથ! તમે જરૂર પયગમ્બર થશો." આ વખતથી એમણે પયગમ્બર ( પ્રભુનો સંદેશ લાવનાર દૂત )નું કામ શરૂ કર્યું.

ઇશ્વર એક છે અને એ જ પૂજ્ય છે એ સિદ્ધાન્ત ઉપર એમણે ભાર મૂકયો. મક્કાના મૂર્તિપૂજકો એમના ઉપદેશથી બહુ ચીડાયા, અને એમને મારી નાખવાનો ઉપાયો કરવા લાગ્યા. પણ હજરત મુહમ્મદે પોતાનો ઉપદેશ જારી રાખ્યો. ધીમે ધીમે પ્રથમ એમનાં સગાં વહાલાં અને પછી બીજા લોકો એમના પન્થમાં ભળ્યાં.

ઇ. સ. ૬૨૨માં મક્કાના લોકોના જુલમ તથા ક્લેશથી કંટાળી હજરત મુહમ્મદ, મદીના તરફ જવા નીકળ્યા. એમનું મક્કા છોડી મદીના તરફ નીકળી જવું તે "હિજરત" કહેવાય છે. આ હિજરતની તારીખથી મુસલમાનોનો સંવત શરૂ થાય છે, તેથી તે 'હિજરી' નામે ઓળખાય છે.

મદીનાના લોકોએ ઇસ્લામ ધર્મને સારો સત્કાર આપ્યો. આસપાસની વસતી સાથે લડાઇઓ તો ઘણી થઇ, પણ આખરે ઇસ્લામ ધર્મનો વિજય થયો.

ઇસ્લામ ધર્મ સારી રીતે જામ્યો. અરબસ્તાન બહાર પણ એની અસર પહોંચી. ઇ. સ. ૬૩૨ના જુન માસની તારીખ ૮મી ને સોમવારે પ્રભુની બંદગી કરતાં હજરત મુહમ્મદે આ ફાની દુનિયા છોડી, અને એમનો આત્મા પ્રભુની પાસે દાખલ થયો.

## મુસલમાની ધર્મ

ધર્મ ફેલાવવાના હેતુથી પયગંબરના શિષ્યો ઇસ્લામીઓનું લશ્કર જમાવી ઇરાન અને તુર્કસ્તાનમાં ફરી વળ્યા. ત્યાં તેઓએ મુસલ-

માની ધર્મ દાખલ કરી દીધો અને મુસલમાની રાજ્યો પણ સ્થાપ્યાં. ત્યાર પછી ધર્મના ઝનુનમાં એ રાજગાદી ધરાવનારા શિષ્યો જેઓ પોતાને ખલિફા કહેવડાવતા તેઓ આખા આફ્રિકામાં અને યુરોપમાં સ્પેન સુધી પહોંચી વળ્યા; અને ત્યાં મુસલમાની રાજ્ય અને ધર્મ દાખલ કરી દીધાં.

## મહમૂદ ગિઝની—ઈ. સ. ૯૯૭ થી ૧૦૩૦

દસમા સૈકાની અંતે મુસલમાનો વાયવ્ય કોણમાંથી હિન્દુસ્તાન ઉપર ઉતરી આવ્યા. પહેલી ચઢાઈ ગિઝનીના સુબા સબક્તગીને પંજાબ ઉપર કરી. પંજાબનો રાજા જયપાલ હાર્યો. ઈ. સ. ૯૯૭માં સબક્તગીન પછી તેનો પુત્ર મહમૂદ, સુલતાન પદ ધારણ કરી ગાદીએ બેઠો. તે ઘણો ધર્માંધ હતો. તેણે ધર્માંધતાને લીધે હિન્દુસ્તાન ઉપર નાની મોટી સત્તર સ્વારીઓ કરી, અને ઠેકઠેકાણે હિન્દુ દેવળોનો નાશ કરી અઢળક દોલત લઈ ગયો.

### સોમનાથ પર સ્વારી

મહમૂદની બારમી અને જાણવા લાયક સ્વારી તે હિન્દુસ્તાનના એક ખૂણામાં આવેલા સોમનાથપાટણ ઉપરની છે. સોમનાથપાટણ કાઠિયાવાડની દક્ષિણે વેરાવળ બંદરની પાસે આવેલું છે; તે હિન્દુઓનું પવિત્ર તીર્થસ્થળ છે. મુસલમાનો ચઢી આવ્યા તે પહેલાં તેની જાહોજલાલી કંઈ ઓર જ હતી. શંકરની મૂર્તિ પાંચ હાથ ઉંચી, ત્રણ હાથના ઘેરાવામાં અને બે હાથ જેટલી જમીનમાં દટાયેલી હતી. મૂર્તિ ઉપર સોનાની જળાધારીમાંથી ગંગાજળનું સિંચન થતું. એમ કહેવાય છે કે સ્નાન કરાવવા માટે દરરોજ પાંચસો ગાઉ દૂરથી કાવડીયા ગંગાજળ લાવતા. મૂર્તિની પાસે એક ઘંટ સોનાની સાંકળે બાંધેલો હતો. તેમાં બીજી પણ નાની નાની ઘંટડીઓ મૂકેલી હતી. તે હલાવવાથી જબરો ઘોર થઈ રહેતો. દરવાજાને સુંદર કારીગરીવાળાં

સુખડનાં કમાડ હતાં. આ તીર્થનો મહિમા એટલો બધો હતો કે બે હજાર ગામ તેના નિભાવ માટે હતાં. આ પ્રખ્યાત અને પ્રાચીન જાહોજલાલીવાળા ભવ્ય શિવાલયનો મહમૂદે નાશ કર્યો. એમ કહેવાય છે કે સોમનાથની સ્વારી વખતે તે જર જવાહિર ઉપરાંત બસો મણુ સોનું અને બે હજાર મણુ રૂપું ગિઝની લઇ ગયો.

### મહમૂદનું મરણુ

આ પરાક્રમી પણ ધર્માંધ સુલતાન મરણુ પથારીએ સૂતો હતો ત્યારે તેણે જે દ્રવ્ય લૂંટીને ભેગું કર્યું હતું તે બધું પોતાની પાસે મંગાવ્યું. તે વખતે તેના મનમાં એવો વિચાર આવ્યો કે અરેરે, આ બધું મૂકીને મારે જવું પડશે, અને તે બીજાં માણુસો ભોગવશે. આ વિચારે તે પુષ્કળ રડયો.

## શાહબુદ્દીન ઘોરી અને એ સમયના રજપૂતો

અફઘાનીસ્તાનમાં હીરાતના અગ્નિ કોણુમાં ઘોર પ્રાન્ત આવેલો છે. ઘોર પ્રાન્તના વતની હોવાથી ત્યાંના સુલતાનો ઘોરી નામથી ઓળખાય છે. મહમૂદ ગિઝનીના પછી લગભગ બસે વરસે શાહબુદ્દીન ઘોરી સુલતાન થયો. તેણે પણ મહમૂદ ગિઝની માફક હિન્દુસ્તાન ઉપર ઘણી સ્વારીઓ કરી.

એણે હિન્દુસ્તાન ઉપર સ્વારીઓ કરી ત્યારે દિલ્હીમાં અનંગપાળ તોમાર–તુંવાર, અજમેરમાં સોમેશ્વર ચોહાણુ, કનોજમાં વિજયપાળ રાઠોડ રાજ્ય કરતા હતા. આ સિવાય ચિતોડમાં રાણા રામસિંહ અને આબુમાં જેતસી પરમારનાં મુખ્ય રાજ્યો હતાં. આ રાજ્યો માંહોમાંહેના કુસંપથી હદી નબળાં પડયાં અને તેનાં માઠાં પરિણામ તેમને જ ભોગવવાં પડયાં.

### પૃથ્વીરાજ

દિલ્હીના રાજા અનંગપાળને બે દિકરી હતી. મોટી કમળાદેવી અજમેરના સોમેશ્વર ચોહાણુ વેરે અને નાની રૂપસુંદરી કનોજના

વિજયપાળ વેરે દીધી હતી. કમળાદેવીને પેટે પૃથ્વીરાજનો અને રૂપસુંદરીને પેટે જયચંદનો જન્મ થયો. પૃથ્વીરાજ નાનપણથી જ અનંગપાળના દરબારમાં ઉછરી મોટો થયો હતો. તે ઘણો બળવાન, શૂરો, શબ્દવેધી તીરંદાજ, ઘોડે બેસવામાં અને તરવારના પટા .ખેલવામાં એક્કો હતો. વળી તે સુંદર, હસમુખો, ચપળ અને આનંદી હતો. જયચંદ તેનાથી મોટો હતો પણ તેના જેવો બહાદૂર અને હોંશિયાર નહોતો; એટલે સ્વાભાવિક રીતે જ અનંગપાળનું મન આ નાનકડા દૌહિત્રે જીતી લીધું હતું. પૃથ્વીરાજ ચોહાણોને અને તુંવારોને આંખની કીકી સમાન વહાલો હતો. અનંગપાળને પુત્ર હોત તો તે દિલ્હીની ગાદીએ બેસત; પણ તેને પુત્ર ન હોવાથી તેણે પોતાના વહાલા દૌહિત્ર પૃથ્વીરાજને પોતાની ગાદીએ બેસાડયો, અને પોતે બદ્રિકાશ્રમ તપ કરવા ચાલ્યો ગયો. આથી જયચંદને પૃથ્વીરાજની અદેખાઈ થઈ.

### થાણેશ્વરનું યુદ્ધ

પૃથ્વીરાજ દિલ્હીની ગાદીએ બેઠો કે તરત જ શાહબુદ્દીન ઘોરી મોટું લશ્કર લઈ હિન્દુસ્તાન ઉપર ચઢી આવ્યો; દિલ્હીની ઉત્તરે આવેલા થાણેશ્વરના વિશાળ મેદાનમાં હિન્દુમુસલમાન લશ્કરનો ભેટો થયો. તેમાં પૃથ્વીરાજની સરદારી નીચે રજપૂત શૂરવીરોએ શાહબુદ્દીન ઘોરીને હરાવ્યો અને અફઘાનોને નસાડી મૂકયા. ઘણા અફઘાનો માર્યા ગયા. શાહબુદ્દીન ઘોરી પણ સખ્ત ઘાયલ થયો; અને બચ્યા તેટલા માણસો લઈ તે માંડ માંડ સિંધુ નદી ઉતરી પોતાને દેશ પાછો ગયો.

### પૃથ્વીરાજ અને જયચંદ

પૃથ્વીરાજ અને જયચંદ મસીઆઈ ભાઈ થતા હતા. અનંગપાળે જયચંદને રાજ્ય નહિ આપતાં, પૃથ્વીરાજને આપ્યું તેથી જયચંદ તેની ઉપર બળી રહ્યો હતો. પ્રાચીન કાળમાં જેમ ક્ષત્રિયો રાજસૂય યજ્ઞ કરતા હતા તેમ જયચંદે યજ્ઞ કર્યો. આ યજ્ઞ માટે તેણે હિન્દુસ્તાનના બધા સરદારો અને રાજાઓને બોલાવ્યા.

## સંયુક્તા સ્વયંવર

જયચંદ્રને સંયુક્તા નામે ખુબસુરત કન્યા હતી. તેના સ્વયંવરની ગોઠવણ રાજસૂય યજ્ઞની સાથે જ કરવામાં આવી હતી. તે પ્રસંગે અનેક રાજાઓ ભેગા થયા હતા. દરેકના મનમાં એમ હતું કે કુંવરી મને પરણશે. કનોજનો વિશાળ દરબાર ખીચોખીચ ભરાયો અને રાજાઓ માટે બેઠકો મુકરર કરવામાં આવી. પૃથ્વીરાજ ન આવવાથી તેનું સોનાનું પુતળું દ્વારપાળની જગા ઉપર મૂકવામાં આવ્યું. આથી બધા રાજાઓને હસવું આવ્યું. પણ તેઓ જાણતા હતા કે પૃથ્વીરાજ આ અપમાનનો બદલો લીધા વગર રહેવાનો નથી.

વખત થતાં રાજકન્યા વરમાળા લઈ પોતાની જાતે વર પસંદ કરવા આવી, અને પૃથ્વીરાજના પુતળાને વરમાળા પહેરાવી. તેણે વરમાળા પહેરાવી કે તરત જ છુપા વેશમાં પાસે જ ઉભેલો પૃથ્વીરાજ એકદમ આવ્યો ને કુંવરીને પોતાની બાથમાં લઈ તે શહેર બહાર નીકળી ગયો. ત્યાં તૈયાર રાખેલા ઘોડા ઉપર બેસાડી તેણે દિલ્હી તરફ ઘોડો દોડાવી મૂક્યો. પૃથ્વીરાજ ને સંયુક્તા દિલ્હી સહીસલામત પહોંચી ગયા, અને ત્યાં પૃથ્વીરાજ ઘણા ઠાઠથી સંયુક્તાને પરણ્યો.

## શાહબુદ્દીન ઘોરીની ચઢાઈ

ત્યાર પછી પૃથ્વીરાજે સંયુક્તા સાથે બારેક માસ મોજશોખમાં ગુજાર્યાં. તેણે રાજ્ય તરફ કંઈ લક્ષ આપ્યું નહિ. જયચંદ પોતાની કન્યાનું હરણ થવાથી તેની ઉપર બળી રહ્યો હતો. તેણે જાણ્યું કે બળ વાપરીને હું પૃથ્વીરાજને હરાવી શકાશ નહિ. તેથી તેણે ક્રોધથી બળી રહેલા પોતાના હૃદયને ઠારવા માટે એક અતિ નીચ, હલકું અને શૂરવીરને ન શોભે તેવું કામ કર્યું. તેણે એક કાગળ લખીને શાહબુદ્દીન ઘોરીને દિલ્હીપર એકવાર ફરીથી હલ્લો કરવા બોલાવ્યો. લડવાની તૈયારી બરાબર થઈ રહી એટલે તે ૧૨૦૦૦૦ અશ્વધાનોનું જબરૂં લશ્કર લઈ દિલ્હી ઉપર

ચઢી આવ્યો. પૃથ્વીરાજ અને શાહબુદ્દીન વચ્ચે ભારે સંગ્રામ થયો. આમાં પૃથ્વીરાજ મરાયો અને લશ્કરમાં ભંગાણ પડયું. તેના બધા શૂરવીરો માર્યા ગયા.

આ લડાઈના અંતે દિલ્હી, અજમેર, કનોજ, અને કાશી મુસલમાનોના હાથમાં ગયાં. શાહબુદ્દીન લૂંટનું ધન એકઠું કરી, કુત્બુદ્દીન નામના સરદારને જીતાયલો મુલક સોંપી પાછો સ્વદેશ ગયો. ઈ. સ. ૧૨૦૬માં શાહબુદ્દીન ઘોરીના મરણ પછી એ કુત્બુદ્દીન ઉત્તર હિન્દનો સ્વતંત્ર બાદશાહ બન્યો. આ પ્રમાણે હિન્દુસ્તાનમાં મુસલમાની રાજ્ય ૧૩મા સૈકામાં સ્થપાયું.

## ગુલામ વંશ-ઈ. સ. ૧૨૦૬ થી ૧૨૯૦

ગુલામ વંશના દશ રાજાઓ થયા, જેમાંના છ રાજાઓનો ઇતિહાસ જાણવા જેવો છે.

(૧) કુત્બુદ્દીને ઈ. સ. ૧૨૦૬ થી ૧૨૧૦ સુધી રાજ્ય કર્યું. એ નાનપણમાં ગુલામ હતો તેથી એના વંશના રાજાઓ ગુલામ વંશના કહેવાયા. તે બહાદુર લડવૈયો તથા કાબેલ સરદાર હતો. હિન્દુઓ તરફ તે ઘાતકી રીતે વર્ત્યો હતો. તેણે દિલ્હી પાસે પોતાના નામથી કુતુબ મિનારો બંધાવ્યો હતો. આ મિનારો દુનિયામાં સૌથી ઉંચો છે. તેની ઉંચાઈ ૨૫૦ ફુટની છે.

(૨) અલ્તમશે ઇ. સ. ૧૨૧૦ થી ૧૨૩૬ સુધી રાજ્ય કર્યું. આ રાજા આ વંશમાં સૌથી સમર્થ થઈ ગયો. એણે ગ્વાલિયર અને માળવાના રજપૂતો સાથે છ વર્ષ લડાઈ કરી તેમને વશ કર્યા.

(૩) રઝીયા બેગમ ઈ. સ. ૧૨૩૬ થી ૧૨૩૯ સુધી દિલ્હીની ગાદીએ હતી. તે બહુ બહાદુર, ભણેલી અને ઉદ્યોગી હતી. બુરખો રાખ્યા વિના મરદાની પોષાક પહેરી ખુલ્લા દરબારમાં બેસી રાજ્યકારભાર

ચલાવતી. એક હબસી ગુલામપર તેની મહેરબાની થવાથી તેના સરદારો સામા થયા અને રજીયા બેગમ બળવામાં મરણ પામી. દિલ્હીની ગાદીએ આ એક જ સ્ત્રીએ રાજ્ય કર્યું છે.

(૪) નાઝિરૂદ્દીન ઈ. સ. ૧૨૪૬ થી ૧૨૬૬. આ ભલો રાજા રાજકાજનો બોજો વઝીરને માથે મૂકી ફકીરની ધાર્મિક જીંદગી ગુજારતો હતો. નાઝિરૂદ્દીન ઘણો સાદો હતો. પોતાના હાથે કુરાનની નકલો લખી, તેમાંથી જે કાંઈ મળતું તે ઉપર પોતાનું ગુજરાન ચલાવતો.

(૫) બલબન ઈ. સ. ૧૨૬૬ થી ૧૨૮૭. નાઝિરૂદ્દીન અપુત્ર મરણ પામવાથી તેનો વઝીર બલબન નામ ધારણ કરી ગાદીએ બેઠો. હિંદુઓ તરફ તે ઘાતકી રીતે વર્તતો હતો. મેવાડ ઉપર સ્વારી કરીને એક લાખ માણસને ઘણી ક્રૂરતાથી એણે મારી નાખ્યા હતા. આ બાદશાહ ઘાતકી છતાં ઘણો ઉદાર અને બુદ્ધિશાળી હતો. બલબન પુત્રશોકથી ૮૦ વર્ષની ઉમ્મરે મરણ પામ્યો. તેના પછી તેનો પુત્ર કેકુબાદ ગાદીએ આવ્યો.

(૬) કેકુબાદ ઇ. સ. ૧૨૮૭ થી ૧૨૯૦. આ બાદશાહ બદફેલીમાં પડયો રહેતો હતો. તેથી તેના વઝીર જલાલુદ્દીને તેને મારી નાખ્યો અને પોતે બાદશાહ થયો. એ જલાલુદ્દીન ખીલજી વંશનો હોવાથી તેના વંશના બાદશાહો ખીલજી કહેવાયા.

## ખીલજી વંશ—ઈ. સ. ૧૨૯૦ થી ૧૩૨૦

(૧) જલાલુદ્દીન ઇ. સ. ૧૨૯૦ થી ૧૨૯૫. આ બાદશાહ પોતાની ૭૦ વર્ષની ઉમ્મરે ગાદીએ બેઠો હતો. તે ઘણો ભલો અને દયાળુ હતો. તેના વખતમાં તેના ભત્રીજા અલાઉદ્દીને દક્ષિણમાં સ્વારી કરી અને દેવગિરિના રાજા રામદેવને હરાવી, કેટલોક મુલક સર કરી, પુષ્કળ દોલત

લૂંટીને તે દિલ્હી તરફ પાછો ફર્યો. એ અલાઉદ્દીને બુઢ્ઢા બાદશાહને ભેટતી વખતે છાતીમાં કટાર ખોસી મારી નાખ્યો. ત્યારબાદ જલાલુદ્દીનના બીજા બે છોકરાને મારી નંખાવી પોતે બાદશાહ બન્યો.

( ૨ ) અલાઉદ્દીન ઈ. સ. ૧૨૯૫ થી ૧૩૧૫. આ બાદશાહ આખા ખીલજી વંશમાં સૌથી બળવાન હતો. પણ તે બહુ ઘાતકી હોવાથી ખુની તરીકે ઓળખાય છે. ગુજરાતના રાજા કરણઘેલાને હરાવી એણે ગુજરાત જીતી લીધું. ત્યારપછી તેણે ચિતોડગઢ ઉપર સ્વારી કરી, પણ ચિતોડ જીતાયું ન હતું. એના વખતમાં એના સરદાર કાફુરે બાદશાહની આણ દક્ષિણ હિંદમાં ફેરવી હતી. એ કાફુરે પાછળથી બાદશાહને ઝેર દઈ મારી નાંખ્યો, અને બાદશાહના બે પુત્રોની આંખો ફોડી નંખાવી. પરંતુ બાદશાહના ઉમરાવોએ એ કાફુરને મારી નાંખી ત્રીજા પુત્ર મુબારકને ગાદીએ બેસાડયો.

( ૩ ) મુબારક ઈ. સ. ૧૩૧૫ થી ૧૩૨૦. આ બાદશાહ ઘણો દુષ્ટ અને ખરાબ ચાલનો હતો. તેણે દક્ષિણના રાજા હરપાળની જીવતા ચામડી ઉતરાવી હતી. એના વઝીર ખુશરૂખાને રાજ્યલોભથી બાદશાહને તથા ખીલજી વંશના તમામ માણસોને મારી નંખાવ્યા, અને પોતે ઈ. સ. ૧૩૨૦ માં ગાદીએ ચઢી બેઠો. પરંતુ મુસલમાનો તેની સામા થયા, અને પંજાબનો સુબો ગ્યાસુદ્દીન તઘલખ ચઢી આવ્યો. તેણે ખુશરૂને હરાવી મારી નાંખ્યો અને પોતે ગાદીએ બેઠો.

માણુસ સ્વાર્થ અને લોભને લીધે ગમે તેવા નીચ કૃત્યો કરે છે પણ તેનો બદલો પરમેશ્વર તેને આપ્યા વિના રહેતો નથી. એ અચૂક ન્યાય ખીલજી વંશના ઇતિહાસ ઉપરથી સ્પષ્ટ જણાય છે. દરેક બાદશાહે ખુન કરી રાજ્ય મેળવ્યું પણ તે દરેકનું ખુન થઈ તેના હાથમાંથી રાજ્ય ગયું.

# તઘલખ, સૈયદ, અને લોદી વંશો

## (૧૩૨૦–૧૪૧૪–૧૪૫૦–૧૫૨૬)

### તઘલખ વંશ, ઇ. સ. ૧૩૨૦ થી ૧૪૧૪

(૧) ગ્યાસુદ્દીન ઈ. સ. ૧૩૨૦ થી ૧૩૨૫. આ બાદશાહના વખતમાં રાજ્યની વ્યવસ્થા ઘણી સારી હતી. તેના દીકરા જુમાખાને તૈલંગણુ ઉપર સ્વારી કરી વરંગુળ જીત્યું. ત્યાર પછી લાકડાનો માંડવો તૂટી પડતાં ગ્યાસુદ્દીન ચગદાઇને મરણુ પામ્યો.

(૨) મુહમ્મદ ઈ. સ. ૧૩૨૫ થી ૧૩૫૧. આ બાદશાહ ઘણો બુદ્ધિશાળી અને દઢ વિચારનો હતો. પરંતુ તે બહુ મમતી હોવાથી તેનામાં એક પ્રકારની ગાંડાઇ હતી. તેણે રાજ્ય વધારવાના ગાંડા ગાંડા વિચારો કરી ઘણા માણુસોનો નકામો નાશ કર્યો હતો. તે જાતે દારૂના વ્યસનમાંથી મુક્ત હતો. તેના ગાંડા અને જુલ્મી કૃત્યોને લીધે પાદશાહત નબળી પડી જવાથી ઘણાં રાજ્યો સ્વતંત્ર થઇ ગયા. જ્યારે તે મરણુ પામ્યો ત્યારે અયોધ્યા, ગુજરાત અને સિંધમાં બળવા થયા હતા. તે પહેલાં બંગાળા તેમજ દક્ષિણુ સ્વતંત્ર થયાં હતાં.

(૩) ફિરોઝશાહ ઈ. સ. ૧૩૫૧ થી ૧૩૮૮. આ બાદશાહે લોકો ઉપરના જુલમી કરો કાઢી નાંખ્યા, અને લોકોપયોગી ઘણાં કામો કર્યાં. એના મરણુ પછી એની પછીના રાજાઓથી અયોધ્યા, માળવા અને ગુજરાતના પ્રાંતો જળવાયા નહિ તેથી તે બધાં એક પછી એક સ્વતંત્ર થયાં. આ વંશનો છેલ્લો બાદશાહ મહમૂદ તઘલખ હતો.

(૪) મહમૂદ ઈ. સ. ૧૩૯૪ થી ૧૪૧૪. આ બાદશાહના તાબામાં ફક્ત દિલ્હી જ રહ્યું હતું અને રાજ્યમાં ચારે તરફ અંધેર વ્યાપી રહ્યું હતું. તેના વખતમાં મધ્ય એશિયામાંથી લંગડા તૈમુરે હિન્દુસ્તાન ઉપર ચઢાઈ કરી. તે જ્યાં ગયો ત્યાં લૂંટફાટ ને કતલ કરતો ગયો. તૈમુર

દિલ્હીમાં આવ્યો ત્યારે મહમૂદ ગુજરાતમાં નાસી ગયો હતો. તૈમુરે દિલ્હી લૂંટયું, અને અઢળક ધન લઈ પાછો ફર્યો. એના ગયા પછી મહમૂદે પાછા આવી લગભગ બાર વર્ષ રાજ્ય કર્યું. એટલામાં પંજાબના સુબા ખીજરખાંએ દિલ્હી ઉપર સ્વારી કરી મહમૂદને હરાવી તઘલખ વંશનો અંત આણ્યો અને પોતે ગાદીએ બેઠો.

## સૈયદ વંશ, ઈ. સ. ૧૪૧૪ થી ૧૪૫૦

ઈ. સ. ૧૪૧૪ માં પંજાબના સુબા ખીજરખાંએ દિલ્હી જીતી સૈયદ વંશ સ્થાપ્યો. એ વંશના ચારે રાજા ઘણા નબળા હતા. ઈ. સ. ૧૪૫૦ માં લાહોરના સુબા બહિલોલ લોદીએ એ વંશનો અંત આણ્યો.

## લોદી વંશ ઈ. સ. ૧૪૫૦ થી ૧૫૨૬

બહિલોલ લોદીએ જુવાનપુરનું રાજ્ય જીતી લીધું અને રાજ્યનો થોડો વિસ્તાર વધાર્યો. તે ઈ. સ. ૧૪૮૮ માં મરી ગયો. તેના પછી તેનો પુત્ર સિકંદર લોદી ગાદીએ બેઠો. સિકંદર લોદીએ પોતાના વખતમાં બિહાર પ્રાંત જીત્યો. હિન્દુઓ પ્રતિ તે બહુ ઘાતકી રીતે વર્ત્યો. તેણે ઘણાં દહેરાં અને મૂર્તિઓનો નાશ કર્યો. તે ઈ. સ. ૧૫૧૭ માં મરી ગયો. તેની પછી તેનો પુત્ર ઇબ્રાહીમ લોદી ગાદીએ આવ્યો. અમીરો સાથે એને અણબનાવ થઈ જવાથી તેઓ વારંવાર બંડ કરતા, અને બાદશાહ તેમને ઘણી નિર્દય શિક્ષા કરતો. છેવટે પંજાબના સુબા દોલતખાન લોદીએ દિલ્હી જીતવા કાબુલના બાદશાહ બાબરને કહેણ મોકલ્યું. હિંદુસ્તાનપર ચઢાઈ કરવાની મળેલી આ તકનો બાબરે ખુશીથી લાભ લીધો. બાબર હિન્દપર ઈ. સ. ૧૫૨૬માં ચઢી આવ્યો અને ઇબ્રાહીમ લોદીને પાણીપતના મેદાનમાં હરાવી દિલ્હીનો કબજો લીધો. આ રીતે મુગલાઈ રાજ્યની હિન્દમાં સ્થાપના થઈ.

# ભાગ–૨ જો

# મુગલ વંશનો ઈતિહાસ

## પ્રકરણ–૧ લું

## મુગલ સામ્રાજ્યની સ્થાપના


### ૧. બાબર ઈ. સ. ૧૫૨૬–૩૦

### બાબર આવ્યા પહેલાની હિન્દની રાજકીય સ્થિતિ

બાબર હિન્દમાં દાખલ થયો ત્યારે હિન્દની રાજકીય સ્થિતિમાં અંધેર પ્રવર્તી રહ્યું હતું. દિલ્હીનું સામ્રાજ્ય તો ભાંગીને ભૂકો જ થઇ પડયું હતું. જ્યાં ને ત્યાં દિલ્હીના અસ્ત પામતા સામ્રાજ્યનો લાભ લઇ મુસલમાન સુબાઓ સ્વતંત્ર થઇ પડ્યા હતા. રજપૂત રાજાઓ પણ પોતાની સત્તા જમાવવા મચી રહ્યા હતા. દક્ષિણમાં બ્રાહ્મણી સુલતાનો રાજ્ય જમાવી પડ્યા હતા. વિજયનગરનું બળવાન હિન્દુ રાજ્ય પણ ત્યાં જ હતું. બંગાળા અને બિહાર પઠાણ સુબાઓના સ્વતંત્ર અધિકાર નીચે હતાં. ગુજરાતમાં માળવાને જીતી બહાદુરશાહ કોઇને ન ગણકારતો પડયો હતો. ઓરિસામાં પણ બળવાન હિન્દુ રાજ્ય હતું, અને રજપૂતાનામાં નાના નાના હિન્દુ રાજાઓનું સંગઠન જમાવી રાણો સંગ હિન્દુ સત્તાને જમાવવાની તક સાધી રહ્યો હતો. આ સંજોગોમાં ઇબ્રાહીમ લોદીના કાકાએ બંડ જગાડયું.

### પાણીપતની લડાઈ ૧૫૨૬

તેણે બાબર નામના મુગલ સરદારને ઇબ્રાહીમ વિરૂદ્ધ ઉશ્કેર્યો. સાહસિક બાબરે એ તકને વધાવી લીધી. પોતાનું ખડતલ અને કસાયેલું પલાડી



હિંદુસ્તાન
૧૫૨૫
-૩-
કાશ્મીર
રજપુતાના
ગુજરાત
બંગાળા
ગોંડવાના
બરાર
બીજાપુર
અરબી
સમુદ્ર
બંગાળા
નો
ઉપસાગર
નગર

લશ્કર લઇ બાબર ઈ. સ. ૧૫૨૪માં હિંદમાં દાખલ થયો અને પહેલા ઝપાટે જ લાહોરનો કબજો લીધો. પછી તરત જ બે વર્ષે પાણીપતના મેદાનમાં ઇબ્રાહીમ લોદી સાથે જંગ માંડ્યો. એ યુદ્ધમાં ઇબ્રાહીમે જીંદગી અને રાજપાટ ગુમાવ્યાં. પાણીપતના આ વિગ્રહને અંતે લોદી વંશના હાથમાંની તમામ સત્તા બાબરના હાથમાં આવી.

## બાબરનો જીવન ઈતિહાસ

દિલ્હીને રીબાવીને લૂંટનાર તૈમુર લંગડાની છઠ્ઠી પેઢીએ બાબરનો જન્મ ઈ. સ. ૧૪૮૨ માં થયો હતો. બાબરનો બાપ મધ્ય એશિયામાં આવેલી આમુર અને સિરદરીઆ નદી વચ્ચેના પ્રદેશમાં રાજ્ય કરતો હતો. બાબરની મા ચંધીઝખાન મુગલના વંશની હતી. ચંધીઝખાને પણ ઈ. સ. ૧૨૧૯ માં હિન્દ ઉપર સ્વારી કરી અઢળક ધન લૂંટ્યું હતું; માના મુગલ કુળ ઉપરથી જ બાબરને મુગલ કુળનો ગણવામાં આવે છે. પન્દર વર્ષની બાળવયે રાજ્યની લગામ બાબરના હાથમાં આવી અને તે જ બાળવયથી માંડી લગભગ ૩૫ વર્ષ જંગના મર્દાની ખેલો ખેલવામાં જ એને રોકાઈ રહેવું પડયું હતું. રાજ્યની લગામ હાથમાં આવી ન આવી એટલામાં એને બાપીકું રાજ્ય છોડી નાસી જવું પડયું. ત્રણ વખત એણે સમરકંદ જીત્યું અને ત્રણ વખત એને એ છોડી નાસી જવું પડયું. દુશ્મનો એનો પીછો જ્યાં હોય ત્યાં પકડતા. દુશ્મનોના ભયમાંથી બચવાને આઠ આઠ વર્ષના લાંબા કાળ સુધી એને એક જગ્યાએથી બીજી જગ્યાએ નાસભાગ કરવી પડી. એનો જાન ક્યાંઇ સલામત ન હતો. પોતાની જન્મભૂમિમાં જ રાજ્ય કરવાને માટે એણે અપરંપાર દુઃખો વેઠયાં, અસંખ્ય જહેમતો ઉઠાવી; પણ જ્યારે જોયું કે પોતે ફાવશે જ નહિ ત્યારે ઈ. સ. ૧૫૦૪ માં એણે કાબુલ શહેરનો કબજો લીધો અને ત્યાં જ રાજ્ય કરવા લાગ્યો. કાબુલમાં એણે ૨૨ વર્ષ રાજ્ય કર્યું. પરંતુ તે લાંબા ગાળા દરમિયાન એને જંપીને બેસવાનો વખત આવ્યો ન હતો. હિન્દમાં આવવાનું નિમંત્રણ થયું

કે તરત જ એણે ભવિષ્યની હાડમારીનો વિચાર સરખો પણ કર્યા વિના ઝંપલાવ્યું.

બાબર શરીરે કદાવર અને મજબુત બાંધાનો હતો. એના અંગેઅંગ કસાએલાં હતાં. જુવાનીમાં અસંખ્ય સાહસોમાં ઝંપલાવ્યા પછી પણ એની શારીરિક શક્તિ એટલી બધી હતી કે બે બગલમાં બે મજબૂત મરદોને પકડીને ગઢની સાંકડી પાળ ઉપર તે દોડી શકતો હતો.

## બાબર અને રાણો સંગ

બાબર દિલ્હીના સમ્રાટ તરીકે જાહેર થયા પછી રાજ્યની વ્યવસ્થા કરવાનું જબ્બર કામ એને આટોપવાનું હતું. જ્યાંત્યાં સ્વતંત્ર થઈ પડેલા સુબાઓ માથું ઉંચકીને પડયા હતા. પ્રથમ તો બાબરે પોતાના પુત્ર હુમાયુંને લશ્કર આપી જુઆનપુરના સુબાને વશ કરવા મોકલ્યો અને એ સુબો બહાદુર મુગલાઈ લશ્કરને મચક આપી તાબે થઈ ગયો. પછી બીજા સુબાઓને વશ કરવાનો બાબર વિચાર કરે છે એટલામાં એક લાખ પાયદળ અને ચુંટી કાઢેલા રજપૂત સવારોને લઇ રાણોસંગ ફતેહપુરસીક્રી પાસે બાબરને મળ્યો. ખુનખાર લડાઇ જામી; રજપૂતો જીવસટોસટ આવી લડ્યા. પહેલા જ હુમલામાં રાણા સંગે બાબરના અડગ સૈન્યને છિન્નભિન્ન કરી નાખ્યું. મુગલ લશ્કરે નાસભાગ કરી મૂકી અને બહાદૂર બાબર પણ ઘડીભર હિંમત હારી બેઠો. દિલ્હી છોડી જવાનો સમય પાસે આવતો જોઇ બાબરે હિંમત પકડી. 'અલ્લાહો અકબર' કરી એક વખત તો અંત સુધી ઝુઝવું જ જોઇએ એવો નિશ્ચય કરી નાસીપાસ થયેલા લશ્કરને એણે પાછું ગોઠવ્યું. બાબરની હિંમતે એના સૈન્યમાં નવા જ પ્રાણ ફૂંકાયા. કહેવાય છે કે ચંદેરીનો હિન્દુ રાજા જે રાણા સંગની મદદે આવ્યો હતો, તે બાબરની યુક્તિથી ફૂટયો. એટલે નાસીપાસ થયેલા મુગલો જાન ઉપર આવી મરણીઆ થઈ રજપૂતો જોડે આથડ્યા અને સાંજ પડતામાં તો રજપૂતોને વેરણ ખેરણ કરી નાખી વિજયનો ડંકો વગાડયો. આ ફતેહપુરસીક્રીનું યુદ્ધ ઈ. સ.

૧૫૨૭માં થયું હતું. ત્યાર પછી ઈ. સ. ૧૫૨૮માં ચંદેરીનો અજય કિલ્લો સર કરી રજપૂતાનામાં બાબરે પોતાની આણ વર્તાવી. બીજા બે વર્ષમાં બિહાર અને બંગાળાના સુબાઓને પણ એણે તાબે કર્યા.

## બાબરનું મૃત્યુ

દિલ્હીના સામ્રાજ્યની સ્થિતિ મજબૂત કરે તે પહેલા તો બાબરનો દેહ પડયો. યુવાવસ્થાની ભોગવેલી હાડમારીઓથી જીર્ણ થયેલું બાબરનું શરીર હિન્દના નવાં હવાપાણીમાં અને નવી હાડમારીમાં વધારે જીર્ણ થતું ચાલ્યું. ઈ. સ. ૧૫૩૦માં આગ્રામાં એણે દેહ છોડયો.

બાબરના મૃત્યુ વિષે એની નોંધપોથીના એક ભાગમાં ચમત્કારિક કથા માલમ પડે છે. પોતાનો વહાલો પુત્ર હુમાયું તાવની બીમારીમાં મરણ પથારીએ પડયો હતો. પિતાનું હૈયું પુત્રના દુઃખે કકળી ઉઠયું. બાબરે પોતાના પુત્રના પલંગના ઓશીકે જઈ ત્રણ ફેરા પલંગ આસપાસ ફરતાં ગંભીર મુખે, “ઓ ઇશ્વર, મારા પુત્રનું સઘળું દુઃખ મને આપ,” એવી દીન યાચના ઉચ્ચારી. બીજે જ દિવસથી ચમત્કાર જણાયો. પુત્ર, વ્યાધિના દુઃખથી મુક્ત થતો ગયો અને પિતા માંદો પડયો અને મૃત્યુ પામ્યો. ધન્ય છે બાબરના પુત્રપ્રેમને !

## બાબરનું ચારિત્ર્ય

બાબર વિદ્યાનો શોખીન અને વિદ્વાનોનો સહચારી હતો. પોતાની નિત્યનોંધના લખાણમાં પોતે એક કવિ હોય એની સાબિતી આપી છે. યુદ્ધમાં અડગ, વિપત્તિમાં વીર, સદાય નિર્ભય, એ સિંહ સમો રાજતો. પિતા તરીકે, રાજા તરીકે, સેનાનાયક તરીકે, એનું હૈયું પ્રેમાળ હતું. નિરાશા એના હૃદયને સ્પર્શી શકતી ન હતી. જય કે પરાજયમાં એ એકસરખું જ આનંદી મન રાખી શકતો હતો. સૈનિકોમાં એ ઘણો જ વ્હાલો હતો. સૈનિકોની સગવડતા સાચવ્યા પહેલા પોતે કદી કોઇ સગવડનો લાભ ન લેતો. ન્યાય આપવામાં એ ઘણો જ ચતુર, અને

પ્રમાણિક હતો. સંપીને રહેવા વિષે એ બહુ ભાર મૂકતો. મરવા પહેલા છેલ્લા શ્વાસે પણ એ પોતાના પુત્રોને અને અમીર ઉમરાવોને સંપીને રહેવાનું કહી ગયો હતો.

## ૨. હુમાયું ઇ. સ. ૧૫૩૦-૪૦

મુગલ સામ્રાજ્ય સ્થાપનાર બાબરને ચાર પુત્રો હતા. તેમાં હુમાયું સૌથી મોટો હતો. એથી બાબરના મૃત્યુ પછી હુમાયું ગાદીએ આવ્યો.

### હુમાયુંના બે શત્રુઓ

હુમાયું ગાદીએ આવ્યો ત્યારે મુગલ સત્તાની આણ નીચે નહિ આવેલા એવા તો ઘણા ય સુબાઓ સ્વતંત્રપણે પોતપોતાનું રાજ્ય ચલાવી રહ્યા હતા; પરંતુ એ બધા ય સુબાઓમાંથી હુમાયું સામે માથું ઉંચકી શકે એવા તો ફક્ત બે જ હતા. એક માળવાને જીતી મસ્ત બની ગયેલો ગુજરાતનો બહાદુરશાહ અને બીજો પોતાની સત્તાનો દોર બંગાળામાં નિરંકુશ વધાર્યે જતો, વનકેસરી સમો બિહારનો સુબો શેરશાહ. આ બન્ને શત્રુઓને દમ્યા વિના મુગલ સત્તાની આણ હિન્દુસ્તાનમાં વર્તી શકે તેમ હતું જ નહિ.

### હુમાયુંના વિફળ પ્રયત્નો અને હાર

પ્રથમ હુમાયું બળ જમાવી ગુજરાતના સુબા બહાદુરશાહ ઉપર ધસ્યો અને બહાદુરશાહને હરાવી નસાડી મૂકયો. હુમાયું થોડો વખત ગુજરાતમાં રહ્યો અને એ દરમિયાન ચાંપાનેરનો અજેય ગણાતો કિલ્લો પણ એણે સર કર્યો; પરંતુ ગુજરાતમાં રહ્યા છતાં એ વિલાસી અને અસ્થિર મનના હુમાયુંએ પોતાની સત્તા ગુજરાતમાં જમાવી દેવાનો પ્રયત્ન જ ન કર્યો. એવામાં એને ગુજરાત છોડી પૂર્વમાં શેરશાહના વધતાં જતાં જોરને નરમ પાડવા જવું પડયું. શેરશાહ પૂર સપાટે પોતાના રાજ્યની હદ વધાર્યે જ જતો હતો. જો એને સત્તા વધારતો

-અટકાવવામાં ન આવે તો પોતાનું સમગ્ર બળ એકઠું કરી એ શેરશાહ દિલ્હી ઉપર પણ હલ્લો કરશે એવી ભીતિ લાગવાથી જ હુમાયુંને ગુજરાત છોડી શેરશાહ સામે જવું પડયું. આ બાજુ ગુજરાતમાં હુમાયુંની ગેરહાજરી પડી કે તરત જ બહાદુરશાહે આવી પોતાના હાથમાંથી ગયેલી સત્તા પાછી મેળવી લીધી.

હુમાયુંને આવતો સાંભળી શેરશાહ લુચ્ચાઈથી પાછો હઠયો અને પોતે હુમાયુંથી ડરે છે એવો ડોળ કરી ચુનારનો કિલ્લો વિના યુધ્ધે હુમાયુંના હાથમાં જવા દીધો. હુમાયું તો પોતાની સહજ જીતથી ફુલાવા લાગ્યો. શેરશાહની વધી પડેલી સત્તા તોડી નાખવા એણે કશા જ પ્રયત્નો ન કર્યા. એથી હુમાયુંની આળસનો લાભ શેરશાહે લેવાય તેટલો લીધો અને સંપૂર્ણ તૈયારી કરી એ હુમાયુંની સાથે યુદ્ધમાં ઉતર્યો. ઉપરાઉપરી બે લડાઇમાં–એક ચૌસાની અને બીજી કનોજની–હુમાયુંએ સજ્જડ હાર ખાધી. કનોજની લડાઇમાંથી તો હુમાયુંને ઉભી પૂંછડીએ નાસવું પડયું હતું. એ વખતે ગંગામાં પડી જાન બચાવવા જતાં જાન જવાના અણીના પ્રસંગે એક ભીસ્તીએ હુમાયુંને ઉગારી લીધેલ હતો. હુમાયું દિલ્હી પહોંચી કાંઇપણ તૈયારી કરે તે પહેલાં તો શેરશાહ દિલ્હી ઉપર તોપનો મારો ચલાવવા અને દિલ્હીનું તખ્ત હુમાયુંના હાથમાંથી ઝુંટવી લેવા તરત જ આવી પહોંચ્યો. આ પ્રમાણે હુમાયુંને બધા રસ્તાઓ ઘેરાયેલા લાગવાથી રાતોરાત દિલ્હી છોડી લાહોર તરફ નાસી જવું પડયું. એ સમયે એની સંગાથે પોતાની વ્હાલી બેગમ હમિદા અને થોડાએક વફાદાર નોકરો હતા.

## હુમાયુંની નાશભાગ અને આપત્તિ

લાહોરમાં રહેતા પોતાના ભાઇ પાસે લશ્કરી મદદની આશાએ હુમાયું લાહોર ગયો. પણ એના ભાઇએ એના દુ:ખની પરવા જ ન કરી તો મદદ આપવાની વાત તો શેનો જ કરે. લાહોરથી નાસીપાસ થઇ હુમાયું–એક વખતનો દિલ્હીનો નામીચો શહેનશાહ–નિરાધાર પ્રવાસી જેવો

અહીંતહીં આશ્રય અને મદદ માટે ભટકતો રજપૂતાનામાં દાખલ થયો. રજપૂતાનામાં ઠેરઠેર હુમાયું આશ્રય માટે આથડયો. એ અથડામણુમાં એને રોટલો મળવોયે મુશ્કેલ થવા લાગ્યો ત્યારે નિરાશ થઇ હુમાયું ભર તાપના દિવસોમાં રણુ ઓળંગી મહામુશીબતે સિંધમાં દાખલ થઇ ઉમરકોટમાં થોડાક દિવસ રહ્યો. ઉમરકોટમાં બેગમ હમિદાએ પુત્રરત્ન અકબરને જન્મ આપ્યો, ઇ. સ. ૧૫૪૨. ત્યાંથી સિંધ ઓળંગી હુમાયું કંદહારમાં પોતાના બીજા ભાઈ પાસે ગયો. પરંતુ ત્યાં પણુ એને કોઇ પ્રકારની મદદ મળવાને બદલે અડચણો જ વેઠવી પડી. આખરે સર્વથી કંટાળી હુમાયું ઇરાનના શાહ તહમસ્પના આશ્રય નીચે ગયો.

## ૩. સુરવંશના બાદશાહો–ઈ. સ. ૧૫૪૦–૫૫

### શેરશાહ

હુમાયુંને ઇરાનના શાહના દરબારમાં મૂકી આપણે દિલ્હીમાં જે રાજ્યપરિવર્તન થયું તે તરફ નજર ફેરવીએ. દિલ્હીનો કબજો લીધા પછી શેરશાહે પોતાને શહેનશાહ તરીકે જાહેર કરી રાજ્ય ચલાવવા માંડયું.

ઈ. સ. ૧૫૪૨માં શેરશાહે માળવા ઉપર ચઢાઈ કરી એ દેશને જીત્યો. ઈ. સ. ૧૫૪૪માં પોતે મારવાડ ઉપર ચઢાઇ લઇ ગયો. ત્યાં એને બહુ હાડમારી વેઠવી પડી. મારવાડનો ઉજડ મુલક જીતવા જતાં સોના કરતાં ઘડામણુ મોંઘું પડયું. મહામહેનતે ચિતોડ પડયું અને મારવાડ એના હાથમાં આવ્યું. ચિતોડ જીત્યા પછી તે બુંદેલખંડમાં આવેલ કલિંજરના પુરાણા મજબુત કિલ્લાને સર કરવા ગયો; પણુ ત્યાં એનો દારૂગોળો અજાણુતા સળગી ઉઠતાં એ દાઝયો અને મરણુ પામ્યો.

### શેરશાહનું ચારિત્ર્ય

બિહારના એક પઠાણુ જાગીરદારનો શેરશાહ પુત્ર હતો. એક સિપાઇગીરીના હલકા હોદ્દેથી પોતાની જ બાહોશીથી તે આગળ વધ્યો

હતો. એ જબરો સત્તાલોભી અને સાહસિક હતો. ઘણાએ સાહસિક પરાક્રમો કરીને એણે બિહારનું ધણીપદું મેળવ્યું હતું; ત્યાંથી પણ આગળ વધી બંગાળામાં પણ એણે રાડ બોલાવી હતી. ત્યાર પછી હુમાયુંને હરાવી, એને નાસતો કરી મૂકી, કેવી રીતે શેરશાહે દિલ્હીનું રાજ્ય પચાવી પાડયું એ બીના આપણે જોઇ ગયા છીએ. દિલ્હીમાં સમ્રાટ્ તરીકે શેરશાહે પાંચ વર્ષ રાજ્ય કર્યું (૧૫૪૦–૪૫). યુદ્ધ કરવામાં તે જેટલો ચતુર અને બહાદુર હતો તેવો જ બાહોશ રાજ્યની આંતરિક વ્યવસ્થા કરવામાં હતો. પોતે ઉદાર દિલનો અને પરોપકારી હતો. એનો ઘણો કાળ લડાઇઓ કરવામાં ગયો હતો, તે છતાં રાજ્યની અંદરનાં લોકોપયોગી કાર્યો કરવામાં એ એકદિલે મંડયો રહેતો હતો. એણે બાંધેલું રાજ્યનું બંધારણ આગળ ઉપર અકબર જેવાને પણ નમુના રૂપ થઇ પડયું હતું. મહેસૂલ ઉઘરાવવાની નવી અને ન્યાયી પદ્ધતિ એણે પોતાના રાજ્યમાં દાખલ કરી હતી. એના વખતમાં રાજ્યમાં શાંતિ હતી અને ખેડુતો બહુ જ સુખી હતા. જાનમાલની એટલી બધી સલામતી હતી કે કૂચ કરતું લશ્કર પણ ખેતરના પાકનું એક કણસલું સરખું તોડી શકતું નહિ.

ઉપરાંત એના વખતમાં ઠેરઠેર ધર્મશાળાઓ, કુવાઓ, ઝાડો રોપેલા સુંદર રસ્તાઓ, નહેરો, વગેરે લોકોપયોગી બાંધકામો પુષ્કળ થયાં હતાં.

## સલીમશાહ

શેરશાહ પછી એનો પુત્ર સલીમશાહ ગાદીએ આવ્યો. એણે ૯ વર્ષ રાજ્ય કર્યું. એ સલીમ બાહોશ રાજા હોવા છતાં એના વખતમાં ઠેર ઠેર કજીઆઓ થયા અને રાજ્યની સ્થિરતા ડગમગવા લાગી.

## મહમદશાહ આદિલ

સલીમશાહના બાળકુંવરને મારી નાંખી એનો મામો મહમદશાહ સલીમ પછી ગાદીએ ચઢી બેઠો. એના વખતમાં રાજ્યનું અંધેર બહુ જ

વધી પડયું. રાજ્યની સર્વ સત્તા હેમુ નામના બાહોશ વણિકના હાથમાં હતી. મહમદશાહ આદિલ તો નામનો જ બાદશાહ હતો. હેમુએ રાજ્યમાં હિન્દુઓને આગળ વધાર્યાથી અસંતોષ વધ્યો હતો. એવે વખતે બીજા ખરા હકદારો આગળ આવ્યા, અને રાજ્યમાં અશાંતિ કરી મૂકી. મહમદશાહમાં એ અશાંતિ શમાવવાની તાકાત નહોતી તેથી નાસીને એ બંગાળામાં જઈ રહ્યો.

## ૪. હુમાયુંનું હિન્દમાં પુનરાગમન, ૧૫૫૫.

દિલ્હીમાં જામી રહેલી ખટપટનો લાભ લઈ હુમાયુંએ ઈરાનના શાહની મદદથી હિન્દમાં પોતાનું નશીબ અજમાવવા પગ મૂકયો. એકંદર લગભગ ૧૫ વર્ષ હુમાયું હિન્દ બહાર રખડયો. ઈરાનમાં પણ એને નામોશી સહન કરવામાં મણા નથી રહી. પોતાનો સુન્ની પંથ ત્યજી શિયા પંથ સ્વીકારીને જ એ ઈરાનના શાહની મદદ મેળવી શકયો હતો. પણ એનો સિતારો પાધરો થયો હતો. હિન્દમાં પગ મૂકતાની સાથે એણે વિજય પછી વિજય જ પ્રાપ્ત થયા. એની સાથે આવેલ બહેરામખાં શૂરો, મર્દ, અને જમાનાનો ખાધેલ સેનાનાયક હતો. એની મદદથી હુમાયુંએ દિલ્હીનું ખોયેલું રાજ્ય પાછું મેળવ્યું, ઈ. સ. ૧૫૫૫.

### હુમાયુંનું મૃત્યુ

રાજ્યપ્રાપ્તિ પછી હુમાયુંના દુઃખનાં વાદળાં વેરાઈ ગયાં; પણ એ સુખ હુમાયું લાંબો વખત ભોગવી શકયો નહિ. થોડા જ માસ એણે રાજ્યપ્રાપ્તિનો નૂતન લહાવો માણ્યો ન માણ્યો ત્યાં તો પોતાના કિતાબખાનાની પત્થરની સીડીએથી ગબડી પડતાં એ મરણ પામ્યો.

### હુમાયુંનું ચારિત્ર્ય

હુમાયું ખરો ખાનદાન હતો. રાજા તરીકે ભલો હતો છતાં રાજ્ય ચલાવવાની આવડતની એનામાં ખામી હતી. એ ખામીને લઈને જ એને

કઠોર દુઃખો ખમવા વારસે આવ્યો હતો. એ ઉદાર દિલનો હતો; લડાઇમાં બહાદુર હતો; છતાં કફોડી સ્થિતિમાં કુનેહથી કામ લેતાં તે ગભરાઈ જતો. મુગલવંશની ક્રૂરતા કે ઘાતકીપણાનો છાંટાભાર પણ વારસો એને મળ્યો ન હતો; એને અફીણનું હદ બહાર વ્યસન હતું, અને એથીજ કદાચ અસ્થિરતા અને નિર્બળતા એનામાં ઘર કરી રહ્યાં હશે. ખગોળ અને ગણિતનો તો એ રસિયો હતો.

# પ્રકરણ–૨ જું

## મુગલ સામ્રાજ્યનો ઉદય

## મહાન અકબર–ઈ. સ. ૧૫૫૬–૧૬૦૫

### અકબરની મુંઝવણ

હુમાયુંના મૃત્યુકાળે અકબરની ઉમ્મર ફક્ત તેર વર્ષની હતી. એટલી નાની વયે પણ બહેરામખાં જોડે તેને સિકંદરસુરને પકડવા મોકલવામાં આવ્યો હતો. એટલે મરતા બાપનું મોઢું જોવા તે હાજર રહી શક્યો ન હતો.

હુમાયુંના મૃત્યુની ખબર અકબરને અને બહેરામખાંને મળે, અને તેઓ પાછા દિલ્હી આવી રાજ્યની લગામ હાથ કરે, અને અકબરને પાદશાહ તરીકે જાહેર કરે એ અરસામાં તો બંગાળના પઠાણ સુબા આદિલશાહે પોતાના બાહોશ સેનાધિપતિ હેમુને મોટું લશ્કર આપી દિલ્હી જીતવા મોકલી દીધો. બહેરામખાં અને અકબર દિલ્હી આવ્યા

ત્યારે જાણ્યું કે દિલ્હીનું ધણીપણું એમના હાથમાંથી ચાલી ગયું છે; પણ જમાનાનો ખાધેલ બહેરામખાં એથી હિંમત હાર્યો નહિ. એણે હેમુ સાથે લડવાનો નિશ્ચય કર્યો.

## પાણીપતનું બીજું યુદ્ધ

બહેરામખાંના નિશ્ચયની ખબર પડતાં પહેલા હેમુ તો લડવા માટે તૈયાર જ હતો. જબ્બર લશ્કર લઇને હેમુ મુગલોની સામે પાણીપતના મેદાનમાં આવી લાગ્યો. પહેલે જ ઝપાટે બહેરામખાંની ટુકડીએ હેમુના લશ્કરનો દારૂગોળો કબજે કરી લીધો, અને પછી બાણોનો એવો તો મારો ચલાવ્યો કે હેમુના લશ્કરનું ગજદળ ભયભીત થઇ વેરણખેરણ થવા માંડયું. એવામાં એક તીર હેમુની આંખમાં જ ચોંટયું. હેમુ બેભાન થઈ ગયો. બેભાન પડેલા હેમુને મુગલોએ કેદ કર્યો. મુગલ લશ્કરે દિલ્હીનો કબજો લીધો અને અકબરને વિધિ સહિત સિંહાસને બેસાડયો. એ દરબારમાં કેદી હેમુને બહેરામખાંના હુકમથી ઘસડી આણવામાં આવ્યો અને ત્યાં જ વધ કરાવવાના નીચ હેતુથી બહેરામખાંએ અકબરને વિનંતિ કરી કે કાફરના દેહનો શિરચ્છેદ આપની મુબારક તરવારથી થવો ઘટે છે; પણ ઉદાર દિલના એ બાળક બાદશાહે મરતાંને મારવાનું ઘોર કુકર્મ કરવાની સાફ ના પાડી. પાછળથી બેહરામખાંએ હેમુનો વધ કર્યો.

## બહેરામખાંની પડતી

બહેરામખાં હુમાયુંનો સૌથી વફાદાર અને શૂરો સૈનિક અને સલાહકાર હતો. હુમાયુંની ખરી આપત્તિના વખતમાં એ એનો સાચો મિત્ર રહ્યો હતો. હુમાયુંએ જે દેશવટો અને હાડમારીઓ ભોગવી તે બધામાં બહેરામખાં પહેલેથી તે છેલ્લે સુધી દુ:ખમાં ભાગીદાર તરીકે હુમાયુંની છાયા જેમ રહ્યો હતો. હુમાયુંનો પણ એના ઉપર અચળ વિશ્વાસ હતો. ઈરાનમાંથી હિન્દ આવતી વખતે બહેરામખાં વિના

એનાથી ડગ ભરાય તેમ ન હતું. એ બહાદુર બહેરામખાં હુમાયુંના વખતથી જ અકબરનો અંગરક્ષક અને સલાહકાર નિમાઈ ચૂકયો હતો. હુમાયુંના અકાળ મોત પછી બાળક અકબરની સંભાળ રાખવાનો ભારે બોજો એના શિર ઉપર જ હતો. અકબરના રાજ્યાભિષેક પછી ચાર વર્ષ સુધી બહેરામખાં જ તમામ રાજ્યકારભાર રાજાના નામથી ચલાવતો હતો. પણ જેવો અકબર સમજણો થયો કે તરત જ એને બહેરામખાનું ઉપરીપણું હરઘડીએ સાલવા માંડયું. લાગલો જ એક પત્ર લખી બહેરામખાંને એણે પોતાની મુરાદ જણાવી દીધી કે, હવેથી રાજ્યની લગામ હું હાથમાં લેવા માગું છું, અને તમે વૃદ્ધ થયા હોવાથી રાજ્યના ભારમાંથી તમને મુક્ત કરવા માંગું છું; આપ ખુશીથી વૃદ્ધાવસ્થાના દિવસો અલ્લાહની બંદગી કરવામાં અને મક્કાની યાત્રા કરવામાં ગાળો. આપની સેવા બદલ આપને ઇચ્છો તેટલી જાગીર આપવામાં આવશે. આવા દમામભરેલા પત્રથી બહેરામખાંને લાગ્યું કે અકબર હવે પુખ્ત ઉમ્મરનો થઇ ચૂકયો છે. પણ પોતાની સત્તાનો મોહ છોડવો એને રૂચ્યો નહિ. એણે એકદમ બળવો જગાડયો પણ એમાં એ ન ફાવ્યો; એ કેદ થયો. મખી દિલના બાદશાહે એ સત્તાલોભી પણ વફાદાર સેવકને દિલની માફી આપી. આ પ્રમાણે અકબર બહેરામખાંથી કાયમને માટે છૂટો થયો. બધો રાજ્યકારભાર હવે અકબર એકલે હાથે ચલાવવા લાગ્યો.

## સામ્રાજ્યની વૃદ્ધિ

બહેરામથી મુક્ત થયેલા અકબરે હવે એકલા હાથે રાજ્યની મજબૂતી અને સલામતી વધારવા તરફ લક્ષ પરોવ્યું. અકબરના લાંબા રાજ્ય દરમિયાન એની નાગી તરવારને મ્યાન થવાનો વખત જ નહોતો આવ્યો. અકબર એ જમાનાનો મહાન વિજેતા હતો; છતાં અકબરના રાજ્યની મહત્તા એની રાજ્યવૃદ્ધિથી કે એનાં યુદ્ધોથી નથી અંકાતી. ખરી મહત્તા તો એનાં ઉમદા ચારિત્ર્ય અને એની અપૂર્વ અને ઉદાર રાજનીતિથી જ અંકાય છે.

એણે એક પછી એક અનુક્રમે મેવાડનાં રજપૂત રાજ્યો, ગુજરાત, બિહાર, બંગાળા, ઓરિસ્સા, કાશ્મિર, સિંધ, અને કંદહાર જીતી લીધાં; ઉપરાંત અહમદનગર, ખાનદેશ, અને બિહારનો થોડોક ભાગ જીતીને તાબે કર્યો. જીતેલ રાજ્યના રાજાને અકબર પોતાના પાટનગરમાં ઉમરાવ તરીકે રાખતો; અથવા તો લશ્કરમાં કોઈ મોટો હોદ્દો આપી નવાજતો. આવાં ઉદાર અને વિવેકી વર્તનથી અકબરે સહેજે ઘણાખરા હિંદુ રાજાઓનાં હૃદયો પ્રેમથી જીતી લીધાં. ખાસ કરીને જયપુર અને જોધપુરના રજપૂત રાજાઓ અકબરના ઉદાર વર્તનથી એના ઉપર કુરબાન થઇ ગયા હતા.

અહીં આપણે આ બધા પ્રદેશો જીતતાં થયેલાં યુદ્ધોનાં લાંબા વર્ણનમાં ન પડતાં ફક્ત (૧) રજપૂતો અને (૨) અહમદનગરની જગ-વિખ્યાત ચાંદબીબી સાથેના યુદ્ધોનું જ વર્ણન કરી સંતોષ માનીશું.

## રજપૂતો

જયપુર (અંબર) ના રાજા બિહારીમલ્લને નમાવી અકબર એની પુત્રીને પરણ્યો હતો; અને સલીમ (જહાંગીર, અકબરનો પાટવીકુંવર) ને એજ રજપૂત કુળની બીજી રાજકુંવરી સાથે પરણાવ્યો હતો. રજપૂતાનાનાં રજપૂત રાજ્યોમાંથી મુસલમાનોને કન્યા દેવાની આવી પહેલ કરનાર અંબરપતિ રાજા બિહારીમલ્લ જ હતા. આ સગાઇનો સંબંધ અકબર જોડે બંધાયા પછી બિહારીમલ્લનો પુત્ર રાજા ભગવાનદાસ અકબરના દરબારમાં રહેતો. અકબરના હજુરી તરીકે એ બહુ ખ્યાતિ પામેલો હતો અને પંજાબનો સુબેદાર નીમાયો હતો. એજ ભગવાનદાસનો પુત્ર રાજા માનસિંહ અકબરના વડા સેનાધિપતિઓમાંનો એક હતો અને તેનો દરજ્જો બીજા કોઈ મુસલમાન સેનાધિપતિ કરતાં લશ્કરમાં ઘણો ઉંચો હતો. રાજા માનસિંહે પંજાબ અને કાબુલમાં જઈ રાજ્યની ઘણી ઉમદા સેવા બજાવી હતી.

જોધપુરનો રાણો માલદેવ પણ અકબરને શરણે ગયો; અને જયપુરના રાજાને પગલે ચાલી એણે પણ પોતાની પૌત્રી જોધબાઈ અકબરના પુત્ર સલીમને લગનમાં આપી. આ પ્રમાણે એ મોટા રજપૂત રાજ્યો અકબર સાથે સગાઇના સંબંધથી કાયમને માટે જોડાયાં.

જયપુર અને જોધપુરનું આ ધર્મ વિરૂદ્ધનું પગલું રજપૂતાનામાં ઘણા રજપૂતોને ઝેર સમાન લાગતું. મુસલમાનને કન્યા દેવી એ તો નીચમાં નીચ કૃત્ય ગણાતું. ફક્ત ઉદયપુરના રાણાઓએ જ એવું અધર્મી કૃત્ય કરી અકબર જોડે સ્નેહ સંબંધે જોડાવાની ચોખ્ખી ના પાડી; અને જે રજપૂતો એવું અધર્મી પગલું ભરતા તેમના તરફ ઉદયપુરના રાણાઓ તિરસ્કારની નજરે જોતા.

## ચિતોડનો ઘેરો

ચિતોડના ઘેરા વખતે જે ઘોર યુદ્ધ જામ્યું તેવું યુદ્ધ બીજી કોઇ જગ્યાએ અકબરને લડવું પડયું ન હતું. ચિતોડના કિલ્લાને ઘેરો નાખી અકબર એ સર કરી લેવાની આશાએ ને આશાએ ચચ્ચાર માસ વીતાડી ચૂક્યો. પોતાની ખાસ દેખરેખ નીચે ઘેરો ઘાલી મુગલ લશ્કર ચિતોડને વિંટળાઈ પડયું. બહાદુર રજપૂતોએ મચક ન આપી. કાયર રાણો ઉદેસીંગ નાસી ગયો. પણ બહાદુર સરદારો પ્રાણાંત સુધી ઝૂઝયા. અકબર ત્રાસ પામી ગયો. આખરે એક દિવસ રજપૂતોનો નાયક જયમલ કિલ્લાના એક ભાગનું બાકોરૂં પૂરતો હતો તે વખતે ઓચિંતી એક સનનન સુસવાટ કરતી ગોળી આવી અને જયમલના પ્રાણ લેતી ગઇ. રજપૂતો ગભરાયા. મોગલો ધસી આવ્યા. રજપૂતો જીવ ઉપર આવી લડ્યા પણ હાર્યા. આ ઘેરામાં વહાલી માતૃભૂમિ અને એથી ય વહાલા હિન્દુ ધર્મ માટે આઠ હજાર રજપૂત વીરોએ પોતાના પ્રાણની આહુતિ આપી. સ્ત્રીઓએ પણ ચિતામાં બળી પોતાના પ્રાણ આપ્યા. આ પ્રમાણે ચિતોડની પાયમાલી થઈ.

## અડગ ટેકીલો વીર પ્રતાપ

ચિતોડ પડયું પણ ચિતોડનો પ્રાણ હજી સ્વતંત્ર હતો. સિસોદીઆ રજપૂતોનો જુસ્સો હજી અદમ્ય જ હતો. ચિતોડ પડ્યા પછી ચાર વર્ષે પ્રતાપ એના બાપે સ્થાપેલ ઉદેપુરમાં રાજ્ય કરવા લાગ્યો. ચિતોડ એને પ્રાણ સાથે ચોંટયું હતું. ચિતોડ પાછું લીધા વિના એને રાજ-વૈભવો ન રૂચ્યા. બાપની કાયરતા એને સાલતી હતી. એક ધન્ય દિવસે એ વીર પડકારી ઉઠયો કે ચિતોડ પાછું ન લઉં ત્યાં સુધી પત્રાવળીમાં જ ભોજન લઈશ, ઘાસ ઉપર સુઈશ, અને મૂછના આંકડા વાળીશ નહિ. પ્રતાપે મુગલો સામે કેડ કસી. અકબરે એ વાત જાણી. મેવાડને રણમાં રોળવું એવા નિશ્ચયથી શાહજાદા સલીમને અને અંબર-પતિ માનસિંહને મોટું લશ્કર આપી પ્રતાપ સામે મોકલ્યા. દુશ્મનોને સત્કારવા પ્રતાપ પણ અરવલીની ઓથે હલદીઘાટના મેદાનમાં નિર્ભય બની વાટ જોતો ઉભો. લશ્કર સામાસામા ભેટયાં; એકમેક થઇ ગયાં; અને જબરૂં યુદ્ધ મચ્યું, ઈ. સ. ૧૫૭૬. રજપૂતો જીવ ઉપર આવીને લડ્યા. રણઘેલો પ્રતાપ ઘેરાયુદ્ધમાં ચેતકને કુદાવતો મોતને હાથમાં લઇ ઘૂમતો ઘૂમતો સલીમના હાથી સુધી જઇ પહોંચ્યો. પ્રતાપે ભાલો તાણી સલીમની અંબાડી તાકી. ભાલો ખડાંગ અવાજ કરતો પાછો ફર્યો. સલીમ બચ્યો, પણ મનમાં સમજી ગયો કે પ્રતાપના તેજ સામે ટકાય તેમ નથી. તરત હાથીની દિશા બદલાઇ અને પ્રતાપ એકલો મુગલોથી ઘેરાયો. પણ રજપૂત બચ્ચો સલીમની માફક કાયર બની ન નાસતાં, મુગલોને તૃણની માફક કાપતો પોતાનો રસ્તો કરતો ચાલ્યો છતાં આખરે આ વીર રજપૂતોનું નાનું સૈન્ય હાર્યું.

હલદીઘાટનાં યુદ્ધ પછી પ્રતાપને પકડવા મુગલોએ ઘણા પ્રયત્નો કરી જોયા પણ ફાવ્યા નહિ. અકબરે પણ તેની વીરતાની કિંમત કરી, પ્રતાપ જેવાને વધારે રંજાડવાનું યોગ્ય ન ધાર્યું. પ્રતાપ ઇ. સ. ૧૫૯૭ માં મરણ પામ્યો.

## અહમદનગરની સુલતાના ચાંદબીબી

અહમદનગરનું મુસલમાની રાજ્ય કેવી રીતે દક્ષિણમાં ઉત્પન્ન થવા પામ્યું તેનો ટૂંક ઇતિહાસ જાણવાની જરૂર છે.

મુગલ વંશ પહેલા દિલ્હીની ગાદીએ થઇ ગયેલા પઠાણ બાદશાહોની નબળી દશામાં પઠાણ સામ્રાજ્યના તાબેદાર સુબાઓ હિન્દુસ્તાનમાં ઠેરઠેર સ્વતંત્ર થવા લાગ્યા હતા, ત્યારે દક્ષિણમાં એક નવું મુસલમાની રાજ્ય ઉભું થયું. મુહમ્મદ તઘલખના વખતમાં ઝાફરખાન નામનો એક પઠાણ સરદાર સ્વતંત્ર થઈ પડયો. એને દબાવવા મુહમ્મદ તઘલખે પ્રયત્નો કરી જોયા પણ વિફળ ગયા; અને આખરે એ પઠાણ સરદાર દક્ષિણના સ્વતંત્ર સુલતાન તરીકે જાહેર થયો. પ્રથમ ઝાફરખાન ગંગૂ નામના બ્રાહ્મણનો ગુલામ હતો પરંતુ પાછળથી એના ભાગ્યનો સિતારો ખુલી ગયો. એના ભલા શેઠ ગંગૂએ એનું ઉજળું ભવિષ્ય ભાખેલું હતું એથી સ્વતંત્ર સુલતાન થયા પછી પણ એણે પોતાના વહાલા શેઠનું નામ પોતાના નવા સ્થાપેલા રાજ્ય સાથે કાયમને માટે જોડી દીધું. એના વખતથી જ એનું રાજ્ય બ્રાહ્મણી રાજ્ય કહેવાતું. એ હસનગંગૂનું બ્રાહ્મણી રાજ્ય ઈ. સ. ૧૩૪૭ થી ૧૫૨૬ સુધી નભ્યું. જે સાલમાં બાબરે પઠાણ વંશના છેલ્લા લોદી બાદશાહને દિલ્હીના તખ્ત ઉપરથી ફેંકી મારી નાખ્યો તેજ સાલમાં દક્ષિણમાં પણ પઠાણવંશીય આ બ્રાહ્મણી રાજ્યમાંથી જ બીજાં પાંચ મુસલમાની રાજ્યો ઉત્પન્ન થયાં.

તે પાંચ રાજ્યો આ પ્રમાણે હતાં:—

બિજાપુરમાં આદિલશાહીવંશનું, અહમદનગરમાં નિઝામશાહીવંશનું, ગોવળકોંડામાં કુતુબશાહીવંશનું, વરાડમાં ઈમાદશાહીવંશનું અને બિદારમાં બરિદશાહીવંશનું રાજ્ય હતું. જ્યારે અકબર સમ્રાટ્ તરીકે રાજ્ય કરતો હતો ત્યારે અહમદનગરમાં નિઝામશાહીવંશનું મુસલમાની રાજ્ય હતું. તે વખતે અહમદનગરમાં હિંદુ અને હબસી ઉમરાવો વચ્ચે અણબનાવ

ઉત્પન્ન થયો; એ અણબનાવનો લાભ લઇ અકબરે પોતાની સત્તા દક્ષિણમાં જમાવવાના હેતુથી પોતાના પુત્ર મુરાદને અને બહેરામખાંના પુત્ર મિર્ઝાખાંને લશ્કર આપી ઈ. સ. ૧૫૯૫ માં અહમદનગર જીતવા મોકલ્યા. અહમદનગરમાં તે વખતે શૂરી સુલતાના ચાંદબીબી, બાળક સુલતાન નિઝામશાહની વતી રાજ્યનો ભાર વહેતી હતી. મુગલોને અહમદનગર ઉપર આવતાં સાંભળી એ વિચક્ષણ અને ચકોર બુદ્ધિની સ્ત્રીએ હબસી ઉમરાવોના મન સંપાદન કરી લઈ એમને પોતાના પક્ષમાં લઇ લીધા. બિજાપુરના સુલતાન જોડે પણ સુલેહ શાંતિ કરી લીધી, અને આવતી આફત સામે ઝૂઝવાની તૈયારી કરી, મુગલ સૈન્યની વાટ જોતી ઉભી. મુગલ સૈન્ય આવી પહોંચ્યું, અને અહમદનગરને ઘેરો ઘાલ્યો; પણ એ શૂરી બાઇએ નગરનું એવું તો વીરતાભર્યું રક્ષણ કર્યું કે દુશ્મનો છક થઈ ગયા.

વીરાંગનાના એ તેજ સામે મુરાદનું શૌર્ય ઓસરી ગયું. તેણે ઘેરો ઉઠાવી લીધો, અને સુલેહના કહેણ મોકલી માનભર સંધી કરી.

ચાર વર્ષ પછી જ્યારે અકબર જાતે દક્ષિણમાં આવ્યો ત્યારે તેણે ફરી અહમદનગર જીતી લેવાનો મનસુબો કર્યો અને શાહજાદા દાનિયાલ અને મિર્ઝાખાનને અહમદનગર જીતી લેવા મોકલ્યા. અહમદનગર તે વખતે રાજ્યખટપટથી છવાઇ રહ્યું હતું. રાજ્યમાં ચાર વર્ષ પહેલાનું ઐક્ય નાશ પામ્યું હતું. અને એ ખટપટના મામલામાં બાળક સુલતાનના પ્રતિપક્ષના રચેલા કોઇ ક્રૂર કાવત્રામાં ચાંદબીબીનું કાસળ કાઢવાનો ઘાટ રચાયો. શૂરી ચાંદબીબી ઘરની ફાટફુટનો ભોગ થઇ પડી. એના અકાળ મૃત્યુથી મુગલો આ વખતે ફાવી ગયા. ચાંદબીબી વિનાનું અહમદનગર પડયું અને બાળક સુલતાન કેદ થયો.

### અકબરના નાલાયક પુત્રો

અકબરને સલીમ, મુરાદ અને દાનિયાલ નામના ત્રણ પુત્રો હતા. ત્રણમાંથી એકમાં પણ બાપની જોઇએ તેવી સારી છાપ ઉઠી ન હતી.

દાનિયાલ તો દારૂના વ્યસનમાં ચકચૂર જ રહેતો. દારૂમાં ને દારૂમાં એનું મોત બાપની હયાતીમાં જ થયું. મુરાદ પણ પૂરો વ્યસની હતો. એનો જીવ દારૂની બદીમાં જ ગયો. સૌથી મોટો સલીમ પણ દારૂના નિશામાં પડી રહેતો.


## અકબરનું મૃત્યુ અને ચારિત્ર્ય

ઈ. સ. ૧૬૦૫માં ૬૩ વર્ષની પાકટ વયે અકબરે આગ્રામાં પ્રાણ છોડ્યા. સલીમ તે વખતે હાજર ન હતો. પરંતુ અકબરની ઇચ્છા પ્રમાણે એને જ રાજ્યનો વારસ ગણી ગાદીએ બેસાડવામાં આવ્યો.

હિંદના પ્રાચીન કાળમાં થઈ ગયેલા મહાન અશોક પછી જો બીજો કોઈ પણ બાદશાહ એની બરોબરીનો થયો હોય તો તે અકબર જ હતો. એનું શારીરિક કૌવત અખૂટ હતું. શરીરે કદાવર અને દેખાવડો હતો. રીતભાતમાં એ ગંભીર અને છટાદાર હતો. અખાડાનો ખેલનાર એ અકબર શિકારે જતાં કદી થાકતો જ નહિ. રાજ્યકારભારમાં એ પ્રવીણ અને પાવરધો હતો. અભણ છતાં ભણેલાને ટક્કર ખવરાવે એવું એનું વિશાળ જ્ઞાન અને અનુભવ હતાં. સંસ્કૃતનો એ શોખીન હતો, અને સાહિત્યનો એ રસિયો હતો. ભિન્ન ભિન્ન ધર્મતત્ત્વોને સમજી જીરવી શકે એવી એની પ્રતિમા હતી. પોતાનાં કુટુમ્બીઓ, સ્નેહીઓ અને મિત્રો તરફ એ બહુ જ માયાળુ અને સ્નેહાળ હતો. દુશ્મન તરફ પણ એ માયાળુ હતો.

## અકબરનો નવો ધર્મ

એની કારકિર્દીમાં એણે સર્વ ધર્મોનું દોહન કરી એક નવો જ પંથ સ્થાપ્યો હતો. એ નવા પંથનું નામ "દિન ઇલાહી" હતું. એ નવા પંથના અનુયાયીઓ ખાનગીમાં એના પવિત્ર કદમમાં શિર ઝુકાવતા, તેથી ઘણા ચુસ્ત મુસલમાનો એની ઉપર કરડી નજરે જોતા હતા.


હિંદુસ્તાન
૧૬૦૫
-નું-
રાજ્ય
ગોન્ડવાના
મુંબાઇ
અરબી
સમુદ્ર
બંગાળા
નો
ઉપસાગર

ધર્મનો નવો પંથ સ્થાપવાનો હેતુ ફક્ત એ જ હતો કે લોકોને ધર્મ-સહિષ્ણુ બનાવવા અને એમ કરી ધર્મના કજીયાઓને નાબુદ કરવા.

## અકબરના સુધારા અને રાજ્યબંધારણ

પ્રજાપ્રજામાં ઐક્ય જમાવવાની ખાતર એણે સર્વ પ્રજા તરફ સમભાવ જ કેળવ્યો હતો. હિન્દુ મુસ્લીમ વચ્ચેનો તફાવત દૂર કરી બન્નેને એક જ નજરે એણે અપનાવ્યા હતા. જજીયા વેરો અને બીજા જુલ્મી કરો એણે નાબુદ કર્યા હતા.

અકબરના વખતમાં રાજા ટોડરમલ્લે જમીનમહેસૂલની આંકણી નવી જ ઢબે નવેસરથી કરી. જમીનની માપણી અને કસની આંકણી કરીને દરેક ખેતરની ચોક્કસ મહેસૂલ રાજ્યના હક્કની ઠરાવી. આમ થવાથી ખેડૂતોનો કરનો બોજો હલકો થયો, અને મહેસૂલ ઉઘરાવવા આવનાર અફસરોનો ત્રાસ પણ દૂર થયો.

રાજ્યની સારી વ્યવસ્થા માટે અકબરે પોતાના વિશાળ સામ્રાજ્યના અઢાર ભાગલા પાડી નાખ્યા. દરેક ભાગને પ્રાંતનું નામ આપવામાં આવ્યું. દરેક પ્રાંત ઉપર એક અધિકારીને સુબેદાર તરીકે નિમવામાં આવ્યો. વળી દરેક પ્રાંતના પણ પેટા વિભાગો પાડવામાં આવ્યા.

## અકબરના મિત્રો અને સલાહકારો

અકબરના મિત્રો અને સલાહકારોમાં મુખ્ય (૧) આઇની અકબરી —અકબરના કાયદાનું પુસ્તક લખનાર અબૂલફઝલ, (૨) જમીનની મહેસૂલ ઉઘરાવવાની નૂતનપદ્ધતિ દાખલ કરનાર રાજા ટોડરમલ્લ, (૩) અબૂલ ફઝલનો વડોભાઇ અને અચ્છો શાયર ફેજી, (૪) વિચક્ષણ અને હાજર-જવાબી બિરબલ, (૫) વફાદાર સેનાપતિ અને સામ્રાજ્યનો સ્તંભ રાજા માનસિંહ, (૬) ગાયનપ્રવિણ ઉસ્તાદ તાનસેન, અને (૭) શીઘ્ર કવિ ગંગ હતા.

# પ્રકરણ-૩ જું

# મુગલ સામ્રાજ્યનો મધ્યાહ્ન

## ૧. મોજીલો જહાંગીર ઈ. સ. ૧૬૦૫-૨૭

### જહાંગીર અને ખુશરૂ

સાડત્રીસ વર્ષની ઉમ્મરે ઈ. સ. ૧૬૦૫માં શાહજાદો સલીમ, જહાંગીર (જગવિજેતા) એવું નામ ધારણ કરી ગાદીએ બેઠો. તરતજ શાહજાદા ખુશરૂને રાજ્ય અપાવવા બળવો જાગ્યો. જહાંગીરે તાબડતોબ ચાંપતા ઈલાજો લીધા અને ઉગતા બળવાને એક જ માસમાં દાબી દીધો. નાસી જતા ખુશરૂને પિતાએ પકડાવી કેદ કરાવ્યો અને એના બળવાખોર સહાયકો.માંના ઘણાને કેદ કરી કમકમાટી ઉપજે એવી ઘોર શિક્ષા કરી મારી નખાવ્યા.

### મેવાડ પતન અને કાંગ્રાગઢની પ્રાપ્તિ

જે ટેકીલા પ્રતાપે સરી જતી રાજવટને મહા મહેનતે પકડી રાખી હતી તે જ વીર પ્રતાપના પુત્ર અમરસિંહ રાણાના વખતમાં મેવાડની પડતી થઈ. અમરસિંહે એક દસકો રાજ્ય કર્યું ન કર્યું ત્યાં તો દિલ્હીથી મુગલની ફોજ શાહજાદા ખુર્રમ (શાહજહાં) ની સરદારી નીચે મેવાડ ઉપર ધસી આવી. રાણા અમરસિંહે મેવાડને બચાવી લેવા બહુ બહુ પ્રયત્નો કર્યા. એક જગ્યાએથી બીજી જગ્યાએ નાક સાચવવા અને મેવાડ બચાવવા આથડયો; પણ મુગલ સૈન્યે એનો એવો તો પીછો પકડયો કે એ મર્દ રાણાને આખરે શાહજાદા ખુર્રમને તાબે થવું જ પડ્યું, ઈ. સ. ૧૬૧૪.

જહાંગીરના વખતમાં બીજો લશ્કરી વિજય તે પંજાબમાં આવેલા કાંગ્રાગઢની જીતનો છે. જે અજેયગઢ અકબર પણ નહોતો જીતી શકયો તે જહાંગીરે સર કર્યો. એ માટે જહાંગીર મનમાં વારંવાર ફુલાતો.

**નૂરજહાં**

જહાંગીરના જીવનની આખી કારકિર્દીમાં એનું નૂરજહાં સાથેનું ઈ. સ. ૧૬૧૧માં થયેલું લગ્ન સૌથી અગત્યનો પ્રસંગ ગણી શકાય. કારણ કે એ લગ્ન પછી બેગમ નૂરજહાં જ પડદા પાછળ રહી રાજ્યનાં બધાં તંત્ર ચલાવતી હતી. ચકોર બુદ્ધિની એ નૂરજહાં એક કુળવાન ઇરાની માબાપની છોકરી હતી. એનું આખું કુટુમ્બ અકબરના દરબારમાં જાણીતું હતું. અકબરના દરબારમાં એનો બાપ અને ભાઈ જોતજોતામાં સારી નોકરીએ ચઢી ગયા હતા. એ કુટુમ્બના સ્ત્રીવર્ગને જનાનખાનામાં જવાની પણ પરવાનગી હતી. જનાનખાનામાં અવારનવાર જવા આવવાથી નૂરજહાંના સૌન્દર્યે શાહજાદા સલીમને પરવશ બનાવ્યો. સલીમને નૂરજહાં જોયા વિના ચેન જ ન પડે. સલીમની આવી વિહ્વળ દશાની જાણ જ્યારે અકબરને થઇ ત્યારે તેણે નૂરજહાંને સલીમની નજરથી દૂર કરવાનો નિશ્ચય કર્યો અને ટુંક વખતમાં જ શેરઅફ્ઘાન નામના એક યુવાન ઇરાની જોડે એના નિકા પઢાવી દઇ એ યુવાનને બંગાળામાં આવેલા બર્દવાન તાલુકાનો ઉપરી બનાવી નૂરજહાં સાથે દૂર મોકલી દીધો. પિતાના આ કાર્યસ્થાનથી સલીમના હૃદયને કારી ઘા લાગ્યો. પણ અકબરના કાર્યને ફેરવવું એ અશક્ય જ હતું; છતાં નૂરજહાં એના હૃદયમાંથી ખસી ન હતી. પછી તો સલીમ બાદશાહ થયો. તરત જ તેણે શેર અફ્ઘાનનો ઘાત કરાવ્યો; અને નૂરજહાંને કબજે કરી. પ્રથમ તો નૂરજહાંએ પોતાના ધણીને મારનાર જોડે લગ્ન કરવાની ના પાડી. પણ આખરે ચાર વર્ષના ગાળા પછી નૂરજહાં પીગળી અને જહાંગીર સાથે લગ્નની પવિત્ર ગાંઠથી જોડાઇ.

જહાંગીરના રાજ્યમાં નૂરજહાંનું ચલણ એટલું બધું હતું કે એને પૂછ્યા વિના જહાંગીરથી એક તરણું પણ ન તૂટે. રાજ્યકારભારનાં તમામ કાર્યોમાં નૂરજહાં બાહોશીથી માથું મારતી અને દરેક કાર્યમાં એની ચાલાકી અને પ્રવિણતા તરી આવતાં. રાજ્યના સિક્કા ઉપર પણ જહાંગીરના નામ સાથે બેગમ નૂરજહાંનું નામ ખરૂં જ. નૂરજહાંનો

જહાંગીરપર કાબુ ન હોત તો એના શરાબના વ્યસને એને પાયમાલ કર્યો હોત. નૂરજહાં બહુ દયાળુ બેગમ હતી. તે જાતે દુ:ખીઓની દાદ સાંભળવા બેસતી. નિરાધાર અને દુ:ખીઓની એ વિસામો હતી. ખાસ કરી માબાપ વિનાની છોકરીઓની તે આશ્રયદાતા હતી.

## નૂરજહાંની ખટપટો

નૂરજહાંએ પોતાના ભાઇ *આમફખાંની પુત્રી મુમતાજમહાલનું લગ્ન શાહજાદા ખુર્રમ સાથે કર્યું. અને પોતાના જૂના ઘરની પુત્રીનું લગ્ન જહાંગીરના સૌથી નાના પુત્ર શહર્યાર સાથે કર્યું. પ્રથમ તો નૂરજહાંને શાહજાદા ખુર્રમ ઉપર ઘણું વહાલ હતું અને એના ઉપર પોતાના ચારે હાથ હતા. પણ જેમ જેમ ખુર્રમની કીર્તિ એના બાહુબળથી વધતી ચાલી તેમ તેમ નૂરજહાંને એના ઉપર અદેખાઇ આવતી ગઇ, તે એટલે સુધી કે રાજ્યમાંથી એનો હક્ક નાબૂદ કરી હરકોઈ ઉપાયે પોતાના જમાઈ શહર્યારને દિલ્હીની ગાદી અપાવવી એવો તેણે મનમાં નિશ્ચય કર્યો. એ હેતુ સાધવાને તે વિવિધ ખટપટ કરવા લાગી. શાહજાદા ખુર્રમને નૂરજહાંની એ બધી ખટપટોની ગંધ આવી ગઇ હતી. એટલે એ પણ પોતાની ખટપટોની પેરવીમાં જ રહેતો. એક દિવસ ખુર્રમે લાગ જોઈ બળવો કર્યો; તરત જ નૂરજહાંએ મહોબતખાં નામના બહાદુર સરદારને બળવો સમાવી દેવા રવાના કર્યો. મહોબતખાં આવતાં, ખુર્રમને નાસી બંગાળામાં ભરાઇ જવું પડયું. ખુર્રમથી કશું જ ન બની શકયું. પાછળથી એ ખુર્રમે બાપ જોડે સુલેહ કરી અને બાપે એને તે શાહજહાં (જગ વિજેતા)નો માનવંતો ઇલ્કાબ આપ્યો, ઈ. સ. ૧૬૨૫.

## *મહોબતખાંનો બળવો.

વખત જતાં મહોબતખાં ઉપર પણ નૂરજહાંને અદેખાઈ આવવા

---

* મહોબતખાંનો બાપ સગર (સુક્તસિંહ) રાણા પ્રતાપસિંહનો ભાઈ હતો, પણ મહોબત મુસલમાન થઇ ગયો હતો.

લાગી. કારણ કે મહોબતખાં શાહજાદા પર્વિઝનો પડખીઓ અને મદદગાર થઈ ગયો હતો. પર્વિઝની લાગવગ રાજ્યમાં જરા ય વધે એ નૂરજહાંને અરૂચતી વાત હતી. નૂરજહાંને તો એકલા શહર્યારને જ આગળ પાડવો હતો અને એને રાજ્ય અપાવવું હતું. એથી મહોબતખાંને કેદ કરી લેવાના મનસુબાથી નૂરજહાંએ એવો હુકમ કાઢ્યો કે મહોબતખાંએ જહાંગીરને લાહોર મુકામે મળવું. મહોબતખાં દોડતો આવી પહોંચ્યો; પણ એણે જ્યારે જાણ્યું કે એ બધું કાવત્રું તો પોતાને કેદ કરવાને જ નૂરજહાંએ રચ્યું છે ત્યારે એકદમ સાવધ થઈ એણે પોતાની હોશિયારીથી જહાંગીરને જ કેદ પકડી લીધો. એક વર્ષ સુધી નૂરજહાંને એણે ફાવવા દીધી નહિ. પણ આખરે ચતુર નૂરજહાંએ મોહબતને પણ પોતાની આબાદ ચાલબાજીમાં મ્હાત કર્યો; અને જહાંગીરને મહોબતખાંના કબજામાંથી છોડાવ્યો. એ પછી મહોબતખાં નૂરજહાંથી ડરી દક્ષિણમાં નાસી ગયો અને ત્યાં શાહજહાંના પક્ષમાં ભળી ગયો.

### જહાંગીરનું મૃત્યુ અને એનું ચારિત્ર્ય

જહાંગીર દર સાલ ઉનાળામાં હવા ખાવા માટે કાશ્મીરના રમ્ય પ્રદેશમાં જતો. ઈ. સ. ૧૬૨૭માં કાશ્મીરથી પાછા ફરતાં રસ્તે તે અચાનક માંદો પડ્યો અને લાહોર મુકામે એનો દેહ પડ્યો. પોતાના પાયતખ્ત સમાન પ્યારા શહેર લાહોરમાં એના મૃત દેહને દફન કરવામાં આવ્યો. જહાંગીરને કેટલાએક ઇતિહાસકારો શરાબી દાનો કહે છે. એની જુવાનીમાં એ બધા ખેલો ખેલી ચૂક્યો હતો. એ મનમોજી, ભલો અને "હોતે હૈ, ચલતે હૈ" એવી લહેરી લાલાની પ્રકૃતિનો માણસ હતો. કોઈ વખત ગુસ્સે થઈ જાય તો ન કરવાના ઘાતકી કાર્યો પણ કરી નાખે. એને રીઝવી રાખતાં આવડે તો સામાને ન્યાલ કરી દે અને રીઝવતાં ન આવડે તો સામાનું નખોદ પણ કાઢી નાખે. એના નીકળેલાં ફરમાનોનો અચૂક અમલ થવો જ જોઈએ. ન થાય તો કોઈના પ્રાણ જાય જ જાય. એ ઉપરથી અત્યારે પણ "જહાંગીરી હુકમ" એટલે અચૂક પળવો જ પડે એવો હુકમ, એવો એ શબ્દનો રૂઢ અર્થ થઈ ગયો છે.

### સર ટોમસ રો

જહાંગીર બાદશાહના વખતમાં ઈંગ્લાંડના રાજા જેમ્સ પહેલા તરફથી સર ટોમસ રો નામનો એક એલચી જહાંગીરના દરબારમાં મોકલવામાં આવ્યો હતો. ટોમસ રો એ જહાંગીરની મીઠી અને મન-ભાવતી પરોણાગતનો લહાવો ઘણા દિવસ સુધી લીધો, અને જહાંગીરના દોસ્ત જેવો બની ગયો. જહાંગીર પણ એને રાજદરબારમાં બહુ સારૂં માનપાન આપતો. હિન્દમાં ફક્ત અંગ્રેજ કંપનીને જ વેપારમાં જોઈતી સગવડ મળે અને એ કંપનીને કોઈ નડે નહિ એવો બંદોબસ્ત મુગલ બાદશાહ પાસેથી મેળવી લેવાના ઉદ્દેશથી આ એલચીને હિન્દ મોકલવામાં આવ્યો હતો. ટોમસ રો એ જહાંગીરના મોજીલા સ્વભાવનું અને દરબારના ઠાઠમાઠનું બહુ સુંદર વર્ણન આપેલું છે.

## ૨. શોખીન શાહજહાં–ઈ. સ. ૧૬૨૭–૫૮

### શાહજહાંનું રાજ્યારોહણ

જહાંગીરને કુલ પાંચ પુત્રો હતા. પણ એના મૃત્યુકાળે પાંચમાંથી બેજ પુત્રો હયાત હતા, એક ખુર્રમ અથવા શાહજહાં અને બીજો શહર્યાર. આ બેમાંથી શાહજહાં બહુ બાહોશ અને બહાદુર હતો. રાજ્યનો ખરો હક્કદાર પણ એજ હતો; ૧૬૨૭માં એ ગાદીએ બેઠો.

### દક્ષિણની જીત

શાહજહાંને હરેક ઉપાયે દક્ષિણ હિંદ કબજે કરવાની હોંશ હતી. તેથી એણે લાગલાગટ સાત વર્ષ સુધી યુદ્ધ જારી રાખ્યું. શરૂઆતમાં ખાનજહાં લોદી નામના પઠાણ સરદારનો બળવો શમાવી એનો પ્રાણ લીધો. યુદ્ધના અંતે બિજાપુરના સુલતાને શાહજહાંને સમ્રાટ્ તરીકે સ્વીકારી ખંડણી આપવાનું વચન આપ્યું, અને ઇ. સ. ૧૬૩૭માં અહમદનગરનું રાજ્ય સામ્રાજ્યમાં કાયમને માટે જોડી દેવામાં આવ્યું.

## ગુજરાતમાં પડેલો ભયંકર દુકાળ

ઇ. સ. ૧૬૩૦–૩૨ માં એક ભારે દુકાળ ગુજરાત અને ખાન-દેશના થોડા ભાગમાં પડયો. શાહજહાંએ ઠેર ઠેર રસોડાં ખોલ્યાં. દોઢલાખ રૂપીઓ પાંચ માસ દરમિયાન ભૂખ્યાને જમાડવામાં વાપર્યો. એ ઉપરાંત જમીન મહેસૂલનો બોજો પણ ખેડુતો ઉપરથી કમી કર્યો.

## હિન્દુ દેવળોનું ખંડન

જહાંગીર અને અકબરની માફક શાહજહાં ઉદાર દિલનો ન હતો. એ પોતે એક ચુસ્ત મુસલમાન તરીકે ખ્યાતિ પામવા માગતો હતો. એથી એણે ૧૬૩૨ માં એવું ફરમાન કાઢયું કે હિન્દુ દેવળોનો નાશ કરવો. એકલા બનારસ જિલ્લામાં જ એ હુકમની રૂએ ૭૬ હિન્દુ મન્દિરોનો નાશ કરવામાં આવ્યો. બીજા પ્રાંતોમાં નાશ પામેલા દેવળોની સંખ્યા મળતી નથી.

## શાહજહાંનો ખજાનો

શાહજહાંએ એકઠી કરેલી દોલત અગણિત હતી. એના મૃત્યુકાળે રાજ્યની તિજોરીમાં નગદ રોકડા ૨૪ કરોડ રૂપીઆ પડ્યા હતા. તે ઉપરાંત જરજવાહિર અને મોતીઓ પણ પુષ્કળ હતાં. એની કિંમત આંકીએ એટલી ઓછી. વળી એણે જીવતાં ખર્ચેલ પૈસાનો અડસટ્ટો આંકીએ તો તાજમહાલ અને મયૂરાસન એ બેની જ કિંમત લગભગ ૧૩ કરોડ રૂપીઆ થવા જાય છે.

શાહજહાં એના શોખ પ્રમાણે મકાનો બાંધવામાં અને રાજ-દરબારનો ઠાઠ જમાવવામાં પૈસાની રેલમછેલ કરતો. રાજ્યનો પૈસો લોકોપયોગી કાર્યમાં ખર્ચાઈ લોકોનાં જ ખિસ્સામાં પાછો આવતો. હિન્દનો પૈસો મુગલો હિન્દમાં જ વાપરતા તેથી લોકોની હાલત ગરીબ નહોતી.

## શાહજહાંનું ચારિત્ર્ય

મુગલ વંશનો આ શોખીન બાદશાહ એની યુવાનીમાં બહુ જ પરાક્રમી અને બહાદુર હતો. સ્વભાવે એ ભલો અને દયાળુ હતો. તેણે ચુસ્ત મુસલમાન તરીકે વર્તીને હિન્દુની લાગણીને દુભાવી હતી; છતાં એકંદર એના રાજ્યમાં હિન્દુ-મુસલમાનને એણે સમાન ભાવે પાળ્યા હતા.



તાજમહાલ

## શાહજહાંનો શોખ અને તાજમહાલ

શાહજહાં બડો શોખીન શહેનશાહ હતો. ભવ્ય અને સુંદર મકાનો કરોડોના ખર્ચે બાંધવાનો એને જબરો શોખ હતો. જગપ્રસિદ્ધ તાજમહાલ

દુનિયાની અજાયબ ગણાતી વસ્તુઓમાંની એક છે. એની જોડનું બીજું ભવ્ય અને કળાપૂર્ણ મકાન સારી દુનિયામાં એકે નથી. એ તાજમહાલ પોતાની' દિલોજાન બેગમ મુમતાઝ મહાલના અવસાન પછી એની કબર ઉપર બાંધ્યો છે. તાજમહાલ સફેદ દૂધ જેવા આરસનો બાંધેલો છે. એમાં રંગની જગ્યાએ રંગબેરંગી રત્નો જડવામાં આવ્યા છે. કોતરેલા અક્ષરોમાં સોનાનો રસ પૂરવામાં આવ્યો છે. એની પાછળ કરોડો રૂપીઆનો ખર્ચ થયો છે. એને બંધાતા બાવીસ વર્ષ થયાં.

આ તાજમહાલ ઉપરાંત શાહજહાંએ શાહજહાંબાદ એવું નવું નામ આપી જૂના દિલ્હીને વધાર્યું હતું. શાહજહાંબાદમાં બાંધેલો ભવ્ય મહેલ બહુ સુંદર હતો. એ મહેલમાં "દિવાને ખાસ" નામનું શાહજહાંનું ભવ્ય વિલાસગૃહ હતું. એની અંદર સોનેરી અક્ષરે લખેલું હતું કે "જો દુનિયા ઉપર ક્યાંઈ પણ સ્વર્ગ હોય તો તે અહીં છે, અહીં છે, અને અહીં જ છે." એટલે કે સ્વર્ગ સમાન સુંદર એ "દિવાને ખાસ" હતું.

## શાહજહાંના પુત્રો

શાહજહાંને ચાર પુત્રો હતા. દારા, શુજા, મુરાદ અને ઔરંગઝેબ. શાહજહાંએ શુજાને બંગાળામાં, ઔરંગઝેબને દક્ષિણમાં, અને મુરાદને ગુજરાતમાં સુબા તરીકે નિમ્યા હતા. ફક્ત વડા પુત્ર દારાને શાહજહાંએ પોતાની પાસે રાજ્યકારભારમાં મદદ માટે રાખ્યો હતો. ઈ. સ. ૧૬૫૭માં શાહજહાં માંદો પડયો ત્યારે ચારે પુત્રો બાપનું રાજ્ય પચાવી પાડવાની ખટપટ કરવા મંડ્યા.

## રાજ્ય માટે ભાઈઓનો બખેડો

શુજાએ બંગાળામાં અને મુરાદે ગુજરાતમાં પોતપોતાની જાતને બાદશાહ તરીકે જાહેર કરી, પોતાના નામના સિક્કાઓ પણ પાડવાનું શરૂ કર્યું. જ્યારે ડાવકા ઠગ ઔરંગઝેબે એ માંહેનું કશું જ કર્યું નહિ. એણે તો હળવે રહીને એક કપટી પત્ર મુરાદને લખી, એને એવો

ફોસલાવ્યો કે જાણે પોતે એને મદદ દેવા બહુ જ ખુશી છે, અને એને પોતાને તો રાજ્ય કરવું જ નથી. મુરાદ જેવો સચ્ચો મુસલમાન દિલ્હીની ગાદીએ બેસે એ જ એને તો જોવું છે અને એટલા માટે મદદ આપવા પોતે ઉતાવળો બન્યો છે એવું ભોળા મુરાદના મનમાં ઠસાવી, ઔરંગઝેબ ગુજરાતમાં મુરાદને મળવા લશ્કર લઇને આવ્યો.

બીજી બાજુ બંગાળાનો શુજા એક સૈન્ય તૈયાર કરી દારા ઉપર ચઢી આવ્યો. દારાએ શુજાને રજપૂત સૈન્યની મદદથી હરાવી પાછો નસાડ્યો. પણ દારાને મુરાદ અને ઔરંગઝેબના એકત્ર બળ સામે ટક્કર ઝીલવાનું આકરૂં પડી ગયું. દારા અને મુરાદ-ઔરંગઝેબ વચ્ચે, આગ્રાથી ૯ માઇલના અંતરે લડાઇ જામી. એમાં દારા હાર પામ્યો અને મુરાદ ઔરંગઝેબની સહાયથી વિજયી થયો.

## શાહજહાં અને મુરાદ કેદમાં

દારાને હરાવી વિજયી મુરાદ વાજતેગાજતે દિલ્હીમાં પહોંચ્યો અને ઔરંગઝેબની સલાહથી પોતાના વૃદ્ધ પિતા શાહજહાંને કેદ કરી મહેલની એક અંધારી ઓરડીમાં પૂરી રાખવાનો હુકમ ફરમાવ્યો. બીજેજ મહિને મુરાદને ઔરંગઝેબે પોતાના મુકામે મિજલસમાં ભાગ લેવા તેડ્યો અને તે રાત્રે મુરાદને ખૂબ દારૂ પીવડાવીને બેભાન જેવો કરી મૂક્યો. પછી તરત જ બેભાન દશામાં એને દૂર એક બંદિખાનામાં પૂરી દેવામાં આવ્યો. એકાદ વર્ષ પછી ઔરંગઝેબે એને મારી નખાવ્યો.

## દારા અને શુજાની કમદશા

મુરાદને કેદ કર્યા પછી ઔરંગઝેબ દારાને પકડવા મહેનત કરવા લાગ્યો; આખરે એને કચ્છમાંથી પકડી એના ઉપર કાફરોનો દોસ્ત હોવાનું અને ઇસ્લામને એબ લગાડવાનું ખોટું તહોમત મૂકી ઔરંગઝેબે એનો ઘાત કરાવ્યો, ઈ. સ. ૧૬૫૯. શુજાને બંગાળા છોડી ઔરંગઝેબના ભયથી આરાકાનના ડુંગરોમાં નાસી જવું પડ્યું.

### ઔરંગઝેબ બાદશાહ થાય છે

આ પ્રમાણે કપટબાજી રમી, ભાઈઓનો નાશ કરી, ઈ. સ. ૧૬૫૮માં ઔરંગઝેબ પૂર ભપકાથી દિલ્હીની ગાદીએ બેઠો.

## ૩. ધર્માંધ ઔરંગઝેબ–ઈ. સ. ૧૬૫૮-૧૭૦૭

### દિલ્હીની ગાદીએ ઔરંગઝેબ

જ્યારે ઔરંગઝેબ આલમગીરનું નામ ધારણ કરી, પૂર ઠાઠમાઠથી દિલ્હીની ગાદીએ બેઠો ત્યારે એની ઉમ્મર ચાલીસ વર્ષની હતી. રાજ્યના દિવાની અને લશ્કરી કામકાજોમાં તે બહુ પ્રવિણતાથી આગળ પડતો ભાગ લેતો અને એના મનમાં ધર્મનું તો એવું સજ્જડ ભૂત ભરાઈ બેઠું હતું કે એ એમ જ માનતો હતો કે ઇશ્વરે એને દિલ્હીના તખ્ત ઉપર મુસલમાની ધર્મના વિસ્તાર માટે જ બેસાડયો છે. ઔરંગઝેબ બુદ્ધિમાન હતો. પોતે બાહોશ, મુત્સદ્દી અને બહાદુર વીર યોદ્ધો હતો; ચતુર અને અદલ ઇન્સાફી હતો; અને પોતાની ખાનગી રીતભાતમાં સાચો સંયમી અને સાધુવૃત્તિવાળો હતો.

### મીરજુમ્લા

રાજ્યની શરૂઆતમાં ઔરંગઝેબે બંગાળાના સુબા મીરજુમ્લાને આસામ જીતવા હુકમ કર્યો. પણ એની ચઢાઇ નિષ્ફળ ગઇ. એ ઔરંગઝેબનો વિશ્વાસુ અને બહાદુર સરદાર હતો.

### વીસ વર્ષની શાંતિને અંતે

આસામની ચઢાઈ અને રાજ્યપ્રાપ્તિ માટેની ધમપછાડ અને મારામારીને બાદ કરીએ તો ઔરંગઝેબના રાજ્યની શરૂઆતનાં વીસ વર્ષ પૂર્ણ શાંતિમાં ગયાં. એ શાંતિ દરમિયાન આખા ઉત્તર હિન્દમાં એકે

બંડ કે બખેડો નહોતો થયો. પરંતુ એ શાંતિકાળમાં જ ઔરંગઝેબે ઈ. સ. ૧૬૭૨માં પોતાની રાજ્યનીતિ નવેસરથી ઘડવાનું પગલું ભર્યું; અને તે પગલું તે હિન્દુઓને કનડગત કરવાનું. ઔરંગઝેબે એવા હુકમો છોડયા કે દરેક પ્રાંતના સુબાએ પોતાની હદમાં આવેલાં હિન્દુઓનાં દેવળોનો અને શાળાઓનો નાશ કરવો; અને કોઇપણ સ્થળે મૂર્તિપૂજાનું શિક્ષણ અપાતું હોય તો તે સદંતર બંધ કરાવી દેવું. એ હુકમની રૂએ અસંખ્ય દેવળોનો દાટ વળી ગયો.

## જજીયાવેરો

એજ નીતિને અનુસરી ઈ. સ. ૧૬૭૯ માં ઔરંગઝેબે જજીયાવેરાને હિન્દુઓ ઉપર લાધો. ઔરંગઝેબે આ પગલું ભર્યું કે તરત જ રાણા રાજસિંહે સમસ્ત રજપૂતાના તરફથી એક પત્ર લખી બાદશાહને એ કર પાછો ખેંચી લેવાને સલાહનો અને શિખામણનો પત્ર લખ્યો. સામ્રાજ્યની સલામતી ખાતર એ કર ન નાંખવાની રજપૂતોએ સલાહ આપી. પણ ધર્માંધ ઔરંગઝેબે તેનો તિરસ્કાર કર્યો.

પોતાના જ રાજ્યમાં હિન્દુઓ ઉંચા હોદ્દા ભોગવે એ વસ્તુસ્થિતિ ઔરંગઝેબને ખૂંચવા લાગી. એટલે રાજ્યની સલામતી ખાતર યોગ્ય માણસો યોગ્ય દરજ્જે રાખવા-ભલે પછી એ હિન્દુ હોય કે મુસલમાન હોય—એવો જે ઉદાર અને સલામતીભરેલો ચીલો અકબરે પ્રથમ પાડયો હતો અને જે ચીલે જહાંગીર અને શાહજહાં પણ જરાયે આનાકાની વિના ચાલ્યા હતા તે ચીલે ચાલવાની ઔરંગઝેબના ધર્મે એને ચોખ્ખી ના પાડી. એણે એક જ સપાટે ઘણા નાના મોટા રજપૂતોને રાજ્યમાંથી બરતરફ કર્યા. ફક્ત જેઓ ઘણા મોટે દરજ્જે કે કોઈ પ્રાંતની સુબાગીરી ઉપર હતા એવાઓનેજ, તેમને ખસેડવાની યોગ્ય તક ન મળે ત્યાં સુધી, એ અડકયો નહિ. આ રીતે ખાલી પડેલી બધી જગ્યાઓ એણે મુસલમાનોથી જ પૂરી.

## રજપૂતો સાથે લડાઈ

જજીયાવેરો ફરી નાખ્યાથી, હિન્દુ દેવળોના નાશથી અને હિન્દુઓને સરકારી નોકરીમાંથી બરતરફ કર્યાથી, રજપૂતો બહુ જ નારાજ થયા. એમનો ક્રોધાગ્નિ તો ધુંધવાઈ જ રહ્યો હતો. એવામાં ઔરંગઝેબે કાબુલમાં સુબાગીરી કરતા જોધપુરનરેશ જશવંતસિંહના પુત્રને પોશાક આપી નવાજવાને બહાને દિલ્હી બોલાવ્યો. કહેવાય છે કે પોશાકમાં એવું તીવ્ર ઝેર ભેળવ્યું હતું કે એ પોશાક અંગે ચઢતાં જ ઝેર વ્યાપી ગયું અને કુંવર મરણ પામ્યો. આ કારી ઘાના સમાચારથી વૃદ્ધ જશવંતસિંહને જબરો ફટકો પડયો. નીમકહલાલીનો બદલો આવો મળેલો જોઈને એનું હૃદય ચીરાઈ ગયું અને પુત્રશોકના આઘાતથી જશવંતસિંહનો દેહ પણ ટુંક મુદતમાં જ છૂટી ગયો. એનાં મૃત્યુ બાદ ઔરંગઝેબે એની વિધવા રાણીને અને ધાવણા બાળકને દરબારમાં જ રાખવાનો પોતાનો વિચાર જણાવ્યો; પણ ચેતેલા રજપૂતોને, બાળકને અને વિધવા રાણીને ઔરંગઝેબના આશ્રયે છોડી દેવાનું, બીલકુલ યોગ્ય ન લાગ્યું. રજપૂતોના સરદાર વીર દુર્ગાદાસે કુંવરને અને રાણીને ચુપકીથી અને યુક્તિથી અરવલીના નિર્ભય અને સુરક્ષિત સ્થાને મોકલી દીધાં; અને ખરા કુંવરની જગ્યાએ એક દાસીપુત્રને ઉભો કર્યો. એને પણ ઔરંગઝેબના હાથમાં આપી દેવાની ચોખ્ખી ના પાડી. આથી ઔરંગઝેબનો પીત્તો ઉછળ્યો. એણે કુંવરને મેળવવાની હઠ કરી. રજપૂતો પણ તૈયાર જ હતા. લડતાં લડતાં જેટલા બચ્યા તેટલા રજપૂતો બાળ-રાજાને ઉછેરવા લાગ્યા. રજપૂત સ્ત્રીઓએ પણ ઔરંઝેબના હાથમાં ન જતાં જમના નદીમાં કૂદી દેહ ત્યાગ કર્યો. એવામાં જોધપુરનું રાજ્ય પણ ઔરંગઝેબે રજપૂતો પર ગુસ્સે થઈ ખાલસા કર્યું. આથી રાણો રાજસિંહ ક્રોધે ભરાયો અને રાઠોડ સરદારો પણ એની પડખે ઉભા રહેવા એકઠા થયા. રજપૂતાનામાં ઔરંગઝેબ પ્રત્યે પ્રચંડ દાવાનળ સળગ્યો. બાદશાહ જબરૂં લશ્કર ભેગું કરી રજપૂત વીરોને નમાવવાની ઉગ્ર ઇચ્છાથી સામે ધસી આવ્યો. રજપૂતો જરાયે ગભરાયા વિના સામા

થયા. રાજસિંહ ડુંગરોમાં ભરાઈ મુગલ સૈન્યને હેરાન કરવા લાગ્યો. દુર્ગાદાસની સરદારી નીચે રાઠોડો ખુલ્લા મેદાને જુસ્સાથી લડી બાદશાહને થકવવા લાગ્યા. એવામાં દુર્ગાદાસે યુક્તિ કરી શાહજાદા અકબરને (ઔરંગઝેબના પુત્રને) ફોડયો; અને એને એના આખા લશ્કર સાથે પોતાના પક્ષમાં લીધો. આથી બાદશાહ બહુ સંકડામણમાં આવી ગયો. એની જગ્યાએ જો કોઈ કાચો પોચો બાદશાહ હોત તો જરૂર એનો નાશ થાત. પણ ઔરંગઝેબે તો બહુ કુનેહની અને ચાલાકીથી કામ લીધું. એક પત્ર ચાલાકીથી રજપૂતોની છાવણી પાસે રખડતો મૂકી દીધો. પત્ર એવી મતલબનો લખ્યો હતો કે જાણે પોતે પોતાના પુત્ર અકબરની દુશ્મનો જોડે ભળી જઈ એમનો કપટથી નાશ કરવાની હોશિયારીથી, ફીદા થઈ ગયો હોય અને જાણે અકબરની ચતુરાઈ ઉપર પોતાનું આખું રાજ્ય ઓવારી ન જતો હોય! ધાર્યા પ્રમાણે એ પત્ર રજપૂતોના હાથમાં ગયો અને એની અંદરની બીના વાંચતાં જ રજપૂતોને લાગ્યું કે તેઓ છેતરાયા છે. તેઓએ તરત જ અકબરને કપટી જાણી દૂર કર્યો.

રજપૂતોનો બળવો તો શમ્યો જ નહિ. બાદશાહે બહુ બહુ પ્રયત્નો કરી જોયા; અંતે થાકયો અને એણે રજપૂતો જોડે સુલેહ કરી. એમાં જશવંતસિંહના બાળકુંવરને મોટો થાય ત્યારે જોધપૂરનું ખાલસા કરેલું રાજ્ય પાછું આપવાને સ્પષ્ટ જણાવ્યું. આ સુલેહ રજપૂતોએ કબૂલ રાખવાથી બાદશાહ માનભેર પાછો ફર્યો; અને દક્ષિણ તરફ પોતાની સ્વારી લઈ જવાની તૈયારીમાં પડયો.

આપણે જોઈ ગયા છીએ કે ઔરંગઝેબના રાજ્યની શરૂઆતનાં વીસ વર્ષ ઉત્તર હિંદમાં બહુ જ શાન્તિમાં પસાર થયાં હતાં. પરંતુ એ શાંતિ દરમિયાન દક્ષિણ હિન્દમાં તો એને અવારનવાર સૈન્યો મોકલવાં પડયાં હતાં.

### દક્ષિણનો વાઘ—ભડવીર શિવાજી

દક્ષિણમાં શિવાજી નામનો એક મરાઠા સરદાર જન્મી ચૂકયો હતો. એક નાનીશી જાગીરદારીમાંથી એ પોતાનાં બળ અને સત્તા



શિવાજી

વધાર્યે જતો હતો. એક પછી એક ડુંગરાઈ કિલ્લાઓ સર કરી પોતાની સત્તાનો પાયો મજબુત કર્યે જતો હતો. દક્ષિણમાં આવેલા બિજાપુરના મુસલમાની રાજ્યને તો એણે 'ત્રાહિ ત્રાહિ' પોકરાવી હતી. બિજાપુરના મસ્ત સરદાર અફઝલખાંને એણે ઠાર કર્યો હતો. આખા દક્ષિણમાં એની શેહ પડતી હતી. દક્ષિણનાં મુસલમાની રાજ્યો એની સામે ચું કે ચાં કરી શકતાં નહિ. શિવાજીનાં સત્તા અને જોર એટલાં બધાં ચાલ્યાં કે એ મુગલ સામ્રાજ્યમાં આવેલાં દક્ષિણનાં રાજ્યોમાં પેસીને લૂંટફાટ કરી જતો હતો. શિવાજીને મુગલ સામ્રાજ્યમાં મસ્તી કરતો અટકાવવાને બાદશાહે ઇ. સ. ૧૬૬૪માં પોતાના મામા સાહિસ્તખાંને મોકલ્યો. પણ એ સાહિસ્તખાંને જીવ લઇને નાસવું પડયું. ત્યાર પછી એજ સાલમાં શિવાજી રાજા તરીકે રાયગઢમાં ગાદીએ બેઠો. શિવાજીને દાબી દેવા બાદશાહે દિલ્હીમાંથી અવારનવાર સરદાર દિલેરખાં, જશવંતસિંહ, જયસિંહ, મુઆઝીમ, આઝીમ વગેરેને લશ્કર આપી મોકલ્યા. પણ શિવાજી કોઇથી ગાંજ્યો ગયો નહિ. શિવાજીએ મુગલોને રમત રમાડી, પોતાનાં કાર્યોથી હિંદુઓમાં ધર્માભિમાન ઉત્પન્ન કર્યું; અને મુગલોને થકવવાની યુદ્ધકળા પણ શીખવી. એ યુદ્ધકળાથી શિવાજી મુઆ પછી પણ મરાઠાઓ ઔરંગઝેબ જેવા બળવાન દુશ્મનને પૂરા પડી શકયા. શિવાજી કદી મુગલોના પ્રચંડ સૈન્ય સામે મેદાને પડી લડાઇ કરવા ઉભો રહેતો નહિ. એ તો લાગ જોઈ ડુંગરોમાંથી ધસી આવતો અને મુગલો સાવધાન ન હોય ત્યારે છાપો મારી એમના પર તૂટી પડતો. આથી મુગલ સૈન્ય શિવાજીને વશ ન જ કરી શકયું. એક વખત ભોળાભાવે જયપુરના રાજા જયસિંહ ઉપર વિશ્વાસ મૂકી એ ઠેઠ દિલ્હી ઔરંગઝેબને મળવા ગયો. ત્યાં બાદશાહે, એને એના દરજ્જા પ્રમાણે અને એની બહાદુરીને છાજે તેવું માન આપવાને બદલે કપટથી કેદ કર્યો. પણ એ ચતુર મરાઠો ઔરંગઝેબની આંખમાં ધૂળ નાખી કેદખાનામાંથી નાસી ગયો. શિવાજીએ બે વાર સુરતનું સમૃદ્ધ શહેર લૂંટયું, અને અઢળક પૈસો તાણી ગયો.

## ઔરંગઝેબ દક્ષિણમાં

રજપૂતોના બળવામાંથી પરવારીને ઔરંગઝેબ પોતાના સૈન્યને કૂચ કરાવતો મારતે ઘોડે દક્ષિણમાં આવ્યો. દક્ષિણમાં આવી એણે પ્રથમ બિજાપુર અને ગોવળકોંડાનાં મુસલમાની (શિયા) રાજ્યોનો નાશ કર્યો. પછી ઉદ્ધત અને મસ્ત બની ગયેલા મરાઠાઓને હેઠા બેસાડી દેવા અને બને તો સામ્રાજ્યના રક્ષણ તળે લાવી દેવાના યત્ન કર્યા.

## બાદશાહની ગંભીર ભૂલ

પોતાની ધર્માંધનીતિને ચુસ્તપણે વળગી રહેવાનો ઔરંગઝેબનો અડગ નિશ્ચય એને દક્ષિણમાં પણ આડે આવ્યો. દક્ષિણમાં આવતાં વાર જ એણે જજીયાવેરો હિન્દુઓ પાસેથી ઉઘરાવી લેવાનો કડક હુકમ બહાર પાડયો; અને ત્રણ માસની ટુંકી મુદત દરમિયાન બરહાનપુર એકલામાંથી જ ૨૬,૦૦૦ રૂપીઆ જજીયાવેરાના ઉઘરાવ્યા. વળી એ ઉપરાંત હિન્દુઓ બાદશાહની પરવાનગી વિના પાલખીમાં કે અરબી ઘોડા ઉપર ન બેસી શકે એવો વધારાનો જહાંગીરી હુકમ કાઢીને ઔરંગઝેબે હિન્દુઓને દાઝયા ઉપર ડામ દીધો. બાદશાહનાં આવાં ઝનૂની કાર્યોથી જે હિન્દુઓ તટસ્થ રહી શકયા હતા તેઓ પણ એના દુશ્મનો સાથે ભળી જઈ દુશ્મનો જ થઈ ગયા.

સૌથી ભયંકર ભૂલ તો એ કરી કે ઔરંગઝેબે પ્રથમ ગોવળકોંડા અને બિજાપુરનાં મુસલમાની રાજ્યો ઉપર મારો ચલાવ્યો. એમ કરવાને બદલે જો એણે પ્રથમ મરાઠા ઉપર જ પોતાનું બધું જોર અજમાવ્યું હોત તો બિજાપુર અને ગોવળકોંડાનાં રાજ્યો પણ ઔરંગઝેબની મદદમાં ઉભાં રહેત. કારણ કે મરાઠાઓ એમના પણ કટ્ટા દુશ્મન જ હતા. પણ બાદશાહે તો પ્રથમ પોતાનું જોર એ દુશ્મનના દુશ્મન જોડે લડીને ઓછું કરી નાખ્યું, તેથી મરાઠાઓને એ દબાવી શકયો નહિ.

## બિજાપુરને ખાલસા કર્યું–ઈ. સ. ૧૬૮૬

ગોવળકોંડાને એક બાજુ રાખી પ્રથમ ઔરંગઝેબે શાહજાદા આઝીમને બિજાપુર સર કરવા મોકલ્યો; પણ શાહજાદો નિષ્ફળ નીવડતાં પોતે જાતે લશ્કર લઈને બિજાપુર ઉપર ચઢ્યો; અને એક વર્ષની લડાઈને અંતે ઈ. સ. ૧૬૮૬માં બિજાપુરનો કબજો લીધો.

## ગોવળકોંડા જીત્યું–ઈ. સ. ૧૬૮૭

બિજાપુર જીત્યા પછી ઔરંગઝેબે ગોવળકોંડા ઉપર ધસારો કર્યો. ગોવળકોંડાનો સુલતાન મરાઠાઓને મુગલો તરફ ઉશ્કેરતો હતો એ વાતથી એને ખીજ ચઢી હતી. જ્યારે સુલતાન અબુલહસને જોયું કે બાદશાહ ખીજાયો છે ત્યારે તેણે પણ પોતાની બધી જ તૈયારીથી અને શૌર્યથી કિલ્લાનું રક્ષણ આદર્યું. મુગલોને એ કિલ્લો સર કરવો પ્રથમ તો મુશ્કેલ લાગ્યો કેમકે મુગલોનાં આવતાં ધાનપાણીને મરાઠાઓ રસ્તામાં જ લૂંટી લેતા અને મુગલોને ત્રાસ આપતા. આથી ઔરંગઝેબને લાગ્યું કે એ કિલ્લાને નાખેલો ઘેરો ઉઠાવી જ લેવો પડશે. પણ એવામાં એક રાજદ્રોહી ફૂટ્યો એટલે મુગલ સૈન્ય કિલ્લામાં પેઠું અને કિલ્લો સર કર્યો, ઈ. સ. ૧૬૮૭.

## મરાઠાઓ સાથે ઝપાઝપી

દક્ષિણમાં મુસલમાની રાજ્યો પડ્યાં તો ય મરાઠાઓને કશી જ આંચ આવી નહતી અને જ્યારે ઔરંગઝેબે પોતાનાં શસ્ત્રો તેઓની તરફ ફેંકવા શરૂ કર્યાં ત્યારે એને ખ્યાલ ન હતો કે મરાઠાઓ એની વિરુદ્ધ છેવટ સુધી ટકશે. ઔરંગઝેબે મરાઠાઓ સાથે વીસ વર્ષ વીતાવી દીધાં તોયે મરાઠી સત્તાનો પાયો એ ઉખેડી શક્યો નહિ. મરાઠાઓ સાથે જંગ માંડીને એવો તો ગુંચવાઈ ગયો કે એ ફરી દિલ્હીના દરવાજા જોઈ શક્યો નહિ. અલબત્ત, અવારનવાર બાદશાહને નજીવી જીતો મળતી છતાં એ જીતો બહુ મોંઘી પડતી.

## શંભાજીનો વધ

મુગલ સૈન્યના શરૂઆતના ધસારામાં ઔરંગઝેબને એક નાનોસુનો વિજય મળી ગયો. બાદશાહના સરદારે શિવાજીના પુત્ર શંભાજીને કેદ કર્યો. ઔરંગઝેબે એને મુસલમાન થવાની શરતે બચાવવાનું કહ્યું; પરંતુ ભડવીર શિવાજીના વીર પુત્ર શંભાજીએ એ હલકટ શરતને તુચ્છકારી નાખી. આથી શંભાજીનો બાદશાહે ઘાત કરાવ્યો, ઈ. સ. ૧૬૮૯. એનો બાળક પુત્ર શિવાજી અથવા શાહુ પણ કેદ પકડાયો હતો.

## શંભાજીના વધ પછી

શંભાજીના નાશ પછી પણ મરાઠાઓ હિંમત ન હાર્યા. યુદ્ધ તો ચાલુ જ રહ્યું. મરાઠાઓની રાયગઢની રાજધાની મુગલોએ જીતી પણ રાજારામ મુગલોની વિરૂદ્ધ બધી વ્યવસ્થા કરતો હતો, અને સફળ રીતે મુગલોના ધસારાને હંફાવતો હતો. એના ગુજરી ગયા પછી એની સ્ત્રી તારાબાઈએ યુદ્ધ જારી રાખ્યું. લાગલાગટ વીસ વરસ સુધી બાદશાહે ફોકટ પ્રયત્નો કર્યા પણ શિવાજીનું દાખલ કરેલું મરાઠી ગૌરવ બાદશાહને ન નમ્યું. બાદશાહે થાકીને મરાઠા જોડે સંધિ કરવાનો વિફળ પ્રયત્ન પણ કરી જોયો. પણ એમાં એ ન ફાવવાથી નિરાશ બની પાછો ફર્યો. મરાઠાઓ તેની પછવાડે પડયા. અને બાદશાહ કેદ પકડાતો મહા મુશ્કેલીથી બચીને અહમદનગરમાં ભરાઈ બેઠો. ત્યાં જ ૮૯ વર્ષની પાકટ વયે ૪૯ વર્ષ રાજ્ય કરી તે મરણ પામ્યો, ઈ. સ. ૧૭૦૭.

## પંજાબના શિખો

શિખ પ્રજાને ઉભી કરનાર આદિ પુરૂષ નાનક નામનો એક સાધુ પુરૂષ હતો. હિંદુમુસ્લીમ વચ્ચે નિરંતર કજીયા થયા કરશે એવી આગાહી પ્રથમ એ મહાપુરૂષને થઇ ચૂકેલી. એવી દુઃખદ સ્થિતિ ઉભી થવા ન પામે એવા ઉપાયો એ સાધુ પુરૂષે બાબરના વખતમાં જ યોજવા શરૂ કર્યા.

એ ગુરૂ નાનકે હિંદુમુસ્લીમ બન્નેના ધર્મમાંથી સારાં સારાં તત્ત્વો ચૂંટી લઈ એક નવો જ ધર્મ ફેલાવ્યો અને એ નવા ધર્મમાં હિંદુ અને મુસ્લીમો બન્ને જોડાયા. એ ધર્મને અનુસરનારાઓને નાનકે શિષ્ય એટલે શિખ નામ આપ્યું. એ શિખ લોકો શાન્તપણે રહી કોઇને હરકત કર્યા વિના પોતાનો નવો ધર્મ અનુસરતા. એથી બાબરથી માંડી શાહજહાં સુધી એમને કોઇએ છેડયા નહોતા. પરંતુ ધર્માંધ ઔરંગઝેબના વખતમાં એ શિખ લોકોના ધર્મગુરૂ ગોવિંદને અને બીજા ઘણા શિખોને નિર્દય રીતે મારી નાખવામાં આવ્યા.

## ઔરંગઝેબની નિષ્ફળતાનાં કારણો

બાદશાહ તરીકે સમસ્ત પ્રજાનું રક્ષણ ઔરંગઝેબે કરવું જોઈતું હતું, તેને બદલે ફક્ત સુન્ની મુસલમાનોનું ઉપરીપણું લઈ, એમના લાભ માટે એ તૂટી મર્યો એ એની ધર્મ તરફ અતિમાનને લઇને થયેલી ભૂલ હતી; જ્યારે અકબર ચેતી ગયેલો હતો કે જે રાજ્યમાં પ્રજાનો મોટો ભાગ હિંદુઓનો છે ત્યાં એ મોટા ભાગની મદદ અને સહકાર વિના રાજ્ય નભી જ ન શકે. ઔરંગઝેબ આ રાજ્યસૂત્ર નહોતો જ સમજ્યો. જહાંગીરે પોતાના બાપ અકબરની ઉદાર અને સહિષ્ણુ નીતિનો પોતાના વખતમાં અમલ કર્યો હતો. એના વખતમાં હિંદુઓને મંદિરો બાંધવાની છૂટ હતી એટલું જ નહિ પરંતુ કોઇ કોઇ વાર તો હિંદુઓને એવાં કામમાં જોઇતી મદદ પણ એ કરતો. પરંતુ શાહજહાંના વખતમાં અકબરની એ ઉદાર રાજનીતિનું પ્રથમ ઉલ્લંઘન થયું. એના વખતમાં થોડાઘણા હિંદુ દેવળોનો નાશ થયેલો; પણ ઔરંગઝેબે તો હદ વાળી. ઈ. સ. ૧૬૭૮માં રાજા જશવંતસિંહના મરણ પછી ઔરંગઝેબે પોતાની ઝનૂની રાજનીતિ અખત્યાર કરી. જજીયાવેરો દાખલ કર્યો અને હિંદુ મંદિરોનો દાટ વાળી નાખ્યો. આવાં ઝનૂની કાર્યોથી જ હિંદુઓ એને પોતાના ધર્મનો કટ્ટો શત્રુ માનતા. જે રજપૂતો અકબરના વખતમાં રાજ્યના સ્તંભ ગણાતા તેજ રજપૂતો હવે શત્રુ થયા. જે

શિવાજીને હિંદુઓ દેવ સમાન ગણતા અને પોતાના ધર્મના રક્ષક તરીકે પૂજતા તેજ શિવાજીને એક લૂંટારા તરીકે ગણી એનું અપમાન કરી બાદશાહે મરાઠાઓને પણ પોતાની વિરૂદ્ધ છંછેડયા. વળી બિજાપુર અને ગોવળકોંડાના શિયા રાજ્યોનો નાશ કરીને ઔરંગઝેબે મરાઠા ઉપરનો મુસલમાની રાજ્યોનો કાયમનો કાબુ કાઢી નાખ્યો.

## ઔરંગઝેબનું ચારિત્ર્ય

એક મનુષ્ય તરીકે જો આપણે ઔરંગઝેબની તરફ નજર નાખીએ તો આપણને જણાયા વિના ન જ રહે કે એનું વર્તન કોઈ સારા સંયમી અને તપસ્વી ફકીરને શોભે એવું જ હતું. પણ જ્યારે આપણે એને એક બાદશાહ તરીકે જોઇએ ત્યારે આપણને એની ગંભીર ભૂલો અને દોષો જણાય છે. ચુસ્ત મુસલમાન બાદશાહ તરીકે વર્તીને જ એણે રાજ્યમાં બિનમુસ્લિમ પ્રજા તરફ બેદરકારી, ઘાતકી અને જુલ્મી વર્તન ચલાવ્યાં; છતાં એનું કડક વર્તન એના ધર્માંધપણાને જ આભારી હતું એ વાત ચોકખી છે. જો એના રાજ્યમાં સઘળા સુન્ની મુસલમાનો જ હોત તો ઔરંગઝેબનું રાજ્ય અવસ્ય બહુ જ યશસ્વી નીવડયું હોત અને બાદશાહ પોતે પણ દેવ તરીકે ઘેરઘેર પુજાઇ શક્યો હોત.

બાકી એના ગુણો તો ઘણા હતા. તે લડાઈમાં શૂરો, ઉદ્યોગી, દૃઢ મનનો, બુદ્ધિવાળો, અને ચતુર પુરૂષ હતો. પણ એના ધર્માંધપણાને લઇને એનામાં કપટ, અણુવિશ્વાસ, પક્ષપાત, ને નિર્દયતા જેવા અનેક દુર્ગુણો ઘર કરી બેઠા હતા. ઔરંગઝેબ શરીરે પાતળો પણ મજબુત બાંધાનો હતો. એ હમેશાં સાદાઇમાં જ રહેતો. બાદશાહી ઠાઠમાઠ અને દમામથી રહેવાનું એને ગમતું જ નહિ. દારૂને તો હરામ ગણી એ અડકતો પણ નહિ. ગાનતાન અને નાચ પર એને ઘણી ચીડ હતી. એ એટલો બધો ધર્મપરાયણ હતો કે ચાલતા યુદ્ધે પણ નિમાજ પઢવી એ ચૂકતો નહિ. વળી રાજ્યમાંથી પોતાના ખાનગી ખર્ચને માટે એક

પાઈ પણ વાપરવી એને એ અધર્મ ગણતો; તેથી જાતે ટોપીઓ બનાવી પોતાનું ગુજરાન ચલાવતો.

## અકબર અને ઔરંગઝેબની તૂલના

ઔરંગઝેબના અમલ નીચે મુગલસત્તા મહત્તાની ટોચે પહોંચી હતી. પરંતુ એ વિસ્તૃત રાજ્યનો બોજો એટલો બધો વધી ગયો હતો કે એના છેલ્લા દિવસોમાં જ સામ્રાજ્યના પાયા હચમચી ઉઠયાનાં સ્પષ્ટ ચિહ્નો જણાઇ ચૂકયાં હતાં. મુસલમાન ઇતિહાસકારો એ સંયમી અને ચુસ્ત મુસલમાન બાદશાહને મુગલ વંશના સૌથી મહાન બાદશાહ તરીકે—અકબરથી પણ વધારે મહાન—વર્ણવે છે. ઉત્સાહ, મનની દૃઢતા અને કાબેલિયતમાં તે અકબરથી કોઇ રીતે ઉતરે તેવો ન હતો. મહાન અકબરની માફક જ તે મહેનતુ અને ખંતીલો હતો. પરંતુ બીજી કેટલીક બાબતોમાં અકબરથી તે છેક ભિન્ન પડતો હતો. બન્ને રાજ્યકૌશલ્યમાં એકકા હતા. ઔરંગઝેબ હમેશાં પોતાનું રાજકીય ધ્યેય સાધવામાં ધર્માંધ રાજનીતિનો આશ્રય લેતો, જ્યારે મહાન અકબર સર્વ પ્રજા તરફ અને તાબે થયેલા દુશ્મન તરફ પણ ઉદાર અને સહિષ્ણુ રહેતો.

અકબર ઔરંગઝેબ વચ્ચેનો મોટો તફાવત તો આપણને એ બન્નેનું હિંદુઓ તરફનું ભિન્ન ભિન્ન વલણ જોવાથી જણાઇ આવે છે. આપણે જોઈ ગયા છીએ કે જ્યારે અકબરે જે હિંદુઓ, ખાસ કરી રજપૂતો, પોતાના દુશ્મન હતા તેમને પોતાના સ્નેહાળ અને સહિષ્ણુ વર્તનથી રાજ્યના ખરા વફાદાર મદદગાર બનાવી દીધા, ત્યારે ઔરંગઝેબે તેજ વફાદાર બની ગયેલા રાજ્યના ખરા સ્તંભરૂપ રજપૂતોને વિના કારણ, પોતાની ધર્માંધતામાં તણાઇ જઇ, છંછેડયા અને આખરે એમની અમૂલ્ય સહાય કાયમને માટે જતી કરી. વળી હિંદુઓને કોઇ પણ સરકારી નોકરીમાં ન જ રાખવાં એવા જોહુકમી

અને સામ્રાજ્યને હાનિકારક ફરમાન કાઢીને તો સામ્રાજ્યની વ્યવસ્થાને ઘણી કફોડી કરી નાખી, અને જે રાજ્યકારભાર સરળતાથી નભ્યે જતો હતો તેમાં આડખીલી નાખી. વળી તેણે જજીયા વેરાનો જુલ્મી કર ઉત્તર હિન્દમાં નાખી એનાં ખરાબ પરિણામો ચાખ્યાં તોય એટલાથી સંતોષ ન મળ્યો હોય તેમ એ જ જજીયા વેરો દક્ષિણ હિન્દમાં પણ અજમાવ્યો. પરિણામ એ આવ્યું કે જે હિન્દુઓ તટસ્થ રહી શકયા હોત તે જ હિન્દુઓ મરાઠા સાથે ભળી જઇ મુગલોના કટ્ટા દુશ્મન બની ગયા. આ જ કારણને લઇ મુગલસામ્રાજ્યની પડતી થવા માંડી એમ કહીએ તો કશું ખોટું નથી.

# પ્રકરણ ૪થું

# મુગલસામ્રાજ્યનાં પડતી અને અસ્ત

## ઇ. સ. ૧૭૦૭–૧૮૬૨

## ૧. મુગલસામ્રાજ્યની પડતી, ઈ. સ. ૧૭૦૭–૧૭૪૮

### બહાદુરશાહ, ઈ. સ. ૧૭૦૯–૧૨

ઔરંગઝેબ પોતાની પાછળ ચાર પુત્રો મૂકી ઇ. સ. ૧૭૦૭માં અહમદનગરમાં મરણ પામ્યો. એ ચાર પુત્રો મુઆઝીમ, આઝીમ, અકબર અને કામબક્ષ હતા. આમાંથી શાહજાદો અકબર, ઔરંગઝેબ જીવતાં જ બાપથી જુદો પડી ઇરાનમાં નાસી છૂટયો હતો. બાકી રહેલા ત્રણે પુત્રો બાપના મોત પછી માંહોમાંહે રાજ્ય માટે કજીઆ કરવા

લાગ્યા. ઔરંગઝેબ જાણુતો હતો કે એના મરણુ પછી એના પુત્રો ગાદી માટે મારામારી કર્યા વિના રહેવાના નથી, એટલે ચેતીને જ એણે મરતાં પહેલાં રાજ્યની પોતાના પુત્રો વચ્ચે ચોગ્ય વહેંચણી કરી, એક કાચો દસ્તાવેજ ઘડી રાખ્યો હતો; એના મુઆ પછી એ કાચો દસ્તાવેજ એની પથારીના ઓસીકા નીચેથી પુત્રોના હાથમાં આવ્યો. છતાં એ ગોઠવણુ પ્રમાણે ત્રણુ પુત્રોમાંથી એકે જણુ વર્તવા તૈયાર ન હતો. દરેકને આખું રાજ્ય માણુવાનો જ મનસુબો હતો. એટલે શાહજાદો આઝીમ તાબડતોબ પોતાને બાદશાહ કહેવડાવવા લાગ્યો; પરંતુ એના મોટા ભાઈ મુઆઝીમે એને આગ્રા પાસે હરાવીને માર્યો અને પોતે બહાદુરશાહ નામ ધારણુ કરી ગાદીએ બેઠો. શાહજાદા કામબક્ષે પણુ દક્ષિણુમાં લશ્કર ભેગું કરી પોતાથી થાય તેટલા પ્રયત્નો રાજ્ય મેળવવા માટે કર્યા પણુ એને તો સરદાર ઝુલ્ફીકારખાંએ જ હરાવી મારી નાખ્યો. આથી ઝુલ્ફીકારખાં, બાદશાહ બહાદુરશાહનો માનીતો થયો અને બાદશાહનો વજીર બની બેઠો.

## જાણુવાજોગ બીજી બાબતો

( ૧ ) પોતાના સરદારો, સહાયકારો, અને અમીર ઉમરાવોનો પ્રેમ સંપાદન કરી બહાદુરશાહે રજપૂતો જોડે પણુ મૈત્રી બાંધી. રજપૂતો ઉપરનો જજીયા વેરો બંધ કર્યો અને મહાન અકબરની ઉદાર રાજનીતિ પ્રમાણે ચાલવાનું વચન આપી એણે રજપૂતોનો સંપૂર્ણ વિશ્વાસ મેળવ્યો.

( ૨ ) મરાઠા લોકોનું મન રંજન કરવા અને એમનો મુગલો તરફનો અણુગમો દૂર કરવા બાદશાહે દિલ્હીમાં ઔરંગઝેબના વખતથી કેદ કરી રાખેલ શંભાજીના પુત્ર શિવાજી ( શાહુ )ને છૂટો કરી એને સહિસલામત દક્ષિણુમાં પહોંચતો કર્યો.

## બહાદુરશાહનું મૃત્યુ

શિખ લોકોને હરાવી પાછા ફરતાં લાહોર મુકામે બાદશાહે દેહ છોડયો, ઈ. સ. ૧૭૧૨. બહાદુરશાહના વખતમાં રાજ્યમાં શાન્તિ સારી

હતી. શિખોની ધમપછાડ બાદ કરતાં બીજી કોઈ જગ્યાએ ખળભળાટ મચ્યો ન હતો. બાદશાહ પોતે સ્વભાવે ભલો અને ઉદાર દિલનો હતો. રજપૂતો સાથે અકબરની ઉદાર રાજનીતિને વળગી રહેવાનું એનું ડહાપણ વખાણવા જેવું હતું.

## જહાંદારશાહ ઈ. સ. ૧૭૧૨ થી ૧૭૧૩

બાદશાહ બહાદુરશાહને પણ ચાર પુત્રો હતા. એ ચારે પુત્રોમાં સૌથી કાબેલ આઝિમુશાં બાપની હયાતિમાં જ બંગાળાનો સુબો હતો. પરંતુ બાપના મોત પછી તરત ઉપડેલી રાજ્ય માટેની કાપાકાપીમાં એનો પહેલો જ ભોગ લેવાયો હતો. બીજા બે પુત્રો પણ રાજ્ય મેળવવાની ધમાલમાં હોમાઈ ગયા. છેલ્લો જીવતો રહેલો જહાંદારશાહ, વઝીર ઝુલ્ફીકારખાંની મદદથી રાજ્યનો ધણી થઈ પડયો. એ બાદશાહ સાવ નાલાયક અને વિષયી નીવડવાથી લોકોએ એની સામે બળવો કર્યો. એ અંધેરનો લાભ લઈ એના ભત્રિજા ફરૂખશીઅરે (આઝિમુશાંનો પુત્ર) બંગાળામાં બળવો જગાડયો; અને સૈયદ અબદુલ્લા અને સૈયદ હુસેનની મદદથી, આગ્રા પાસે જહાંદારશાહને અને એના વઝીર ઝુલ્ફીકારખાંને હરાવી માર્યા. પછી પોતે દિલ્હીની ગાદીએ બેઠો.

## ફરૂખશીઅર, ઈ. સ. ૧૭૧૩ થી ૧૭૧૯

ફરૂખશીઅર બાદશાહ તરીકે કશા કામનો ન હતો. આખા રાજ્યમાં એનું કયાંય ચલણ ન હતું. એ એટલો બધો નિર્બળ મનનો હતો કે પોતાનો બાદશાહ તરીકેનો દમામ એ સાચવી શકતો ન હતો. જે સૈયદ ભાઈઓની મદદથી એ રાજ્યગાદી મેળવવા ભાગ્યશાળી થયો હતો, તેમના હાથમાં બાદશાહ ફરૂખશીઅર તો એક રમકડાં જેવો થઈ પડયો હતો. બાદશાહ ફરૂખશીઅરના વખતમાં શિખોને સજ્જડ હાર આપવામાં આવી. શિખોના સરદાર ગુરૂ બંદાને કેદ કરવામાં આવ્યો અને પાછળથી બહુ ક્રૂર રીતે મારી નાખવામાં આવ્યો. બીજા પણ હજારેક શિખોની કતલ કરવામાં આવી.

## મુહમ્મદશાહ, ઈ. સ. ૧૭૧૯ થી ૧૭૪૮

ફરૂખશીઅરનો ઘાત કરાવ્યા પછી પેલા બે સૈયદ ભાઇઓએ એક પછી એક એમ ત્રણ બાદશાહોને ગાદીએ બેસાડયા પણ એ બધા ટુંક મુદ્દતમાં જ હતા ન હતા થવાથી આખરે એ બે ભાઇઓએ બહાદુરશાહના પૌત્ર મુહમ્મદશાહને ગાદી આપી દિલ્હીનો બાદશાહ બનાવ્યો.

## સૈયદ ભાઇઓનો નાશ

જહાંદારશાહના વખતથી રાજ્યમાં ધણીરણી થઇ પડેલા આ બે સૈયદ ભાઇઓની વધતી જતી સત્તા મુહમ્મદશાહને ખૂંચવા લાગી; એથી એમનો ઘાટ ઘડવાના ઇરાદાથી બાદશાહે દક્ષિણના બળવાન થઇ પડેલા સુબાને હરાવી ઠેકાણે લાવવાને બહાને સૈયદ હુસનને સાથે લઇ દક્ષિણ ઉપર સવારી કરી. બીજા ભાઇને દિલ્હીમાં રાખી, રસ્તામાં જ બાદશાહે સૈયદ હુસેનનો ઘાટ ઘડી નાખ્યો. એ સમાચાર અબદુલ્લાને મળતાં પોતાના ભાઇનું વેર લેવા એ લશ્કર લઇ આવી પહોંચ્યો; પણ બાદશાહે એને શાહપુર આગળ હરાવી માર્યો. આ પ્રમાણે બન્ને સૈયદ ભાઇઓની જોહુકમી સત્તા અંતે અસ્ત પામી. એ ભાઇઓ જબરા મુત્સદ્દી અને પહોંચેલા હતા. ધારે તેને ગાદીએ બેસાડતા અને ધારે તેને ઘડીના છઠ્ઠા ભાગમાં ગાદીએથી ઉઠાડી મૂકતા કે મારી નાંખતા. આ બન્ને ભાઇઓ ઇતિહાસમાં "બાદશાહ બનાવનાર" ને નામે પંકાયલા છે.

## સામ્રાજ્યની ઉતરતી કળા અને રાજ્યના ભાગલા

મુહમ્મદશાહનું રાજ્ય પ્રમાણમાં બહુ લાંબું નવ્યું. ઇ. સ. ૧૭૧૯થી માંડીને ૧૭૪૮ સુધી એણે રાજ્ય કર્યું. પણ એ દરમિયાન દિલ્હીના રાજ્યનો દોર સાવ કમી પડી ગયો. એ બાદશાહમાં મુગલસામ્રાજ્ય જેવા વિશાળ સામ્રાજ્યને ચલાવવાની શક્તિ ન હતી; એથી એના નબળા રાજ્યવહીવટમાં સામ્રાજ્યના મુસલમાન સુબાઓ સ્વતંત્ર થવા લાગ્યા, મરાઠાઓ જોર ઉપર આવી આગળ ધસી આવ્યા, અને હુમલાખોર પરદેશીઓ પણ હિન્દ ઉપર તૂટી પડ્યા.

### દક્ષિણમાં નિઝામ સ્વતંત્ર થયો

સૈયદભાઈઓને મારી હઠાવ્યા પછી બાદશાહે દક્ષિણના સુબા નિઝામ–ઉલ–મુલ્કને પોતાનો વજીર નિમ્યો; પરંતુ એને બાદશાહની સાથે નહિ બનવાથી એ પાછો પોતાને સ્થાને દક્ષિણમાં ગયો. હૈદરાબાદમાં એણે પોતાની સ્વતંત્ર ગાદી સ્થાપી અને મુહમ્મદશાહને સમ્રાટ્ તરીકે ગણવાની ચોકખી ના પાડી. આ પ્રમાણે ઇ. સ. ૧૭૨૦-માં નિઝામના સ્વતંત્ર રાજ્યની શરૂઆત થઇ.

### અયોધ્યાનો સુબો સાદતખાં સ્વતંત્ર થયો

નિઝામના દક્ષિણમાં ચાલી જવા પછી બાદશાહે અયોધ્યાના સાદતખાંને પોતાનો વઝીર બનાવ્યો. પરંતુ એ પણ, બાદશાહની કેટલીક રીતભાત એને નહિ ગમવાથી, દિલ્હી છોડી અયોધ્યા ચાલ્યો ગયો. બાદશાહની નબળાઈ પારખી જઇને એ સ્વતંત્રપણે અમલ કરવા લાગ્યો. આ પ્રમાણે અયોધ્યા પણ સામ્રાજ્યના અંકુશમાંથી સરકી ગયું.

### બંગાળાનો અલીવર્દીખાં સ્વતંત્ર થયો

સામ્રાજ્યની નબળી થતી હાલત જોઇને બંગાળાના સુબા અલી-વર્દીખાંનું મન પણ સ્વતંત્ર થવા લોભાયું. અલીવર્દીખાંએ દિલ્હીની ધૂંસરી દૂર ફેંકી દઈ બાદશાહને ખંડણી મોકલવી બંધ કરી દીધી.

### રોહિલાઓ પણ ફાવ્યા

સામ્રાજ્યને હળવે હળવે છિન્નભિન્ન થતું જોઇને ગંગાની ઉત્તરે રોહિલખંડમાં આવી વસેલા અફઘાનો બળવો જગાવી સ્વતંત્ર થઇ બેઠા અને બાદશાહનું ઉપરીપણું કબુલવું બંધ કરી દીધું.

### મરાઠાઓ પણ ન ભૂલ્યા

મુગલસામ્રાજ્યને છડેચોક લૂંટાતું જોઇને મરાઠાઓને લૂંટમાં ભાગ પડાવી લેવાનું મન થયું. એ વખતે મરાઠી રાજ્યનો કાબુ બીજા

પેશવા બાજીરાવના હાથમાં હતો. એ પેશવા જબરો યોધ્ધો હતો. બાજીરાવે પોતાના બાહોશ સરદારોને દોડાવી પોતાના ભાગે લૂંટનો સારો હિસ્સો જમા કરાવી લીધો. ગાયકવાડે ગુજરાત, હોલ્કરે માળવા, અને સિંધિયાએ બુંદેલખંડ જીતી લીધાં.

### અધુરામાં પૂરૂં

બાદશાહ મુહમ્મદશાહના વખતમાં થઈ પડેલી આટલી બધી પડતીમાં અને રાજ્યની થતી જતી છિન્નભિન્નતામાં જાણે હજી બાકી રહ્યું હોય તેમ એક નવી આફત પરદેશથી આવી ચઢી. લગભગ ત્રણ સૈકાથી હિન્દ પરદેશના હુમલાથી મુક્ત હતું. તૈમુર લંગડાની કતલ અને લૂંટને યાદ કરાવે એવો હુમલો ઈરાન દેશનો નાદિરશાહ હિન્દ ઉપર લઈ આવ્યો, ઇ. સ. ૧૭૩૯.

### નાદિરશાહ

નાદિરશાહ ઈરાનનો બાદશાહ હતો. એ પહાડ જેવો ખડતલ આદમી હતો. રંગીપેંગી માણસો તો એનો બિહામણો અને કાળો ચહેરો જોઈને જ ઢીલા પડી જતા. પોતાની સાથે પ્રચંડ સૈન્ય લઈ દિલ્હીપર એ ચઢી આવ્યો. દિલ્હીના બાદશાહની આણ તો કોઈ માનતું નહિ હતું. એથી કશા પણ અટકાવ વિના નાદિરશાહ કર્નાલ પાસે મુહમ્મદશાહના લશ્કરને હરાવી દિલ્હીમાં દાખલ થઈ ગયો. નાદિરનો વિચાર ફક્ત દિલ્હીને લૂંટી પુષ્કળ દોલત ઈરાનમાં ઘસડી જવાનો હતો. પણ સવારમાં ઉઠીને જુએ છે તો પોતાના કેટલાક સૈનિકો દિલ્હીમાં મરાએલા જોયા. એકદમ નાદિરનો પીત્તો ઉકળ્યો. તેણે દિલ્હીના લોકોને મારવાનો અને શહેર લૂંટવાનો હુકમ છોડયો. આખો દિવસ નિર્દોષ માણસોની કતલ ચાલી, ઘરબારોને આગ લગાડવામાં આવી, અને હાથ આવી તેટલી તમામ માલમત્તા લૂંટી લેવામાં આવી. સાંજે મુહમ્મદશાહથી જોયું ન ગયું ત્યારે તે નાદિરને પગે પડયો અને કતલ અટકાવવા બહુ બહુ વિનતિ કરી. નાદિરનું વજ્ર હૈયું પીગળ્યું અને એણે

લશ્કરને એ ઘાતકી કામમાંથી પાછું બોલાવી લીધું. બીજે દિવસે નાદિરે દિલ્હીના દરદાગીનાઓ અને ઝવેરાતથી ભરેલા ખજાનાનો કબજો લીધો અને મયૂરાસન, સોનાના મુગટો, ઉત્તમ હાથીઓ, ઘોડાઓ, તોપો, કિંમતી વસ્ત્રો અને એ ઉપરાંત અમીર ઉમરાવોને ખૂબ લૂંટી જે સઘળું હાથ લાગ્યું તે બધું જ પોતાની સાથે લઇ ઇરાન પાછો ચાલ્યો ગયો.

### નાદિરના ગયા પછી

નાદિરની ચઢાઇથી મુગલરાજ્ય છેક જ ગબડી ગયું. નાના સુબેદારોએ અને નવાબોએ સુદ્ધાં નજરાણાં મોકલવાનું બંધ કર્યું. મરાઠાઓ પણ જોર ઉપર આવી બંગાળા અને દક્ષિણ હિન્દમાં ઘૂમતા અને ચોથ ઉઘરાવતા.

નાદિરના ગયા પછી આઠ વર્ષે ઇ. સ. ૧૭૪૭માં અહમદશાહ દુરાનીએ પંજાબ ઉપર ચઢાઈ કરી સરહિંદ લીધું; પરંતુ શાહજાદા અહમદશાહે ( મુહમ્મદશાહનો પુત્ર ) તેની જોડે બહાદુરીથી લડી તેને પાછો કાઢ્યો. મુગલ બાદશાહનો આ છેલ્લો જ જય હતો. આ જીત પછી થોડા જ વખતે મયૂરાસન ઉપર કોહીનૂર ધારણ કરી બેસનાર છેલ્લો મુગલ બાદશાહ મુહમ્મદશાહ મરણ પામ્યો. ઈ. સ. ૧૭૪૮

## ૨. મુગલસામ્રાજ્યનો અસ્ત, ઈ. સ. ૧૭૪૮-૧૮૬૨

### અહમદશાહ-૧૭૪૮ થી ૧૭૫૪

મુહમ્મદશાહ પછી એનો પુત્ર અહમદશાહ દિલ્હીનો બાદશાહ થયો. એના વખતમાં અમીર ઉમરાવો વચ્ચે ભાતભાતના કજીયાઓ થયે જતા. એના સમયમાં અહમદશાહ અબદલ્લી અથવા દુરાનીએ ફરી હિન્દ ઉપર સવારી કરી પંજાબને સર કર્યું. ત્યારપછી ઈ. સ ૧૭૫૪ માં વજીર ગાઝિયુદ્દીને અહમદશાહની આંખો ફોડી નાખી, એને પદભ્રષ્ટ કર્યો, અને જહાંદારશાહના એક પુત્રને ગાદીએ બેસાડયો. અહમદશાહ પોતાની

રાજ્ય કારકિર્દી દરમિયાન પોતાના વજીરના હાથમાં એક રમકડાં જેવો જ થઈ રહ્યો હતો.

## આલમગીર બીજો-ઈ. સ. ૧૭૫૪ થી ૧૭૫૯

વજીર ગાઝિયુદ્દીનની મદદથી ગાદીએ આવેલો જહાંદારશાહનો પુત્ર આલમગીર બીજો એવું ઉપનામ ધારણ કરી રાજ્ય ચલાવવા લાગ્યો. આ આલમગીરના વખતમાં અહમદશાહ દુરાની ત્રીજીવાર હિંદમાં આવ્યો. એ સવારીમાં એણે દિલ્હીને ફરીથી લૂંટયું અને ૧૭ વર્ષ પહેલાં નાદિરશાહે બજવેલ કરણ હત્યાકાંડ દિલ્હીમાં ફરી બજવ્યો, ઈ. સ. ૧૭૫૫.

આ બાદશાહના વખતમાં ગાઝિયુદ્દીનના પુત્ર અને બીજા ઉમરાવો વચ્ચે રાજ્યખટપટ અને પ્રપંચો રચાયે જતાં; એ અરસામાં જ ગાઝિયુદ્દીનના વજીર પુત્રે મરાઠાઓને પોતાની મદદે બોલાવ્યા. મરાઠાઓ, બાજીરાવ (૨ જો પેશવા) ના નાનાભાઈ રાઘોબાની સરદારી નીચે મદદે આવ્યા અને પંજાબનો કબજો લીધો. ત્યાર પછી થોડા જ કાળમાં આલમગીર બાદશાહને એના વજીરે મારી નાખ્યો, ઈ. સ. ૧૭૫૯.

## શાહઆલમ બીજો-ઈ. સ. ૧૭૫૯ થી ૧૮૦૬

બાદશાહ આલમગીરના મોત પછી અહમદશાહનો શાહજાદો વજીરની મદદથી દિલ્હીનો નામધારી બાદશાહ થયો. એ કેવળ સત્તાહીન હતો. આ બાદશાહે દિલ્હીની બાદશાહી ૫૦ વર્ષના લાંબા ગાળા સુધી ભોગવી. એના વખતમાં મરાઠાઓ પૂર જોસમાં આવ્યા અને તેમણે મુગલાઈ સત્તાને મૂળમાંથી ઉખેડી નાખવાનો ભારે પ્રયત્ન કર્યો. પરંતુ ઈ. સ. ૧૭૬૧માં અહમદશાહ દુરાનીએ પાંચમીવાર ચઢી આવી મરાઠાઓને પાણીપતના મેદાનમાં સજ્જડ હાર આપી. (મરાઠાઓનો સંપૂર્ણ ઇતિહાસ આગળ આપવામાં આવ્યો છે.) શાહઆલમ તો માત્ર નામનો જ બાદશાહ રહ્યો. લગભગ બધા જ સરદારો સ્વતંત્ર બની ગયા. બાદશાહના તાબામાં તો ફક્ત દિલ્હી અને આગ્રા બે જ રહ્યાં.

પાણીપતની જબ્બર હાર પછી લગભગ ૧૦ વર્ષે મરાઠી સત્તા ફરી જોર પર આવી અને તે વખતે મરાઠાઓએ સિંધિયાની સરદારી નીચે દિલ્હીનો કબજો લઇ શાહઆલમ બાદશાહને પણ પોતાના કબજામાં રાખ્યો, ઇ. સ. ૧૭૭૧. સિંધિયાના રક્ષણ નીચે શાહઆલમ ઇ. સ. ૧૭૭૧ થી ૧૮૦૩ સુધી રહ્યો. એ દરમિયાન ગુલામ કાદિર નામના રોહિલા સરદારે ઇ. સ. ૧૭૮૬માં દિલ્હી ઉપર ધસારો કરી સિંધિયાની ગેરહાજરીમાં શાહઆલમને કેદ કરી એની આંખો ફોડી નાંખી. પરંતુ તરત જ સિંધિયાએ દોડી આવી એને છૂટો કરી પોતાના તાબામાં લીધો અને ગુલામ કાદિરને પકડી બહુ જ ઘાતકી રીતે મારી નખાવ્યો. છેવટે ઈ. સ. ૧૮૦૩માં કંપની બહાદુરના સરદાર લેઇકે સિંધિયાને હરાવી શાહઆલમને અંગ્રેજ કંપનીના રક્ષણ નીચે આણ્યો. ત્યારપછી શાહ-આલમ ઈ. સ. ૧૮૦૬માં મરણ પામ્યો.

## બૂઝાતો દીપક–ઈ. સ. ૧૮૦૬–૬૨

શાહઆલમ પછી તેનો પુત્ર અકબર બીજો દિલ્હીનો બાદશાહ કહેવાયો. એને તો અંગ્રેજ સરકારે વર્ષાસનનો બંદોબસ્ત કરી આપી સઘળી સત્તા પોતાના હાથમાં લીધી. એ ૧૮૩૭ માં મરણ પામ્યો. એના પછી એનો પુત્ર મુહમ્મદ બહાદુર ગાદીપર બેઠો. આ બાદશાહ અંગ્રેજો જે આપતા તે ખાઇને બેસી રહેતો. મુગલરાજ્યના બૂઝાતા દીપકનો આ છેલ્લો જ નામધારી બાદશાહ હતો. એણે ઇ. સ. ૧૮૫૭ના સિપાઇબળવામાં અંગ્રેજો વિરૂદ્ધ ભાગ લીધો તેથી તેને કેદ કરી બ્રહ્મ-દેશમાં આવેલ રંગુનમાં મોકલી દેવામાં આવ્યો. ત્યાં તે ઈ. સ. ૧૮૬૨માં બેહાલ દશામાં મરણ પામ્યો. આ પ્રમાણે મુગલ સામ્રાજ્યનો ઝાંખો પ્રકાશ પાડતો દીપક પણ કાયમને માટે બંધ થયો.

## મુગલ સામ્રાજ્યની પડતીની સમાલોચના

મુગલસામ્રાજ્યના પહેલા છ બાદશાહો બધા જ બહાદુર, દૃઢ મનના, અને રાજ્યકારભારમાં કુશળ હતા. ગમે તેવા ભડ શત્રુઓ સાથે

પણ એ ગાંજ્યા જાય તેવા ન હતા. પરંતુ ઔરંગઝેબના વંશજો સાવ નામર્દ નીવડ્યા. ઔરંગઝેબ પછીના કોઇ બાદશાહમાં પ્રતાપી મુગલ બાદશાહોનું હીર કે તેજ ન હતાં. ઔરંગઝેબની નવી રાજનીતિથી ઉભી થયેલી ગંભીર રાજદ્વારી પરિસ્થિતિને પહોંચી વળે એવું સામર્થ્ય કોઇમાં જ ન હોવાથી, ખળભળી ઉઠેલો મુગલસામ્રાજ્યનો પાયો ઔરંગઝેબના વંશજોના વખતમાં એકદમ જ બેસી ગયો અને આખું સામ્રાજ્ય જમીનદોસ્ત થઇ ગયું. મરાઠા, રજપૂત અને શિખો પૂર જોશમાં આવતા ગયા. મરાઠાઓએ તો આગળ પડી મુગલાઇ રાજ્યનો પાયો ખોદી નાખવાનો ભગીરથ પ્રયત્ન આદર્યો. નાદિરશાહ અને અહમદશાહની સવારીઓએ નબળી પડતી બાદશાહીને છેક જ પડતીમાં આણી મૂકી.

# મુગલ કાળની મહત્ત્વની સાલવારી

| | ઈ. સ. |
|---|---|
| પાણિપતનું પહેલું યુદ્ધ | ૧૫૨૬ |
| ફતેહપુર સીક્રીની લડાઇ | ૧૫૨૭ |
| હુમાયુંનું મૃત્યુ અને અકબરનું રાજ્યારોહણ | ૧૫૫૬ |
| પાણિપતનું બીજું યુદ્ધ અને હેમુનો ઘાત | ૧૫૫૬ |
| જજીયા વેરો નાબુદ થાયછે | ૧૫૬૫ |
| હલદીઘાટનું યુદ્ધ | ૧૫૭૬ |
| અહમદનગરનો ઘેરો અને ચાંદબીબીની વીરતા | ૧૫૯૫ |
| અહમદનગર વશ થાયછે | ૧૬૦૦ |
| અકબરનું મૃત્યુ | ૧૬૦૫ |
| સર ટૉમસ રોનું હિન્દમાં આવવું | ૧૬૧૫ |
| શિવાજીનો જન્મ | ૧૬૨૭ |
| શાહજહાં પદભ્રષ્ટ થાયછે | ૧૬૫૮ |
| ઔરંગઝેબ તખ્તનશીન થાયછે | ૧૬૫૯ |
| શાહજહાંનું મૃત્યુ | ૧૬૬૬ |
| શિવાજી રાજપદ ધારણ કરેછે | ૧૬૭૪ |
| જજીયાવેરો ફરીથી દાખલ થાયછે | ૧૬૭૯ |
| શિવાજીનું મૃત્યુ | ૧૬૮૦ |
| રજપૂતોનો બળવો | ૧૬૮૦–૧ |
| ઔરંગઝેબ દક્ષિણમાં જાયછે | ૧૬૮૧–૨ |
| બિજાપુર ખાલસા થાયછે | ૧૬૮૬ |
| ગોવલકોંડા ખાલસા થાયછે | ૧૬૮૭–૯૧ |
| શંભાજીનો વધ | ૧૬૮૯ |
| ઔરંગઝેબનું મૃત્યુ | ૧૭૦૭ |
| નાદિરશાહની સવારી | ૧૭૩૯ |
| દિલ્હીના છેલ્લા મુગલ બાદશાહનું મૃત્યુ | ૧૮૬૨ |

# ભાગ ૩ જો

# મરાઠાઓનો ઈતિહાસ

## પ્રકરણ–૧ લું

## મરાઠી સત્તાનો ઉદય

## ૧. શિવાજી

### શિવાજીના કુટુમ્બનો પૂર્વ ઇતિહાસ.

દક્ષિણમાં બ્રાહ્મણીવંશનાં સંસ્થાનોમાં મરાઠાઓ મુખ્ય ભાગ ભજવતા હતા. બીજાપુરમાં જાદવરાવ અને શિવાજીના પિતામહ માલોજી અગત્યની લાગવગ ધરાવતા હતા. શિવાજી ઉદેપુરના સિસોદિયા વંશનો હતો એમ માનવામાં આવે છે. તેના પિતા શાહજી અને માતા જીજા-બાઈ પ્રખ્યાત કુટુમ્બમાં જન્મ્યાં હતાં. જાદવરાવની પુત્રી જીજાબાઈનું લગ્ન માલોજી ભોંસલેના પુત્ર શાહજી સાથે થયું હતું; એ લગ્ન જાદવ-રાવની મરજી વિરૂદ્ધ થયું હતું તેથી જાદવરાવ હમેશનો શાહજીનો દુશ્મન થઈ રહ્યો અને વખતોવખત શાહજીને ત્રાસ આપવા લાગ્યો. એક વખતે જાદવરાવ લશ્કર લઈ શાહજીની પાછળ પડ્યો. જીજાબાઈ તે વખતે ગર્ભવતી હતી તેથી એને રસ્તે છોડી દઈ શાહજીને આગળ ચાલ્યા જવાની જરૂર પડી. જીજાબાઈ પોતાના જ પિતાના હાથમાં કેદ પકડાઈ પણ એક વીરાંગનાની માફક પિતાની સામે થઈ ત્યાંથી છટકી શિવનેરીના કિલ્લામાં આશ્રય લીધો.

### શિવાજીનો જન્મ અને બાલ્યાવસ્થા

ઈ. સ. ૧૬૨૭માં શિવનેરીના એ પ્રખ્યાત કિલ્લામાં જીજાબાઈએ શિવાજીને જન્મ આપ્યો. "માતાનો ખોળો એજ બાળકની પ્રથમ શાળા

છે અને માતાના ગુણોની છાપ તેના પુત્ર પર પડયા વિના રહેતી નથી"– આ મહાન પુરુષોનું કથન શિવાજીના સંબંધમાં બરાબર લાગુ પડે છે. જીજાબાઇ એક વીરપત્ની હતી. એ વીરપત્નીએ પોતાના ચારિત્ર્યથી પુત્ર ઉપર એવી છાપ પાડી કે વીરમાતા તરીકે પ્રખ્યાતિ પામવાનું મહાભાગ્ય એને હમેશને માટે જ મળેલું રહેશે. એ માતૃભક્ત પુત્ર મહાન પદ મેળવવા સમર્થ થયો તો પણ માતાનો આશીર્વાદ લીધા સિવાય કાર્યની શરૂઆત કરતો નહિ.

શિવાજીની દેખરેખ રાખવાનું કામ દાદોજી કોંડદેવ નામના બ્રાહ્મણને શાહજીએ સોંપ્યું હતું. સ્વામીભક્ત દાદોજીની દેખરેખને લીધે શિવાજી મહાન કાર્યો કરવા શક્તિમાન થયો. શિવાજીનું ચારિત્ર્ય ઘડવામાં માતા જીજાબાઇ અને દાદોજી કોંડદેવ મુખ્ય હતાં.

## શિવાજીને મળેલું શિક્ષણ

દાદોજી કોંડદેવે શિવાજીને મરાઠા સરદારોને આવશ્યક ગણાતી કેળવણી આપી. હાલમાં મળી આવેલા પત્રો ઉપરથી માલમ પડે છે કે તે લખી વાંચી શકતો. તેને જાગીરની વ્યવસ્થાનું બધું જ્ઞાન દાદોજી તરફથી મળ્યું હતું. પરંતુ શિવાજી એના પિતાની માફક બીજાપુરના દરબારમાં રહી મહાન હોદ્દો ભોગવતો થાય એ સિવાય બીજી આશા દાદોજી રાખતો નહિ. આમ છતાં વખત જતાં શિવાજી જેમ મોટી ઉમરનો થતો ગયો તેમ તેની સરદારી નીચે બ્રાહ્મણો, પ્રભુ, મરાઠા, કણબી, મુસલમાનો વગેરે બધી જાતના શૂર પુરુષો એકત્ર થવા લાગ્યા અને શિવાજીને એના સ્વાતંત્ર્ય મેળવવાના કાર્યમાં મદદ કરવા લાગ્યા.

શરૂઆતમાં શિવાજીની પદ્ધતિ દાદોજીને ગમી નહિ. પરંતુ તેણે જ્યારે જોયું કે શિવાજી માત્ર નોકરી કરવા જન્મ્યો નથી પણ ખરેખર દેશનું હરાએલું સ્વાતંત્ર્ય પાછું મેળવવા જન્મ્યો છે ત્યારે તેણે પણ શિવાજીનાં કાર્યને પોતાનો આશીર્વાદ આપ્યો.

આવા પ્રકારનું વાતાવરણ શિવાજીના ખીલતી જુવાનીમાં તેની આસપાસ એકઠું થતું. તેથી શિવાજી મહાન કાર્યો કરી શક્યો.

## શિવાજીના કાર્યની શરૂઆત

ઈ. સ. ૧૬૪૬માં તોરણનો કિલ્લો લીધો ત્યારથી જ શિવાજીએ પોતાના કાર્યનો આરંભ કર્યો એમ કહી શકાય. એ વખતે શિવાજીની ઉમર માત્ર ૧૯ વર્ષની હતી.

ત્યારપછી શિવાજીએ રાયગઢની કિલ્લેબંધી કરી અને એને મુખ્ય રાજધાની બનાવી. પછી ચાકણ ને સિંહગઢ લીધા. સહ્યાદ્રિની હાર પર આવેલા કલ્યાણ સુધીના કિલ્લાઓ, પ્રતાપગઢ, લોહગઢ, અને રાયરી જેવા દક્ષિણ બાજુના કિલ્લાઓ પણ સર કર્યા. આ ઉપરથી બીજાપુરના રાજાએ શાહજીને કેદ પકડ્યો. પિતાની જીંદગીને નુકસાન થાય એ ભયથી શિવાજીએ થોડોક સમય પોતાની હિલચાલ બંધ પાડી; એટલામાં શાહજીના મિત્રોએ પોતાની લાગવગનો ઉપયોગ કરી તેને છોડાવ્યો.

## અફઝલખાંનો વધ

શાહજી છૂટો થતાં શિવાજીની આગલી હીલચાલ શરૂ થઈ. તેને દાબી દેવાના હેતુથી બીજાપુરના સુલતાને એક પછી એક સરદારો મોકલવા માંડ્યા. તે સઘળાનો શિવાજીએ પરાજય કર્યો. બીજાપુરની સરકારે શિવાજીનું નિકંદન કરવાનો નિશ્ચય કરી તે માટે અફઝલખાં (બીજાપુરનો વાઘ)ની નિમણૂક કરી. શિવાજીને અફઝલખાં "ડુંગરમાંનો ઉંદર" કહેતો. તેની શી વિસાત? તેને જીવતો કે મરેલો જરૂર પકડી લાવીશ. આવી પ્રતિજ્ઞા કરી તે બાર હજારના સૈન્ય સાથે નીકળ્યો. તેણે પંઢરપુર વગેરેના દેવળો તોડાવી નખાવ્યા. વધુમાં શિવાજીના ભાઈનું ખૂન કરાવ્યું. આથી શિવાજી વધારે ઉશ્કેરાયો અને તેણે વેર લેવાનો નિશ્ચય કર્યો.

શરૂઆતમાં તો બન્ને મિત્ર તરીકે મળ્યા. મુલાકાત કરતી વખતે અફઝલખાંએ ઢોંગથી શિવાજીને બગલમાંથી પકડી મારી નાખવાનો

પ્રયત્ન કર્યો. શિવાજી ચેત્યો અને દીર્ઘદૃષ્ટિ વાપરી છૂપાવેલા હથિયારનો સંકટ સમયે ઉપયોગ કરવાનો નિશ્ચય કર્યો. તેણે તરતજ હાથમાં પહેરેલા વાઘનખ અફઝલખાંને ભોંકી દીધા, અને ક્ષણમાં તેના પ્રાણ લીધા. આખરે ઉંદરે વાઘને ખાધો ! અફઝલખાં મરાયાની ખબર પડતાંજ મરાઠા લશ્કર મુસલમાન ઉપર તૂટી પડયું અને તેને સખ્ત હાર આપી.

## શિવાજી અને સાહિસ્તખાં

ઔરંગઝેબે શિવાજીને તાબે કરવા સાહિસ્તખાંને દક્ષિણમાં મોકલ્યો. સાહિસ્તખાંએ આવી પૂના જીતી લીધું અને ત્યાં છાવણી નાખી પડયો. પરંતુ શિવાજી કોઇ રીતે એના સકંજામાં સપડાય એમ ન હતું. એક રાત્રે જે ઘરમાં સાહિસ્તખાં ઉતર્યો હતો તે ઘર ઉપર અચાનક છાપો મારી શિવાજીએ સાહિસ્તખાંને જીવ લઇ નાસતો કરી મૂક્યો. એ રાતે ઝપાઝપીમાં સાહિસ્તખાં પોતાનાં બે આંગળાં પણ ખોઇ બેઠો.

## શિવાજી અને જયસિંહ

સાહિસ્તખાંની હાર થવાથી ઔરંગઝેબે જયસિંહને શિવાજી સામે મોકલ્યો. શિવાજીએ તરત જ જયસિંહને કહાવી મોકલ્યું કે હું મુગલો સાથે સુલેહ કરી કેટલાક કિલ્લા આપી દેવા તૈયાર છું. ઔરંગઝેબને એ ખબર પડતાં જ તે ખુશ થઇ ગયો અને શિવાજીને આગ્રે આવવા નિમંત્રણ કર્યું.

## શિવાજીનું આગ્રામાં આગમન

ઔરંગઝેબના નિમંત્રણને માન આપી શિવાજી આગ્રા જવા પોતાના વડીલ પુત્ર સંભાજીને સાથે લઇ નીકળ્યો. ઔરંગઝેબના હુકમથી રસ્તે ઠેકઠેકાણે શિવાજીનું સન્માન કરવામાં આવ્યું અને એક મહાન રાજાને છાજતા દબદબાથી તેણે આગ્રામાં પ્રવેશ કર્યો. દરબારમાં એ ઔરંગઝેબને મળવા ગયો પણ જયસિંહ સાથે થયેલા કરાર પ્રમાણે શિવાજીને રાજા તરીકે કબુલ કરી યોગ્ય સન્માન આપવાને બદલે એક

સાધારણ સરદાર હોય તેવી રીતે એની સાથે ઔરંગઝેબ વર્ત્યો. આ પ્રમાણે માનહાનિ થતાં વીરનરને છાજે તેમ શિવાજીએ ત્યાંને ત્યાં જ મુગલ સમ્રાટ્ ઔરંગઝેબનું છડેચોક અપમાન કર્યું. આ હિંમત જોઈ બધા સરદારો તો છક જ થઈ ગયા; કારણકે મુગલોથી ઘેરાયલા હોવા છતાં આવી હિંમત દાખવવી એ કાંઈ નાનીસૂની વાત ન હતી. ઔરંગઝેબે સ્વપ્નેય આશા રાખી નહિ હશે કે આવા પ્રકારની અડગ હિંમત શિવાજી બતાવશે.

## શિવાજીનું કેદ થવું અને આગ્રેથી નાશી છૂટવું

ઔરંગઝેબનું ભરદરબારમાં અપમાન કરી શિવાજી પોતાના ઉતારે ચાલ્યો ગયો. શિવાજી જતાં જ ઔરંગઝેબ ભાનમાં આવ્યો અને શિવાજીના ઉતારાની આસપાસ મુગલ લશ્કર મૂકી એને નજરકેદ કર્યો. શિવાજી પણ પોતાના બચવાના માર્ગ શોધવા લાગ્યો. તરત તેણે માંદો હોવાનો ઢોંગ કર્યો અને દવા કરવા માંડી. કેટલાક દિવસ એ પ્રમાણે કર્યા પછી હિન્દુઓનાં મંદિરોમાં, મુસલમાનોની મસ્જીદોમાં, શેઠશાહુકારોને ત્યાં, અમીરઉમરાવોને ત્યાં, પોતે સાજો થયાની ખુશાલીમાં તે મીઠાઈઓના ટોપલા ભેટ તરીકે મોકલવા લાગ્યો. શરૂઆતમાં તો મીઠાઈના કંડીઆઓની તપાસ કરવામાં આવતી પણ રફતે રફતે એ તપાસ ઢીલી થતી ગઈ. એ તકનો લાભ લઈ એક દિવસ શિવાજી અને સંભાજી મીઠાઈના કંડીઆમાં બેસી નાસી છૂટયા. થોડેક અંતરે જઈ સંન્યાસીનો વેશ ધારણ કરી, રસ્તે અતિશય સંકટો વેઠી, ઠેકઠેકાણે પાછળ પડેલા મુગલ સૈનિકોને છેતરી તેઓ સહીસલામત દક્ષિણમાં આવી પહોંચ્યા.

## મુગલ શહેનશાહ સાથે તહ

શિવાજી નાશી છૂટયાના સમાચાર મળતાં જ તેના બહાદુર સરદારોએ, મુગલોએ જીતેલા તેમના કિલ્લા પાછા મેળવ્યા અને એ પ્રમાણે રાજ્યને સુરક્ષિત સ્થિતિમાં શિવાજી આવતાં જ તેને સોંપ્યું. ઔરંગઝેબે પોતાના પુત્રને શિવાજી સામે મોકલ્યો પણ હવે છંછેડાએલા સિંહ

જેરો શિવાજી ગાંજ્યો જાય એમ ન હતું. મુગલ સૈન્યનો પરાજય થતાં તહ થયો; શિવાજીને રાજા તરીકે કબૂલ રાખવામાં આવ્યો; સંભાજીને ૫૦૦૦ની મનસબદારી મળી; આ ઉપરાંત પૂના વગેરે પ્રાંતો શિવાજીને પાછા આપવામાં આવ્યા.

## મુગલો સાથે ફરીથી લડાઈ

બે વર્ષ પછી ઔરંગઝેબને પાછું શિવાજીને હંફાવવાનું મન થયું અને દક્ષિણમાં પોતાનો પુત્ર હતો તેને શિવાજી સામે લશ્કર લઇ લડવા મોકલ્યો. ચાર વર્ષ સુધી લડાઇ ચાલી અને શિવાજીએ પોતાના બધા પ્રાંતો પાછા મેળવી, તાપી નદીની દક્ષિણે આવેલા બધા મુલક પર ચોથ તથા સરદેશમુખી* મેળવી.

## શિવાજીનું રાજનૈપુણ્ય.

એક મહાન સૈનિક હોવા ઉપરાંત એક મહાન રાજ્યકર્તા હોવાનું માન પણ શિવાજીને ઘટે છે. પોતાના રાજ્યને એણે એવી સારી રીતે સ્થાપ્યું હતું કે એના મરણ પછી પણ કોઇ જાતની અડચણ વગર એ ચાલુ રહ્યું.

રાજ્યવ્યવસ્થામાં બે મુદ્દાપર એનું મુખ્ય લક્ષ હતું. સૈનિકોને અને અમલદારોને રોકડો પગાર આપવો અને મહેસૂલી ખાતું સીધું પોતાની દેખરેખ નીચે રાખવું.

## અષ્ટપ્રધાન

રાજ્યકાર્યના આઠ ભાગ પાડી તેને આઠ પ્રધાનોને સોંપવામાં આવ્યા; દરેક ખાતા માટે તેણે એકેકો પ્રધાન નીમ્યો, અને તે ખાતા માટે તે જોખમદાર ગણાયો. આઠ વિભાગો નીચે મુજબ હતા:–

---

* આવકનો ચોથો ભાગ છતાયલાં રાજ્યો શિવાજીને આપે અને તેના બદલામાં શિવાજી તે રાજ્યોનો શત્રુઓથી બચાવ કરે એમ ઠર્યું. 'સરદેશમુખી' માટે ચોથા ભાગને બદલે દસમો ભાગ ઠેરવવામાં આવ્યો.

(૧) પંતપ્રધાન (પેશ્વા)—મુખ્ય દિવાનગીરીનું કામ.
(૨) પંતઅમાત્ય—મુલ્કી વસુલાત અને તેના હિસાબનું કામ.
(૩) પંતસચિવ—રાજ્યના તમામ દફતરનું કામ.
(૪) મંત્રી—રાજાના ખાનગી કારભારપર દેખરેખ.
(૫) સુમંત—પરરાજ્ય સાથે પત્રવ્યવહાર.
(૬) સેનાપતિ—લશ્કરની વ્યવસ્થા.
(૭) ન્યાયાધીશ—ટંટાઓનો નિકાલ.
(૮) પંડિતરાવ—ધર્મખાતાની વ્યવસ્થા.

આ અષ્ટપ્રધાનની યોજના ઉત્તમ હતી. હાલમાં બ્રિટિશ શહેનશાહતમાં પ્રધાનમંડળની જે રચના છે તેને મળતી શિવાજીની યોજના હતી.

## શિવાજીનું ચારિત્ર્ય.

હિંમત, સ્વદેશપ્રેમ, અને ચાતુરીથી શિવાજીએ મરાઠા રાજ્યને ઉચ્ચ પદવીએ પહોંચાડયું. એણે ધર્મની બાબતમાં, પછી તે હિન્દુનો હોય કે મુસલમાનનો—જરા સરખીએ હરકત કીધી નથી. પોતે ઉપરાઉપરી જીતો મેળવતો હોવા છતાં કોઈ પણ મસજીદનો એણે નાશ કર્યો નથી. ઉલટું એક વખતે એના હાથમાં કુરાનની એક નકલ આવી પડતાં એણે એ કુરાનને રેશમી કપડામાં લપેટી માનથી યોગ્ય સ્થળે મોકલાવી આપ્યું હતું. શત્રુના સૈનિકો કે અમલદારો કેદ પકડાય તો એમને યોગ્યતા પ્રમાણે માનથી રાખતો. શિવાજીની માતૃભક્તિ એવી પ્રબળ હતી કે માતાની આશિષ મેળવ્યા સિવાય કોઈપણ કાર્યનો આરંભ પોતે કરતો નહિ; અને તેની સાથે એવો તો નીતિવાન હતો કે પરસ્ત્રીને પોતાની માબ્હેન સમાન ગણતો. વળી કાર્યની તેને કદર હતી અને માણસની તેને કિંમત હતી. આવા આવા ઉત્તમ ગુણોને લીધે માવલાઓ પણ તેને પોતાના પ્રાણ સમાન ગણી પૂજતા, અને એ ગુણોથી લોભાઇને જ બધી જાતિના શૂર પુરુષો તેના છત્ર તળે એકઠા થઈ મરાઠી રાજ્ય સ્થાપવામાં તેને મદદ કરી રહ્યા હતા. આજે પણ

શિવાજીના ગુણો માટે અને ખાસ કરી એના સ્વધર્મપ્રેમ માટે હિન્દુસ્તાનના એને હિન્દુ ધર્મનો ઉદ્ધારક ગણે છે. કેટલાક ભાવિકો તો શિવાજીને શંકરનો અવતાર ગણી એની દેવની માફક પૂજા કરે છે.

## ૨. સંભાજી—ઈ. સ. ૧૬૮૦ થી ૧૬૮૯

શિવાજીનો વડીલ પુત્ર સંભાજી વ્યસની અને નાલાયક હતો. પણ લશ્કર સંભાજીના પક્ષમાં હોવાથી તેણે એકદમ રાયગઢ આવી ગાદી લીધી. ગાદીપર આવતાંજ તેણે પોતાની સાવકી માતાને ભૂખમરાથી મારી નાખી. વધુમાં શિવાજીના ચીટણીસને પણ મારી નખાવ્યો. રાજારામને રાયગઢના કિલ્લામાં કેદ કરવામાં આવ્યો. ત્યાર પછી સંભાજીએ અજેય ગણાતો જંજીરાનો કિલ્લો લેવા પ્રયત્ન કર્યો પણ એમાં એને ધારવા જેવો યશ મળ્યો નહિ. ઈ. સ. ૧૬૮૩માં સંભાજી મુગલોની સામે થયો અને મુઆઝીમને હરાવ્યો. એજ અરસામાં મરાઠાઓએ કૂચ કરી બરાનપુરનો નાશ કરી ભરૂચ લૂંટ્યું.

સંભાજીનો મુખ્ય સલાહકાર કલુશા નામનો બ્રાહ્મણ હતો. તે મહા નીચ, પ્રપંચી, અને પાખંડી હતો. એની સોબતમાં સંભાજીને દારૂનું વ્યસન એટલું બધું વધી ગયું કે દિવસે દિવસે તે અધોગતિને માર્ગે જવા લાગ્યો. રાજ્યમાં પણ અવ્યવસ્થા ફેલાવા માંડી. એ પરિસ્થિતિનો લાભ લઈ ઔરંગઝેબે એક દિવસ સંભાજી દારૂમાં ચકચૂર બની બેભાન સ્થિતિમાં પડયો હતો ત્યારે અચાનક છાપો મારી એને કેદ કર્યો. પછી એને દિલ્હી લઇ જવામાં આવ્યો. ત્યાં એને મુસલમાન થવાનું કહેવામાં આવતાં શિવાજીના પુત્રમાં તે વખતે હિન્દુધર્મનું ઝનૂન ઉભરાઈ આવ્યું. પોતાના પ્રાણ સંકટમાં આવી પડેલા હોવા છતાં તેણે પોતાના નામને અને શિવાજીના કુલને કલંક ન લગાડ્યું. ઔરંગઝેબે એને ક્રૂરતાથી રીબાવી રીબાવી આંધળો કરી છેવટે એનો વધ કરાવ્યો. પણ વીર શિવાજીનો એ શૂર પુત્ર છેવટ સુધી ન ડગ્યો. જો કલુશા જેવા નીચ ખવાસના માણસની સોબતમાં સંભાજી ન પડયો હોત તો એનામાં શૌર્ય એટલું હતું કે પોતે મરાઠી રાજ્યને જરૂર દીપાવી શકત.

સંભાજી પકડતાં મરાઠાઓ વિમાસણમાં પડી ગયાં. શત્રુનું બળ વધતું ગયું. એક પછી એક કિલ્લાઓ મુગલો સર કરવા લાગ્યા અને આખરે સંભાજીની પત્ની અને પુત્ર શાહુ પણ મુગલોના હાથમાં સપડાઈ કેદ પકડાયા.

સંજોગો બારીક આવેલા જોઈ શિવાજીની દેખરેખ નીચે તાલીમ લીધેલા કેટલાક શૂર પુરુષોનો સ્વદેશપ્રેમ ઉભરાઇ આવ્યો. એ બહાદુર સરદારો મુગલ સૈન્યને હાંકી કાઢવાની ખટપટ કરવા લાગ્યા. આ વખતે રાજારામ, મુગલો રાયગઢ લે તે પહેલાં કેદમાંથી નાસી છૂટ્યો હતો. તેનો લાભ લઈ મરાઠાઓએ તેને પોતાનો સરદાર બનાવ્યો.

## ૩. રાજારામ–ઈ. સ. ૧૬૮૯ થી ૧૭૦૦

રાજારામ વયે નાનો હતો પણ શિવાજીના ઘણા ગુણો એનામાં ઉતરી આવ્યા હતા. ઉપરાંત એ એવો ઉદાર દિલનો હતો કે સંભાજીનો પુત્ર શાહુ મુગલ દરબારમાં કેદ પકડાયો તેને માટે એણે મરાઠી રાજ્યનો ઝુંડો ફકાવ્યો અને પોતે ગાદીપર બેસવા ના પાડી. બ્રાહ્મણ, મરાઠા, પ્રભુ, વગેરે દરેક જાતિના શૂર નરવીરો એકત્ર થઇ એની સાથે જીંજી જઇ ત્યાંથી મુગલો ઉપર હુમલો કરવાનો મનસુબો કરવા લાગ્યા. ઔરંગઝેબે ઝુલ્ફીકારખાં નામના એક સરદારને જીંજી લેવા મોકલ્યો; પણ સાત વર્ષ સુધી મરાઠાઓએ એને જરા પણ મચક ન આપી.

ઈ. સ. ૧૭૦૦માં ઔરંગઝેબે જે કિલ્લાઓનો મરાઠાઓ પોતાના બચાવમાં ઉપયોગ કરતા હતા તે બધાનો નાશ કરવાનો નિશ્ચય કર્યો; અને પોતે જાતે લશ્કરની સરદારી લઈ બહાર પડયો. શત્રુની આવી મહાન તૈયારી સામે મરાઠાઓ વધારે ટકી શકયા નહિ અને તેમના એક પછી એક કિલ્લાઓ પડવા લાગ્યા. છેલ્લે સતારાનો કિલ્લો પણ બહુ બહાદુરીથી ટકાવી રાખવા છતાં ઔરંગઝેબના હાથમાં ગયો. એજ અરસામાં રાજારામ સિંહગઢમાં મરણ પામ્યો, ઈ. સ. ૧૭૦૦.

## ૪. રાજ્યરક્ષક તારાબાઈ—ઈ. સ. ૧૭૦૦ થી ૧૭૦૮

રાજારામ મરણ પામ્યો અને શાહુ તો હજુ કેદમાં જ હતો તેથી રાજારામની વિધવા તારાબાઇએ પોતાના દસ વર્ષના બાળકને ગાદીનો માલીક ઠરાવી મરાઠી રાજ્યના રક્ષણનું બીડું ઝડપ્યું. પોતાના પ્રાણથી પણ વ્હાલા કિલ્લાઓ પડતાં મરાઠાઓના બચાવનાં સાધનો ભૂંસાં થતાં ચાલ્યાં. કિલ્લાઓનો નાશ થતાં ખાનદેશ, વરાડ, ગુજરાત, વગેરે ઠેકાણે લૂંટફાટ કરી ચોથ અને સરદેશમુખી જેવા કરો ઉઘરાવી મરાઠાઓ સ્વરક્ષણની તૈયારી કરવા લાગ્યા. એમના એ ચીવટભરેલા વર્તનથી ઔરંગઝેબ દિનપરદિન પોતાની કઢંગી સ્થિતિ અનુભવવા લાગ્યો. કિલ્લાઓ પડતાં નવા કિલ્લાઓ ઉભા થવા લાગ્યા. એક મરાઠી સેના વિખરાતાં બીજી સેના બાજે ઠેકાણે એકત્ર થતી ચાલી. મરાઠાઓએ આખો મરાઠા પ્રદેશ તારાબાઈના હુકમથી ઉજ્જડ કરી ઔરંગઝેબને નાના પ્રકારની વિટંબણાઓ ભોગવતો કર્યો. આખરે ઇ. સ. ૧૭૦૫ માં તેના સલાહકારોએ તેને મરાઠાઓ સાથે સુલેહ કરવાની ભલામણ કરી. ઔરંગઝેબ પણ હવે થાકયો હતો તેથી કંગાળી દક્ષિણના છ પ્રાંતો ઉપર મરાઠાની સરદેશમુખીનો હક્ક કબૂલ રાખવા તૈયાર થયો; તેના બદલામાં મરાઠાઓએ દક્ષિણમાં વ્યવસ્થા જાળવવી એવું ઠર્યું. પરંતુ મરાઠાઓને આટલાથી સંતોષ ન થતાં તેમણે પોતાની માગણી વધારી અને એ મસલત પડી ભાંગી.

આવી રીતે પોતાની મુરાદ નિષ્ફળ જતી જોઈ ધૂર્ત ઔરંગઝેબે એક યુક્તિ અજમાવી. શાહુ જે તેના પંજામાં સપડાયલો હતો તેની પાસે મરાઠા સરદારો પર એક પત્ર લખાવી આજ્ઞા કરાવી કે તે બધાઓએ ઔરંગઝેબને શરણે આવવું. પરંતુ મરાઠાઓ આથી છેતરાય એવા કાચા ન હતા.

# પ્રકરણ–૨ જું
# પેશવાઇ સત્તાનો ઉદય

## ૧. શાહુ છત્રપતિ–ઇ. સ. ૧૭૦૮ થી ૧૭૪૮

સંભાજીનો પુત્ર શાહુ પિતાની સાથે જ મુગલોના હાથમાં સપડાયો હતો અને મુગલ દરબારમાં જ લગભગ ૨૧ વર્ષની ઉમર થઇ ત્યાં સુધી રહ્યો હતો.

ઔરંગઝેબનો વિચાર શાહુ ઉપર મહેરબાની કરવાનો ન હતો; પણ પ્રસંગે એનો ઉપયોગ કરી લેવા પોતાની પાસે રાખી ઉછેર્યો હતો. ઔરંગઝેબના મરણ બાદ ઝુલ્ફીકારખાંએ શાહુનો છુટકારો કરાવ્યો, ઈ. સ. ૧૭૦૭.

શાહુનો છુટકારો થતાં જ તેને મરાઠાઓના રાજા તરીકે સ્વીકારવામાં આવ્યો. ઇ. સ. ૧૭૦૮માં શાહુનો રાજ્યાભિષેક થયો. થોડા જ સમયમાં કોલ્હાપુર સિવાયનો બધો પ્રદેશ જે મરાઠાઓના તાબામાં હતો તે તેના તાબામાં આવ્યો. મુગલ શહેનશાહે મરાઠાઓની ચોથ અને સરદેશમુખી કબૂલ રાખી. શાહુની ગેરહાજરીમાં રાજારામના મરણ બાદ તેની વિધવા તારાબાઇએ પોતાના પુત્ર શિવાજીના નામે રાજ્યકારભાર કરવા માંડ્યો હતો. તેથી શાહુ આવતાં મહારાષ્ટ્રમાં બે પક્ષ ઉભા થયા; એક શાહુનો પક્ષ અને બીજો તારાબાઇ અને તેના પુત્રનો પક્ષ.

### શાહુ અને તારાબાઈની ખટપટ

શાહુ અને તારાબાઇ પોતપોતાનો પક્ષ સબળ કરવાને ખટપટ કરી રહ્યાં હતાં. એક બીજાના સરદારોને ફોડવા એ બન્નેનું મુખ્ય કામ થઈ પડયું હતું. શાહુ સતારે હોય ત્યારે તારાબાઇ કોલ્હાપુર જઇ બળવો જગાડે અને શાહુ કોલ્હાપુર આવે ત્યારે તારાબાઇ સતારા જઈ ગડબડ મચાવે. બે ત્રણ વર્ષ એ પ્રમાણે ચાલ્યા પછી કોલ્હાપુરમાં તારાબાઇ

અને સતારામાં શાહુ ઠરીને રહેવા લાગ્યાં. આગળ જતાં તારાબાઇના સાવકા પુત્ર સંભાજીએ તારાબાઇને કેદ કરી શિવાજીને (તારાબાઇના પુત્રને) ગાદી પરથી ઉઠાડી પોતે ગાદી લીધી. આ કાર્યમાં શાહુની પણ અંદરખાને મદદ હતી. એમ થતાં શાહુનો પક્ષ સબળ થવા લાગ્યો. એ પક્ષ સબળ કરવામાં બાલાજી વિશ્વનાથે અત્યંત અગત્યનો ભાગ ભજવ્યો.

## ૨. બાલાજી વિશ્વનાથ–પહેલો પેશવા.

## ઈ. સ. ૧૭૧૪ થી ૧૭૨૦

પેશવાપદ મેળવતાં પહેલાં કારકુનથી તે સરસુબા સુધીની નાની મોટી ઘણી જોખમદારીની નોકરી કરી બાલાજી વિશ્વનાથે રાજ્યકારભારનો સંપૂર્ણ અનુભવ મેળવ્યો હતો. શાહુ છુટી આવ્યો ત્યારે એને ગાદી મેળવવામાં એણે મદદ કરી; અને તારાબાઇ સાથેની ખટપટમાં શાહુનો પક્ષ બળવાન કર્યો ત્યારે જ એને પેશવાપદ શાહુએ ખુશ થઇ આપ્યું. પેશવા થયો ત્યારે તે ૫૩ વર્ષની પાકટ ઉમરનો હતો.

આ વખતે નિઝામ–ઉલ–મુલ્ક દક્ષિણનો સૂબેદાર હતો અને એનો વિચાર મરાઠા રાજ્યમાં ફાટફુટ પડાવી મરાઠી રાજ્યને છિન્નભિન્ન કરી નાખવાનો હતો.

બાલાજીનો વિચાર માંહોમાંહેની લડાઇમાંથી મરાઠાઓનું ચિત્ત ખસેડી લઇ બહાર ચાલી રહેલી ભાંજગડમાં રોકવાનો હતો; એ તક એને તરત મળી ગઇ. રજપૂતો સાથે એને મૈત્રી થઇ અને તેના પરિણામે મરાઠાઓનો પ્રવેશ રજપૂતાનામાં થયો. એજ અરસામાં સૈયદ હુસેન દક્ષિણમાં સૂબો હતો. તેની સાથે લડાઇ થઇ અને એમાં સૈયદનો પરાજય થતાં બાદશાહ સાથે સૈયદ મારફતે કરાર થયા. એ કરાર પ્રમાણે મરાઠાઓનો બધા જીતેલા મુલકમાં ચોથ તથા સરદેશમુખીનો હક્ક કાયમ કરવામાં આવ્યો અને તેના બદલામાં બાદશાહને મરાઠાઓએ જરૂરના પ્રસંગે મદદ કરવી એવો ઠરાવ થયો.

બાલાજીની હોશિયારીથી શાહુ હવે તદ્દન સ્વતંત્ર રાજા કહેવાવા લાગ્યો; આ પ્રમાણે પોતાનું ધાર્યું મુગલ શહેનશાહ પાસે કરાવી બાલાજી સતારે પાછો આવ્યો, ઈ. સ. ૧૭૧૯. સતારે આવ્યા પછી સનદની અંદર આપેલા હકકની ગોઠવણ કરી બાલાજી ઈ સ. ૧૭૨૦માં મૃત્યુ પામ્યો.

### બાલાજી વિશ્વનાથની યોગ્યતા

શાહુ છત્રપતિની વફાદારીથી સેવા કરી તેની મહેરબાનીથી બાલાજીએ પ્રધાનપદ મેળવ્યું. ત્યારબાદ મુગલ દરબારમાં શાહુનો માન-મરતબો વધાર્યો. મરાઠાઓને નવીન કાર્યની દિશા બતાવી એણે મરાઠી સામ્રાજ્યનો પાયો મજબૂત કર્યો.

## પ્રકરણ—૩જું

# પેશવાઈ સત્તાની ચઢતી કળા

### બાજીરાવ પહેલો, બીજો પેશવા; ૧૭૨૦ થી ૧૭૪૦

બાજીરાવનો જન્મ ૧૬૯૮ માં થયો હતો. નાનપણથીજ પિતાની સાથે નાની મોટી અનેક લડાઇ વખતે હાજર હોવાથી તેને રાજ્યનીતિનો સારો અનુભવ હતો. બાલાજી વિશ્વનાથે પોતાના એ બાહોશ પુત્રને સૈયદની મદદે મોકલાવી અનેકવાર એને પોતાની બુદ્ધિનો ઉપયોગ કર-વાની તક આપી હતી. એનું પરિણામ એ આવ્યું કે શાહુને એને માટે એવો સારો અભિપ્રાય બંધાયો કે બાલાજીનું અવસાન થતાં માત્ર પંદર જ દિવસમાં એ યુવાન વયના બાજીરાવને શાહુ છત્રપતિએ પોતાનો મુખ્ય પ્રધાન (પેશવા) બનાવ્યો, ઈ. સ. ૧૭૨૦.

એજ અરસામાં મુગલ શહેનશાહતમાં અવ્યવસ્થા જાગી. સૈયદ બંધુઓ જે અત્યાર સુધી સર્વોપરિ સત્તા ભોગવતા હતા અને મરજીમાં આવે તેને રાજ્યાસન પર બેસાડી ઉઠાડી મૂકતા હતા તેમનો નાશ થયો. એ સૈયદભાઇઓની સત્તા પડી ભાંગતાં નિઝામ બળવાન બન્યો. આ બધી ખટપટમાં, ચોથ સરદેશમુખી વગેરેની વ્યવસ્થા કરવામાં અને બધા સરદારો ને પ્રધાનો પર પોતાનો દાબ બેસાડવામાં બાજીરાવનાં ૨૦ વર્ષ ગયાં.

બાજીરાવનાં શરૂઆતનાં સાતઆઠ વર્ષો નિઝામનાં કારસ્થાનોનો નાશ કરવામાં રોકાયાં. મરાઠાઓને ચોથ અને સરદેશમુખી ઉઘરાવવા ફાવે તો ઠેકાણે ફરી વળતા અટકાવવાના વિચારથી નિઝામે શાહુને કેટલોક પ્રદેશ કાયમનો આપી મરાઠાઓની પ્રવૃત્તિ ઉપર અંકુશ મૂકવા જણાવ્યું. પ્રતિનિધિ વગેરેની સલાહથી શાહુએ, બાજીરાવ સખ્ત વિરૂદ્ધ હોવા છતાં એ સૂચના કબૂલ રાખી.

નિઝામ ઘણો કાવાબાજ હતો. તેણે આ પ્રમાણે શાહુ પાસે કબૂલ કરાવી પૂરતો બંદોબસ્ત મરાઠી સરહદપર રાખી, મરાઠા રાજ્યમાં ફાટફુટ પડાવવાનો માર્ગ લીધો. કોલ્હાપુરના સંભાજીને ઉશ્કેરી શાહુના ચોથ અને સરદેશમુખીના હક્ક માટે તકરાર ઉભી કરાવી. વળી જ્યાં સુધી એ તકરારનો નિકાલ ન આવે ત્યાં સુધી પોતે ચોથ વગેરે કોઇને પણ નહિ આપશે એમ શાહુને જણાવ્યું.

આ પ્રસંગ આવતાં શાહુને પોતાની ભૂલ સમજાઈ. તરત જ તેણે બાજીરાવને નિઝામને ઠેકાણે લાવવા હુકમ કર્યો. હુકમ મળતાં જ બાજીરાવ ઠેકઠેકાણે શત્રુને એવા તો પેચમાં સપડાવતો ચાલ્યો કે નિઝામને પોતે ભરેલું પગલું હવે ભારે પડવા લાગ્યું. આખરે બાજીરાવ આગળ તેનું કાંઈ ન ચાલવાથી તહ કરવાની ફરજ પડી.

## સેનાપતિ દાભાડે સાથે બાજીરાવની તકરાર

ગુજરાતની ચોથ વગેરે ઉઘરાવવાનો હક્ક દાભાડે સેનાપતિનો હતો. બાજીરાવે મુગલોને હરાવી ગુજરાતમાંથી ચોથ વગેરે ઉઘરાવી. આથી

દાભાડેને ખોટું લાગ્યું અને તે બાજીરાવ વિરુદ્ધ નિઝામ સાથે છુપી મસલત કરવા લાગ્યો. તેને સમજાવી શાહુ પાસે લઈ આવવો એ ઈરાદાથી બાજીરાવ તેની પાસે ગયો પણ દાભાડે સામે થયો. લડાઇ થતાં દાભાડેનો અંત આવ્યો.

### જંજીરા ઉપર ચઢાઈ

જંજીરાનો હબશી હિન્દુઓને અત્યંત ત્રાસ આપતો હોવાથી તેના ઉપર બાજીરાવે ચઢાઇ કરી. પણ મોટામોટા મરાઠાઓ એક બીજાની અદેખાઇ કરતા હોવાથી ધાર્યો જેવો ફાયદો એ ચઢાઇથી થયો નહિ. તેથી થોડોક પ્રાંત સર કરી હબશી સાથે સલાહ કરી બાજીરાવ પાછો ફર્યો.

### વસઇનો કિલ્લો સર કર્યો

પોર્ચુગીઝ લોકોના હાથમાં સાષ્ટી તથા વસઇ વગેરે સ્થળો હોઇ તેઓ ઘણાજ અભિમાની બન્યા હતા. હિન્દુ ઉપર તેઓ એવો ત્રાસ ગુજારતા હતા કે તેમને ધર્મકાર્ય વગેરે પણ જાહેરમાં કરવા દેતા નહિ. એમની ફરિયાદ બાજીરાવ આગળ આવતાં ચીમનાજી આપાને બાજીરાવે લશ્કર આપી રવાના કર્યો; એ વીર પુરૂષે આખો કિનારો સર કરી ઘણીજ બહાદુરીથી લડી પોર્ચુગીઝનો મદ ઉતાર્યો.

### બાજીરાવની દિલ્હી ઉપર ચઢાઈ, ઈ. સ. ૧૭૩૨

આ બધી લડાઈમાં બાજીરાવને કરજના ભારે બોજામાં આવવું પડયું. તેણે બાદશાહ પાસે બાદશાહી મુલકમાંથી ચોથ અને સરદેશમુખીની માગણી કરી. બાદશાહે નિઝામ વગેરેને મદદમાં બોલાવી મરાઠા ઉપર ચઢાઇ કરી. એ લડાઇમાં બાજીરાવે બાદશાહી લશ્કરને હરાવી ચોથ વગેરેનો હક્ક કાયમ કરાવ્યો. ભોપાળ આગળ નિઝામને ઘેરી તેને તહ કરવાની ફરજ પાડી અને માળવા વગેરે પ્રાંતો બાજીરાવને અપાવવાની કબૂલત મેળવી. મુગલ શહેનશાહ સાથે છેલ્લી સુલેહ ૧૭૩૮માં થઇ. ગ્વાલીઅર, ઉજ્જન, વગેરે પ્રાંતો મરાઠાઓને કાયમના મળ્યા.

## મરાઠી રાજ્યનો ફેલાવો

બાજીરાવ અત્યંત બાહોશીથી રાજ્યકારભાર ચલાવી રહ્યો હતો. મોજીલા શાહુએ બધો ભાર તેના ઉપર નાખી સઘળી સત્તા તેને જ સોંપી દીધી હતી. બાજીરાવના વખતમાં વડોદરામાં ગાયકવાડ, ગ્વાલીઅરમાં સિંધિયા, ઇંદોરમાં હોલ્કર અને નાગપુરમાં ભોંસલે પોતપોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપી રહેવા લાગ્યા. આમ છતાં પેશવાને એટલે સતારાની ગાદીને મુખ્ય સત્તા ગણવાનું તેઓએ ચાલુ રાખ્યું.

## બાજીરાવનું ચારિત્ર્ય

બાજીરાવ એક વિચક્ષણ અને બાહોશ પુરુષ હતો. લશ્કરી તથા મુલ્કીખાતાનો એને નાનપણથી જ અનુભવ હતો. સ્વભાવે હોંશીલો તથા નિષ્કપટી હતો. થાક અને ભય એનાથી દૂર નાસતાં અને જઠરાગ્નિનો એવો પ્રબળ હતો કે ચાલતાં ચાલતાં કાચા ને કાચા કણસલા તોડી હથેળીમાં મસળી ખાઈ જતો ને પચાવતો. એના સમયમાં મરાઠી રાજ્યનો ઘણો વિસ્તાર થયો. મરાઠી સરદારોમાં સંપ જળવાઇ રહે એ હેતુથી ગાયકવાડ, સિંધિયા, હોલ્કર, ભોંસલે વગેરેને જુદા જુદા પ્રદેશો સોંપવામાં આવ્યા. આ વ્યવસ્થા બાજીરાવની દીર્ઘદષ્ટિનું પરિણામ છે. મરાઠાઓમાં જે બુદ્ધિશાળી પુરુષો થઇ ગયા તેમાં શિવાજી પછી બીજે નંબરે બાજીરાવ આવે છે.

# પ્રકરણ-૪ થું

# પેશવાઈ સત્તાનો મધ્યાહ્ન

## ૧. બાલાજી બાજીરાવ, ત્રીજો પેશવા, ૧૭૪૦ થી ૧૭૬૧

બાજીરાવ નર્મદા કાંઠે ઈ. સ. ૧૭૪૦ માં મરણ પામતાં તેનો જ્યેષ્ઠ પુત્ર બાલાજી બાજીરાવ પેશવાપદ પર આવ્યો. તેનો જન્મ ૧૭૨૧માં થયો હતો. પિતાની માફક તે નાનપણથી જ સતારા વગેરે ઠેકાણે સવારી વખતે અનેક પ્રસંગે હાજર રહેતો.

### બાલાજી અને રઘુજી ભોંસલે વચ્ચે ચકમક

બાજીરાવના મરણ પછી તેના પુત્ર બાલાજીને પેશવાપદ ન આપતાં બાબુરાવ નાયકને આપવું એવી રઘુજી ભોંસલેએ ખટપટ કરવા માંડી. બાજીરાવના મરણના સમાચાર મળતાં જ તે એકદમ સતારે દોડી આવ્યો. આમ કરવામાં રઘુજીનો મુખ્ય ઉદ્દેશ બાલાજીને પેશવાપદ ન મળે તો આગળ જતાં પોતાના પુત્રને સતારાની ગાદી મળવાનો સંભવ રહે એ હતો. પરંતુ તેની ખટપટ વ્યર્થ ગઈ અને શાહુ છત્રપતિએ બાજીરાવના મરણ બાદ બે મહિનામાંજ બાલાજીને પેશવાપદ આપ્યું. રઘુજી ભોંસલે પોતાની યુક્તિમાં ન ફાવ્યો તો પણ તે એટલો બળવાન હતો કે પેશવાના દરેક કાર્યમાં નડતર કરવા લાગ્યો. તેથી રઘુજી સામે બાલાજી લશ્કર લઈ ગયો અને સખત હાર આપી. રઘુજીએ સલાહ કરવાની ઇચ્છા દર્શાવી એટલે બાલાજીએ પણ રઘુજીને પોતાના પક્ષમાં ખેંચી તેને બંગાળા, બિહાર અને ઓરિસા ઉપર ચોથ મેળવવાનો હક્ક આપ્યો, ૧૭૪૩.

### શાહુ છત્રપતિનું મૃત્યુ, ૧૭૪૮

૧૭૪૮માં શાહુ મરણ પામ્યો. શાહુને પુત્ર ન હોવાથી તેની હયાતીમાં જ કોને દત્તક લેવો એ સંબંધી કેટલાંક વર્ષોથી ભાંજગડ


ચાલતી હતી. કોલ્હાપુરના સંભાજીને પણ પુત્ર ન હોવાથી તેને ગાદી ન આપતાં કોઈ બીજાને દત્તક લેવાનો વિચાર થતો હતો; પરંતુ શાહુના જીવતાં જ કોલ્હાપુરના સંભાજીનો સાવકો ભાઇ શિવાજી જેને પન્હાલાના કિલ્લામાં કેદ કરવામાં આવ્યો હતો અને જે ત્યાં જ મરણ પામ્યો હતો તેનો પુત્ર રામરાજા હજુ જીવતો હતો એવી ખબર મળી. ખાતરી થતાં રામરાજાને બોલાવવામાં આવ્યો અને તેને ગાદી સોંપવામાં આવી.

## શાહુનું ચારિત્ર્ય

૧૭૦૭થી ૧૭૪૮ સુધી રાજ્ય કરી મરાઠાશાહીનો ફેલાવો તેણે આખા હિન્દુસ્તાન ઉપર કર્યો. શાહુમાં ગમે તેવા દોષ હોય તોપણ મરાઠી રાજ્યમાં શિવાજી મહારાજ પછી જો કોઇ વીર પુરુષ થયો હોય તો તે શાહુ જ હતો. નસીબના ખેલ જેટલા તેણે અનુભવ્યા તેટલા ભાગ્યે જ કોઇએ અનુભવ્યા હશે. નાનપણમાં પિતાની સાથે જંગલ વગેરે ઠેકાણે તે રહ્યો. આઠ વર્ષની ઉમરે મુગલસૈન્યના હાથમાં પોતાની માતા સાથે કેદ પકડાયો. મુગલદરબારમાં સત્તર વર્ષ કાઢ્યાં અને તેથી મુગલદરબારના એશઆરામના મોજીલા ગુણો તેનામાં આવ્યા. ૧૭૦૭થી ૧૭૧૪ સુધી નાના પ્રકારની રાજ્યખટપટમાં સમય પસાર થયો. પછી બાલાજી વિશ્વનાથ જેવો રાજ્યહિતેચ્છુ પેશવા મળતાં રાજ્યકારભાર તેને સોંપી એ સ્વસ્થતા ભોગવવા લાગ્યો. શાહુ દિલદાર, ભોળો, પરોપકારી, દાતાર, વ્યવહારચતુર અને સદાચરણી હતો. તેથી છેવટ સુધી તેની પ્રજા તેને અત્યંત ચાહતી હતી.

## મરાઠાઓની જીતો, ૧૭૫૧-૧૭૬૦

૧૭૫૧-૧૭૬૦ સુધીનો સમય મહારાષ્ટ્રને માટે અત્યંત લાભદાયક નીવડયો. એ અરસામાં મરાઠા સરદારોએ મોટી મોટી જીતો મેળવી મરાઠા રાજ્યનો વિસ્તાર આખા હિન્દુસ્તાનની અંદર કર્યો. રઘુજી ભોંસલેએ ઓરિસા અને બંગાળા લૂંટયું અને નિઝામ પાસેથી કટક અને બાલાસોર


હિંદુસ્તાન
૧૭૫૨
-નું-
રજપુત
મરાઠા
નીઝામ
નું
અરબી
સમુદ્ર
બંગાળા
નો
ઉપસાગર

મોકલ્યાં. હોલ્કરે બુંદેલખંડ જીત્યું અને ઝાંસીની સ્થાપના કરી. દામાજી ગાયકવાડે અમદાવાદ જીત્યું અને પેશવાએ માઇસોર અને કર્ણાટક પર ચઢાઇ કરી ખંડણી લીધી.

## ઉદ્‌ગીરની લડાઈ

નિઝામ–ઉલ–મુલ્ક મરણ પામતાં તેના પુત્રો વચ્ચે ગાદી માટે તકરાર ઉભી થઈ. મરાઠાઓને દોલતાબાદ, આસીરગઢ, બીજાપુર અને ઔરંગાબાદ આપી સલાબતજંગે સલાહ કરી. ૧૭૬૦ માં પેશવાએ અહમદનગર પર ચઢાઇ કરી તેથી સલાબતજંગ સામે થયો. તેને ઉદ્‌ગીર આગળ એવી તો હાર ખવડાવી કે નિઝામને સલાહ કરવાની જરૂર પડી. આ ઉદ્‌ગીરની પ્રખ્યાત લડાઇથી મરાઠાઓને જુન્નર, શિવનેર, ત્રિંબક, મુલ્હેરનગર, અશીરગઢ, બીજાપુર અને ૬૨ લાખ રૂપીઅ.ની જાગીરી જેટલો પ્રદેશ મળ્યો. આ લડાઇથી નિઝામનું લગભગ આખું રાજ્ય મરાઠાઓના હાથમાં આવ્યું.

## પાણીપતનું યુદ્ધ, ૧૭૬૧

અહમદશાહ અબદલીએ ૧૭૫૨માં પંજાબ જીતી લીધું હતું. તેની ગેરહાજરીમાં ૧૭૫૮માં રાઘોબાએ પંજાબપર ચઢાઇ કરી તે સર કર્યું. એ દરમિયાન અબદલી કંઇ આળસુ થઇ બેઠો ન હતો. તે આ સમાચાર મળતાં જ હિન્દુસ્તાન પર ચઢી આવ્યો. આ વાતની ખબર મળતાં સદાશિવરાવભાઉ ઘણા જ હર્ષમાં આવી ગયો. પેશવાના પુત્ર વિશ્વાસ-રાવને લઇ દક્ષિણમાંથી અબદલી સાથે લડવા તેણે કૂચ કરી. રસ્તામાં ઇબ્રાહીમ ગાર્દી, હોલ્કર, ગોવિંદપંત, સુરજમલ, સિંધિયા વગેરે ઘણા સરદારો લશ્કર લઇ તેને મળ્યા. બન્ને લશ્કરોએ ઇતિહાસમાં પ્રખ્યાત થયલા પાણીપતના મેદાનમાં છાવણી નાખી. ભાઉએ કરેલી મરાઠા લશ્કરની છાવણીની ગોઠવણ કસાએલા મલ્હારરાવ હોલ્કર અને સુરજમલ જાટને પસંદ ન પડી; જો કે ભાઉ વીર પુરૂષ હતો તો પણ તે

અભિમાની હતો તેથી એવું ધારતો કે યુદ્ધ કળામાં હું સર્વોપરી છું. તેણે આ બહાદુર કસાએલા યોદ્ધાની સલાહ ન માનતાં ઉલટું તેનું અપમાન કર્યું. તેથી સુરજમલ પોતાનું લશ્કર લઈ ચાલ્યો ગયો. આથી લશ્કરમાં બેદિલી ફેલાઈ. રોજ છુટીછવાઇ લડાઇ ચાલતી. બન્ને પક્ષના ઘણા માણસો મરણ પામતા પણ મરાઠાઓ દક્ષિણથી ઘણે દૂર આવેલા હોવાથી ખોરાકનો યોગ્ય બંદોબસ્ત કરી શકતા ન હતા.

આખરે એમ જણાવા લાગ્યું કે ભૂખમરાથી સૈન્યનો નાશ થશે તેથી ૧૨ મી જાનેવારી ૧૭૬૧ ના દિવસે મરાઠાઓએ છાવણી છોડી ધસારો કર્યો. શરૂઆતમાં મરાઠાઓને જય મળશે એવા ચિહ્નો દેખાવા લાગ્યાં. ગાર્દીએ કમાલ કરી રોહિલાઓને કાપી કાઢયા. ભાઉએ સુજાઉદ્દૌલા અને અફ્ઘાન વજીરને તોબા પોકરાવી. સિંધિયાએ પોતાનું શૌર્ય બતાવી અબદલ્લીના લશ્કરને ખેદાનમેદાન કર્યું. પણ છ કલાકની લાંબી લડાઈ પછી મરાઠાઓને ભૂખનું દુઃખ થવા લાગ્યું. જેવા મરાઠાઓ ભૂખથી નબળા પડવા લાગ્યા કે અબદલ્લીએ પોતાનું તાજું લશ્કર હુમલો કરવા રવાના કર્યું. એ તાજા લશ્કર આગળ મરાઠા સૈન્યની હાર તૂટી. ભાઉ પડયો. વિશ્વાસરાવ કપાયો. મલ્હારરાવ હોલકર તથા મહાદજી સિંધિયા જીવ લઇ નાસી છૂટયા. લગભગ બે લાખ મરાઠાઓ એ રણમાં હોમાયા. નાસી છૂટેલા કેટલાકે પાણીપત શહેરનો આશ્રય લીધો પણ બીજે દિવસે ક્રૂર અફ્ઘાનોએ તેમને રિબાવી રિબાવી મારી નાખ્યા અને સ્ત્રી બાળકોને ગુલામ તરીકે વેચી નાખ્યા. એ લડાઇ સંબંધી એક પત્ર એક વેપારીએ પોતાના દક્ષિણના દલાલને લખ્યો તે નીચે પ્રમાણે હતોઃ

"બે અમૂલ્ય મોતીઓ ગૂમ થયાં છે, સત્તાવીસ સોના મહોર ખોવાઇ ગઇ છે, અને રૂપાના અને ત્રાંબાના સિક્કા એટલા બધા ગયા છે કે તેનો સરવાળો કરી શકાતો નથી."

બે મોતી તે ભાઉ અને વિશ્વાસરાવ, સોનાના સિક્કાઓ તે મરાઠા સરદારો અને ત્રાંબા તથા રૂપાના સિક્કા તે સિપાઇઓ. આ પત્ર લઇ

જતો કાસદ દક્ષિણમાંથી મદદે દોડી આવતા બાલાજીને નર્મદા ઓળંગતા મળ્યો. એ વાંચતાં જ તેણે પોતાનો હાથી પાછો પૂના તરફ ફેરવ્યો. આથી એને એવો સખત આઘાત લાગ્યો કે તે થોડા જ દિવસમાં મરણ પામ્યો. માત્ર ત્રણ જ મોટા સરદારો બચ્યા; મલ્હારરાવ હોલ્કર, લંગડો થયલો મહાદજી સિંધિયા અને નાના ફડનવીસ. બાકીના બધા કપાઇ મૂઆ. મહારાષ્ટ્રમાં એક પણ એવું ઘર ન હશે કે જ્યાં રડારોળ ન ચાલી હોય.

## ૨. માધવરાવ, ચોથો પેશવા, ૧૭૬૧–૧૭૭૨

બાલાજી પછી તેનો પુત્ર, અને પેશવાઓમાં અત્યંત શૂરો માધવરાવ ૧૭ વર્ષની ઉમરે પેશવાપદ પર આવ્યો. ઉમર નાની હોવાથી તેનો કાકો રઘુનાથરાવ ઉર્ફે રાઘોબાદાદા તેનો રક્ષક નિમાયો.

### મરાઠાઓની જીત

મ્હૈસૂરનું રાજ્ય પચાવી પાડનાર હૈદરઅલીની સત્તા આ વખતે વિશેષ વધતી જતી જોઇ તેને દાબી દેવાને માધવરાવ પેશવાએ રાઘોબા દાદાની સરદારી નીચે એક લશ્કર મોકલ્યું. એ વખત સખત હારી જવાથી હૈદરે ૩૨ લાખ રૂપીઆ અને મ્હૈસૂરની સરહદપરનો તેનો જીતેલો મુલક આપી મરાઠાઓને પાછા વાળ્યા. પણ બીજે જ વર્ષે તેણે પાછી સામે થવાની તૈયારી કરવા માંડતાં માધવરાવે રાજ્યની લગામ પોતાના હાથમાં લીધી. રાઘોબા પેશવાની સ્વતંત્રતાની આડે આવતો હતો અને કોઇ પણ કાર્ય તેને તેની મરજી પ્રમાણે કરવા દેતો ન હતો તેથી તેને કેદ કરવામાં આવ્યો. પછી પેશવાએ અંગ્રેજ અને નિઝામ સાથે સલાહ કરી હૈદર પર ચઢાઇ કરી; પણ હૈદરે ૩૫ લાખ રૂપીઆ અને કેટલોક મુલક આપી માધવરાવને પાછો કાઢયો. એજ અરસામાં હોલ્કર અને સિંધિયાએ પેશવાના હુકમથી રજપૂતાના અને જાટ મુલકપર ચઢાઇ કરી ચોથ ઉઘરાવી રોહિલખંડ લૂંટયું. વિસાજી કૃષ્ણ નામના મરાઠા સરદારે બાદશાહ શાહઆલમને અંગ્રેજનું રક્ષણ છોડી મરાઠારક્ષણ નીચે આણ્યો.

આ પ્રમાણે મરાઠાઓ દિલ્હીમાં પોતાની સત્તા ફરીથી જમાવવા લાગ્યા. પરંતુ તેમને કમનસીબે માધવરાવ પેશવા ક્ષયની બીમારીથી મરણ પામ્યો.

### માધવરાવનું ચારિત્ર્ય અને એનો રાજકારભાર

માધવરાવ ઘણો જ બાહોશ અને હિંમતવાન પુરુષ હતો. તેણે પોતાનું ડહાપણ અને ચાલાકી, શત્રુઓને દાબી દેવામાં બહુ સારી રીતે બતાવી આપ્યાં છે. તે ઉપરાંત તેણે રામશાસ્ત્રી, નાના ફડનવીસ વગેરે યોગ્ય માણસોને પોતાના સલાહકાર નિમી પોતાની બુદ્ધિનો પણ ઘણો સારો પરિચય આપ્યો છે. એણે વેઠ કાઢી નાખી રૈયતને ઘણો ફાયદો કર્યો. એનું અકાલ મૃત્યુ થતાં મરાઠી રાજ્યને એની હિંમતનો વિશેષ લાભ ન મળ્યો. પાણીપતની હારથી જેટલું મરાઠાઓને નુકસાન ન થયું તેટલું નુકસાન એના અકાલ મૃત્યુથી થયું.

## પ્રકરણ-૫ મું

# પેશવાઈ સત્તાની ઉતરતી કળા

### ૧ નારાયણરાવ, પાંચમો પેશવા

ક્ષયની બીમારીથી પીડાતા માધવરાવ પેશવાને લાગ્યું કે હવે તે વધારે દિવસ જીવી શકે એમ નથી, તેથી તેણે રાઘોબાદાદાને નજરકેદમાંથી છૂટા કરી તેને પોતાના નાના ભાઇ નારાયણરાવની સંભાળ લેવાનું સોંપ્યું.

કાકાભત્રિજા વચ્ચે થોડોક વખત ઠીક સંપ રહ્યો પણ કુટુંબની માંહોમાંહેની તકરાર તથા અંધાધુંધીમાં નારાયણરાવ પેશવાનું ખૂન થયું. રાઘોબાનો એમાં હાથ હોવાનો પ્રથમ શક આવ્યો પણ પુરાવાના અભાવે તેને નિર્દોષ ઠરાવી પેશવાપદ તેને આપવું એવો પ્રધાનોએ વિચાર કર્યો.

નારાયણરાવનું ખૂન થતાંની સાથે જ રાઘોબાએ પોતાને પેશવા તરીકે જાહેર કર્યો અને મરાઠાઓને એ વાત વિસારે પડે એ હેતુથી નિઝામ ઉપર ચઢાઇ કરી, તેને હરાવી વીસ લાખ રૂપીઆ લઇ સલાહ કરી. પેશવાપદ પચ્યું એમ જ્યારે એ વિચાર કરતો હતો તે વખતે નારાયણરાવની વિધવા રાણી (જે પતિના સ્વર્ગવાસ વખતે સગર્ભા હતી) ને પુત્ર પ્રસવના સમાચાર આવ્યા. આ સમાચાર પછી તેણે કેટલાક સરદારોને પોતાના પક્ષમાં લેવા માંડયા. પણ સખારામ બાપુ અને નાના ફડનવીસ તેમજ થોડાક બીજા મરાઠા સરદારોએ એ બાળરાજાનો પક્ષ લીધો અને તેને પેશવાની ગાદીપર બેસાડી તેના નામથી રાજ્યકારભાર કરવાની શરૂઆત કરી.

રાઘોબાએ લશ્કરની મદદથી પેશવાપદ લેવાનો નિશ્ચય કર્યો અને મોટું લશ્કર લઈ પૂને ચઢી આવ્યો; પણ ત્યાં આગળ પરાજય પામતાં નાઠો અને ઇંદોર જઇ હોલ્કર અને સિંધિયા પાસે મદદની માગણી કરી. બન્નેએ તેનો પક્ષ લેવાનું કબૂલ કર્યું એટલે રાઘોબાએ ગુજરાતમાં આવી ગાયકવાડની મદદ માટે પણ માગણી કરી.

## ૨. માધવરાવ નારાયણ, છઠ્ઠો પેશવા, ૧૭૭૨ થી ૧૭૯૫

નારાયણરાવ પછી તેનો પુત્ર માધવરાવ પેશવાપદ પર આવ્યો. પણ રાઘોબા એને નારાયણનો ખરો પુત્ર ન ગણતાં પોતાને માટે ખોટો હરીફ ઉભો કરેલો ગણવા લાગ્યો. આથી સિંધિયા, હોલ્કર, ગાયકવાડ વગેરેની મદદ માટે વચન મેળવી તેણે અંગ્રેજોને મદદે આવવા લખ્યું.

## પહેલો મરાઠી વિગ્રહ, ૧૭૭૪–૧૭૮૨

રાઘોબા પાસેથી સાષ્ટી તથા વસઇ લેવાની શરતે અંગ્રેજોએ મદદ કરવાનું વચન આપ્યું. આને સુરતનો કરાર કહેવામાં આવે છે. મુંબાઇની કાઉન્સીલે રાઘોબાને પેશવાની ગાદી ઉપર બેસાડવા પૂના તરફ લશ્કર રવાના કર્યું. મુંબઇ સરકારે આ પગલું બંગાળા સરકારની પરવાનગી વગર

ભર્યું હતું. નવા નિયામક ધારા (રેગ્યુલેટિંગ એક્ટ) પ્રમાણે મુંબઇને બંગાળાના ગવર્નર જનરલના તાબા હેઠળ મૂક્યું હતું. આ વખતે ગવર્નર હેસ્ટિંગ્સ હતો. તેને આ લડાઈમાં ઉતરવાનું ઠીક ન લાગવાથી પોતાની સંમતિ સિવાય ભરેલા પગલાને માટે મુંબઇ કાઉન્સીલને ઠપકો આપી લશ્કર પાછું બોલાવી લેવા ફરમાવ્યું; વધુમાં રાઘોબાનો પક્ષ છોડી દેવા જણાવ્યું; પરંતુ તે હુકમ આવે તે પહેલાં મુંબઇનું લશ્કર નીકળી ચૂક્યું હતું. તેણે પૂનાના લશ્કરને ખંભાતના અખાતપર આવેલા આરાસ આગળ ૧૭૭૫માં હરાવ્યું. એટલામાં હેસ્ટિંગ્સે લડાઇ બંધ કરાવી અને પૂના-રાજરક્ષક મંડળ સાથે સલાહ કરી. પુરંદર આગળ ૧૭૭૬ના માર્ચની પહેલીએ આ કરાર થયો. આ કરારથી એવું ઠર્યું કે અંગ્રેજોએ રાઘોબાનો પક્ષ છોડી દેવો અને તેના બદલામાં સાષ્ટી બેટ અંગ્રેજોને આપવો.

મુંબઇ સરકારને આ તહ પસંદ ન પડવાથી ઇંગ્લાંડમાં બોર્ડ ઓફ ડાયરેક્ટર્સને એ હકીકત લખી જણાવવામાં આવી. બોર્ડે પુરંદરનો તહ નાકબૂલ કરી સુરતનો કરાર કાયમ રાખ્યો અને રાઘોબાને મદદ આપવા લખી જણાવવામાં આવ્યું. આખરે લડાઇ થઇ તેમાં અંગ્રેજો હાર્યા અને વડગામ આગળ પોતાનાં હથિયાર મરાઠાઓને સોંપી શરણે આવ્યા. પરંતુ મુંબઇ સરકારે વડગામ મુકામે થયલા કરાર સ્વીકાર્યા નહિ. આથી લડાઇ પાછી શરૂ થઇ. આખરે સાલબાઈ આગળ ૧૭૮૨ માં કરાર થયા.

### સાલબાઈના કરાર, ૧૭૮૨.

એ કરાર પ્રમાણે ઠર્યું કે પુરંદરના ઠરાવ પછી અંગ્રેજોએ જે મુલક છત્યો હોય તે પાછો સોંપી દેવો, નારાયણના પુત્ર માધવરાવને પેશવા તરીકે કબૂલ રાખવો, રાઘોબાનો પક્ષ છોડી દેવો; તેના બદલામાં મરાઠાઓએ સાષ્ટી, એલીફન્ટા વગેરે બેટ અંગ્રેજોને આપવા અને રાઘોબાને ત્રણ લાખનું વર્ષાસન બાંધી આપી તેની મરજી હોય ત્યાં રહેવા દેવો. આ પ્રમાણે પહેલા મરાઠાવિગ્રહનો અંત આવ્યો.

## મહાદજી સિંધિયા

સાલબાઇના કરાર પછી મહાદજી સિંધિયા વગસગવાળો મહાન સત્તાધીશ થઈ પડયો અને પેશવાથી પણ સ્વતંત્ર થયો. ૧૭૮૫માં તેણે દિલ્હી જઇ બાદશાહ પાસેથી બે સનંદો મેળવી. એકમાં પેશવાને બાદશાહના પ્રતિનિધિ તરીકે કબૂલ રાખવામાં આવ્યો અને બીજી સનંદ મુજબ પેશવાની ગેરહાજરીમાં તેવા પ્રતિનિધિ તરીકે સિંધિયાની નિમણૂક હતી. ભારે દબદબાથી એ સનંદ અને વસ્ત્રો આપવાને સિંધિયા પૂના જવા ઉપડયો. પૂનામાં એક મોટો જંગી દરબાર ભરી એ સનંદ તથા વસ્ત્ર આપવાનો સમારંભ થયો. ત્યાં સિંધિયાનો ઘણો આદર સત્કાર થયો. પેશવાએ પણ તેને પોતાની પાસે ગાદી ઉપર બેસાડી બહુ માન આપ્યું. એ અરસામાં ગુલામકાદીરે બાદશાહની આંખો ફોડી નાખી; પણ સિંધિયાએ ગુલામકાદીરને સખ્ત હાર આપી નસાડયો. નાસતો ગુલામકાદીર મરાઠાઓના હાથમાં સપડાયો અને બાદશાહની આંખ ફોડવાનું વેર લેવા માટે સીપાઇઓએ એની જીભ કાપી નાખી. સિંધિયા પછી દિલ્હી આવ્યો અને આંધળા શાહઆલમને પાછો ગાદીપર બેસાડયો.

સિંધિયાની સ્થિતિ સુધરતી હતી અને દિવસે દિવસે તેનું જોર વધતું જતું હતું. એણે હવે પૂને જઇ પોતાની સત્તા જમાવવાનો વિચાર કર્યો. એટલામાં ઓચિંતું એનું મૃત્યુ થયું.

સિંધિયાના મરણથી મરાઠીસત્તાને સખત ફટકો લાગ્યો. જ્યારે એ પ્રથમ ઉત્તર હિન્દુસ્તાનમાં આવ્યો ત્યારે બધે અંધાધુંધી ચાલતી હતી. એણે ઠેકઠેકાણે સુવ્યવસ્થા દાખલ કરી. એ મહાન મુત્સદ્દી અને અસાધારણ સૈનિક હતો. મૃત્યુ પહેલાં તેણે પોતાની પછી દોલતરાવ સિંધિયાને ગાદી આપવા ઇચ્છા જણાવી હતી, અને એના તરફ બધાનો એવો પૂજ્યભાવ હતો કે તેની ઇચ્છાને માન આપી ૧૫ વર્ષની ઉમરના દોલતરાવને કશો પણ વાંધો સિવાય ગાદી ઉપર બેસાડવામાં આવ્યો.

## નિઝામ સાથે યુદ્ધ અને ખર્ડાની સુપ્રસિદ્ધ લડાઈ, ૧૭૯૫

નાના ફડનવીસે નિઝામ પાસે ચઢેલી ખંડણી માટે માગણી કરી. માગણી થતાં જ નિઝામ લશ્કર લઈ પૂને આવવા નીકળ્યો. તેની સામે ટક્કર ઝીલવા સિંધિયા, ગાયકવાડ, હોલ્કર, ભોંસલે વગેરે નાના મોટા બધા સરદારો પોતપોતાનું લશ્કર લઇ આવ્યા. મરાઠી સામ્રાજ્યનો વિજયી વાવટો છેલ્લી વખતે સામ્રાજ્યના બધા સરદારોના લશ્કરપર ઉડવા લાગ્યો; નિઝામ સાથે સખત લડાઇ થઇ અને તેને કુર્દલા અથવા ખર્ડાના કિલ્લામાં ભરાઇ બેસવું પડયું. આખરે એ પ્રસિદ્ધ કુર્દલા આગળ નિઝામને તાબે થવું પડયું અને ત્રણ કરોડ રૂપીઆની ચઢેલી ખંડણી તથા તાપીની દક્ષિણથી પુરંદર સુધીનો બધો મુલક આપવો પડયો.



### પેશવા માધવરાવનું મરણ, ૧૭૯૫

મરાઠાઓની આવી અસામાન્ય જીતે તેમને ફરીથી આખા દક્ષિણ-પ્રાંત અને તે ઉપરાંત સર્વ હિન્દુસ્તાનપર સત્તા જમાવવાનો સુયોગ આણી આપ્યો; પણ મરાઠાઓના નસીબમાં એ જીતનો લાભ વધારે વાર લેવાનો ન હતો. એકાએક એક રાત્રે માધવરાવ પેશવા જે નાના ફડનવીસની દેખરેખ હેઠળ ઉછરતો હતો અને જેને રાઘોબાના પુત્ર બાજીરાવ સાથે અતિશય મિત્રાચારી હતી તેણે બાજીરાવની મુલાકાત ઉપર અંકુશ મુકાએલો જોતાંજ ખિન્ન થઈ અગાશીમાંથી કૂદકો માર્યો અને પોતાના પ્રાણની આહુતિ આપી. તેના મરણથી નાના ફડનવીસની બાજી ઉંધી વળી અને તેનાં કાર્ય અધુરાં રહ્યાં.

## પ્રકરણ-છઠું

## પેશવાઈ સત્તાનો અસ્ત

### ૧. બાજીરાવ બીજો, ૧૭૯૫ થી ૧૮૧૭

માધવરાવ પેશવાના અકાળ મૃત્યુથી પાછી પેશવાની ગાદી માટે તકરાર ઉભી થઇ. નાના ફડનવીસે બાજીરાવનો પક્ષ લેવાનો નિશ્ચય કર્યો, જ્યારે તેના દુશ્મનોએ બાજીરાવના નાના ભાઇ ચીમનાજી આપ્પાને પેશવાની ગાદીપર બેસાડયો. પરંતુ બાજીરાવ જે અત્યાર સુધી કેદમાં હતો તે એક દિવસ લાગ સાધી છટકયો અને એકદમ નાનાને મળ્યો. નાના, નિઝામ, અને દૌલતરાવ સિંધિયાની મદદથી બાજીરાવ પેશવાપદ મેળવવા ભાગ્યશાળી થયો. બિચારા નાના ફડનવીસે બાજીરાવનો પક્ષ લેવામાં છક્કડ ખાધી. કૃતઘ્ની બાજીરાવે એજ નાનાને, કેદમાં નાખ્યો.

એ અરસામાં યશવંતરાવ હોલ્કરે સિંધિયાના મુલકમાં લૂંટફાટ કરવી માંડી. પેશવાની પણ તે સામો થયો અને તેના ત્રાસથી કંટાળી બાજીરાવે જોયું કે નાના ફડનવીસ વિના પોતાનું ગાડું આગળ ચાલે તેમ નથી; એથી એને છૂટો કરી દિવાનપદ આપ્યું. પરંતુ વૃદ્ધાવસ્થા, કાર્યભાર, અને ફિકર વગેરે અનેક કારણોથી નાના ફડનવીસ વધારે જીવી શકયો નહિ. એ નામાંકિત મુત્સદ્દી ઇ. સ. ૧૮૦૦ માં મરણ પામ્યો. તેના પડતાં જ મરાઠી રાજ્યની એકતા છિન્નભિન્ન થઇ ગઇ.



નાના ફડનવીસ

## સિંધિયા અને હોલ્કર

બાજીરાવ પેશવાનો વિચાર હવે સિંધિયાને પોતાના માર્ગમાંથી દૂર કરવાનો હતો અને તેથી સિંધિયાના લશ્કરનો ખર્ચ તેણે આપવાની ના પાડી. પરિણામ એ આવ્યું કે સિંધિયા પૂના ઉપર એકદમ ચઢી આવ્યો અને લગભગ એક અઠવાડીઆ સુધી પૂનાની અંદર એણે લૂંટફાટ ચલાવી. પણ હોલ્કરે સિંધિયાના મુલકમાં લૂટફાટ ચલાવવા માંડી; તેથી સિંધિયાને પૂના છોડી એકદમ ઉજ્જૈન જવું પડયું. પરંતુ તે પહોંચે તે પહેલાં હોલ્કરે ઉજ્જૈન લૂંટી લીધું હતું. એનું વેર લેવા સિંધિયાએ હોલ્કરની રાજ્યધાની ઇન્દોર પર હલ્લો કર્યો અને તે લૂંટી. ઉત્તર તરફ જતાં સિંધિયાને સમાચાર મળ્યા કે હોલ્કરે પૂનાનો રસ્તો પકડયો છે તેથી તેની પુંઠ પકડતાં પૂને આવી પહોંચ્યો. બન્ને વચ્ચે મહાન યુદ્ધ થયું અને તેમાં સિંધિયા હાર્યો. સિંધિયાની ગેરહાજરીમાં કેટલાક સરદારો બાજીરાવની વિરૂદ્ધમાં હતા તેમને બાજીરાવે તકનો લાભ લઇ મારી નખાવ્યા. આમાં યશવંતરાવ હોલ્કરનો ભાઈ પણ માર્યો ગયો. આથી હોલ્કર ગુસ્સે થયો અને પૂના તરફ ધસ્યો. સિંધિયા પર તેણે મેળવેલી જીતથી બાજીરાવ તો એટલો ભયભીત થઈ ગયો કે તેને પૂનેથી નાસી છૂટી અંગ્રેજોને શરણે જવું પડયું. આ નામર્દાઈ ભરેલા કૃત્યે પેશવાઈ સત્તાના નાશનાં બીજ રોપ્યાં.

## વસાઈનો કરાર–ઈ. સ. ૧૮૦૨

માર્કિવસ વેલેસ્લી આ વખતે કંપની સરકારનો ગવર્નરજનરલ હતો. તે પોતાની સહાયકારી યોજના મરાઠી રાજ્યમાં દાખલ કરવાની કોશિશ કરી રહ્યા હતો. તેને બાજીરાવનું શરણે આવવું અત્યંત લાભદાયક થઈ પડયું. બાજીરાવ પાસે વેલેસ્લીએ પોતાની સહાયકારી યોજનાનો સ્વીકાર વસાઈ મુકામે કરાવ્યો. એ કરારથી એવું ઠર્યું કે (૧) બાજીરાવે એક અંગ્રેજી લશ્કર પોતાના રાજ્યમાં પોતાના રક્ષણ માટે રાખવું અને એના નિભાવ માટે અંગ્રેજોને દર વર્ષે ૨૬૦૦૦ રૂપીઆ આપવા;

(૨) અંગ્રેજોની વિરૂદ્ધ હોય એવી કોઇપણ યૂરોપી પ્રજાને બાજીરાવે પોતાના રાજ્યમાં રાખવી નહિ; (૩) બાજીરાવે સુરત પરનો પોતાનો હક્ક તદ્દન ઉઠાવી લેવો; અને નિઝામ અથવા ગાયકવાડ સાથે તકરાર ઉપસ્થિત થાય તેનું નિરાકરણ કરવાનું કામ અંગ્રેજોને સોંપવું; (૪) બાજીરાવે અંગ્રેજોના વફાદાર મિત્ર થઈ રહેવું; (૫) બાજીરાવનું રક્ષણ કરવાનું કામ અંગ્રેજોએ માથે લેવું.

વસાઈના આ કરારે મરાઠાઓની સ્વતંત્રતાનો મૃત્યુઘંટ બજાવ્યો એમ કહીએ તો એમાં જરાપણ અતિશયોક્તિ નથી.

## બીજો મરાઠી વિગ્રહ-ઈ. સ. ૧૮૦૨–૧૮૦૩

વસાઈના કરારે મરાઠા સરદારોમાં ખળભળાટ કરી મૂક્યો. સિંધિયા, હોલ્કર, ભોંસલે, વગેરેનું કહેવું એવું હતું કે મરાઠી રાજ્યની ઘટના અને એના બંધારણ પ્રમાણે બાજીરાવને એ હિણપદ ભરેલો કરાર તેમને પૂછયા વિના કરવાનો કોઈપણ રીતે અધિકાર ન હતો. માર્ક્વિસ વેલેસ્લીએ સિંધિયાને અને ભોંસલેને ઘણું ઘણું સમજાવ્યા; પણ સિંધિયા અને ભોંસલેએ પોતાની હઠ મૂકી નહિ. પેશવા સાથે થયેલા કરાર પ્રમાણે વેલેસ્લીએ બાજીરાવને પૂને આણી ગાદીપર બેસાડયો અને અંગ્રેજી લશ્કર પૂનામાં રાખ્યું. અંગ્રેજસૈન્યને પૂના છોડી ચાલી જવાને સિંધિયાએ જણાવ્યું. આ ઉપરથી માર્ક્વિસ વેલેસ્લીએ લડાઇની તૈયારી કરવા માંડી અને જાટ, રજપૂત, શીખ, વગેરેને પોતાના પક્ષમાં આવવા જણાવ્યું. બન્ને પક્ષનાં સૈન્યો એકમેકની પાસે આવી લાગ્યાં. મરાઠી લશ્કર આસાઇ આગળ છાવણી નાખી પડયું અને અંગ્રેજસૈન્ય પણ ધીમે ધીમે આગળ વધવા મંડયું. ઈ. સ. ૧૮૦૩માં આસાઇ મુકામે દારૂણ યુદ્ધ થયું જેમાં મરાઠાઓની હાર થઈ.

એજ અરસામાં ઉત્તર હિન્દમાં જનરલ લેઇકે અલીગઢ ઉપર હુમલો કીધો અને ઘણી મુશ્કેલી પછી તે કિલ્લો તાબે કર્યો. ત્યાર પછી દિલ્હી અને આગ્રા પણ પડયાં. લાસવારી આગળ સિંધિયા ફરી હાર્યો

અને આરગામ આગળ ભોંસલે પણ હાર્યો. આ ઉપરાઉપરી હારથી સિંધિયા અને ભોંસલે અત્યંત ગુંચવણમાં પડી ગયા અને બન્નેએ સરજીઅંજેગામ અને દેવગામ આગળ છૂટી છૂટી સંધિ કરી. બન્નેએ ચોથ ઉપરનો પોતાનો હક્ક ઉઠાવ્યો. નિઝામ સાથેની તકરારમાં અંગ્રેજોનું મધ્યસ્થપણું સ્વીકાર્યું અને ફ્રેંચોને પોતાની નોકરીમાં ન રાખવાનું કબૂલ કર્યું. સિંધિયાએ ભરૂચ, અહમદનગર, અને ગંગા જમના વચ્ચેનો દિલ્હી અને આગ્રાનો પ્રદેશ આપ્યો. ભોંસલેએ વરાડ અને કટક આપ્યા. આ પ્રમાણે બીજા મરાઠી વિગ્રહનો અંત આવ્યો.

## ત્રીજો મરાઠી વિગ્રહ ઈ. સ. ૧૮૦૪

### હોલ્કર સાથે ખટપટ .

સિંધિયા અને ભોંસલે સાથે થયેલા વિગ્રહ દરમ્યાન યશવંતરાવ હોલ્કરે કોઈ જાતનો ભાગ લીધો ન હતો. તેની પાસે કેળવાયલું લશ્કર હતું અને એ લશ્કરના બળ ઉપર તે અંગ્રેજોને ન ગણકારતાં તેમનાં આશ્રિત રજપૂત રાજ્યોના પ્રદેશો લૂંટવા લાગ્યો. આથી અંગ્રેજોને હોલ્કર સાથે લડાઈ જાહેર કર્યા સિવાય બીજો માર્ગ ન રહ્યો. શરૂઆતમાં અંગ્રેજ-સૈન્યને ભારે વિટંબણા નડી; ઉપરાઉપરી જીતોથી હોલ્કરને જરા ઉત્તેજન મળ્યું અને તેણે દિલ્હીને ઘેરો ઘાલ્યો. દિલ્હીને બચાવવું મુશ્કેલ થઈ પડયું. એટલામાં બરાબર અણીના પ્રસંગે સેનાપતિની કુમક આવી પહોંચી. બાજી ફેરવાઇ ગઇ અને હોલ્કર પરાજીત થયો. લેઇકે હોલ્કરને દીગ અને ફરૂકાબાદ આગળ સખત હાર આપી તેથી તે ભરતપુરના કિલ્લામાં જઈ ભરાયો. લેઈક ભરતપુર લેવા ધસ્યો પણ એટલામાં ભરત-પુરના રાજાએ સલાહ માટે કહેવડાવ્યું. જે ઉપરથી સંધિ થઇ. ભરતપુરના રાજાએ વીસ લાખ રૂપીઆ આપવાનું અને હોલ્કર સાથેનો સંબંધ છોડી દેવાનું કબૂલ કર્યું. હોલ્કરની સ્થિતિ કફોડી થવાથી તે અમૃતસર તરફ નાસતો હતો. પોતાને એકલો પડેલો જોઇ તેણે સર જયોર્જ બારલોના સમયમાં સંધિ કરી. આ રીતે હોલ્કર સાથેની લડાઇ બંધ થઈ.

## ૨. ચોથો મરાઠી વિગ્રહ અને પેશવાઇ સત્તાનો અંત

## ૧૮૧૭ થી ૧૮૧૯

વસાઇનો કરાર બાજીરાવને ઘણોજ સાલતો હતો. તેનો વિચાર અંગ્રેજને મારી હઠાવી પોતાની સત્તા સર્વોપરી કરવાનો હતો. દરમિયાન પૈસાની લેવડદેવડ સંબંધી કેટલીક તકરાર ગાયકવાડ અને પેશવા વચ્ચે ચાલતી હતી તેનો નીકાલ કરવાને અંગ્રેજની બાંહેધરીથી ગંગાધર શાસ્ત્રીને વડોદરેથી પૂના મોકલવામાં આવ્યો. પેશવાએ ત્ર્યંબકજી ડેંગલેની શીખવણીથી તેને પંઢરપુરના દેવાલયમાં દર્શનના નિમિત્તે લઈ જઈ ત્યાં મારી નખાવ્યો. આ વખતે એલ્ફિન્સ્ટન પૂનાનો રેસિડન્ટ હતો. તેણે ત્ર્યંબકજીને એકદમ અંગ્રેજોને સ્વાધીન કરી દેવા બાજીરાવને જણાવ્યું. ત્ર્યંબકજી કેદ પકડાયો પણ પેશવાની મદદથી નાશી છૂટી લશ્કરની ગોઠવણ કરવા લાગ્યો. એલ્ફિન્સ્ટને ત્ર્યંબકજીને પકડવા માટે મોટું ઇનામ જાહેર કરવાને, લશ્કરનો ખર્ચ નિભાવવા માટે ૨૪ લાખનો મુલક આપવાને, તથા કોઇ પણ રાજ્યનો વકીલ પૂનામાં ન રાખતાં માત્ર અંગ્રેજોના આશ્રિત થઇ રહેવા પેશવાને લખી જણાવ્યું. બાજીરાવ આનાકાની કરવા લાગ્યો પણ એલ્ફિન્સ્ટને પૂનાની આસપાસ લશ્કરનો બંદોબસ્ત રાખ્યો એટલે તેના હાંજા ગગડ્યા અને ઈ. સ. ૧૮૧૭માં પૂના મુકામે એ શરતો સ્વીકારી સંધિ કરી.

પણ એ સંધિ માત્ર પેશવાએ પોતાના બચાવનો આરો ન જોતાં જ કરી હતી. તેથી ગુપ્તપણે તેણે લડાઇની તૈયારી કરવા માંડી અને મરાઠી સરદારોને સ્વતંત્ર થવા સમજાવવા લાગ્યો. એલ્ફિન્સ્ટન પણ ચેતી ગયો અને તૈયારી કરવા લાગ્યો. બન્ને લશ્કર વચ્ચે સખત ઝપાઝપી થઇ. એટલામાં મુંબઇથી મદદ માટે નીકળેલી લશ્કરની ટુકડી આવી પહોંચી અને પેશવા જે પર્વતોની ટેકરી ઉપર બેસી લડાઇનો મામલો નીરખી રહ્યો હતો તે પોતાનું લશ્કર હારી ગયેલું જોઇ પુરંદર તરફ નાઠો.

એ પ્રમાણે જ્યારે પેશવા ખટપટ ચલાવી રહ્યો હતો ત્યારે નાગપુરમાં રઘુજી ભોંસલેના પુત્રનું મરણ થતાં આપા સાહેબ અંગ્રેજોની સહાયથી ગાદી પર આવ્યો. પણ થોડા વખત પછી નાગપુરની અંગ્રેજી છાવણીપર હુમલો થયો અને સીતાબાલ્ડી આગળ અંગ્રેજસૈન્ય હાર્યું પણ કર્નલ ફિટ્ઝજીરાલ્ડે બહાદુરીથી અપ્પા સાહેબની તોપો હાથ કરી. અંગ્રેજોને બીજી મદદ આવી પહોંચતાં અપ્પાસાહેબ હાર્યો, નાગપુરથી નાસી લાહોર તરફ ગયો અને થોડાં વર્ષ બાદ ત્યાં જ મરણ પામ્યો.

આ બાજુ પૂના તરફ બાપુ ગોખલે જેવા બહાદુર અને પરાક્રમી સરદારની સહાયથી બાજીરાવ પૂનાપર હલ્લો કરવા ધસ્યો. આષ્ટી આગળ મોટું યુદ્ધ થયું અને ગોખલેની વફાદારી અને બહાદુરીથી પેશવા જેમ તેમ જીવ બચાવી નાસી છૂટયો. નાગપુર નાસી જતો હતો તેવામાં એ અંગ્રેજોના હાથમાં સપડાયો અને શરણે આવ્યો. તેને બીઠુરમાં રહેવાનું નક્કી કરી આપવામાં આવ્યું અને આઠ લાખ રૂપીઆનું વર્ષાસન બાંધી આપવામાં આવ્યું. તેના પછી તેનો માનીતો ત્ર્યંબકજી પણ પકડાયો અને એને ચુનારમાં કેદી તરીકે રાખવામાં આવ્યો. આ પ્રમાણે મરાઠારાજ્ય છિન્નભિન્ન થયું, શિવાજીનું રોપેલું વૃક્ષ ઉખડી ગયું, મરાઠાઓની સ્વતંત્રતાનો દીપક બુઝાઈ ગયો અને મરાઠી રાજ્ય અંગ્રેજોના બંદોબસ્ત તળે આવ્યું.

# ભાગ-૪ થો

# હિન્દમાં યૂરોપી પ્રજાઓ

## પ્રકરણ-૧ લું

### યૂરોપી પ્રજાઓ હિન્દમાં આવવા કેમ લલચાઈ?

ઈ. સ. ૧૪૫૩ની સાલે દુનિયાના ઇતિહાસમાં નવા નવા ફેરફારો દાખલ કર્યા છે. એ સાલમાં ઝનૂની તૂર્ક લોકોએ રોમનોનું કોન્સ્ટેન્ટિનોપલ કબજે કરી, ત્યાં મુસલમાની સત્તા સ્થાપી. મુસલમાનોના એ પગપેસારાથી યૂરોપમાં ખળભળાટ મચી ગયો; મૂળે તો મુસલમાનોને અને યૂરોપિયનોને વેર હતાં જ; તેમાં હવે વધારો થયો. એ વેરથી યૂરોપ અને હિન્દ વચ્ચે સૈકાઓથી ચાલતો આવતો વેપાર તૂટ્યો. દર સાલ કરોડો રૂપિયાનો હિન્દમાં બનેલો માલ યૂરોપમાં જતો. હિન્દનો માલ યૂરોપ સુધી પહોંચાડનારા વેપારીઓ અરબો અને ઇજીપ્તના મૂર લોકો જ હતા. એ મુસલમાન વેપારીઓ જમીન માર્ગે અથવા દરિયા માર્ગે હિન્દમાં આવતા. તેઓ ખાસ કરીને સુતરાઉ અને ગરમ-કાપડની ખરીદી કરી ઇટલીના યૂરોપી વેપારીઓને સારે નફે વેચી દેતા. આવો વ્યવહાર ઘણાં વર્ષોથી ચાલ્યા કરતો હતો. તે વખતે યૂરોપમાં આજનાં જેટલાં કળાકૌશલ્ય ન હતાં. પણ હિન્દમાં તો અનેક તરેહના ઉદ્યોગો જામી રહેલા હતા. હિન્દ એક જબરો વેપારી દેશ હતો. પરંતુ ઈ. સ. ૧૪૫૩ ની સાલ પછી જમાનો એકદમ પલટાઇ ગયો. હિન્દનો માલ યૂરોપમાં જતો બંધ થયો. આથી યૂરોપના કેટલાક બળવાન રાજ્યોને હિન્દદેશ શોધી કાઢી યૂરોપનો વેપાર પોતાને હસ્તક કરી લેવાની ઇચ્છા થઇ. સૌથી પ્રથમ સ્પેન અને પોર્ટુગલના રાજાઓએ હિન્દને શોધી કાઢવાની જહેમતો ઉઠાવી. ઈ. સ. ૧૪૯૨ માં કોલંબસને સ્પેનના રાજાએ

હિન્દ શોધવા મોકલ્યો. તેને રસ્તાની મુદ્દલે ભાળ ન હતી. તેમ છતાં એણે સાહસ કર્યું. એને હિન્દ તો હાથ ન આવ્યું. પણ એ સાહસના બદલામાં અમેરિકાખંડ શોધી કાઢવાનું માન મળ્યું.

## પ્રકરણ-૨ જું

## હિન્દમાં યૂરોપી પ્રજાઓ

### પોર્ચુગીઝો પ્રથમ ફાવ્યા

કોલંબસનો પ્રયાસ નિષ્ફળ ગયા પછી પણ હિન્દની શોધખોળ તો ચાલુ જ હતી. ઈ. સ. ૧૪૯૭માં પોર્ચુગલના રાજાએ વાસ્કોડીગામા નામના એક હોશિયાર વહાણવટીને હિન્દ શોધવા મોકલ્યો. એ વાસ્કોડીગામા એટલેંટિક મહાસાગરનો સારો ભોમિયો હતો; તેથી તેણે આફ્રિકાને પશ્ચિમ કિનારે કિનારે આગળ વધવું ચાલુ રાખ્યું; આફ્રિકાને છેક દક્ષિણ છેડે પહોચતાં એને સારી આશા બંધાઇ. આથી તે ભૂશિરનું નામ 'કેપ ઑફ ગુડ હોપ' (સારી આશાની ભૂશિર) પડયું. ત્યાંથી ઉત્તર તરફ વાંક વળી ગામા ઝાંઝીબાર પહોંચ્યો; અને ત્યાંના કોઇ ગુજરાતી ખલાસીની સહાયથી સીધો હિન્દના પશ્ચિમ કિનારે આવેલા કાલિકટ બંદરે ઉતર્યો. આ પ્રમાણે પોર્ચુગીઝોએ હિન્દને પ્રથમ શોધી કાઢ્યો. ત્યારપછી પોર્ચુગીઝો હિન્દમાં આવજા કરવા લાગ્યા. પોર્ચુગીઝ પ્રજા તે અરસામાં બળવાન પ્રજા ગણાતી. તેઓએ હિન્દનો યૂરોપ સાથેનો વેપાર હાથ કર્યો અને લગભગ સો વર્ષ સુધી એકહથ્થુ વેપાર ધમધોકાર ચલાવ્યો.

જ્યારે પોર્ચુગીઝોએ હિન્દનો દરિયાઇ રસ્તો શોધી કાઢ્યો ત્યારે અંગ્રેજો તો હજુ દરિયાઈ વ્યાપારમાં ડગલું એ દઇ શકતા ન હતા.

પરંતુ ઇ. સ. ૧૫૫૮થી ૧૬૦૩ સુધીના ગાળામાં અંગ્રેજપ્રજા માથું ઉંચકવા લાગી. રાણી એલિઝાબેથ તે અરસામાં ઇંગ્લંડમાં રાજ્ય કરતી હતી. એ રાણીના વખતમાં ઇંગ્લંડ દરિયાઇ બળમાં સર્વોપરી ગણાતું થયું. એટલે એને હિન્દ સાથે વેપાર કરવાની ઇચ્છા થઈ; પણ પોર્ચુગીઝોના શોધેલા માર્ગે હિન્દ આવતાં લડાઇ થવાનો સંભવ હતો; તેથી કોઇ જૂદો જ માર્ગ શોધી કાઢવાના પ્રયત્નો અંગ્રેજ પ્રજાએ કર્યા પણ એ સર્વ પ્રયત્નો શરૂઆતમાં તો નિષ્ફળ ગયા.

## પોર્ચુગીઝોની ટૂંક હકીકત

પોર્ચુગીઝોમાં સૌથી પહેલો વાસ્કોડીગામા હિન્દમાં આવ્યો; પણ આરબ અને મૂર વેપારીઓની ઉશ્કેરણીને લીધે કાલીકટના રાજા ઝામોરીનને એની સાથે અણબનાવ થયો; તેથી ગામા પોતાની પહેલી સફરમાં બરાબર ફાવ્યો નહિ. ફરીથી ઈ. સ. ૧૫૦૨માં એ હિન્દમાં આવ્યો; તે વખતે કોચીન અને કાનાનોરના રાજા સાથે મળી જઇ એણે ઝામોરીનને હરાવ્યો.

પોર્ચુગીઝોએ વેપારની સાથે રાજ્ય મેળવવાનો આરંભ કર્યો. ઈ. સ. ૧૫૧૦માં પોર્ચુગીઝ સંસ્થાનોના ગવર્નર તરીકે આલ્બુકર્ક આવ્યો. આલ્બુકર્કનો ન્યાયી રાજ્યવહીવટ બહુ વખણાયો. એણે હિન્દુ અને મુસલમાન પ્રજાને સુખ આપ્યું. પરંતુ વખત જતાં યૂરોપમાં પોર્ચુગલની સત્તા પડી ભાંગવા લાગી; અને હિન્દમાં પણ પોર્ચુગીઝ ગવર્નરો સારો બંદોબસ્ત જાળવી શક્યા નહિ. બીજી યૂરોપી પ્રજાઓ જે વેપાર અર્થે હિન્દમાં આવી હતી તેઓની સાથે પોર્ચુગીઝો લડયા અને નબળા પડયા. પાછળથી તેમણે હિન્દીપ્રજા ઉપર ધર્મને બહાને જુલમ ગુજાર્યો. આ બધાં કારણોથી પોર્ચુગીઝોની સત્તા છેવટે છેકજ નબળી પડી ગઇ. હાલમાં હિન્દમાં તેમને તાબે દીવ, દમણ, અને ગોવા એ ત્રણ જ સંસ્થાનો છે.

## વલંદાઓની ટૂંક હકીકત

પોર્ચુગીઝોની પડતીના કાળમાં યૂરોપના સાહસિક વલંદાઓ (ડચ) હિન્દમાં આવ્યા. હૉટમાન નામનો એમનો સરદાર ઇ. સ. ૧૫૯૪માં હિન્દમાં દાખલ થયો. વલંદાઓએ ચિન્સુરા, મછલીપટ્ટણ અને બાલાસોરમાં પોતાની વખારો નાખી વેપાર ચાલુ કર્યો; પરંતુ હિન્દ કરતાં મસાલાના ટાપુઓમાં તેમનો વેપાર વધારે ચાલતો. એ ટાપુઓમાં વલંદાઓને અંગ્રેજો સાથે અણબનાવ થયો તેથી તેમણે ઈ. સ. ૧૬૨૩માં આંબોયનામાં નવ અંગ્રેજોને અને તેમના કેટલાક નોકરોને ક્રૂરતાથી મારી નાખ્યા. એ બનાવ પછી અંગ્રેજો સાથે સુલેહ કરી, હિન્દનો વેપાર છોડી દઈ તેઓ મસાલાના ટાપુઓમાં જ સઘળો વેપાર ચલાવવા લાગ્યા. એ લોકોનું છેલ્લું થાણું ચિન્સુરામાં હતું; પણ તે ઈ. સ. ૧૭૫૯માં ક્લાઇવે જીતી લીધું. હાલમાં તેમનું એકે થાણું હિન્દમાં નથી.

## ઈસ્ટ ઈંડિયા કંપની

પોર્ચુગીઝો પછી લગભગ સો વર્ષે વલંદાઓ હિન્દમાં આવ્યા અને ત્યાર પછી છ સાત વર્ષમાં જ અંગ્રેજ વેપારીઓ પણ હિન્દમાં દાખલ થયા. હિન્દ સાથે વેપાર ચલાવવા ઈ. સ. ૧૬૦૦ માં રાણી એલિઝાબેથના વખતમાં એક વેપારી કંપની ઉભી થઈ. એ કંપનીનું નામ "ઈસ્ટ ઈંડિયા કંપની" હતું. અંગ્રેજો હિન્દમાં આવ્યા ત્યારે પોર્ચુગીઝોની સત્તા તો નબળી પડી ચૂકી હતી; છતાં પોર્ચુગીઝોથી અને વલંદાઓથી અંગ્રેજોને બહુ ડરીને ચાલવું પડતું. અંગ્રેજ કંપનીએ ૧૬૧૨ માં પોતાની વખાર સુરતમાં નાખી વેપાર શરૂ કર્યો; પણ જ્યારે શિવાજીએ ઈ. સ. ૧૬૬૩ અને ૧૬૭૦માં સુરત લૂંટ્યું ત્યારે તેઓએ વેપારની સહીસલામતી ખાતર વખાર મુંબઈમાં ફેરવી. વળી ઈ. સ. ૧૬૩૯માં ચંદ્રગિરિના રાજા પાસેથી થોડીક જમીન વેચાતી લઈ ફૉર્ટ સેંટ જ્યોર્જ (મદ્રાસ) વસાવી હિન્દના પૂર્વ કિનારે પણ તેઓ વેપાર ચલાવવા લાગ્યા. જેમ વેપાર જામતો ગયો તેમ નવી નવી

કોઠીઓ નાખતા ગયા. ઈ. સ. ૧૭૦૦માં બંગાળામાં થોડી જમીન વેચાતી લઇ ફોર્ટ સૅંટ વિલિયમ બાંધી ત્યાં પણ વેપાર ખોલ્યો.

અંગ્રેજ પ્રજાની બીજી વેપારી કંપનીઓ ઇ. સ. ૧૬૫૦, ૧૬૫૫ અને ૧૬૯૮ માં ઉભી થઇ પણ આગળ જતાં ઇ. સ. ૧૭૦૯માં બધી કંપનીઓ જોડાઈ ગઈ અને "યુનાઇટેડ ઇસ્ટ ઈંડિયા કંપની"ના નામે વેપાર ચલાવવા લાગી.

## ફ્રેન્ચ પ્રજાની હકીકત

અંગ્રેજો હિન્દમાં આવ્યા તે જ અરસામાં ફ્રેન્ચ પ્રજા પણ હિન્દમાં દાખલ થઈ. ફ્રેન્ચ પ્રજા અને અંગ્રેજ પ્રજાને યૂરોપમાં વેરઝેર ચાલતાં હતાં; તેથી હિન્દમાં આવેલી એ બે પ્રજાની વેપારી કંપનીઓ પણ માંહોમાંહે ચડસાચડસી કરતી હતી; એ ચડસાચડસી-માંથી બન્ને કંપનીઓને રાજ્યલોભ લાગ્યો: એ રાજ્યલોભે એ બન્ને પ્રજાઓને એક બીજા સાથે લડાવી મારી; તેમાં આખરે ફ્રેન્ચો હાર પામ્યા અને અંગ્રેજો વિજયી નીવડ્યા. ફ્રેન્ચ કંપનીનાં મુખ્ય વેપારી મથકો પોન્ડીચરી, કારીકલ, યાનાન, માહિમ, અને ચંદ્રનગર હતાં. એ પાંચ થાણાં ઇ. સ. ૧૭૬૧માં થએલી સંધિથી હજુ પણ ફ્રેન્ચોના જ કબજામાં છે. આ લોકો ઇ. સ. ૧૭૯૬થી વેપાર કરતા બંધ થયા.

# પ્રકરણ—૩ જું

## દક્ષિણ હિન્દમાં ફ્રેન્ચસત્તા

જ્યારે ફ્રેન્ચ કંપનીએ મદ્રાસની દક્ષિણે સો માઇલ ઉપર પોન્ડીચરીમાં પોતાનું વેપારી મથક જમાવ્યું ત્યારે મદ્રાસમાં અંગ્રેજ વેપારીઓ પોતાનો વેપારરોજગાર શાંતપણે ચલાવ્યે જતા હતા. એટલામાં ૧૭૪૬માં ફ્રાન્સ અને ઈંગ્લંડ વચ્ચે યૂરોપમાં લડાઈ સળગી. તેથી હિન્દમાં પણ બન્ને કંપનીઓ વચ્ચે વિગ્રહ થયો.

### ફ્રેન્ચ અને અંગ્રેજો વચ્ચે પહેલો વિગ્રહ

પોન્ડીચરીના ગવર્નર ડુપ્લેએ લાબોર્ડોનોને પોતાની મદદે બોલાવ્યો. લાબોર્ડોનેનું લશ્કર તરત જ ડુપ્લેની કુમકે હિન્દમાં આવ્યું અને ડુપ્લેએ અંગ્રેજોને હિન્દમાંથી હાંકી કાઢવાની ઇચ્છાથી લાબોર્ડોનેને મદ્રાસ જીતવા મોકલ્યો. લાબોર્ડોનેએ મદ્રાસ જીત્યું અને ત્યાંના અંગ્રેજોને કેદ કર્યા, ઈ. સ. ૧૭૪૬.

### કર્ણાટકના નવાબ સાથે અથડામણ

અંગ્રેજો પાસેથી મદ્રાસ જીતી લીધા પછી એ કર્ણાટકના નવાબને સોંપી દેવાનું જે વચન ડુપ્લેએ આપ્યું હતું તે વચન પાળવામાં ડુપ્લે ઢીલ કરવા લાગ્યો. તેથી નવાબે પોતાના પુત્રને દસ હજારનું જબ્બર સૈન્ય આપી ફ્રેન્ચોને પોન્ડીચરીમાંથી હાંકી કાઢવા મોકલ્યો. ડુપ્લે મુઝાયા વિના પોતાનું એક હજારનું નાનું લશ્કર લઇને સામો આવ્યો. બન્ને લશ્કરો સેંટથોમ આગળ સામસામા ભેટયા. યુદ્ધ મચ્યું, નવાબનો પુત્ર નાસી ગયો અને લશ્કરમાં પણ ભંગાણ પડયું. આ પ્રમાણે કર્ણાટકનો નવાબ મદ્રાસ મેળવવામાં નિષ્ફળ નીવડયો.

### મદ્રાસ જીત્યા પછી

ડુપ્લેએ મદ્રાસ જીત્યા પછી અંગ્રેજોના ફૉર્ટ સેંટ ડેવિડને ઘેરો ઘાલ્યો; પણ એટલામાં અંગ્રેજોની મદદે ઇગ્લંડથી નવી કુમક આવી

પહોંચી એટલે ફ્રેન્ચ લોકોને પોતાનો ઘેરો ઉઠાવી ચાલતા થવું પડયું. ઇંગ્લંડથી નવા આવેલા સરદારે પોન્ડીચરીને ઘેરો ઘાલવાનો પ્રયત્ન કર્યો પણ એને પાછું હઠવું પડયું, ઈ. સ. ૧૭૪૮. ત્યાર પછી ઈ. સ. ૧૭૪૮માં યૂરોપમાં ઇંગ્લંડ અને ફ્રાન્સ વચ્ચે એલાશાપેલની સંધિ થવાથી અંગ્રેજોને મદ્રાસ પાછું મળ્યું.

## ડુપ્લેએ કરેલી શોધ

સેંટ થોમના યુદ્ધમાં ડુપ્લેએ પોતાના એક હજારના લશ્કરથી નવાબના દસ હજારના લશ્કરને હાર આપી એની અસર હિન્દના ઇતિહાસમાં ઘણી ગંભીર થઈ. ડુપ્લેએ તે દિવસથી જાણ્યું કે હિન્દના દેશી સિપાઇઓ એક પરદેશીના હુકમથી પોતાના ભાઇઓ સામે જુસ્સામાં આવી લડી શકે છે.

વળી એણે એ પણ જોયું કે યૂરોપી ઢબથી કેળવાયેલું દેશી લશ્કર યૂરોપી લશ્કર જેટલું જ કામ આપી શકે છે; એ ઉપરાંત દેશી લશ્કર બહુ ઓછા ખર્ચે રાખી શકાતું અને લડાઇના વખતે પણ એમને જેવો આપે તેવો અને જેટલો આપે તેટલો ખોરાક ચાલી શકતો.

## અનુકૂળ સંજોગો

મુગલસામ્રાજ્યથી સ્વતંત્ર થઈ પડેલો દક્ષિણનો સૂબો આસફજાહ નિઝામ ઈ. સ. ૧૭૪૮ માં મરણ પામ્યો. તેની પછવાડે રાજ્ય માટે એના પુત્રો વચ્ચે કજીઓ શરૂ થયો. જ્યેષ્ઠ પુત્ર તો દિલ્હીમાં બાદશાહનો વઝીર હોવાથી બાપના રાજ્ય માટે એણે કશી ખટપટ કરી ન હ; પણ બીજા પુત્ર નસીરજંગે રાજ્ય ગાદીનો દાવો કર્યો. એની સામે આસફજાહનો દૌહિત્ર મુજફ્ફરજંગ પણ રાજ્ય મેળવવા બહાર પડયો. આથી મામા ભાણેજ વચ્ચે લડાઈ શરૂ થઈ. આ ખટપટમાં કર્ણાટકના અન્વરદ્દીન નવાબનો જમાઈ ચંદાસાહેબ પણ જોડાયો. ચંદાસાહેબે મુજફ્ફરજંગ સાથે એક ગાંઠ કરી. જો મુજફ્ફરજંગ દક્ષિણનો સૂબો થાય તો મુજફ્ફરજંગે ચંદાસાહેબને કર્ણાટકનો નવાબ બનાવવો એવી શરતે

ચંદાસાહેબે મુજફ્ફરજંગને નિઝામની ગાદી મેળવવામાં મદદ આપવાનું કબૂલ્યું. હવે ચંદાસાહેબે ફ્રેન્ચોને પણ મુઝફ્ફરજંગની ખાસ ઇચ્છાથી મદદમાં લીધા. ફ્રેન્ચોની મદદ મળવાથી મુજફ્ફરજંગ અને ચંદાસાહેબનો પક્ષ બળવાન થયો.

### અંબુરની લડાઈ

તરતજ ડુપ્લેએ મુઝફ્ફરજંગ અને ચંદાસાહેબની મદદે બુસી નામના ફ્રેન્ચ સરદારને મોકલ્યો. ફ્રેન્ચ લશ્કરની મદદ આવી પહોંચવાથી મુઝફ્ફરજંગે અને ચંદા સાહેબે કર્ણાટકના નવાબ અન્વરૂદ્દીન ઉપર હલ્લો કર્યો અને તેને અંબુર આગળ હરાવી માર્યો, ઈ. સ. ૧૭૪૯. અન્વરૂદ્દીનના મરાયાથી એનો પુત્ર મુહમ્મદઅલી નાસી જઇ ત્રિચીનાપલ્લીમાં ભરાયો. આ ફત્તેહ મેળવ્યા પછી મુઝફ્ફરજંગ અને ચંદાસાહેબ બન્ને પોન્ડીચરીમાં ગયા. ત્યાં ડુપ્લેએ ચંદાસાહેબને કર્ણાટકના નવાબ તરીકે અને મુઝફ્ફરજંગને દક્ષિણના સૂબા તરીકે જાહેર કર્યા. ફ્રેન્ચોની આ મદદના બદલામાં મુઝફ્ફરજંગે તેમને ૮૧ ગામો આપ્યાં અને કૃષ્ણાથી કોમોરીન ભૂશિર સુધી ફ્રેન્ચોનું ઉપરીપણું સ્વીકાર્યું.

### મુઝવણમાં પડેલા અંગ્રેજો

ફ્રેન્ચોની આ બધી ગડમથલ દરમિયાન અંગ્રેજ કંપની તો શાંતપણે વેપાર ચલાવ્યે જતી હતી. અંગ્રેજ કંપનીએ જોયું કે ડુપ્લેએ ચંદાસાહેબને કર્ણાટકનો નવો નવાબ નિમ્યો હતો. ચંદાસાહેબ હવે ફ્રેન્ચના હાથમાં રમકડાની માફક રમશે એમ પણ તેઓ જોઈ શક્યા. આમ થાય તો અંગ્રેજ કંપનીને હિન્દનો વેપર કાયમને માટે છોડી દેવાનો વખત આવી પડે. આ પરિસ્થિતિમાં શું કરવું એની મુઝવણમાં અંગ્રેજ કંપની પડી. આ વખતે મુહમ્મદઅલી ચંદાસાહેબથી ભય પામી ત્રિચીનાપલ્લીના મજબુત કિલ્લામાં ભરાઈ બેઠો હતો અને ચંદાસાહેબનું લશ્કર ત્રિચીનાપલ્લીને ઘેરો ઘાલી પડયું હતું. એ દુ:ખને વખતે મુહમ્મદઅલીએ અંગ્રેજ, મરાઠા, અને તંજાવરના રાજાની મદદ માગી. અંગ્રેજ કંપનીને પણ લાગ્યું કે જો હિન્દમાં રહેવું જ છે તો મુહમ્મદઅલીને

એની ખાતર નહિ પણ પોતાની જ સહીસલામતી ખાતર બનતી મદદ આપવી જોઇએ. તેથી મદ્રાસના અંગ્રેજ ગવર્નરે મુહમ્મદઅલીનો પક્ષ લેવાનું યોગ્ય ધાર્યું. પરંતુ અંગ્રેજ કંપની પાસે ફ્રેન્ચ કંપની જેવી લડાયક તૈયારીઓ મોટા પ્રમાણમાં હતી જ નહિ. જે થોડા સિપાઇઓ હતા તે ફક્ત કોઠી સાચવવા માટે અને અણધારી આફત વખતે બચાવ પૂરતા હતા. છતાં અણીના પ્રસંગે જે થાય તે કરી છૂટવાનો મદ્રાસના ગવર્નરે નિશ્ચય કર્યો.

### "આર્કટનો વીર" રણમેદાને

મુહમ્મદઅલીને કઇ રીતે મદદ આપવી એ બાબતમાં જ્યારે મદ્રાસનો ગવર્નર ગુંચવાયા કરતો હતો ત્યારે કંપનીના દફ્તરી કામમાં નાલાયકી ધરાવતો પણ લડાઇના કાર્યમાં મર્દાઇભર્યો રસ લેતો રૉબર્ટ ક્લાઇવ નામનો નરવીર આગળ આવ્યો. ગવર્નરને એણે જણાવ્યું:– " જો મને લશ્કરની સરદારી આપવામાં આવે તો હું સીધો નવાબની રાજધાની આર્કટને ઘેરો ઘાલું, કારણકે આર્કટ રક્ષણ વિનાનું છે. આથી જરૂર ચંદાસાહેબ ત્રિચીનાપલ્લીનો ઘેરો ઉઠાવી આર્કટ પાછું લેવા દોડી આવશે



રોબર્ટ ક્લાઇવ

અને મુહમ્મદઅલી સહેજે છૂટો થશે." ક્લાઇવની આ યુક્તિ બધાને પસંદ પડી અને એના કહેવા પ્રમાણે બધી સગવડ મદ્રાસના ગવર્નરે કરી આપી. એટલે ક્લાઇવ ૨૦૦ યુરોપીઅન અને ૩૦૦ દેશી સિપાઇઓનું લશ્કર લઇ આર્કટને ઘેરો ઘાલવા ઉપડયો. આર્કટમાં તો ચંદાસાહેબ કે કોઇ હતું જ નહી એટલે કશી પણ મુશ્કેલી વિના આર્કટનો કબજો ક્લાઇવે લીધો. આ વાતની બાતમી ચંદાસાહેબને પહોંચતાં જ એણે પોતાના પુત્ર રાજાસાહેબને ત્રિચીનાપલ્લીથી દશ હજારનું સૈન્ય આપી આર્કટ પાછું લેવા મોકલ્યો. રાજાસાહેબે આર્કટને ઘેરો ઘાલ્યો પણ સાત અઠવાડીઆં સુધી ક્લાઇવે બહાદુરીભર્યો બચાવ કર્યો. અંગ્રેજોની એ બહાદુરી જોઇને મોરારીરાવ નામનો મરાઠા સરદાર ખુશ થયો અને તેમની મદદે પોતાનું મરાઠી લશ્કર લઇ આવી પહોંચ્યો. રાજાસાહેબે જોયું કે હવે બાજી હાથમાંથી ગઇ છે એટલે ઘેરો ઉઠાવી જતો રહ્યો.

### આર્ની મુકામે લડાઇ

મરાઠાઓની અણધારી મદદથી ક્લાઇવમાં નવો ઉત્સાહ આવ્યો. એવામાં મદ્રાસથી બીજું પણ એક દેશી લશ્કર ક્લાઇવના મદદે આવી પહોંચ્યું. હવે લશ્કરમાં ભરતી થવાથી ક્લાઇવ લડાઇ કરવાનો નિશ્ચય કરી રાજાસાહેબની પછવાડે પડયો. આર્નો મુકામે ક્લાઇવે રાજાસાહેબને પકડી પાડયો અને યુદ્ધ મચાવ્યું, ઇ. સ. ૧૭૫૧. યુદ્ધમાં રાજાસાહેબ હાર્યો અને તેને નાસી જવું પડયું. એ જય મળ્યા પછી ક્લાઇવ મુહમ્મદઅલીના છુટકારા માટે આગળ ધસ્યો. રસ્તામાં બીજી લશ્કરી મદદ એને મળતી ગઇ. ક્લાઇવને ત્રિચીનાપલ્લી આવતો સાંભળી ચંદાસાહેબ ઘેરો ઉઠાવી શ્રીરંગમ જતો રહ્યો. ક્લાઇવે શ્રીરંગમને ઘેરો ઘાલ્યો અને ચંદાસાહેબને ખૂબ પજવ્યો. અંતે હારીને ચંદાસાહેબ તાંજોરના રાજાને શરણે ગયો પણ એ રાજાએ એનો ઘાત કરાવ્યો. ચંદાસાહેબના મરણ પછી ફ્રેન્ચ લશ્કર તાબે થયું, ઇ. સ. ૧૭૫૧. આ પછી રૉબર્ટ ક્લાઇવ ઇગ્લંડ ગયો, ઇ. સ. ૧૭૫૨.

## ફ્રેન્ચ અને અંગ્રેજ વચ્ચે સંધિ

ફ્લાઇવિ સ્વદેશ ગયા પછી પણ ફ્રેન્ચ અને અંગ્રેજ કંપની વચ્ચે વારંવાર નાની નાની લડાઇઓ થતી. તેથી બન્ને કંપનીઓ વેપારરોજગારમાં ખુવાર બનતી. ડુપ્લેએ ફ્રેન્ચસત્તા ઘણા સારા પાયા ઉપર મૂકી હતી તોપણ વારંવાર લડાઇઓમાં ઉતરી તેણે કંપનીને દેવાદાર બનાવી હતી; આથી ફ્રેન્ચ સરકારને એની રાજ્યનીતિ પસંદ ન પડી તેથી એને પાછો બોલાવી લઈ એની જગાએ ગોધ્યુને મોકલ્યો. ગોધ્યુએ હિન્દમાં આવી અંગ્રેજો સાથે પોન્ડીચરી મુકામે સંધિ કરી, ઇ. સ. ૧૭૫૫. એ સંધિથી કોઇપણ પક્ષે દેશીરાજ્યોના ઝગડામાં ઉતરવું નહિ, એક બીજાનો જીતેલો મુલક પાછો સોંપી દેવો અને ફ્રેન્ચોએ મુહમ્મદઅલીને કર્ણાટકના નવાબ તરીકે કબૂલ રાખવો એવું ઠર્યું.

## બીજો ફ્રેન્ચ વિગ્રહ અને ફ્રેન્ચ સત્તાનો અંત

પોન્ડીચરીની સંધિ થયા પછી એક જ વર્ષમાં (૧૭૫૬માં) ફરી પાછી યૂરોપમાં ઇંગ્લંડ અને ફ્રાન્સ વચ્ચે લડાઈ સળગી. એ 'સાત વર્ષની લડાઈ' કહેવાય છે. એટલે ફ્રાન્સની સરકારે ઇંગ્લંડ ઉપર વેર લેવાને કાઉન્ટ ડી લૅલી નામના સરદારને એક મોટું લશ્કર આપી હિન્દ મોકલ્યો. લૅલી પોન્ડીચરીમાં આવ્યો; ફોર્ટ સેંટ ડેવિડને ઘેરો ઘાલી એક માસમાં તે સર કર્યો અને પાછળથી એ કિલ્લાને જમીન દોસ્ત કરી નાખ્યો. આ વિજય પછી લલીએ બુસીને હૈદરાબાદમાંથી પોતાની મદદે બોલાવ્યો અને મદ્રાસને ઘેરો ઘાલ્યો. પણ એ ઘેરો એમને ઉઠાવી લેવો પડ્યો. ઈ. સ. ૧૭૫૯માં કર્નલ કૂટ નામના અંગ્રેજ સરદારે લૅલીના લશ્કરને વૉન્ડિવાસ પાસે હરાવ્યું અને બુસીને એજ યુદ્ધમાં કેદ કર્યો. લૅલી જીવ બચાવવા નાસીને પોન્ડીચરીમાં ભરાયો. અંગ્રેજો પછવાડે પડ્યા અને પોન્ડીચરીને ઘેરો ઘાલ્યો. લલીએ વીરતાથી પોન્ડીચરીનું રક્ષણ કર્યું પણ આખરે ખોરાક ખુટી પડવાથી તેને તાબે થવું પડયું અને પોન્ડીચરી અંગ્રેજોના

હાથમાં ગયું. આ પ્રમાણે અંગ્રેજોએ ફ્રેન્ચસત્તાનો કર્ણાટકમાંથી અંત આણ્યો અને ડુપ્લેએ બાંધેલી હવાઈ આશાઓ કાયમને માટે છિન્નભિન્ન થઈ ગઈ. હિન્દમાં હાલ ફ્રેન્ચને તાબે પોન્ડીચરી, માહિમ, ચંદ્રનગર, યાનાન અને કારીકલ બંદરો છે.

## પ્રકરણ-૪ થું
## ફ્રેન્ચ સરદારો

### ડુપ્લે

હિન્દમાં ફ્રેન્ચસત્તા સ્થાપવા માટે પ્રાણ પાથરનાર ડુપ્લે પ્રથમ બંગાળામાં આવેલ ચંદ્રનગરની ફ્રેન્ચ કોઠીનો ઉપરી હતો. ચંદ્રનગરની કારકિર્દી દરમિયાન એણે ફ્રેન્ચ-કંપનીનો વેપાર ખૂબ વધારી દીધો હતો. ત્યાર પછી ઈ. સ. ૧૭૪૧ માં એ પોન્ડીચરીના ગવર્નર તરીકે નિમાયો. પોન્ડી-ચરીમાં આવ્યા પછી ફ્રેન્ચસત્તા દક્ષિણમાં સર્વોપરી કરવા એણે પૂરતો પ્રયત્ન કર્યો. લાબોર્ડોનેને પોતાની મદદે બોલાવી એણે અંગ્રેજોને પહેલા ખૂબ રંજાડ્યા અને એમને હિન્દમાંથી હાંકી કાઢવા પ્રયત્ન કર્યો પણ તે ફોગટ ગયો. આ પછી ઈ. સ. ૧૭૪૮ માં નિઝામના



ડુપ્લે

રાજ્યની અને કર્ણાટકની રાજકીય ખટપટમાં દુપ્લેએ ઝંપલાવ્યું અને પોતાનાજ પક્ષકારોને નિઝામની અને કર્ણાટકની ગાદીઓ અપાવી. આ બનાવથી ફ્રેન્ચોની સત્તા આગળ વધી અને અંગ્રેજો મુઝાયા. એ ગંભીર મામલામાંજ અંગ્રેજોનો તારણહાર અને અંગ્રેજીસત્તાનો પાયો નાખનાર વીરનર રૉબર્ટ ક્લાઇવ ઝળકી ઉઠયો. એણે દુપ્લેની પ્રબળ સત્તા સામે થવા બીડું ઝડપ્યું. દુપ્લેએ ફ્રેન્ચ સત્તાને ટકાવી રાખવા તનતોડ મહેનત કરી પણ આખરે એ ન ફાવ્યો. એના બધા દાવ ઉંધા પડ્યા અને એ શૂરવીર સરદારને નામોશીભેર હિન્દનો કિનારો છોડવો પડયો. ફ્રેન્ચસત્તાને નબળી પાડવાના અને ફ્રેન્ચકંપનીને દેવામાં ઉતારી દેવાના એના ઉપર આરોપ મૂકાયા. રાજ્યની એના ઉપર અપ્રીતિ થઈ, લોકોએ એના ઉપર કંપનીને ધીરેલાં નાણાં માટે દાવાઓ કર્યા અને સરકારે એનાં ઘરબાર પણ જપ્ત કર્યાં. એ કાળજું કોરે એવી નામોશી મળવાથી દુપ્લેનું હૃદય ઘવાઇ ગયું અને ત્યાર પછી તરતજ ચાર માસની મુદતમાં એનો કાળ થયો, ઈ. સ. ૧૭૬૪.

## બુસી

દુપ્લે જ્યારે પોન્ડીચરીમાં ગવર્નર નિમાઇને આવ્યો ત્યારે ફ્રેન્ચ સૈન્યનો સરદાર બુસી હતો. આ સરદાર બાહુ બહાદુર હતો. બુસીએ લગભગ સાત વર્ષ સુધી નિઝામના રાજ્યમાં રહી ફ્રેન્ચસત્તાને ઘણા સારા પાયા ઉપર મૂકી હતી. જો લૅલીએ ઉતાવળ કરી બુસીને નિઝામના રાજ્યમાંથી પોતાની મદદે બોલાવી ન લીધો હોત તો ફ્રેન્ચસત્તાનો અંત નિઝામના રાજ્યમાંથી ન આવત. બુસી ફ્રેન્ચ અને અંગ્રેજ વચ્ચેના વિગ્રહમાં વૉન્ડિવાસ મુકામે હાર્યો અને કેદ પકડાયો ઇ. સ. ૧૭૫૯.

## લૅલી

યુદ્ધકળામાં લૅલીની હોશિયારી અને પ્રવીણતા ઘણી હતી. ઇ. સ. ૧૭૫૮ માં ફ્રેન્ચ સરકારે આ લૅલી સરદારને ખાસ સૈન્ય આપી ફ્રેન્ચ-સત્તા હિન્દમાં વધારવા અને અંગ્રેજ સત્તાને તોડી પાડવાના ઉદ્દેશથી જ

મોકલ્યો હતો. પોન્ડીચરીમાં આવતાં જ તેણે ફૉર્ટ સેંટ ડેવિડના કિલ્લાને સર કરી જમીનદોસ્ત કર્યો. પણ પોન્ડીચરીની સરકારે એને જોઇતી નાણાંની સગવડ આપવાની ના પાડી એથી એનો જુસ્સો નરમ પડી ગયો. તેમ છતાં તરતજ એણે બુસીને હૈદરાબાદથી સૈન્ય સાથે તેડાવી લીધો અને મદ્રાસ તરફ ધસ્યો. પણ બુસીની મદદ માગવામાં એને જરા વખત ગયો એ દરમિયાન અંગ્રેજોને બંગાળાથી મદદ આવી પહોંચી, લૅલીને પાછા હઠવું પડયું અને આખરે વૉન્ડિવાસ મુકામે અંગ્રેજો જોડે યુદ્ધ આદરવું પડયું; એમાં એ હાર્યો અને એને પોન્ડી-ચરી નાસી જવું પડયું. અંગ્રેજો પાછળ પડયા અને પોન્ડીચરીને ઘેરો ઘાલ્યો. એ વીર લૅલીએ બહાદુરીથી પોન્ડીચરીનો બચાવ કર્યો પણ આખરે ખોરાક ખુટી પડવાથી તેને તાબે થવું પડયું. આ હાર પછી ફ્રેન્ચસત્તા સર્વોપરી કરવાની એની ઇચ્છા મનમાંજ રહી ગઈ. ફ્રેન્ચસત્તા સ્થાપવાને બદલે એને હાથે જ ફ્રેન્ચસત્તાનો અંત આવ્યો. વૉન્ડિવાસની હાર પછી એ બધું ગુમાવી બેઠો. એ ફ્રાન્સ ગયો ત્યારે ત્યાંની સરકારે એના ઉપર ફ્રેન્ચસંસ્થાનો ગુમાવ્યાનો આરોપ મૂકયો અને ફાંસીને લાકડે એનો જીવ લીધો, ઈ. સ. ૧૭૬૬.

# ભાગ—૫ મો

# ઈસ્ટ ઈન્ડિયા કંપની

## પ્રકરણ—૧ લું

## બંગાળામાં અંગ્રેજ રાજ્યની સ્થાપના

### ૧. બંગાળામાં અંગ્રેજો

જ્યારે અંગ્રેજ કંપનીએ પહેલવહેલી બંગાળામાં વેપાર માટે કોઠીઓ નાખવાની શરૂઆત કરી ત્યારે ત્યાં મુગલાઈ રાજ્યની આણ ફરતી હતી અને દિલ્હીની ગાદીએ ઔરંગઝેબ રાજ્ય કરતો હતો. એ ઈ. સ. ૧૭૪૧માં બંગાળાની સૂબાગીરીએ નવાબ અલીવર્દિખાં હતો. તેણે અંગ્રેજ કંપનીને બંગાળામાં વેપારની ઘણી સારી સગવડો કરી આપી. આ નવાબ યૂરોપી પ્રજાઓ તરફ બહુ ભલમનસાઈથી વર્તતો. એ ઈ. સ. ૧૭૫૬માં મરણ પામ્યો. એના પછી એનો પૌત્ર સિરાજ ઉદ્ દૌલા ગાદીએ આવ્યો.

### સિરાજ ઉદ્ દૌલા અને અંગ્રેજો

નવો નવાબ સિરાજ ઉદ્ દૌલા જુવાનીના તોરમાં છકી ગયેલો અને સ્વભાવે તીખો હતો. એ નવાબે ગાદીએ આવ્યા પછી કૃષ્ણદાસ નામના માણસની માલમતા લૂંટી લેવાનું ધાર્યું પણ તે અંગ્રેજોને આશ્રયે જતો રહ્યો. સિરાજ ઉદ્ દૌલાએ કૃષ્ણદાસને પાછો સોંપી દેવા અંગ્રેજ કંપનીના ગવર્નર ડ્રેઇકને કહેવડાવ્યું; પણ ડ્રેઇકે નવાબને ગાંઠયો નહિ. એટલે નવાબનો પીત્તો ઉછળી ગયો અને તાબડતોબ પોતાના માણસો મોકલી કાસીમ બજારમાં આવેલી અંગ્રેજ કોઠી લૂંટાવી; ત્યાંના ઘણાખરા અંગ્રેજોને કેદ કર્યા; અને ત્યાર પછી પોતે પણ એક લશ્કર લઈ કલકત્તા પર ચઢી આવ્યો. ઈ. સ. ૧૭૫૬.

નવાબના લશ્કરે કલકત્તામાં દાખલ થઈ અંગ્રેજોની કોઠી ફેંદી નાંખી પણ કશેથી ખજાનો હાથ ન લાગ્યો. જેટલા અંગ્રેજો ત્યાં હતા તે બધાને નવાબે કેદ કરાવ્યા. બધા મળી ૧૪૬ અંગ્રેજ કેદીઓ હતા. એમ કહેવાય છે કે તે બધાને નવાબના અમલદારોએ એક નાની સરખી ઓરડીમાં પુરી દીધા.*

## ક્લાઈવની બંગાળા ઉપર ચઢાઈ

કલકત્તામાં અંગ્રેજોની આવી દુર્દશા થઇ રહી હતી તેજ વખતે કંપનીના સુભાગ્યે ક્લાઈવ હિન્દમાં પાછો આવી ગયો હતો. ક્લાઇવ અને વૉટસનને એક બહાદુર લશ્કર સાથે કલકત્તા મોકલવામાં આવ્યા. ક્લાઈવને કલકત્તા પાછું મેળવતાં જરાય મુશ્કેલી ન પડી. ફરી એકવાર કલકત્તામાં અંગ્રેજોનો વિજય વાવટો ફરકવા લાગ્યો. અંગ્રેજોની જીતની ખબર પડતાંજ નવાબ ચમક્યો અને લશ્કર જમાવી અંગ્રેજોની સામે દોડી આવ્યો. પણ એના સાહસમાં એ ફાવ્યો નહિ અને અંગ્રેજ જોડે સંધિ કરવી પડી. એ સંધિમાં અંગ્રેજ કંપનીને વેપારના બધા હક્કો પાછા મળ્યા અને કલકત્તા આગળ એક મજબૂત કિલ્લો બાંધવાની પણ પરવાનગી મળી.

---

*આધુનિક હિન્દી ઈતિહાસકારો (સર જદુનાથ સરકાર વગેરે) આ અંધારી કોટડીની વાતને એક ટાઢા પહોરની ગપ જ ગણે છે. તેઓ કહે છે કે આ અંધારી કોટડીની કલ્પના હોલવેલના ફળદ્રુપ ભેજામાંથી સરી આવેલી છે. આમાં અંગ્રેજોના દ્વેષને નવાબ વિરૂદ્ધ ઉશ્કેરવાનો નીચ હેતુ હતો. ઈતિહાસકારો પોતાની આ વાતની સાબીતીમાં એવાં કારણો આપે છે કે એક તો વીસ ચોરસ ફૂટની નાની ઓરડીમાં ૧૪૬ કેદીઓને પુરી શકાય એ વાતજ અસંભવિત અને મનુષ્યની બુદ્ધિ કબુલ ન કરી શકે એવી છે. બીજું તે જમાનાના મુસલમાન ઈતિહાસકારોએ અને ખુદ નવાબના કટ્ટા વિરોધીઓએ પણ આ વાતની નોંધ લીધેલી નથી. વળી ફ્રેંચ ઇતિહાસકારોએ કે ડચ ઇતિહાસકારોએ પણ આ અંધારી કોટડીની વાત એમના ઇતિહાસમાં કરી જ નથી.

## ચંદ્રનગર કબજે કર્યું

અંગ્રેજો જોડે સંધિ કરવી પડી એ વાત નવાબને ખટકતી હતી. એવામાં એણે સાંભળ્યું કે યૂરોપમાં ફ્રેન્ચ અને અંગ્રેજો વચ્ચે યુદ્ધ શરૂ થયું છે; એટલે નવાબે પણ ફ્રેન્ચોની મદદ મેળવવા ખાનગી ખટપટ આદરી. આ વાતની ક્લાઈવને જાણ થતાંજ એણે અને વૉટ્સને ફ્રેન્ચ સંસ્થાન ચંદ્રનગરને ઘેરો ઘલ્યો અને નવ દિવસના ઘેરા પછી ફ્રેન્ચોને નમાવી ચંદ્રનગરનો કબજો લીધો. છેવટે ફ્રેન્ચોએ સુલેહ કરી અને નવાબને મદદ નહિ આપવા કબૂલ કર્યું.

## નવાબ સામે કાવત્રું અને ક્લાઈવનો દગો

નવાબની રાજ્યનીતિમાં લોકોને જોઈએ તેવું સુખ નહોતું. શેઠ-શાહુકારોને એમજ લાગ્યા કરતું હતું કે એમના જાનમાલ સહીસલામત નથી. આથી રાજ્યના શાહુકારોએ અને સેનાપતિ મિરજાફરે મળી એક કાવત્રું ઉભું કર્યું. એ કાવત્રામાં અંગ્રેજોની મદદ મળે તો બધું કામ વધારે સહેલું થઈ જાય એમ જણાયાથી અંગ્રેજોને એ કાવત્રામાં ભેળવ્યા. કાવત્રું ફળે તો અંગ્રેજકંપનીને નવા નવાબ મિરજાફરે બે કરોડ રૂપીઆ આપવા એવી શરત ગુપ્ત રીતે થઈ હતી. આ સઘળું તરકટ અમીચંદ નામનો વાણીઓ જાણતો હતો. તેણે એ વાત ગુપ્ત રાખવાના બદલામાં, બે લાખ રૂપીઆ પોતાને મળે એવી શરત કાવત્રાના ખાનગી કરારનામામાં દાખલ કરવાની માગણી કરી. જો એમ નહિ થાય તો એ બધું કાવત્રું પોતે જાહેર કરી નાખશે એવી ધમકી પણ આપી. આથી કાવત્રાખોરો મુઝાયા. જો અમીચંદ વાત ફોડે તો બધાંના જાનમાલ જાય એવો મામલો હતો. એટલે અમીચંદની સરત કબુલ થઈ. પણ પક્કો ક્લાઈવ અમીચંદથી ખાધો જાય એવો ન હતો. એણે અમીચંદને પણ પાણી ભરાવ્યું. પોતે બે કરારનામાં તૈયાર કરાવ્યાં, એક સફેદ કાગળપર અને બીજું લાલપર. સફેદ કાગળનું કરારનામું ખરૂં હતું. એમાં અમીચંદની શરત મુદ્દલ લખી જ ન હતી. પણ લાલ કાગળના ખોટા કરારનામામાં

એ શરત હતી. અને એ ખોટું કરારનામું જ અમીચંદને બતાવવામાં આવ્યું હતું. મૂળ કાવત્રું સફળ પાર ઉતર્યા પછી જ્યારે અમીચંદને પોતે ફસાયો છે એમ ખબર પડી ત્યારે તે ગાંડો બની ગયો અને ગાંડપણમાં જ એણે પોતાનો જીવ ખોયો *

## પ્લાસીનું યુદ્ધ

કાવત્રાની ગોઠવણ પ્રમાણે ક્લાઈવને નવાબ ઉપર હુમલો કરવાનો હતો અને સેનાપતિ મિરજાફર નવાબ તરફથી સામો આવે છતાં તટસ્થ રહી કશો ભાગ નહિ લે એમ ઠર્યું હતું. ઈ. સ. ૧૭૫૭ના જુન માસની તા. ૨૩મીએ ક્લાઈવ નવાબ સામે મેદાને પડયો; અંગ્રેજોની નાની સેનાને એક ઝપાટામાં કાપી નાખવાની હોંસ ધરાવતો સિરાજ ઉદ્ દૌલા પણ પોતાનું મોટું સૈન્ય લઈ પ્લાસીના મેદાનમાં ક્લાઈવ સામે આવી ઉભો. એ યુદ્ધમાં નવાબનો મિરમદન નામનો મુખ્ય સેનાપતિ મરાયો એટલે નવાબે મિરજાફરને કહેવડાવ્યું કે લડાઇનો રંગ હવે તારે રાખવાનો છે. પણ બિચારા નવાબને ખબર ન હતી કે મિરજાફર તો મૂળથી જ ફૂટેલો હતો. પોતાનું સૈન્ય અંગ્રેજસેનાથી કપાઈ જતું જોઇ અને મિરજાફરની દગલબાજી જાણી નવાબ તો આભો જ બની ગયો; અંતે હિંમત હારી નાસી જઈ મુર્શિદાબાદમાં ભરાયો. પણ ત્યાં પોતાની સહીસલામતી નહિ લાગવાથી ફકીરના વેશમાં પટણા ભણી નાઠો. મિરજાફરનો પુત્ર મીરાન એની પાછળ પડયો અને તેને પકડી મારી નખાવ્યો. આ પ્રમાણે નવાબનો ઘાટ ઘડાઈ ગયો. કાવત્રાની શરત પ્રમાણે ક્લાઇવે મિરજાફરને બીજે જ દિવસે બંગાળાના નવાબ તરીકે જાહેર કર્યો. નવા નવાબ મિરજાફરે કંપનીને ચાળીસ લાખ રૂપીઆ રોકડા આપ્યા અને કલકત્તાની દક્ષિણનાં ૨૪ પરગણાંની જમીનદારી બક્ષિસ કરી. વળી પોતાને ગાદી મળી એની ખુશાલીમાં

---

* કંપનીના જુના દફતરો ઉપરથી એવું માલમ પડે છે કે અમીચંદ ગાંડો થઇ મરણ પામ્યો એ બીના ખોટી છે.

નવાબે ક્લાઇવને સોળ લાખ રૂપીઆ તેમજ કંપનીના દરેક નોકરને બક્ષિસો આપી. આ પ્રમાણે પ્લાસીની લડાઇ ખતમ થઈ અને હિન્દમાં અંગ્રેજી રાજ્યનો પાયો નખાયો.

બંગાળામાં અંગ્રેજ કંપનીને સુરક્ષિત કરી ક્લાઇવ ઇ. સ. ૧૭૬૦ માં ફરી ઇંગ્લંડ ગયો. ત્યાં એને રાજા તેમજ વડા પ્રધાન પિટ્ તરફથી પુષ્કળ માન મળ્યું અને "પ્લાસીનો બેરન"નો માનભરેલો ઇલ્કાબ મળ્યો.

## ૨. ક્લાઇવની ગેરહાજરીમાં બંગાળાની સ્થિતિ

### બંગાળામાં અંધેર

ક્લાઇવના ઇંગ્લંડ ગયા પછી બંગાળામાં એની જગાએ વાંસિટાર્ટ નામનો એક નબળો પણ અતિ ભોળો અને પ્રમાણિક અંગ્રેજ ગવર્નર તરીકે નિમાયો હતો. એની નબળાઇ અને ભલમનસાઇનો લાભ લેનાર આસપાસ બીજા લુચ્ચા અંગ્રેજ અમલદારો ભરાઇ બેઠા હતા. એ અમલદારોએ પોતાનાં ખીસાં તર કરવા માટે ભોળા વાંસિટાર્ટ પાસે મિરજાફરને નાલાયક ઠરાવી ગાદી ઉપરથી ઉઠાડી મૂકાવ્યો અને એના જમાઇ મિરકાસિમને ગાદીએ બેસાડયો. આ ફેરફારથી કંપનીને નવા નવાબ મિરકાસિમ તરફથી બર્દવાન, મીદનાપુર અને ચીતાગોંગ પરગણાંનો તમામ વહીવટ મળ્યો. વળી અમલદારોને પણ બક્ષિસ તરીકે મિરકાસિમ તરફથી પુષ્કળ નાણું મળ્યું.

### મિરકાસિમ નવાબ તરીકે

મિરજાફર કરતાં મિરકાસિમ નવાબ તરીકે જુદીજ ખોપરીનો નીકળ્યો. રાજકારભારમાં મિરકાસિમ કુશળ હતો અને લડાઇમાં બહાદુર હતો. પ્રથમ તેણે તિજોરી તર કરવા પ્રયત્ન આદર્યો. અંગ્રેજ કંપની પોતાની રાજધાનીમાં વારંવાર ડોકિયાં કરી શકે એ સ્થિતિ પણ એને ન ગમી; તેથી તેણે પોતાની ગાદી મુર્શિદાબાદમાંથી ખસેડી મોંગીરમાં કરી. ત્યાં એણે મજબૂત કિલ્લો બંધાવ્યો; એ કિલ્લા ઉપર તોપો પણ

ગોઠવી દીધી અને પોતાના લશ્કરને યૂરોપી ઢબ પ્રમાણે કેળવવા માટે એક સમરૂ નામના જર્મન સરદારને નોકરીમાં રાખ્યો.

## મિરકાસિમની અંગ્રેજ જોડે અથડામણ

આ પ્રમાણે મિરકાસિમ દિવસે દિવસે પોતાની સત્તા મજબૂત કરતો ગયો. વળી એણે જોયું કે બંગાળામાં કંપનીના નોકરો ગેરવાજબી રીતે વેપાર ચલાવી નવાબની તિજોરીને ઘણું નુકસાન પહોંચાડતા હતા. કંપનીના નોકરો મીઠા ઉપરની ૨½ ટકા જકાત આપવા સિવાય બીજી કોઈ પણ પ્રકારની જકાત ભરવાની ચોખ્ખી ના જ પાડતા. મિરકાસિમે પણ ધીમે રહી બીજું કાંઇ નહિ કરતાં પોતાની પ્રજાને કંપની જેટલા જ હક્કો વેપારની બાબતમાં આપી દીધા. પ્રજાને વેપારમાં રક્ષણ આપવાનું મિરકાસિમનું આ ન્યાયી પગલું પણ અંગ્રેજ વેપારીઓની આંખમાં ખૂંચવા લાગ્યું; અને તેઓ નવાબ સામે લડાઇમાં ઉતરવા તૈયાર થયા.

કંપનીના નોકરોની વર્તણૂકથી મિરકાસિમ તો હજી ચકિત જ થઇ રહ્યો છે, ત્યાંતો પટણામાં મૂકેલા એલિસ નામના અંગ્રેજ એજન્ટે પટણા ઉપર એકાએક હલ્લો કરી એ શહેરનો કબજો લીધો. આ ઓચિંતા હુમલાની ખબર પડતાં મિરકાસિમે પણ એના જવાબમાં બંગાળામાંના એકેએક અંગ્રેજને પકડવાના હુકમો છોડ્યા અને એક લશ્કર પટણા મોકલ્યું. તેણે પટણાનો કબજો મેળવી એલિસ અને બીજા અંગ્રેજોને કેદ કર્યા. આ બાજુ કંપનીએ પણ કલકત્તેથી એક લશ્કર મોકલી મુર્શિદાબાદનો કબજો લીધો અને ત્યાં પદભ્રષ્ટ કરેલા મિરજાફર ડોસાને ફરી ગાદીએ બેસાડ્યો. ત્યાર પછી અંગ્રેજ લશ્કરે મોંગીરનો પણ કબજો લીધો અને પટણા તરફ કૂચ કરી. મિરકાસિમ તે વખતે પટણામાં હતો. અંગ્રેજ લશ્કરને પટણા તરફ આવતું સાંભળી મિરકાસિમે તમામ અંગ્રેજ કેદીઓની કતલ કરવા હુકમ કરી દીધો. આ કતલથી અંગ્રેજો વધારે ઝનૂનમાં આવી ગયા અને પટણાનો ઘેરો ઘાલી એનો કબજો લીધો. આ ઘેરામાંથી છટકીને મિરકાસિમ અયોધ્યા તરફ નાસી ગયો.

**બક્સરની લડાઈ**

મિરકાસિમને નસાડયા પછી બીજે જ વર્ષે એટલે ઇ. સ. ૧૭૬૪ માં અંગ્રેજ સરદાર હેક્ટર મન્રોએ અયોધ્યાના સૂબા શુજા-ઉદ્-દૌલા, દિલ્હીના બાદશાહ શાહઆલમ બીજા અને મિરકાસિમના સંયુક્ત લશ્કરને બક્સર મુકામે હરાવ્યું. આ હારથી મિરકાસિમનો છેલ્લો પાસો પણ ઉંધો પડયો અને ત્યાર પછી એ કદી દેખાયોજ નહિ. અયોધ્યાનો નવાબ નાસીને રોહિલખંડ જતો રહ્યો; અને શાહઆલમ અંગ્રેજને શરણે ગયો. ફરી એકવાર શુજા-ઉદ્-દૌલા રોહિલા લોકોની મદદથી અંગ્રેજોની સામો આવ્યો પરંતુ તે કોરા આગળ હાર્યો અને અંગ્રેજોને શરણે ગયો, ઇ. સ. ૧૭૬૫. આ પ્રમાણે આખા બંગાળામાં અંગ્રેજોએ પોતાની વિજયહાક વગાડી દીધી.

## ૩. બંગાળામાં નવી રાજવ્યવસ્થા

ઈ. સ. ૧૭૬૦ થી ૧૭૬૫ સુધી બંગાળામાં ખૂબ અંધેર જામ્યું હતું. મરજીમાં આવે તેને નવાબ બનાવી કલકત્તાની કંપની બંગાળાના રાજવહીવટમાં માથું મારી રહી હતી. આમ થવાથી કંપનીનું લક્ષ વેપાર ઉપરથી ખસી ગયું હતું. કંપનીના નોકરોએ પણ ખાનગી વેપારોમાં અને દેશીઓ પાસેથી લાંચ રૂશ્વત લેવામાં પડી જઈ કંપનીના વેપારને જબરો ધક્કો લગાડયો હતો. આ અંધેર મટાડવા કંપનીના વહીવટદારોએ ઇ. સ. ૧૭૬૫માં ફરી એકવાર ક્લાઇવને હિન્દમાં મોકલ્યો. ક્લાઇવે આવી લાંચિયા અને સ્વાર્થી નોકરો ઉપર દાબ મૂકવાનું કામ હાથમાં લીધું. તેણે કંપનીના દરેક નોકરને ખાનગી વેપાર ન કરવાની તથા દેશી રાજાઓ પાસેથી ભેટ ન લેવાની ફરજ પાડી. ત્યારપછી તે અલ્હાબાદ ગયો. ત્યાં મુગલ બાદશાહ શાહઆલમ અને અયોધ્યાના નવાબ પાસે નવેસરથી કરારો કરાવ્યા. શાહઆલમે કંપનીને બંગાળા, બિહાર, અને ઓરિસાની દિવાની (જમીન મહેસૂલનો કારભાર) આપી અને તે બદલ કંપનીએ તેને દર સાલ ૨૬ લાખ રૂપીઆ આપવાનું કબૂલ્યું.

## ક્લાઈવની દ્વિરાજક પદ્ધતિ

બંગાળા, બિહાર, અને ઓરિસાની દિવાની કંપનીને મળ્યા પછી ક્લાઇવે એ દિવાની એકઠી કરવાનું કામ નવાબના અમલદારોની મારફતે જ લીધું, કારણકે કંપનીની પાસે એ કામ કરવાને જોઇએ તેટલા અને જોઇએ તેવા માણસો નહોતા. આ પદ્ધતિથી કંપની તેમ જ નવાબ બન્નેના હાથમાં સત્તા રહી. ઇતિહાસમાં એ દ્વિરાજક પદ્ધતિના નામથી પ્રખ્યાત છે. આ પદ્ધતિ નિષ્ફળ નીવડી, કારણ એમાં મોટો દોષ એ હતો કે જે અમલદારો મારફત મહેસૂલ ઉઘરાવાતી તે અમલદારો પોતાનાં ખીસાં ભરવા માટે અને કંપનીને સારી મહેસૂલ કરી આપવા માટે રૈયતને પીડતા. રૈયત ક્લાઇવ પાસે ન્યાય માંગવા જાય ત્યારે ક્લાઇવ એવો જવાબ આપતો કે જુલમગાર અમલદારો નવાબના તાબામાં છે, માટે નવાબ પાસે ન્યાય માંગો. રૈયત જ્યારે નવાબ પાસે દાદ માંગવા જાય ત્યારે તે જવાબ દેતો કે એ સત્તા ક્લાઇવની છે. બે ધણીની તાબેદારી ભોગવતી રૈયતને બેમાંથી એકે પાસે ન્યાય મળતો નહિ.

## ક્લાઈવનું મરણ

ક્લાઇવ ઇ. સ. ૧૭૬૭ માં પોતાની નાદુરસ્ત તબિયતને લઇ ઇંગ્લંડ ગયો. ત્યાં તેનું સારૂં સન્માન થયું. પરંતુ પાછળથી તેના શત્રુઓ તેની નિંદા કરવા લાગ્યા. ક્લાઇવની શારીરિક શક્તિ પણ ક્ષીણ થતી ચાલી અને પછી તો એને બીલકુલ ઉંઘ જ ન આવતી. ઇ. સ. ૧૭૭૪ માં દુનીઆથી કંટાળી પોતાના ગળામાં ચપ્પુ ભોંકી દઇ ૫૦ વર્ષની ઉમરે એણે આપઘાત કર્યો.

## ક્લાઈવનું ચારિત્ર્ય

બાળપણથી જ દેવળોના ઉંચા શિખરની ટોચે ચઢી બીજાઓને ચકિત કરનાર ક્લાઇવ પોતાની જિંદગીનાં કાર્યોથી બધાને ચકિત કરી ગયો. એ કંપનીની મહેતાગીરીમાંથી અંગ્રેજી રાજ્યના સ્થાપકની ઉચ્ચ

પદવીએ પહોંચ્યો. કંપનીના તેમજ પોતાના સ્વાર્થ માટે અનુચિત કર્મ કરતાં તે અચકાતો નહિ એ આપણે અમીચંદ સાથે કરેલા દગાથી જાણી શકીએ છીએ. ક્લાઇવમાં સેનાપતિના ગુણો ઉપરાંત રાજકર્તાના પણ ગુણો હતા. તાબેદાર માણસોને કાબુમાં કેમ રાખવા અને પોતાની સત્તાનો દોર રાજ્યના નાના મોટા અમલદારો ઉપર કેમ બેસાડવો તે તે સારી રીતે જાણતો હતો. આફત આવે ત્યારે પણ ન ગભરાતાં તે હમેશના જેવો જ શાન્ત રહેતો.

# પ્રકરણ-૨ જું

# કુંપનીની સત્તાનું સંરક્ષણ

## ૧. વૉરન હેસ્ટિંગ્સ, ૧૭૭૨-૧૭૮૫

### ૧૭૬૭ થી ૧૭૭૨

ઈ. સ. ૧૭૬૭માં ક્લાઇવ હિન્દનો કિનારો છોડી ગયો અને ઈ. સ. ૧૭૭૨માં વૉરન હેસ્ટિંગ્સ બંગાળાનો ગવર્નર નિમાયો એ પાંચ વર્ષના વચલા ગાળા દરમ્યાન બંગાળામાં ફરી પાછું અંધેર ચાલ્યું. ક્લાઇવ જેવા નિયામકની ગેરહાજરીમાં કંપનીના નોકરો નિરંકુશ થઈ ગયા અને બમણા જોરથી અવ્યવસ્થા ચાલી. અમલદારો ખાનગી વેપારમાં, દેશી રાજાઓ, જમીનદારો અને વેપારીઓ પાસેથી લાંચ-રૂશ્વત લેવા લાગ્યા. અધુરામાં પૂરું ઈ. સ. ૧૭૭૦ માં બંગાળામાં ભયંકર દુષ્કાળ પડયો. અગાઉ પડી ગએલા દુષ્કાળો કરતાં આ દુષ્કાળની

માઠી અસર દુષ્કાળ પછી પણ ચાલીસ વર્ષ સુધી લોકોને જણાયા કરી. આ દુષ્કાળમાં પ્રજાને અન્નના વાખા એટલા બધા પડયા કે પ્રજાનો ત્રીજો ભાગ નાશ પામ્યો. બંગાળાનું રાજતંત્ર પણ ક્લાઈવની દ્વિરાજક પદ્ધતિને લીધે એટલું બધું નબળું પડી ગયું કે સંકટનિવારણના ચાંપતા ઇલાજો લઈ શકાયા નહિ.

## બંગાળાના ગવર્નર તરીકે હેસ્ટિંગ્સે કરેલા સુધારા

ગવર્નર તરીકે નિમાયા પછી હેસ્ટિંગ્સે કંપનીના રાજ્યમાં જોઈતા સુધારા દાખલ કર્યા. તેણે તરત જ ક્લાઈવની દ્વિરાજક પદ્ધતિને એક ઝપાટે ઉડાવી દીધી; પછી નાયબ દિવાનો જે કંપનીની મહેસૂલ ઉઘરાવતા હતા અને જેઓ રૈયત ઉપર જબરદસ્તી વાપરી કંપનીના નામને બટ્ટો લગાડી રહ્યા હતા તેમને દૂર કર્યા. વળી તેણે પ્રાન્તોના, જીલ્લાઓમાં વિભાગ પાડી દઈ, તે પર જુદા જુદા અમલદારોને મહેસૂલ ઉઘરાવવા નિમ્યા. તે અમલદારો કલેકટર કહેવાયા. તેમના ઉપરી તરીકે કમીશ્નરો નિમાયા. આ પ્રમાણે હાલ ચાલતી રાજપદ્ધતિનો પાયો હેસ્ટિંગ્સે નાખ્યો. વળી એણે દિવાની અને ફોજદારી કચેરીઓ કલકત્તામાં અને અન્ય સ્થળોમાં સ્થાપી. હિન્દમાં ચાલતા કાયદાના ગ્રંથોનું અંગ્રેજી ભાષામાં ભાષાન્તર કરાવ્યું. વધુમાં એણે બંગાળાના નવાબને અપાતા વર્ષાસનમાં ઘટાડો કરી કંપનીની આર્થિક સ્થિતિ સુધારવાનો પ્રયત્ન કર્યો.

## શાહઆલમ અંગ્રેજનો આશ્રય છોડી દે છે

ઈ. સ. ૧૭૬૫માં થયેલા અલ્હાબાદના કરારનામા પ્રમાણે બાદશાહ શાહઆલમે અંગ્રેજના આશ્રય તળે અલ્હાબાદમાં રહેવાનું કબૂલ કર્યું પરંતુ ઈ. સ. ૧૭૭૦ માં મરાઠાઓના વધતા જોરથી અંજાઈ જઈ શાહઆલમે અલ્હાબાદ છોડી મહાદજી સિંધિયાનું શરણ સ્વીકાર્યું તેથી હેસ્ટિંગ્સે એને બંગાળાની દિવાનીના બદલામાં અપાતી ૨૬ લાખની ખંડણી ભરવી બંધ કરી.

## રેગ્યુલેટિંગ એક્ટ (નિયામક કાયદો), ૧૭૭૩

જ્યારે કંપનીના હાથ નીચે લાખો માણસોના રક્ષણની જવાબદારી આવી પડી ત્યારે ઈંગ્લંડની સરકારને હિન્દી રાજવહીવટની અંદર સુધારા કરવાની જરૂર જણાઇ. એથી ઇ. સ. ૧૭૭૩ માં કંપનીના કારભારને વ્યવસ્થિત કરનારો એક કાયદો પસાર થયો. આ કાયદો રેગ્યુલેટિંગ એક્ટને નામે પ્રસિદ્ધ છે. આ ધારાથી બંગાળાના ગવર્નરને ગવર્નર જનરલ નિમી, તેને હિન્દનાં તમામ બ્રિટિશ સંસ્થાનોનો ઉપરી બનાવવામાં આવ્યો અને તેની નિમણુક કંપનીના હાથમાં ન રાખતાં ઈંગ્લંડના મુખ્ય પ્રધાનને સોંપવામાં આવી. તેને સલાહ આપવાને ચાર સભાસદોની એક સભા નિમવામાં આવી. કલકત્તામાં ન્યાયને માટે એક વરિષ્ઠ કચેરી સ્થાપવામાં આવી. વૉરન હેસ્ટિંગ્સ હિન્દનો પહેલો ગવર્નરજનરલ નિમાયો.

## રોહિલા સાથે લડાઇ

રોહિલખંડ ફળદ્રુપ હોઇ મરાઠાઓની આંખમાં આવી રહ્યો હતો. મરાઠાઓ હુમલા કરી લૂંટફાટ કરી જતા હતા. તેમનાથી ત્રાસી રોહિલા સરદાર રેહમતખાંએ અયોધ્યાના નવાબ શુજા–ઉદ્–દૌલાને રોહિલખંડનું રક્ષણ કરવા બદલ ૪૦ લાખ રૂપીઆ આપવા કબૂલ કર્યું હતું. પણ એવામાં નારાયણરાવ પેશવાનું મરણ થવાથી સિંધિયાને પૂના તરફ જવું પડયું, તેથી રોહિલાઓની દહેશત ગઈ. નવાબે તો મદદ કર્યા વિના રોહિલાઓ પાસે ૪૦ લાખ રૂપીઆની માગણી કરી; રોહિલાઓએ તે આપવાની ના પાડી. અયોધ્યાના નવાબે તુરત જ હેસ્ટિંગ્સની મદદ માગી. અંગ્રેજની મદદથી નવાબ વિજયી નિવડયો અને રોહિલા લોકો હારીને નાસી ગયા. જીતાયેલો રોહિલખંડ હેસ્ટિંગ્સે નવાબને સોંપ્યો: એના બદલામાં નવાબે કંપનીને લડાઇના ખર્ચ બદલ ૪૦ લાખ રૂપીઆ અને ચુનારગઢનો કિલ્લો સોંપ્યાં.

## હેસ્ટિંગ્સ અને તેના સભાસદો વચ્ચે જામેલો વિરોધ

હેસ્ટિંગ્સની નવી નિમાયેલી સભામાં કાયદા પ્રમાણે દરેક કાર્ય બહુમતિથી ચલાવવાનું હતું; તેથી શરૂઆતમાં તેનો વહીવટ મુશ્કેલ

થઈ પડયો. કારણુકે એની સભામાં ફિલિપ ફ્રાન્સીસ નામને સભ્ય હેસ્ટિંગ્સને કટ્ટો વિરોધી હતો ને અન્ય સભ્યોને પણ તેની વિરૂદ્ધ ઉશ્કેરતો હતો. માત્ર હેસ્ટિંગ્સનો મિત્ર બેરવેલ તેમાં ભળતો ન હતો. એ ફ્રાન્સીસ પોતાની બહુમતિ સાધીને પોતાનું જ ધાર્યું કરતો.

## રાજા નંદકુમાર

નંદકુમાર એક બાહોશ અને લાગવગવાળો ગૃહસ્થ હતો. હેસ્ટિંગ્સને અને તેને કોઈ કારણુસર વેર બંધાયાં હતાં. તેથી તેણે હેસ્ટિંગ્સ ઉપર મીરજાફરની બેગમ પાસેથી લાંચ લીધાનું તહોમત મૂકી વરિષ્ઠ કોર્ટમાં ફરિયાદ કરી. પણ એવી તપાસ કરવાનો અધિકાર વરિષ્ઠસભાની હદ બહાર છે એમ જણાવી હેસ્ટિંગ્સે એ સભામાં પોતાનો કેસ ચાલવા દીધો નહિ. વધારામાં હેસ્ટિંગ્સે નંદકુમાર ઉપર ખોટા દસ્તાવેજ કર્યાની ફરિયાદ મંડાવી. તે સાબિત થવાથી રાજા નંદકુમારને ફાંસીની શિક્ષા થઇ.

## હૈદરઅલી

વિજયનગરની પડતી પછી મ્હૈસૂરમાં હિન્દુ રાજાઓ સ્વતંત્રપણે રાજ્ય ચલાવતા હતા. લગભગ બસો વર્ષ સુધી એ હિન્દુ રાજાઓએ મરાઠાઓના હલ્લાને પાછા હઠાવ્યા. ઈ. સ. ૧૭૬૧માં ત્યાંનો રાજા બાળક હોવાથી દિવાન નંદરાજ રાજકારભારનો બોજો ઉપાડતો હતો. આ વખતે મ્હૈસૂરરાજ્યના લશ્કરી ખાતામાં શાહઆલમ નામનો એક મુસલમાન ઘોડેસ્વારની ટુકડીનો નાયક હતો. એના હાથ નીચે એનો નાનો ભાઈ હૈદરઅલી પ્રથમ એક સાધારણ સિપાઈ હતો. આગળ જતાં પોતાની જ બાહોશીથી એ આખા લશ્કરનો સેનાપતિ થયો. જ્યારે સૈન્યનો તમામ કાબુ હૈદરના હાથમાં આવ્યો ત્યારે એને હિન્દુરાજ્યસત્તા ઉથલાવી પાડવાની ઇચ્છા થઈ આવી. એથી નંદરાજને મારી નખાવી બાળરાજાને કેદ કર્યો અને મ્હૈસૂરની ગાદીનો ધણી પોતે થઇ પડયો. ઈ. સ. ૧૭૬૧.

## પહેલો મ્હેસુર વિગ્રહ

હૈદરની સત્તા બધાને ખૂંચી રહી હતી. એથી મરાઠાઓ, નિઝામ, અને અંગ્રેજોએ એકઠા મળી હૈદરને રખડતો કરી મૂકવાની યોજના ઘડી, પણ ચતુર હૈદરે મરાઠાઓનું મ્હોં પૈસાથી ભરી દઇ એમના ભયનો આંકડો કાપી નાખ્યો. મરાઠાઓને ખસી પડેલા જાણી નિઝામ પણ ગભરાયો, અને હૈદરના પડખામાં ભરાયો. આથી અંગ્રેજોની સ્થિતિ કફોડી થઈ ગઇ. હૈદર એક મોટું લશ્કર લઇ મદ્રાસ ઉપર ધસી આવ્યો, ઈ. સ. ૧૭૬૯. મદ્રાસની સરકાર તો આભી જ બની ગઇ. હૈદરની સામે મૂકવા જેવું લશ્કર ન હતું. હૈદર સામે લડવાનો એકકે ઉપાય ન સૂઝવાથી અંગ્રેજોએ મદ્રાસ મુકામે હૈદર સાથે સંધિ કરી. આ સંધિથી બન્નેએ એક બીજાના લીધેલા મુલક પાછા આપવા અને સંકટ સમયે અરસપરસ સહાય કરવી એવું ઠર્યું.

## બીજો મ્હેસૂર વિગ્રહ

યૂરોપમાં ફ્રાન્સ અને ઇંગ્લંડ વચ્ચે ઇ. સ. ૧૭૭૮માં લડાઇ સળગી. આ લડાઇની અસર હિન્દમાં પણ થઇ. તેથી હેસ્ટિંગ્સે દક્ષિણ હિન્દમાં લશ્કર મોકલી ફ્રેંન્ચ સંસ્થાનોનો કબજો લઇ લીધો. કબજે લીધેલાં સંસ્થાનોમાં માહીનું બંદર પણ હતું. આ બંદરની માલિકી હૈદરની હતી તેથી તે એક લાખ માણસનું લશ્કર જમા કરી એકસો તોપો સાથે લઈ અંગ્રેજો ઉપર વાવાઝોડાની ઝડપે ધસ્યો. પણ અંગ્રેજ સરદાર આયર કૂટે આર્નો મુકામે એને સજડ હાર આપી, ઇ. સ. ૧૭૮૨. એજ સાલમાં હૈદર ૬૦ વર્ષની વયે મરણ પામ્યો. એના પછી એના પુત્ર ટીપુએ બે વર્ષ સુધી લડાઈ લંબાવી. પણ આખરે માંગલોર મુકામે સંધિ કરી, ઇ. સ. ૧૭૮૪. આ સંધિથી એક બીજાએ જીતેલા પ્રદેશો અને કેદીઓ પાછા સોંપી દેવાનું ઠર્યું.

## હૈદરનું ચારિત્ર્ય

હૈદર ૧૭૨૨માં જન્મ્યો હતો. તે અભણ છતાં હોશિયાર અને શૂરવીર હોવાથી પ્રથમ લૂંટારાનું કામ કરતો હતો. તે શિવાજી માફક

પોતાની ટોળીના માણુસોને પગાર આપતો નહિ. પણ લૂંટમાંથી ભાગ આપતો. દિન પ્રતિ દિન તેનું જોર વધવા માંડયું. તેને અટકાવવા મ્હૈસુરના રાજાએ તેના મોટા ભાઇ શાહઆલમના હાથ નીચે તેને લશ્કરમાં નોકરી આપી. ઇ. સ. ૧૭૪૯. તે વખતે તેની ઉમર ૨૭ વર્ષની હતી. લડાઈમાં તો એને બહુ જ રસ પડતો. શત્રુને દાબથી અને ભેદથી કેમ વશ કરવો એ કળા એને બહુ સારી આવડતી. નબળાપોચાને તો એ દંડ કરી તાબે કરી દેતો. એની સત્તાનો ત્રાસ એણે આખા દક્ષિણુમાં ફેલાવી દીધો હતો. સેનાપતિને લાયક ગુણો એનામાં જન્મથી જ હતા. અંગ્રેજો સામે એ ન ફાવ્યો એમાં અંગ્રેજોની દરિયાઇ સત્તા જ એને નડી હતી. રાજ્યના કામકાજમાં એ કદી આળસુ નહોતો. સવારથી સાંજ સુધી એ કંઇને કંઈ કામમાં ગુંથાએલો જ રહેતો. રાજ્યના દરેક ખાતા ઉપર એ જાતે નજર રાખતો અને કોઈપણ કામ બજાવવાની એની ઝડપ અને નિયમિતતા વખાણુવા જેવી હતી. અભણ હોવા છતાં એ પાંચ જુદી જુદી ભાષાઓ છટાથી બોલી શકતો હતો.

## રાજા ચૈયતસિંહ

મરાઠાવિગ્રહ અને મ્હૈસૂરવિગ્રહને લીધે હેસ્ટિંગ્સ નાણાંની તંગીમાં આવી પડયો હતો. તેથી બનારસના ખંડીઆ રાજા ચૈયતસિંહ પાસે તેણે ૫ લાખ રૂપીઆ તથા બે હજાર ઘોડેસ્વારની માગણી કરી. ચૈયતસિંહ આ માગણીને પહોંચી ન શક્યો તેથી એણે નકારમાં જવાબ આપ્યો. આ ઉપરથી હેસ્ટિંગ્સે ચૈયતસિંહને પદભ્રષ્ટ કરી તેના ભત્રીજાને ગાદીએ બેસાડયો અને તેની પાસેથી બમણી ખંડણી લેવાની શરત કરી. ખજાનામાં હતું તેટલું નાણું તેજ વખતે હેસ્ટિંગ્સે હાથ કરી લીધું.

## અયોધ્યાની બેગમો ઉપર ગુજારેલો જુલમ

ચૈયતસિંહની તિજોરી લૂંટયા પછી પણ હેસ્ટિંગ્સની ભૂખ ભાંગી નહિ. તેથી તેણે અયોધ્યાના નવાબ આસફ-ઉદ્-દૌલાને કંપનીનું ચઢેલું દેવું જલદી ભરી દેવા હુકમ કર્યો. નવાબે હેસ્ટિંગ્સને બેગમો પાસેથી

પૈસા માગવાનું લખ્યું. હેસ્ટિંગ્સે એક લશ્કર મોકલી બેગમોના માણસોને કેદ કર્યા અને બેગમોને ગભરાવીને એમની પાસેથી ૭૫ લાખ રૂપીઆ ઓકાવ્યા.

### હેસ્ટિંગ્સનું ચારિત્ર્ય

કંપનીમાં એક સાધારણ નોકર તરીકે દાખલ થઈ ચીવટાઈ અને ચતુરાઇથી હેસ્ટિંગ્સ દીપી નીકળ્યો હતો. કામ કરવામાં એ કદી થાકતો જ નહિ. કરેલ નિશ્ચયમાં અડગ રહેતો, સંકટને સમયે ધીરજ રાખી નિર્ભય રહેતો અને રાજનીતિમાં દીર્ઘદૃષ્ટિવાળો અને નિપુણ હતો. લોર્ડ ક્લાઇવે હિન્દમાં અંગ્રેજી સત્તા સ્થાપી એ ખરૂં પણ ઈ. સ. ૧૭૭૦ થી ૧૭૮૫ સુધી કંપનીની સ્થિતિ એવી તો બારીક અને કટોકટીની હતી કે હેસ્ટિંગ્સ જેવો બાહોશ કારોબારી તે વખતે ન હોત તો મરાઠા અને હૈદરના એકત્ર બળ આગળ કંપનીની સત્તા કદી ટકી શકત નહિ.

## ૨. લોર્ડ કૉર્નવૉલિસ, ૧૭૮૬–૧૭૯૩

### પિટ્ટનો નવો ધારો, ૧૭૮૪

હિન્દમાં કંપનીની રાજકીય સત્તા વધતી જતી હોવાથી કંપનીના બંધારણમાં ફેરફાર કરવાની જરૂર હતી. તેથી વડા પ્રધાન પિટ્ટે ઈ. સ. ૧૭૮૪ માં હિન્દના રાજ્યવહિવટ માટે નવો ખરડો રજુ કર્યો. પાર્લામેન્ટમાં તે પસાર થયો. એ ધારા પ્રમાણે હિન્દુસ્તાન સાથેનો કંપનીના વેપારનો ઇજારો કાયમ રહ્યો પણ કંપનીની રાજકીય સત્તા પ્રધાન મંડળે નિમેલી છ માણસની નિયામક સભાને સોંપવામાં આવી. એ છ માણસની નિયામક સભાના પ્રમુખને હિન્દખાતાનો પ્રધાન ઠરાવ્યો. એ પ્રમુખ પ્રધાન મંડળમાંનો એક હોવો જોઇએ. આથી કંપનીની સત્તા વાસ્તવિક રીતે ઇંગ્લંડના પ્રધાનમંડળના હાથમાં આવી. વળી પાર્લામેન્ટની સંમતિ સિવાય કંપનીનો ગવર્નરજનરલ કોઈ પણ દેશી રાજા સાથે સંધિ કે વિગ્રહ કરી શકે નહિ. કલકત્તાની

કારોબારી સભાના સભ્યો ચાર હતા તે ઘટાડીને ત્રણ કર્યા. મદ્રાસ અને મુંબઈના ગવનરને પણ સલાહ માટે એવી કારોબારી સભાઓ નિમી આપી. એ ઉપરાંત ગવર્નરજનરલ વગેરે ઉપરી અમલદાર પાર્લામેન્ટે નિમવા એવું ઠર્યું. આ ધારા પ્રમાણેની વ્યવસ્થા ઈ. સ. ૧૮૫૮ સુધી રહી.

## લોર્ડ કૉર્નવૉલિસે દાખલ કરેલા સુધારા

પોતાની કારકિર્દીના પહેલા ત્રણ વર્ષ દરમિયાન કૉર્નવૉલિસે કંપનીની આંતરવ્યવસ્થાને લગતા સુધારા દાખલ કર્યા. કંપનીના અમલદારોને લાંચ અને બક્ષિસ લેતા અટકાવ્યા અને તેમનો પગાર વધાર્યો. વળી ઈન્સાફની અદાલતોમાં એણે સુધારાવધારા કર્યા. ન્યાય જલદી અપાય તે માટે ઢાકા, મુર્શિદાબાદ, કલકત્તા, અને પટણામાં ચાર મુખ્ય અદાલતો સ્થાપી. પાંચમી એક વરિષ્ઠ અદાલત કલકત્તામાં હતી.

## કાયમી જમાબંદીનો કાયદો, ૧૭૯૩

વૉરન હેસ્ટિંગ્સના વખતમાં જમીન ઈજારે અપાતી તેમાં સૌથી વધારે પૈસા આપનારને અમુક વર્ષને પટે એ જમીન આપવામાં આવતી. પણ આ પદ્ધતિથી કંપનીને મહેસૂલની રકમ ઓછી ઉપજતી; કારણ કે ઈજારદારો જમીનની માલિકી નહિ ધરાવતા હોવાથી જમીનનો પાક વધારવા માટે કશો જ ખર્ચ કરતા નહિ; પાક ઓછો ઉતરે એટલે મહેસૂલ પણ ઓછી જ ભરાય. આ પદ્ધતિથી જમીનનો કસ દિવસે દિવસે ઘટવા લાગ્યો અને ખેડૂતોની સ્થિતિ પણ બગડતી ચાલી. લોર્ડ કૉર્નવૉલિસે આ સ્થિતિ સુધારવાને કાયમી જમાબંદીની નવી પદ્ધતિ દાખલ કરી.

એણે જુના જમીનદારોને એમની જુની જમીન પાછી સોંપી; અને સરકારને ભરવામાં આવતી જમીનની મહેસૂલનો અમુક આંકડો કાયમને માટે નક્કી કર્યો. આ જાતનું જમાબંદીની રીત એણે પ્રથમ બંગાળા, બિહાર, અને ઓરિસામાં ૧૭૯૩માં દાખલ કરી. બે વર્ષ પછી બનારસમાં પણ એ દાખલ થઈ.

## આ પદ્ધતિથી થતા લાભ

(૧) જમીનદારોને જમીન કાયમની મળી.

(૨) એથી જમીન સુધરી.

(૩) જમીનનો કસ વધવાથી પાક વધ્યો.

(૪) જમીનદારોનો એક સમૃદ્ધ અને કાયમને માટે સરકારનો વફાદાર વર્ગ ઉભો થયો.

(૫) દુષ્કાળ વખતે ખેડુતોનાં દુઃખ મટાડવા સરકાર સાથે આ વર્ગ જોડાયો.

(૬) મહેસૂલ હમેશ માટે નક્કી થવાથી સરકારની આવક હંમેશ માટે નક્કી થઇ.

## ગેરલાભ

આ પદ્ધતિથી એક રીતે સરકાર તેમજ ખેડૂત બન્નેને મોટું નુકસાન થયું. આગગાડી, નહેરો વગેરે સાધનોથી જમીનની ઉપજ વધે છતાં સરકાર કર વધારી શકે નહિ. વળી આ યોજનામાં સરકારે જમીનદારો પાસેથી શો દર લેવો તે નક્કી કર્યું હતું પરંતુ જમીનદારોએ ખેડૂત પાસેથી શો દર લેવો તે નક્કી કર્યું ન હતું. તેથી જમીનદારો હમેશા ખેડૂતોને ત્રાસ આપતા અને તેમને ચૂસી લેતા.

## ત્રીજો મ્હૈસુર વિગ્રહ

ટીપુ સુલતાને પોતાની સત્તા સર્વોપરી કરવા ફ્રેન્ચોની મદદ માગી. ફ્રેન્ચોને સાધ્યા પછી તરત જ ટીપુ અંગ્રેજોના મિત્ર ત્રાવણકોરના રાજા ઉપર ચઢાઇ લઇ ગયો. અંગ્રેજો પોતાના મિત્રનું રક્ષણ કરવા બંધાયેલા હતા. તેથી કૉર્નવૉલિસે બેંગલોર જીતી શ્રીરંગપટ્ટણને ઘેરો ઘાલ્યો. રાજ્ય ખોઇ બેસવાની ધાસ્તીથી ટીપુ તાબે થયો અને સંધિ કરી, ૧૭૯૩. એ સંધિ પ્રમાણે એવું ઠર્યું કે ટીપુએ પોતાના રાજ્યનો અર્ધો મુલક, અને લડાઇના ખર્ચ પેટે અંગ્રેજોને ત્રણ કરોડ રૂપીઆ આપવા અને અંગ્રેજ કેદીને છૂટા કરવા. આ સંધિને શ્રીરંગપટ્ટણની સંધિ કહેછે.

## ૩. સર જૉન શોર, ૧૭૯૩-૧૭૯૮

લૉર્ડ કૉર્નવૉલિસ પછી સર જૉન શોર કંપનીનો ગવર્નરજનરલ નિમાયો. સર જૉન શોર કંપનીના વહીવટનો જાણકાર અને અનુભવી હતો.

### નિઝામ અને ખરડાની લડાઈ

ઈ. સ. ૧૭૯૫માં મરાઠા અને નિઝામ વચ્ચે લડાઇ જાગી. નિઝામે અંગ્રેજોની મદદ માંગી પણ સર જૉન શોરે પિટ્ટના કાયદાથી બંધાયલી નવી નીતિને વળગી રહી એ લડાઇમાં માથું મારવાની ચોખ્ખી ના પાડી. અંગ્રેજોની મદદ વિના નિઝામ એકલો મરાઠાઓ સામે ટક્કર ઝીલી શકયો નહિ. ખરડા મુકામે નિઝામની સજડ હાર થઇ અને પોતાના રાજ્યનો કેટલોક મુલક મરાઠાઓને આપી દઇ નિઝામને એમની જોડે સંધિ કરવી પડી. અંગ્રેજો તરફથી મદદ ન મળવાથી નિઝામ અંગ્રેજો ઉપર ગુસ્સે થયો અને પોતાના રક્ષણ માટે રાખેલા અંગ્રેજ લશ્કરને કાઢી મૂકી એની જગાએ નિઝામે ફ્રેન્ચ યોદ્ધાઓને નોકરીમાં રાખ્યા.

### સર જૉન શોરની રાજનીતિનું પરિણામ

પોતાના શાંતિપ્રિય સ્વભાવને લઇને અને પિટ્ટના નવા ધારાની રૂએ દેશી રાજાઓના કજીયામાં માથું નહિ મારવાની અખત્યાર કરેલી રાજનીતિથી સર જૉન શોરે કંપનીની સત્તાના તેજને ઝાંખું પાડયું. નિઝામ તો ખરડાની હાર પછી અંગ્રેજોના દુશ્મન જેવો થઈ પડયો. મરાઠાઓ અને ટીપુ વધારે નિરંકુશ બન્યા; અને દેશી રાજ્યોમાં મનાવા લાગ્યું કે અંગ્રેજોનું જોર નબળું પડવા લાગ્યું છે.

# પ્રકરણ-૩ જું

# કંપનીની સત્તામાં વધારો

## ૧. માર્ક્વિસ વેલેસ્લી, ૧૭૯૮-૧૮૦૫

### સહાયકારક યોજના

સર જૉન શોરની નબળી રાજનીતિથી કંપનીને ઘણું નુકસાન થયું. તેથી વેલેસ્લીએ કંપનીની સત્તા હિન્દુસ્તાનમાં સર્વોપરી કરવા માટે એક નવી યોજના ઘડી કાઢી. આ યોજના નીચે પ્રમાણે હતી:–જે દેશીરાજા આ યોજનામાં જોડાય તેને કંપનીનું ઉપરીપણું સ્વીકારવું; દેશીરાજાએ કંપનીની સંમતિ વિના કોઈ સાથે સંધિ કે વિગ્રહ કરવાં નહિ; દેશીરાજાએ પોતાના રાજ્યમાં ફ્રેન્ચોને નોકર રાખવા નહિ; એ ઉપરાંત રાજાએ પોતાના રક્ષણ માટે અંગ્રેજી લશ્કર રાખવું અને એ લશ્કરના ખર્ચ પેટે તેટલી ઉપજનો મુલક અંગ્રેજને સોંપવો. આના બદલામાં કંપની સદરહુ દેશીરાજાનું રક્ષણ કરવાનું વચન આપે. આ યોજના સહાયકારક યોજનાને નામે પ્રસિદ્ધ થઈ. એમાં પ્રથમ હૈદરાબાદનો નિઝામ જોડાયો; એણે પોતાની નોકરીમાંથી ફ્રેન્ચ લશ્કરને રજા આપી છ હજાર અંગ્રેજ સિપાઈઓને પોતાના રાજ્યમાં રાખવાનું કબૂલ કર્યું. લોર્ડ વેલેસ્લીએ ટીપુને પણ આ યોજનામાં ભળવાનું લખ્યું; પણ તેણે તો ચોખ્ખી ના પાડી દીધી.

### ચોથો મ્હૈસૂર વિગ્રહ

જ્યારે વેલેસ્લી પોતાની સહાયકારક યોજનાની જાળમાં દેશી-રાજાઓને સપડાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો, ત્યારે ટીપુ અંગ્રેજોને હિન્દમાંથી હાંકી મૂકવા ગુપ્ત પ્રયત્નો કર્યા કરતો હતો. મોરીશિયસના ફ્રેન્ચ ગવર્નરને પોતાની મદદે તેડાવવા એણે લખ્યું હતું. વળી નેપોલિયન બોનાપાર્ટ પણ ઇજિપ્ત સુધી આવેલો છે એ વાતની ખબર પડતાં

વેલેસ્લીએ ટીપુ સામે લડાઈ જાહેર કરી. ટીપુનું લશ્કર બહુ બહાદુરીથી લડયું. ટીપુએ પોતે પણ લડતાં લડતાં પ્રાણ ખોયો. આ પછી ટીપુના બન્ને છોકરાઓને વર્ષાસન બાંધી આપી મ્હૈસૂરના જૂના હિન્દુ રાજાના ખરા વારસને ગાદીએ બેસાડવામાં આવ્યો, ઈ. સ. ૧૭૯૯. તેની પાસે વેલેસ્લીએ સહાયકારક યોજના સ્વીકારાવી. વેલેસ્લીની આ જીતની ઈંગ્લંડમાં ભારે છાપ પડી. ઈંગ્લંડની સરકારે વેલેસ્લીને માર્કિવસનો ખિતાબ આપ્યો. કંપનીએ પણ તેને વીશ વરસ સુધી ૫૦૦૦ પાઉન્ડનું વર્ષાસન બાંધી આપ્યું.

## કર્ણાટક અને તંજાવર ખાલસા થાય છે

કર્ણાટકના નવાબ મહમદઅલીના મરણ પછી તેનો પુત્ર ઉમદત્ત-ઉલ્-ઉમરા નવાબ થયો; ઈ. સ. ૧૭૯૫. એ નવો નવાબ ટીપુ સુલતાન સાથે મૈત્રી રાખી ખટપટ કર્યા કરતો હતો એવું માલમ પડવાથી વેલેસ્લીએ એને પદભ્રષ્ટ કરવાનો નિશ્ચય કર્યો; પણ એવામાં એ નવાબ ૧૮૦૧માં મરણ પામ્યો. એની પછી એના પુત્રને વર્ષાસન લઇને રાજ્ય છોડી દેવા વેલેસ્લીએ સમજાવ્યો પણ તેણે તે માન્યું નહિ. આખરે તેના એક ભત્રીજાએ વચમાં પડી તે શરત કબૂલ કરાવી; અને કર્ણાટક કંપનીએ ખાલસા કર્યું. તંજાવરની ગાદીની પણ એવી વ્યવસ્થા કરવામાં આવી. આ રીતે તમામ દક્ષિણ હિન્દ કંપનીની સત્તા નીચે આવ્યું.

## અયોધ્યા

વેલેસ્લીના વખતમાં અફ્ઘાન સરદાર ઝમાનશાહ હિન્દમાં આવે એવો ભય રહેતો હતો. તેથી અયોધ્યાના નવાબની આનાકાની છતાં તેને અંગ્રેજ લશ્કર રાખવાની ફરજ પાડી અને તેના બદલામાં તેની પાસેથી દોઆબ અને રોહિલખંડ મેળવ્યા, ૧૮૦૧.

## વેલેસ્લીની કારકિર્દી

કંપનીની સત્તાને હિન્દમાં સર્વોપરી બનાવવી એવા ઈરાદા સાથે જ વેલેસ્લીએ હિન્દમાં પગ મૂકયો હતો. તેથી એણે પોતાની સહાય-

કારી યોજના અમલમાં મૂકી. આ પદ્ધતિથી એ દેશી રાજાઓને એક પછી એક કંપનીના શરણુ નીચે લાવતો ગયો. એના વખતમાં કંપનીના રાજ્યનો ઘણો વધારો થયો. દક્ષિણે કેમોરિન ભૂશિરથી ઉત્તરે કૃષ્ણા અને ગોદાવરી સુધી અને પશ્ચિમે મલબાર કિનારાથી પૂર્વે કોરોમાંડલ કિનારા સુધી કંપનીની સત્તા પહોંચી. ઉત્તર હિન્દમાં પણ અયોધ્યાના નવાબ પાસેથી દોઆબ અને રોહિલખંડ પડાવ્યા. આ ઉપરાંત નિઝામ, પેશવા, ભોંસલે, સિંધિયા, અને ગાયકવાડ વગેરેએ કંપનીનું ઉપરીપણું સ્વીકાર્યું.

## ૨. લૉર્ડ કૉર્નવૉલિસ

લૉર્ડ વેલ્લેસ્લીની સહાયકારી રાજનીતિથી અંગ્રેજી સત્તાનો દોર હિન્દમાં જામવા લાગ્યો; પરંતુ કંપનીનો વેપાર મોળો પડવા લાગ્યો. કંપનીના ભાગીદારોને સ્વપ્નેય ખ્યાલ નહોતો કે એક દિવસે કંપનીની રાજકીય સત્તા આખા હિન્દ ઉપર જામશે. કંપનીના વેપારને સુરક્ષિત કરવા લૉર્ડ કૉર્નવૉલિસને મોકલવામાં આવ્યો. તેને સૂચના આપવામાં આવી કે દેશી રાજ્યોના વિગ્રહમાં મુદ્દલે પડવું નહિ. ફક્ત કંપનીની રાજકીય સત્તાનું સંરક્ષણ કરવું અને વેપારની ખીલવણી કરવી. આ ફરમાનને વધાવી લઇ લૉર્ડ કૉર્નવૉલિસ ઇ. સ. ૧૮૦૫ના જુલાઈની આખર તારીખે હિન્દમાં આવ્યો. આ વખતે એની ઉમર ૬૭ વર્ષની હતી. તબિયત પણ જેવી જોઇએ તેવી નહોતી; છતાં હિન્દમાં પગ મૂકવાની સાથે જ તેણે પોતાની નીતિ જાહેર કરી દીધી. આ રાજનીતિ અમલમાં મૂકવામાં એની સભાના સભ્ય સર જ્યોર્જ બાર્લોએ એને ઘણી મદદ કરી; પરંતુ થોડા વખતમાં જ કૉર્નવૉલિસ મરણ પામ્યો તેથી કંપનીનો ઉદ્દેશ સફળ થયો નહિ.

## ૩. સર જ્યોર્જ બાર્લો

નવો ગવર્નરજનરલ નિમાઇ આવે ત્યાં સુધી સર જ્યોર્જ બાર્લોએ ગવર્નરજનરલ તરીકે કાર્ય કર્યું.

### વેલોરનું બંડ

સર જ્યોર્જ બાર્લોની ટુંક કારકિર્દી વેલોરમાં થયેલ બંડને લીધે વધારે જાણીતી થઇ છે. વેલોર મદ્રાસ ઇલાકામાં આવેલું એક શહેર છે. ટીપુ સુલતાનને હરાવી એનું રાજ્ય ખાલસા કર્યા પછી એના બે પુત્રોને અંગ્રેજોએ આ વેલોરના કિલ્લામાં રાખ્યા હતા. અહીં મદ્રાસની સરકારે લશ્કરમાં થોડાક સુધારાઓ દાખલ કર્યા. એ સુધારા પ્રમાણે અમુક તરેહની જ પાઘડી બાંધવા અને અમુક તરેહની જ દાઢી રાખવા વગેરેના ફરમાન છૂટયા. મૂળે લશ્કરના માણસો અભણ તો ખરા જ એટલે આવા સુધારાઓને તેઓ એકદમ વધાવી લે એ એમના સ્વભાવ માટે અશક્ય હતું. સ્વાભાવિક અસંતોષ થયેલો. એમાં ત્યાં રહેતા ટીપુના પુત્રોના આશ્રય નીચેના માણસોએ બળતામાં ઘી હોમ્યું. તેઓએ ગપ્પો ઉડાવ્યો કે એ પ્રમાણે લશ્કરના માણસોને ધીમે ધીમે ખ્રિસ્તી બનાવી દેવાનો જ આ બધો પ્રપંચ રચાયો છે. લશ્કરના અભણ માણસોએ એ ગપને ખરી ગણી બળવો જગાવ્યો; અને ૧૧૩ અંગ્રેજોને કતલ કર્યા. આ બળવાને શાંત પાડી દેવા માટે કર્નલ ગિલેસ્પી મારતે ઘોડે વેલોર આવ્યો અને સમયોચિત બહાદુરીથી બળવાને શાંત કર્યો. ટીપુના બન્ને પુત્રોનો આ બળવામાં હાથ હતો એમ લાગવાથી તેઓને વેલોરમાંથી કલકત્તે મોકલાવી દીધા.

## ૪. લૉર્ડ મિન્ટો, ૧૮૦૮–૧૮૧૩

### ત્રાવણકોરનો બંદોબસ્ત

વેલોરનું બંડ શમ્યા પછી તરત જ લોર્ડ મિન્ટો હિન્દમાં આવ્યો. એ દેશીરાજ્યોની ખટપટમાં પડવા તૈયાર ન હતો. પરંતુ અનુભવથી એને સમજાયું કે તેમ કર્યા વગર છૂટકો નથી. ઈ. સ. ૧૮૦૮ માં હિન્દના દક્ષિણ છેડે આવેલ ત્રાવણકોરના રાજ્યના પ્રધાને બળવો જગાવ્યો. આ બંડની ખબર પડી કે તરત જ એક લશ્કરી પલટણ ત્યાં મોકલવામાં આવી ને હુલ્લડ શમાવી દેવામાં આવ્યું. પ્રધાને

આપઘાત કર્યો અને એના ભાઇને ફાંસી દેવામાં આવી. ત્રાવણકોરનું રાજ્ય છેક હાલહવાલ થઈ ગયું હતું; એથી અંગ્રેજોએ પાંચ વર્ષ એ રાજ્ય પોતાની સત્તા અને દેખરેખ નીચે રાખ્યું ને ઈ. સ. ૧૮૧૩ માં રાજાને પાછું સોંપ્યું.

### બુંદેલખંડ અને નાગપૂરની વ્યવસ્થા

બુંદેલખંડમાં અવ્યવસ્થાએ ઘર ઘાલ્યું હતું. તેથી મિન્ટોએ એક લશ્કર મોકલ્યું. એ લશ્કરે કલિંજર અને અજયગઢ નામના બે કિલ્લાઓ જીતી લીધા. કિલ્લાઓ પડતાં, લુહાડી સરદારો વશ થયા. એ જ અરસામાં લૂંટારાઓનો સરદાર અમીરખાં નાગપૂરના રાજાને પજવતો હતો. રાજાએ લૉર્ડ મિન્ટોની મદદ માગી. મિન્ટોએ લશ્કર મોકલી અમીરખાંને હાંકી કાઢ્યો.

### શિખ સરદાર રણજીતસિંહ



"પંજાબનો સિંહ"
(રણજીતસિંહ)

લૉર્ડ મિન્ટોના સમયમાં શિખ સરદાર રણજીતસિંહ પ્રસિદ્ધિમાં આવ્યો. રણજીતસિંહ ઘણો બહાદુર અને શૂરો હતો. આખો પંજાબ પ્રાંત કટકે કટકે જીતી લઈ તે પંજાબનો રાજા થયો. એના છત્ર તળે બીજા શિખ સરદારો પણ એકત્ર થયા. એની ખ્યાતિ ઇતિહાસમાં "પંજાબના સિંહ" તરીકે વિખ્યાત છે. એ ખરેખર સિંહ જેવો બહાદુર હતો. એના ડાબા હાથ તથા પગ રહી ગયા હતા, છતાં જ્યારે તે ઘોડે પલાણ નાખતો

ત્યારે એક ખડતલ જુવાન જેવો ભાસતો. એણે પોતાના રાજ્યમાંથી અફ્ઘાનોને હાંકી કાઢી કાશ્મિર, મુલતાન, વગેરે પ્રાન્તો જીતી લીધા. જ્યારે એણે પતિઆલા અને પાસેના મુલક ઉપર હુમલો કર્યો ત્યારે એ મુલકના સરદારોએ અંગ્રેજોની મદદ માગી. આ ઉપરથી લૉર્ડ મિન્ટોએ મેટ્કાફ્ને પંજાબમાં મોકલ્યો. એણે રણજીત સાથે અમૃતસર મુકામે સંધિ કરી. તેની મુખ્ય શરત નીચે મુજબ હતીઃ—સતલજ નદીની દક્ષિણે આવેલાં રાજ્યો ઉપર રણજીતસિંહે હુમલો કરવો નહિ અને અંગ્રેજો સાથે મૈત્રી રાખવી. આ કરાર રણજીતસિંહે, જીવ્યો ત્યાં સુધી પાળ્યા અને પોતાની જિંદગી સુધી અંગ્રેજોના વિશ્વાસુ મિત્ર તરીકે વર્ત્યો.

### કંપનીનો નવો પટો

ઈ. સ. ૧૮૧૩માં કંપનીને મળેલો વીશ વર્ષનો પટો પૂરો થયો. તેથી બીજાં વીશ વર્ષનો પટો ઈંગ્લંડની સરકારે કરી આપ્યો. આ પટાની રૂએ વેપાર કરવાનો ઈજારો રદ કરવામાં આવ્યો. બીજા વેપારીઓને પણ હિન્દમાં વેપાર કરવાની છૂટ મળી. ફક્ત ચીન સાથેના કંપનીના વેપારનો ઈજારો કાયમ રહ્યો.

## ૫. માર્ક્વિસ ઑફ હેસ્ટિંગ્સ, ૧૮૧૩–૧૮૨૩

### નેપાળના ગુરખાઓ

હેસ્ટિંગ્સ હિન્દમાં આવ્યો ત્યારે નેપાળના ગુરખાઓનું જોર વધ્યું જતું હતું. આ ગુરખાઓ મૂળે રજપૂત છે. કોઈ આફત સમયે મૂળ વતન છોડી નેપાળની પહાડી ભૂમિમાં આશ્રય લીધો હોય એમ જણાય છે. ઈ. સ. ૧૮૧૪ માં તેઓએ કંપનીની સરહદ ઉપર હુમલો કર્યો અને કેટલાંક ગામોનો કબજો લીધો. હેસ્ટિંગ્સે ગુરખાઓને, જીતેલાં ગામો પાછાં આપી દેવા કહેવડાવ્યું; પણ એવી ખાલી ધમકીને ગુરખાઓ જેવી લડાયક પ્રજા પત કરે તેમ હતું જ નહિ. આખરે હેસ્ટિંગ્સે જોયું કે ગુરખાઓ જોડે લડી લીધા વિના છૂટકો જ નથી એટલે તેણે લડાઈ જાહેર કરી.

ગુરખાઓ એકદમ અંગ્રેજ લશ્કરને ગાંઠી જાય એવા નથી એ હેસ્ટિંગ્સ સારી રીતે જાણતો હતો; તેથી તેણે એકી સાથે ચાર લશ્કરો ચાર જુદી જુદી દિશાએથી નેપાળ ઉપર મોકલ્યાં. ચારમાંથી ત્રણ લશ્કર તો હાર ખાઇને પાછાં આવ્યાં. પણ ચોથું લશ્કર વિજયથી ખટમંડુ તરફ ચાલ્યું. ગુરખાઓ અંગ્રેજ સેનાની જીતથી ગભરાવા લાગ્યા; પરંતુ દુશ્મનને નમતું આપવું કે નામોશીભરેલી સલાહ કરવી એ એમના સ્વભાવ વિરૂદ્ધ હતું; તેથી તેઓ અંત સુધી લડયા. ગુરખા સરદાર અમરસિંહ હાર્યો અને અંગ્રેજ લશ્કર ઠેઠ ખટમંડુ સુધી આવી પહોંચ્યું. હવે ગુરખાઓએ જોયું કે રાજ્ય બચાવવું હોય તો ગમે તેવી પણ સુલેહ કર્યા વિના આરો નથી. તેથી તેમણે ઈ. સ. ૧૮૧૬ માં સિગોલી મુકામે સુલેહ કરી. એ સંધિના કરાર પ્રમાણે કુમાઉન અને તિરાઈ પ્રાંતો કંપની સરકારને આપી દેવાનું અને ખટમંડુમાં અંગ્રેજ રેસીડન્ટ રાખવાનું તેઓએ કબૂલ કર્યું.

### પિંઢારાઓ

હેસ્ટિંગ્સ જ્યારે નેપાળી લોકો જોડે યુદ્ધ કરી રહ્યો હતો ત્યારે બાજી બાજુ મરાઠાઓ, પિંઢારાઓ, શિખો, અને પઠાણો એની હારજીત નીરખી રહ્યા હતા. તેમાંયે અંગ્રેજોનાં ત્રણ લશ્કરો હારીને વ્હીલે મોઢે પાછાં ફર્યાંની ખબર મરાઠાઓને મળી ત્યારે તેમણે બમણા જોસથી લડાઈની તૈયારીઓ કરવા માંડી. મરાઠાઓએ પિંઢારાઓને અનેક પ્રકારની લાલચો આપી. મરાઠા જેવા પ્રબળ પક્ષની સોડમાં ભરાઈને લૂંટફાટ કરવાનું મળે એ અનુકૂળતા એમને મન નાનીસુની નહોતી. આથી પિંઢારાઓ જોરમાં આવી લૂંટફાટ કરવા લાગ્યા. પણ હેસ્ટિંગ્સ કશું કરી શકતો નહિ; કારણ એના હાથ ગુરખાઓ સાથેની લડાઈમાં જકડાઇ ગયા હતા. સદ્‌ભાગ્યે હેસ્ટિંગ્સ એ લડાઈમાં જય પામ્યો. એટલે એણે પિંઢારાઓનું મૂળ ઉખેડી નાખવા નિશ્ચય કર્યો.

ત્રીજા મરાઠા વિગ્રહમાં મરાઠાઓને સખત હાર મળી એ આપણે જોયું. મરાઠાઓની સત્તા નાશ પામતાં પિંઢારાઓ હતાશ થઈ ગયા.

એટલે હેસ્ટિંગ્સને પિંઢારાઓને કચડી નાખતાં વાર ન લાગી. પિંઢારાઓનો પ્રસિદ્ધ સરદાર ચીતુ જંગલમાં નાસી ગયો અને ત્યાં જ વાઘના મ્હોંમાં પડી અકાળ મોત પામ્યો. બીજા કેટલાક સરદારો નાસી છૂટયા; કેટલાકોએ આપઘાત કર્યો; બાકીના એ નીચ ધંધો છોડી શાંત અને સુખી જીવન ગાળવા લાગ્યા.

## હેસ્ટિંગ્સના સુધારા

લડાઈના કામમાં સતત ગુંચાયલા રહેવું પડતું હોવા છતાં લૉર્ડ હેસ્ટિંગ્સે લોકોના ભલા માટે ઘણા પ્રયત્નો કર્યા. તેણે નિશાળો સ્થાપી કેળવણીને ઉત્તેજન આપ્યું. એના વખતમાં પહેલવહેલાં દેશી ભાષામાં વર્તમાનપત્રો પ્રગટ થયાં. વળી મદ્રાસમાં ખેડૂતોના લાભની ખાતર એણે રૈયતવારી પદ્ધતિ દાખલ કરી. આ ઉપરાંત જમના નદીની નહેરના બાંધકામમાં પણ સુધારો કરવામાં આવ્યો.

# ૬. લૉર્ડ એમહર્સ્ટ, ૧૮૨૩-૨૮

## બ્રહ્મી વિગ્રહ અને યેન્ડાબુની સુલેહ

જ્યારે કંપની સરકારનો પાયો બંગાળામાં નખાતો હતો ત્યારે બ્રહ્મદેશમાં અલોમ્પરા નામના એક સાહસિક પુરુષે સ્વતંત્ર સત્તા સ્થાપી. એની પછી એના વારસોએ એ સત્તા ટકાવી રાખવા ઉપરાંત રાજ્યનાં મુલકમાં ઘણો વધારો કર્યો. લૉર્ડ એમહર્સ્ટ હિન્દમાં આવ્યો તે વખતે તેમનું જોર એટલું બધું વધી પડયું હતું કે કંપની સરકારના તાબાના સિલ્હટ અને ચિતાગોંગ પણ તેઓ લઈ લેશે એવી દહેશત રહેતી હતી. ઈ. સ. ૧૮૨૪માં એ લોકોએ પૂર્વ બંગાળામાં આવેલા એક અંગ્રેજી લશ્કરના મથકનો કબજો લઈ લીધો; તેથી યુદ્ધ થયું. ઈ. સ. ૧૮૨૫માં સેનાપતિ રીચર્ડ્સે બહાદુરી બતાવી આસામનો કબજો લીધો. પ્રોમ શહેર પણ પડયું. પ્રોમ પડયા પછી બ્રહ્મી લોકો કાંઈક નરમ પડયા; અને સુલેહના કહેણ મોકલ્યાં. ઈ. સ. ૧૮૨૬ માં યેન્ડાબુ મુકામે સુલેહ

થઈ અને લડાઈનો અંત આવ્યો. આ સુલેહથી કંપનીને કાચાર, જૈન્તિયા, અને મણિપુર મળ્યાં. આસામ અને આરાકાન બંગાળા સાથે જોડી દેવામાં આવ્યા અને ટેનાસરિમમાં અંગ્રેજ કમિશ્નર નિમવામાં આવ્યો. ઉપરાંત બ્રહ્મી રાજાએ વિગ્રહના ખર્ચ બદલ એક કરોડ રૂપીઆ આપવા કબૂલ કર્યું.

### ભરતપુરની જીત

ભરતપુરનો રાજા બળવંતસિંહ નાની ઉમરનો હતો તેથી રાજકારભાર તેનો મામો ચલાવતો હતો. પરંતુ બળવંતસિંહના પિત્રાઈ ભાઈ દુર્જનસાલે યુક્તિ રચી તેને મારી નાખ્યો અને બાળરાજાને કેદ કરી પોતે ગાદીએ ચઢી બેઠો. આ ઉથલપાથલની ખબર પડતાં દુર્જનસાલને નમાવવા એમહર્સ્ટે એક મોટું લશ્કર મોકલ્યું. એ લશ્કરે ભરતપુરને ઘેરો ઘાલ્યો. કિલ્લો ઘણો મજબુત હતો, તેથી સુરંગ ફોડી કિલ્લાને ઉડાવી દીધો; અને દુર્જનસાલને કેદ કરી, બાળરાજાને ફરી ગાદીએ બેસાડ્યો, ઈ. સ. ૧૮૨૫.

## ૭. લૉર્ડ વિલિયમ બેન્ટિન્ક, ૧૮૨૮–૧૮૩૫

એમહર્સ્ટ પછી લૉર્ડ વિલિયમ બેન્ટિન્ક હિન્દુસ્તાનનો ગવર્નરજનરલ થયો. અગાઉ એ મદ્રાસનો ગવર્નર હતો.

### કુર્ગ

કુર્ગનો રાજા ૧૮૨૦માં ગાદી પર આવ્યો. તેણે ગાદીએ આવતાં જ પોતાના સગાસંબંધીઓનો નાશ કરવા માંડયો. તે ઉપરથી ગવર્નરજનરલે એક લશ્કર મોકલી રાજાને કેદ પકડી તેને બનારસ મોકલી દીધો. કુર્ગને મદ્રાસ ઈલાકા સાથે જોડી દેવામાં આવ્યું, ૧૮૩૩.

### મ્હૈસુર

૧૭૯૯ માં શ્રીરંગપટ્ટણ પડયા પછી વેલેસ્લીએ અસલ હિન્દુ રાજાના વંશજને ગાદી પર બેસાડયો હતો. રાજા મોજમજાહમાં પૈસો વાપરી ગરીબ રૈયતને ત્રાસ આપવા લાગ્યો. તેથી અંગ્રેજ સરકારે રાજાને ગાદી પરથી ઉઠાડી પેન્શન બાંધી આપ્યું.

## બેન્ટિન્કના આર્થિક સુધારા

બેન્ટિન્કે જોયું કે રાજ્યની તિજોરી ખાલી થઈ હતી. તેથી ખર્ચમાં કાપકુપ કરવા તેણે એક કમીટી નિમી. કમીટીને અમલદારોના પગાર અતિશય ભારે લાગ્યા તેથી તેઓએ તેમના પગારમાં કાપકુપ કરવા ભલામણ કરી. તે મુજબ બેન્ટિન્કે અમલ કર્યો. તેથી અમલદાર વર્ગમાં એ અળખામણો થઈ પડયો. હિન્દીઓ કરતાં અંગ્રેજોએ પોતાનો ક્રોધ ખુલ્લો દેખાડી એની મુલાકાત પ્રસંગે હાજરી ન આપવાના તથા ખાણા વખતે આમંત્રણ ન સ્વીકારવાના છમકલાં કરી એના તરફનો અણગમો જાહેર કર્યો.

## સતીનો ચાલ બંધ કર્યો

સતી થવાનો રિવાજ એણે બંધ કર્યો. આથી લોકોમાં ખળભળાટ થઈ રહ્યો પરંતુ થોડા વખતમાં તે શાંત થઇ ગયો.

## ઠગનો નાશ

ઠગ લોકો મુસાફરોને આડે અવળે રસ્તે દોરવી ગળે એકદમ ફાંસો ઘાલી, મારી નાખી, લૂંટી લેતા. બેન્ટિન્કે એમનો નાશ કરી લોકોને સુખી કર્યા.

## કેળવણી

કેળવણીમાં કરેલા સુધારાથી બેન્ટિન્કનું નામ હમેશ માટે યાદ રહેશે. ૧૮૧૩ સુધી બ્રિટિશ રાજકર્તાઓએ એ બાબતમાં કંઈ પણ સંગીન કાર્ય કર્યું ન હતું. બેન્ટિન્કના વખતમાં લોર્ડ મેકોલેની સહાયથી અંગ્રેજી, સંસ્કૃત અને અરેબીક ભાષા શીખવવા માટે કોલેજો સ્થાપવામાં આવી.

## બાંધકામ

બેન્ટિન્કના વખતમાં ખેતીને ફાયદો કરે એવી નહેરો બાંધવામાં આવી. રસ્તાઓ સુધારવામાં આવ્યા અને કલકત્તેથી દિલ્હી, દિલ્હીથી લાહોર અને પેશાવર સુધી ધોરી રસ્તો બાંધવામાં આવ્યો.

### રાજા રામમોહનરાય

એ અરસામાં રામમોહનરાય નામે એક બંગાળી સુધારક પ્રસિદ્ધિમાં આવ્યો. પોતાના દેશબંધુઓની દરેક રીતે ઉન્નતિ થાય એવા એણે રસ્તા લેવા માંડયા. આ ઉપરાંત દિલ્હીનો બાદશાહ જે આ વખતે કંગાળ સ્થિતિ ભોગવતો હતો તેના વકીલ તરીકે ઇંગ્લંડ જઈ રામમોહનરાયે પેન્શન વગેરે માટે યોગ્ય બંદોબસ્ત કરવા પ્રયત્ન કર્યો. એ મહાન સુધારક ૧૮૩૩માં મરણ પામ્યો.

### બેન્ટિન્કની રાજનીતિ

બેન્ટિન્કની ન્યાયપ્રિયતા, દેશીઓને જોખમદારીની નોકરી આપવામાં બતાવેલું ડહાપણ, એની કેળવણી પ્રત્યે સહાનુભૂતિ અને બંધ કરેલા સતીનાં રિવાજથી એનું નામ અમર થઇ ગયું.

## ૮. સર ચાર્લ્સ મેટ્કાફ, ૧૮૩૫–૩૬

### વર્તમાનપત્રની સ્વતંત્રતા

હિન્દમાં કોઈપણ છાપું સરકારની પરવાનગી વગર છાપી શકાતું નહિ. લોર્ડ મિન્ટોએ ૧૮૧૮ માં એ અંકુશ કાઢી નાખ્યો. છતાં એવા નિયમો ઘડવામાં આવ્યા કે કોઈપણ વર્તમાનપત્રનો અધિપતિ, બોર્ડ ઑફ ડાયરેક્ટર્સ, સ્થાનિક સરકાર, કાઉન્સીલના સભ્યો, સાર અદાલતના ન્યાયાધીશો, વગેરે સામે ટીકા કરી ન શકે. એ બધા અંકુશો મેટ્કાફે કાઢી નાખ્યા; લોકો એથી ઘણા ખુશ થયા અને એના માનમાં મેટ્કાફ–હૉલ નામનું મકાન બાંધ્યું.

## ૯. લૉર્ડ ઑકલૅંડ, ૧૮૩૬–૧૮૪૨

### અફઘાનીસ્તાન

અફઘાનીસ્તાનનો પ્રદેશ બ્રિટિશ ટાપુઓના કરતાં કદમાં બેવડો છે * એ ઈરાની પ્રાંત ખોરાસાન અને બ્રિટિશ હિન્દુસ્તાનના પંજાબ

---

* અફઘાનીસ્તાન ત્રણ પ્રાંતોનો બનેલો છે. એક કાબુલ અને તેના તાબાનો મુલક, બીજો હેરાત અને હારીરૂદ ખીણનો પ્રદેશ જે મુગલોના વખતમાં ઈરાનના તાબામાં હતો, અને ત્રીજો કંદહાર જે તકરારી મુલક હોઈ એકવાર એક સત્તા તો બીજી વાર બીજી સત્તાના વહીવટ નીચે આવતો.

પ્રાંત વચ્ચે આવેલો છે. પંજાબ અને અફઘાનીસ્તાન વચ્ચે મોટા પર્વતો આવેલા છે. એ પર્વતોના અતિ વિકટ માર્ગો ઓળંગી મુહમ્મદ ગીઝની, મુહમ્મદ ઘોરી, તૈમુર, બાબર, નાદિરશાહ, વગેરેએ હિન્દ પર હલ્લો કર્યો હતો. ઇ. સ. ૧૭૯૭ પછી ત્યાં અબદલ્લીનો પૌત્ર શાહશુજા ગાદીએ હતે..

લોર્ડ મિન્ટોએ શાહશુજા સાથે મૈત્રી બાંધવા માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફીન્સ્ટનને મોકલ્યો. તે શાહશુજાને પેશાવર આગળ મળ્યો. દરમિયાન શાહશુજાના ભાઈ મહમદશાહના પક્ષે બળવો ઉઠાવી શાહશુજાને નસાડયો. મહમદશાહ ગાદીપર આવ્યો. ગાદી મેળવવામાં મુખ્ય મદદ ફતેહખાન બારૂકઝીની હતી, પણ આગળ ચાલતાં મહમદશાહને પોતાના એ વજીરની સત્તા વધારે પડતી લાગવાથી તેણે તેને મારી નખાવ્યો. આનું પરિણામ વિપરીત આવ્યું. ફતેહખાનના ભાઈઓ ઉશ્કેરાયા અને તેમાં દોસ્ત મહમદ જે સૌથી બાહોશ અને હિમતવાન ભાઈ હતો, તેણે મહમદશાહને કાબુલની ગાદી પરથી ઉઠાડી મૂકયો અને ૧૮૨૬માં પોતે શાહ બન્યો. હેરાત મહમદશાહના તાબામાં રહ્યું. આ પ્રમાણે દોસ્ત મહમદ કાબુલમાં રાજ્ય ચલાવી રહ્યો હતો અને હેરાત મહમદશાહની સત્તા નીચે હતું.

### અફઘાન વિગ્રહ

લૉર્ડ ઑકલેન્ડે શાહશુજાનો પક્ષ લઈ તેને ગાદી આપવાનો તથા દોસ્ત મહમ્મદને પદભ્રષ્ટ કરવાનો વિચાર નક્કી કર્યો. શાહશુજા, અંગ્રેજ અને રણજીતસિંહ વચ્ચે સલાહ થઈ; એ દરમિયાન પંજાબનો સિંહ રણજીત મરણ પામ્યો અને શિખ લશ્કરમાં અવ્યવસ્થા ફેલાઈ. દોસ્ત મહમદ રશીઆની મદદ મેળવવાની આશાથી ઉત્તર અફઘાનીસ્તાન તરફ નાસી છૂટયો; અને શાહશુજા અફઘાનીસ્તાનનો અમીર થયો. આ બનાવ પછી લગભગ એક વર્ષ સુધી અફઘાનીસ્તાનમાં શાંતિ જણાઈ; પણ ૧૮૪૧માં આખી અફઘાન પ્રજા હિન્દી લશ્કરની સામે થઇ તેને એવું તો ઘેરી લીધું કે હિન્દી લશ્કરે માનહાનિ થાય એવી શરતો સ્વીકારી. દોસ્ત મહમદનો પુત્ર અકબરખાન મુખ્ય બંડખોર હતો; તેણે

વિશ્વાસઘાત કરી સર વિલિયમ મેકનૅાટનને વીંધી નાખ્યો. હિન્દી લશ્કર હજુ તો ઘણું દૂર ન ગયું હતું એટલામાં ખીણની ઉપરથી પાછા ફરતા લશ્કરપર હુમલો કરી અફઘાનોએ હિન્દી લશ્કરનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો. માત્ર થોડાંક અંગ્રેજ સ્ત્રી પુરૂષો જે અકબરખાનને શરણે જઈ કેદી થયા હતા તે બચ્યા. તે સિવાય લગભગ ૪૦૦૦નું હિન્દી લશ્કર નાશ પામ્યું. આ સમાચાર આવતાં બ્રિટિશ હિન્દમાં ઠેકઠેકાણે નિરાશા છવાઇ રહી. ઑકલેન્ડ ઘણો બાહોશ માણસ હતો. એણે નાણાં પ્રકરણમાં ઘણો સારો સુધારો કર્યો હતો. પણ અફઘાન વિગ્રહના આવા ભયાનક પરિણામથી એની કારકિર્દી વખોડાઇ અને ૧૮૪૨ માં એ ગવર્નરજનરલનું પદ છોડી ઈંગ્લંડ ઉપડી ગયો.

## ૧૦. લૉર્ડ એલન્બરો, ૧૮૪૨–૧૮૪૪

### અફઘાનીસ્તાન


લૉર્ડ ઑકલેન્ડ પછી લૉર્ડ એલન્બરો ગવર્નરજનરલ થયો. તે વખતે ગીઝની અફઘાનોના હાથમાં હતું, પણ જલાલાબાદ આગળ સર રૉબર્ટસેલ શૌર્યથી અફઘાનો સામે ટક્કર ઝીલી રહ્યો હતો. તેને મદદ કરવા લૉર્ડ એલન્બરોએ જનરલ પોલોકને એક લશ્કરની સરદારી આપી રવાના કર્યો. રૉબર્ટસેલની માફક જનરલ નૉટ પણ કંદહાર આગળ શત્રુથી બચાવ કરી રહ્યો હતો અને ઉનાળો બેસે ત્યાં સુધી એ બન્ને શૂરવીર સેનાનાયકો પોતપોતાનાં મથકો બાહોશીથી બચાવી રહ્યા હતા. ઉનાળો શરૂ થતાં જ બરફ પીગળવા લાગ્યો. એટલે જનરલ પોલોક જલાલાબાદના સૈન્યને દુશ્મનના પંજામાંથી મુક્ત કરી કાબુલ તરફ ધસ્યો. એ જ વખતે બોલનઘાટને રસ્તે જનરલ નૉટને મદદ કરવા બીજું લશ્કર હિન્દમાંથી કંદહાર તરફ રવાના થયું. જનરલ પોલોક અફઘાનોને મારી હઠાવી કાબુલમાં છાવણી નાખી પડયો હતો; કંદહારથી નીકળેલો જનરલ નૉટ પણ તેને કાબુલ આવી મળ્યો. ત્યાં સંધિ થઈ. તે મુજબ અંગ્રેજ કેદીઓનો છુટકો થયો; અંગ્રેજોએ સઘળા સૈન્યને પાછું બોલાવી લેવાનું અને અમીર નિમવામાં હાથ ન ઘાલવાનું કબૂલ કર્યું.

## સિંધના અમીરો

અફઘાનીસ્તાનની લડાઈ પૂરી થતાં બીજી લડાઇ ઉભી થઇ. સિંધને માર્ગે લશ્કર ગયું તેથી અમીરો દુભાયા. તેમણે બળવો ઉઠાવવા હથિયારબંધ માણસો એકઠા કર્યા; ગવર્નરજનરલે અમીરો સાથે નવી સંધિ કરવાનો ખરડો લખી મોકલ્યો. આ ખરડા પ્રમાણે ખંડણીને બદલે કેટલોક મુલક આપવાનો હતો; આ કરાર અમીરોને પસંદ તો ન પડયા પણ મેજર ઑટ્રામે અમીરોને સમજાવી સંધિપત્ર ઉપર સહી કરાવી. તેમ છતાં અમીરોના ખીજવાટનો પાર ન હતો. તેઓએ કમિશ્નરના બંગલા ઉપર ઘેરો ઘાલ્યો. તેમનું સૈન્ય ઘણું મોટું હતું. અંગ્રેજ સૈન્ય સખ્યામાં નાનું હતું પરંતુ જોખમ ખેડવાથી ડરે એવું નહોતું. દારૂણ યુદ્ધ મચ્યું. આખરે અંગ્રેજોની સેના આગળ બળવાખોરોનું કંઇ ચાલ્યું નહિ. અમીરોએ પોતાના હથિયાર અંગ્રેજ સેનાધિપતિને સ્વાધીન કર્યા અને હૈદરાબાદ તાબે થયું. સિંધદેશ અંગ્રેજોને સ્વાધીન કરવામાં આવ્યો.

## ગ્વાલીઅર

દોલતરાવ સિંધિયાને પુત્ર ન હોવાથી તે મરણ પામતાં તેનો એક સગો ગ્વાલીઅરનો રાજા થયો. પણ તે ૧૮૪૩ માં મરણ પામ્યો. તેથી તેની વિધવા રાણીએ એકને દત્તક લીધો. આ દત્તક પુત્ર આઠ વર્ષનો હોવાથી મામાસાહેબ નામનો એક ઉમરાવ રાજકારભાર ચલાવતો. પાછળથી માંહોમાંહે કલહ ઉત્પન્ન થયો અને બે પક્ષ પડ્યાં. ગવર્નરજનરલ જાતે એક લશ્કર સાથે ગ્વાલીઅર ગયો. લડાઇ ભયંકર ચાલી અને આખરે મરાઠા સૈન્યનો પરાભવ થયો; મહારાણી શરણે આવી ને એવું ઠર્યું કે મહારાજા ઉમર લાયક થાય ત્યાં સુધી ગ્વાલીઅરનો કારભાર એક પંચ ચલાવે અને અંગ્રેજ રેસીડન્ટની ઇચ્છા પ્રમાણે તેઓએ વર્તવું; મરાઠા સૈન્ય ઓછું કરવું; અંગ્રેજ સૈન્ય ગ્વાલીઅરમાં રાખવું અને તેનો ખર્ચ ગ્વાલીઅર દરબારે આપવો. મહારાજાએ ઠરાવ ઉપર સહી કરી અને ગ્વાલીઅરમાં શાંતિ થઈ.


હિંદુસ્તાન
કાશ્મીર
સીખ
નેપાલ
રજપુતો
બુંદેલખંડ
રેવા
રાજ્ય
મુંબઈ
રાજ્ય
અરબી
સમુદ્ર
બંગાળાનો
ઉપસાગર
મૈસુર
મદ્રાસ

# ૧૧. સરહેન્રી હાર્ડીંજ, ૧૮૪૪–૪૮

## પહેલો શિખ વિગ્રહ

રણુજીતસિંહના મરણુ પછી શિખોમાં માંહોમાંહે ખટપટ ઉભી થઇ. બે પક્ષ પડયાં અને ઘણુાંના ખૂન થયાં. આ પરિસ્થિતિમાંથી પોતાનું રક્ષણુ કરવાને કંપની સરકારે પોતાની સરહદ પર બચાવનાં કામો ઉભાં કર્યાં. શિખ દરબારે આ સામે સખત વાંધો ઉઠાવ્યો. સમાધાની થઇ ન શકી એટલે કંપની અને શિખો વચ્ચે યુદ્ધના મોરચા મંડાયા.

શિખો બહાદુરીથી લડયા છતાં અંગ્રેજ તોપખાના આગળ તેઓ ટકી શકયા નહિ. અંગ્રેજોએ શિખ લશ્કરને અલિવાલ અને સોબ્રાઉન આગળ સખત હાર આપી. હજારો શિખો માર્યા ગયા અને તેમનું તોપખાનું અંગ્રેજોએ કબજે કર્યું. ત્યારપછી બન્ને પક્ષ વચ્ચે ૧૮૪૬માં સુલેહ થઇ. તે મુજબ લડાઇના ખર્ચ બદલ શિખોએ કંપનીને દોઢકરોડ રૂપીઆ આપ્યા. તે ઉપરાંત બિઆસ તથા સતલજ વચ્ચેનો 'જાલંધર દુઆબ' નામનો પ્રદેશ અંગ્રેજોને સ્વાધીન કરવામાં આવ્યો.

# ૧૨. લૉર્ડ ડલહૌઝી, ૧૮૪૮–૧૮૫૬

## બીજો શિખ વિગ્રહ

લૉર્ડ ડલહૌઝી ૧૮૪૮માં આવ્યો તે વખતે હિન્દમાં સર્વત્ર શાંતિ હતી. પરંતુ એકાએક પરાજીત શિખ લશ્કરને પાછું અંગ્રેજપર વેર લેવાનું મન થઇ આવ્યું. મુલતાનનો ગવર્નર લાલા મૂળરાજ શિખ લશ્કરને ઉશ્કેરી અંગ્રેજોને હાંકી કાઢવાની ખટપટ કરી રહ્યો હતો. એણે લાહોર દરબારને ચઢેલી ખંડણી મોકલવાનું બંધ કર્યું. લાહોરદરબારે એક શિખ સરદાર અને બે અંગ્રેજ અમલદારને મુલતાન મોકલ્યા. મુળરાજના લશ્કરે અંગ્રેજ અમલદારોને મારી નાખ્યા. ત્યારપછી શેરસિંહ જે અંગ્રેજોનો વિશ્વાસુ શિખ સરદાર હતો તેને મોકલવામાં આવ્યો. પણુ

તે પહેલાં ઍડવર્ડસ નામે કંપનીનો એક લેફ્ટેનન્ટ મુલતાન પાસે જ હતો તે પોતાના તાબાનાં લશ્કરને લઈ દોડી આવ્યો. ભાવલપુરના નવાબે પણ લશ્કર મોકલી તેને સહાય આપી. ઍડવર્ડસપર હુમલો થતાં તેણે શિખ લોકોને મારી હઠાવ્યાં. ભાવલપુરનું સૈન્ય આવી મળ્યું અને ચીનાબ નદી આગળ મૂળરાજનો પરાભવ થયો. પંજાબમાં લોકો લડાઇની તૈયારી કરવા લાગ્યા અને હઝારાના સૂબા છત્રસિંહને પોતાનો નાયક નિમી શિખ લોકોએ બંડ ઉઠાવ્યું. અફ્ઘાન અમીર દોસ્તમહમદ પણ શિખોને મદદ કરવા લલચાયો. ડલહૌઝીએ જનરલ બ્રિટિશને મોટા લશ્કર સાથે મુલતાન મોકલ્યો. એટલામાં શેરસિંહ અંગ્રેજ પક્ષ છોડી શત્રુઓને જઈ મળ્યો. લાર્ડ ગફે ફીરોજપુર આગળ મોટું લશ્કર એકત્ર કર્યું. ચીનાબ નદી પર રામનગર આગળ ભારે યુદ્ધ થયું તેમાં અંગ્રેજ લશ્કરને સખ્ત હાર મળી. લૉર્ડ ગફે, શેરસિંહ અને તેના પિતા છત્રસિંહ લશ્કર લઈ મળે તે પહેલાં તેમને અટકાવવાને શત્રુપર હુમલો કરવા નિશ્ચય કર્યો. ચીલીયનવાલા આગળ સખ્ત ઝપાઝપી થઈ, અંગ્રેજોને જય મળ્યો પણ તેમનાં અસંખ્ય માણસો મરાયાં; આખરે મુલતાન સર થયું. ચીલીયનવાલા આગળ થયેલ ભારે ખુવારીના સમાચાર ઇંગ્લંડ પહોંચતાં સર ચાર્લ્સ નેપીઅરને હિન્દુસ્તાનનો મુખ્ય સેનાપતિ નિમી પંજાબ રવાના કરવામાં આવ્યો. શેરસિંહ એક મજબુત જગામાં છાવણી નાખી પડયો હતો; અફ્ઘાન અમીરે તેને ઘોડેસ્વારની ટુકડી મોકલી સહાય આપી. ગુજરાત આગળ ભારે લડાઈ થઈ, શેરસિંહ હાર્યો અને સર વૉલ્ટર ગીલબર્ટે અફ્ઘાન લશ્કરની ખૈબરઘાટ સુધી પુઠ પકડી. આખરે બધા શિખ સરદારો શરણે આવ્યાં. મહારાજાને પેન્શન બાંધી આપી, ખાલસા લશ્કરને વિખેરી નાખી, ડલહૌઝીએ આખો પંજાબ પ્રાંત બ્રિટિશરાજ્ય સાથે જોડી દીધો. વધુમાં રાજ્યનો ખજાનો, ઝવેરાત વગેરે અંગ્રેજોએ લઇ લીધું. કોહીનુરનો પ્રખ્યાત હીરો અંગ્રેજોને મળ્યો. પંજાબ પ્રાંતપર દેખરેખ રાખવા કમિશ્નર નિમવામાં આવ્યો. ત્યારપછી શિખ પ્રજા અંગ્રેજોને અત્યંત વફાદાર રહી. ૧૮૫૮ના બળવા વખતે તથા છેલ્લા

૧૯૧૪ના મહાયૂરોપીય યુદ્ધમાં અંતઃકરણપૂર્વક સહાય આપી શિખોએ પોતાનું લશ્કરી ખમીર અને વફાદારી બતાવી આપ્યાંછે.

## બીજો બ્રહ્મી વિગ્રહ

૧૮૨૬માં લૉર્ડ આમહર્સ્ટે આવાના રાજા સાથે સલાહ કરી, જેનાં પરિણામે કંપનીને આરાકાન અને તેનાસરીમ મળ્યાં. બ્રહ્મી રાજા ત્યારથી અંગ્રેજોનો વિરોધી બન્યો અને વખતોવખત અંગ્રેજપ્રજાને વેપાર સંબંધી કનડગત કરવા લાગ્યો. ૧૮૫૧માં રંગુનના અંગ્રેજ વેપારીઓને એણે ઘણા કનડ્યા. ગવર્નરજનરલે લશ્કરની તૈયારી કરવા માંડી. રંગુન કબજે કરવામાં આવ્યું અને ચોમાસા પહેલાં લશ્કરે પેગુમાં પ્રવેશ કર્યો. બ્રહ્મી લોકોએ પેગુપર હુમલો કર્યો પણ તેમને અંગ્રેજોએ મારી હઠાવ્યા. એવામાં બ્રહ્મી રાજાના ભાઈએ અંગ્રેજો સાથે સલાહ કરવા લખી જણાવ્યું, જે ઉપરથી લૉર્ડ ડલહૌઝીએ પેગુ, પ્રોમ, માટબિટન, રંગુન વગેરે તાબામાં લઈ લડાઈ બંધ કરી. આ પ્રમાણે દક્ષિણ બ્રહ્મદેશ અંગ્રેજી રાજ્ય સાથે જોડી દેવામાં આવ્યો.

## લૉર્ડ ડલહૌઝીની ખાલસા પદ્ધતિ

દેશી રાજ્યો અંગ્રેજી રાજ્ય સાથે જોડી દેવામાં આવે તો દેશી રાજ્યો પણ સુખ અને આબાદી ભોગવે એમ ધારી ડલહૌઝીએ દેશી રાજ્યો જોડી દેવાનો વિચાર કર્યો. લૉર્ડ હેસ્ટિંગ્સ અને વેલેસ્લીના વખતમાં બ્રિટિશ સરહદનો વધારો થયો હતો, પરંતુ તેઓએ દેશી રાજ્યોને નાબુદ કરી તેમને બ્રિટિશ રાજ્યમાં સામેલ કરવાનો વિચાર રાખ્યો ન હતો. ઉલટું મ્હૈસૂરમાં વેલેસ્લીએ ટીપુ સુલતાનને હરાવ્યા પછી અસલના રજપૂત રાજાના વંશજને ગાદી આપી. પરંતુ ડલહૌઝી એથી ઉલટા જ મતનો હતો. જે રાજ્યો બરાબર અમલ ચલાવી શકતાં ન હોય અથવા કોઈ સીધો ગાદીવારસ ન હોય તે રાજ્યો અંગ્રેજી રાજ્ય સાથે જોડી દેવાં એવો તેનો અભિપ્રાય હતો. તે મુજબ અનેક દેશી-રાજ્યો ખાલસા કરવામાં આવ્યા અને બ્રિટિશ હકુમતમાં મૂકાયા.

## સતારા અને કરોલી

સતારાના રાજા આપા સાહેબ ૧૮૪૮ માં અપુત્ર મરણ પામતાં ગવર્નરે તેના દત્તક પુત્રને ગાદી આપવા ભલામણ કરી. પરંતુ પોતાની 'ખાલસા' યોજના પાછળ ગાંડા થઇ ગયલા ડલહોઝીએ એ ભલામણને તુચ્છકારી કાઢી અને સતારાને ખાલસા કર્યું.

સતારા પછી કરોલીનો વારો આવ્યો. પણ 'કરોલીનું સંસ્થાન રક્ષિત મિત્ર છે' એ દલીલ આગળ કરી ડીરેકટરોએ ડલહોઝીને કરોલી ખાલસા કરવા ના પાડી.

## નાગપૂર

નાગપૂરનો રાજા દત્તક લીધાં પહેલાં મરણ પામ્યો. સતારા ખાલસા કરવાથી લોકોમાં ફેલાયલા અસંતોષ વિષે ગવર્નરજનરલને જણાવી રેસીડન્ટે રાણીએ લીધેલા દત્તકપુત્રને ગાદી આપવા આગ્રહ કર્યો પણ ડલહોઝીને એ ભલામણ ગળે કેમ ઉતરે ? તેણે તરત જ નાગપૂર ખાલસા કરી અંગ્રેજો માટે રૂનું મોટું મથક મેળવી આપ્યું.

## ઝાંસી

બુંદેલખંડમાં આવેલા આ નાનકડાં સંસ્થાનનો રાજા ૧૮૩૫માં પુત્ર વગર મરણ પામતાં તેના દત્તક પુત્રને પરવાનગી નથી મળી એ બહાને ગાદી ન આપતાં રાજાના એક સગાને ગાદી આપવામાં આવી. તેના મરણ બાદ બીજો રાજા પણ અંગ્રેજોએ ઉભો કર્યો. ૧૮૫૩ માં તે મરણ પામતાં રાજ્ય ખાલસા કરવામાં આવ્યું.

## અયોધ્યા

નવાબની ગેરવ્યવસ્થા, અતિશય વિષયીપણું, વ્યસનીપણું, વગેરે કારણોથી બીજા દેશી રાજ્યોની રૈયત કરતાં અયોધ્યાની પ્રજા વધારે પીડાતી હતી. ડલહોઝીએ નવાબને ગાદી છોડવાની સૂચના કરી. તેનો અમલ ન થયો તેથી રાજ્ય ખાલસા થયું.

## કર્ણાટક અને તાંજોર

કર્ણાટકના નવાબના વારસને મોટું પેન્શન મળતું હતું તે છેલ્લો વંશજ મરણ પામતાં ડલહૌઝીએ અટકાવ્યું. તાંજોરનો રાજા જેને પેન્શન બાંધી આપવામાં આવ્યું હતું તે મરણ પામતાં તેના દત્તક પુત્રને પેન્શન આપવું ખાલસા રાજનીતિની રૂએ બંધ કરવામાં આવ્યું.

## નાના સાહેબ અને દિલ્હીના મોગલ વારસો

બાજીરાવ બીજાને બીઠુરમાં રાખી પેન્શન બાંધી આપવામાં આવ્યું હતું. તે મરણ પામતાં તેના દત્તક પુત્ર ધોંડુપંત જે ઇતિહાસમાં નાના સાહેબના નામથી ઓળખાય છે તેને પેન્શન આપવું બંધ કરી તે ખાલસા કરવામાં આવ્યું. વધુમાં ડલહૌઝીએ દિલ્હીના કમિશનરને જણાવ્યું કે મોગલ શહેનશાહના વારસો જે પેન્શન ભોગવે છે તે બંધ કરવું અને પછીથી દિલ્હી ખાલસા કરવું.

આ પ્રમાણે ડલહૌઝીએ પોતાની રાજનીતિનો દોર ચલાવી ઘણાં દેશીરાજ્યોને બ્રિટિશ મુલક સાથે જોડી દીધાં.

## કેળવણી

શાળાઓ વગેરે કેળવણી આપવાની સંસ્થાઓ સ્થાપવા માટે સને ૧૮૫૪માં કાયદો થયો. એ કાયદાની રૂએ પ્રાથમિક શાળાથી માંડીને વિશ્વવિદ્યાલય સુધીની યોજના ઘડવામાં આવી.

## રેલવે તથા તાર વગેરે

ઠેકઠેકાણે રેલવે લાઇન નખાવા લાગી અને વેપાર ઉદ્યોગ વગેરેને ફાયદો થવા લાગ્યો. તારની ગોઠવણ પણ ડલહૌઝીએ શરૂ કરી. રેલવે અને તારની અનુકૂળતાએ દેશને વ્યવહારનો માર્ગ સરળ અને નિર્ભય કરી આપ્યો.

તે સિવાય લશ્કરી તેમજ મુલ્કી નોકરીમાં હરીફાઇના તત્ત્વે પરીક્ષા લેવાનું ઠરાવી યોગ્ય માણસોને મોટી જગ્યા આપવાનું ઠર્યું.

પોસ્ટનો દર સર્વ હિન્દ માટે અર્ધા આનાનો કરવામાં આવ્યો. નહેર વગેરે ખોદાવી ખેતીવાડીને ઉત્તેજન આપવામાં આવ્યું. વળી ૧૮૫૩માં કંપનીને નવો પટો કરી આપવામાં આવ્યો.

આ પ્રમાણે ૧૮૪૮ થી ૧૮૫૬ સુધીના આઠ વર્ષના કારભારમાં ડલહાઉઝીએ લોકોના હિતમાટે અનેક સુધારાઓ કર્યા; પરંતુ તેની ખાલસાપદ્ધતિથી દેશીસંસ્થાનોમાં ખળભળાટ ઉત્પન્ન થયો, અને ૧૮૫૭-ના બળવાનું બીજ રોપાયું. સખ્ત મહેનત, થાક, ચિંતા વગેરેથી તેની તબિયત બગડી તેથી તે ૧૮૫૬માં ગવર્નરજનરલપદ છોડી ઈંગ્લંડ ગયો.

## ૧૩. લૉર્ડ કૅનિંગ, ૧૮૫૬–૧૮૫૮


### ઈરાન સાથે લડાઈ

હિન્દ આવતાં જ કૅનિંગને પ્રથમ ઇરાન સાથે લડાઈમાં ઉતરવું પડયું. ઈરાનના શાહે હેરાત પોતાના રાજ્ય સાથે જોડી દેવાના વિચારથી તેના ઉપર ચઢાઈ કરી. કૅનિંગે સર ઑટ્રામને ઈરાની અખાત તરફ રવાના કર્યો. તેણે બુશાયરનો કબજો લઈ ઈરાની લશ્કરને હરાવ્યું. એટલે શાહે અંગ્રેજો સાથે સલાહ કરી અફઘાનીસ્તાનમાંથી લશ્કર પાછું ખેંચી લીધું અને અંગ્રેજોના વેપારને રક્ષણ આપવાનું કબૂલ કર્યું.

### સિપાઇઓનો બળવો, ઈ. સ. ૧૮૫૭

કારણો:—

(૧) હિન્દની બન્ને કોમો હિન્દુ અને મુસલમાન સુધરેલી પ્રજા હતી પણ તેમનો સુધારો યૂરોપીઅન સુધારાથી જુદા પ્રકારનો હતો. તેથી હિન્દી પ્રજાના મનમાં અંગ્રેજોના સુધારા માટે શંકા ઉત્પન્ન થઈ. તેઓએ ધાર્યું કે અંગ્રેજ પ્રજા હિન્દના રીત રિવાજો નાબુદ કરવા માંગે છે એટલું જ નહિ પણ તેમના ધર્મનો પણ નાશ કરવા પ્રયાસ કરે છે. આગગાડી અને તાર, ખ્રિસ્તીધર્મના ઉપદેશકોનો પ્રયાસ, કેળવણીનો ફેલાવો, વિધવા વિવાહ તરફ સરકારનું વલણ, એ બધામાં ધર્મનાશનો હેતુ સમાયલો છે એમ હિન્દુ અને મુસલમાન બન્ને કોમો માનવા લાગી.


હિંદુસ્તાન
૧૮૫૭
કાશ્મીર
રજપુતો
સિંધ
ઇંદોર
મુંબઈ
નીઝામનું
રાજ્ય
અરબી
સમુદ્ર
બંગાળાનો
ઉપસાગર

(૨) ડલહૌઝીની ખાલસાપદ્ધતિથી બાજીરાવ પેશ્વાના દત્તકપુત્ર નાના સાહેબનું પેન્શન બંધ કરવામાં આવ્યું; ઝાંસીની રાણીએ દત્તક લીધેલા પુત્રને અમાન્ય કરી ઝાંસી ખાલસા કરવામાં આવ્યું; અયોધ્યાના નવાબને ગાદી પરથી ઉઠાડી એનું રાજ્ય પણ ખાલસા કરવામાં આવ્યું; દિલ્હીના શહેનશાહી કુટુંબનું પેન્શન બંધ કરવામાં આવ્યું. આ બધાં કારણોને લીધે હિન્દમાં ભારે ખળભળાટ ઉત્પન્ન થયો.

(૩) સૈનિકોમાં આ વખતે બેદિલિ ફેલાઇ હતી. તેમના પગારથી તેમને સંતોષ ન હતો. સમુદ્રપાર જઇ લડાઇમાં ઉતરવાને તેમને કહેવામાં આવ્યું તે તેમને ઠીક ન લાગ્યું. કારણકે હિન્દુઓ સમુદ્રપ્રવાસ ધર્મથી વિરૂદ્ધ ગણતા. એવા સંજોગોમાં દુર્ભાગ્યે એવી અફવા ઉડી કે સરકાર કારતૂસ બનાવવામાં ગાય અને સૂવરની ચરબીનો ઉપયોગ કરેછે. આ સઘળાં કારણોને લીધે સિપાઇઓના અસંતોષે તીવ્ર સ્વરૂપ ધારણ કર્યું અને પરિણામે બળવો થયો.

### બળવાનો પ્રવાહ

૧૮૫૭ના જાનેવારી મહિનામાં બંગાળામાં બળવાની શરૂઆત થઇ. તરતજ અંબાલામાં છમકલું થવા લાગ્યું. બન્ને ઠેકાણે સૈનિકોને શિક્ષા કરવામાં આવી. મીરતમાં સૈનિકોને કારતૂસો વાપરવાનું કહેતા તેમણે ના પાડી. આ ઉપરથી તેમને કેદ કરવામાં આવ્યા. બીજે જ દિવસે છાવણીમાંના લશ્કરે બંડ કર્યું અને તેમના ઉપરી અમલદારોને ગોળીથી વીંધી નાખ્યા. ત્યારપછી લશ્કરે દિલ્હી તરફ કૂચ કરી.

### દિલ્હી તથા કાનપુર આગળ બળવો

મીરતથી આવેલા બળવાખોર લશ્કર સાથે દિલ્હીના સૈનિકો સામેલ થયા. બહાદુરશાહને મુગલ શહેનશાહ તરીકે જાહેર કરવામાં આવ્યો. લશ્કરની ટુકડીઓને લાંચ આપી ફોડવાના પ્રયત્નો થયા. ઠેકઠેકાણે પોતાના ઉપરી અમલદારોને મારી સૈનિકોની ટુકડી મુગલ છાવણી તરફ આવી. કાનપુરના લશ્કરે બળવો ઉઠાવતાં નાનાસાહેબ તેમનો નેતા બન્યો.

કાનપુરને નાનાસાહેબે ઘેરો ઘાલ્યો. નાનાસાહેબને બીઠુર આગળ પેશવા જાહેર કરવામાં આવ્યો. દરમિયાન અંગ્રેજ લશ્કર લઇ કર્નલ નેઇલ અને જનરલ હેવલોક ધસી આવ્યા. નાના હાર્યો અને કાનપુર પડયું.

## લખનૌ રેસીડન્સી

આ બળવો આખા પ્રાંતમાં ફેલાવાનાં અનેક કારણો હતાં. અયોધ્યા ખાલસા કર્યું તેથી નાના મોટા બધા ગુસ્સે થયાં હતાં. મોટા મોટા જમીનદારોની માલમિલ્કત, હક્ક, મોભો વગેરે જતાં રહેવાથી અને લશ્કરમાંથી કોઇપણ પ્રકારનાં કારણ સિવાય ૫૦૦૦૦ ઉપરાંત સૈનિકોને કાઢી મૂકવાથી તેઓની લાગણી દુખાઈ હતી. આ બધાં કારણોથી આખો પ્રાંત ઉશ્કેરાયો, અને પહેલી જુલાઇએ રેસીડન્સીને ઘેરો ઘાલ્યો. બહાદુર લોરેન્સ એક ગોળાનો ભોગ થઈ પડયો. લશ્કરની વ્યવસ્થા કેપ્ટન ઇંગ્લીશના માથા પર આવી. બળવાખોરોની સામા આ થોડા સૈનિકોએ ટક્કર ઝીલી અને બે મહિના સુધી બચાવ કર્યો. એટલામાં સર કોલીન કેમ્પબેલ નાનાસાહેબના મુખ્ય સેનાધિપતિ તાત્યા ટોપીને હરાવી, કાનપુરથી લખનૌ સુધીનો માર્ગ ખુલ્લો કરી લખનૌ આવી પહોંચ્યો. તેણે સખત ઝપાઝપી પછી કિલ્લો કબજે કરી સૈનિકોને છોડવ્યા.

## બળવાનો ઠેકઠેકાણે ફેલાવો

બળવો ચારે દિશામાં ફેલાયો. માત્ર પંજાબ જે દસ વર્ષ ઉપર બારે ઝનૂની લડાઇઓનું ક્ષેત્ર બન્યું હતું તે આ વખતે શાંત હતું. ઝાંસીની પ્રખ્યાત રાણી વીરાંગના લક્ષ્મીબાઈ જેનો દત્તક પુત્ર લેવાનો હક્ક નાકબૂલ કરી રાજ્ય ખાલસા કરવામાં આવ્યું હતું તેણે અપમાનનો બદલો લેવા કમ્મર કસી અને બળવામાં સામેલ થઈ. આગ્રાનો બચાવ બંગાળ રેજીમેન્ટની વફાદારીથી થયો, અને નાગપૂરની ગડબડ મદ્રાસ રેજીમેન્ટથી દબાઇ.

હવે બળવાખોરોનું મુખ્ય સ્થાન દિલ્હી થઇ પડયું. લગભગ ૫૦૦૦૦ સૈનિકો ત્યાં એકઠા થયા હતા. પરંતુ અંગ્રેજ લશ્કર દિલ્હી તરફ નીકળી ચૂકયું હતું એવા સમાચાર મળતાં જ બળવાખોરોની હિમ્મત પડી ભાંગી. થોડા સમય પછી દિલ્હી બ્રિટિશના હાથમાં પાછું

આવ્યું. મુગલ બાદશાહ પોતાનાં કુટુંબ કબીલા સાથે નાસી છૂટયો પણ આખરે મેજર હડસનના હાથમાં કેદ પકડાયો. બાદશાહના બે પુત્ર તથા એક પૌત્ર પણ કેદ પકડાયા. બળવાખોરોએ આ રાજકુંવરોને છોડાવવા ઘણા પ્રયત્નો કર્યા પણ તેમનું ચાલ્યું નહિ. હડસને એ રાજપુત્રોને ગોળીથી વીંધી નાખ્યા. બાદશાહની તપાસ ચલાવી અપરાધી ઠરાવી તેને જીવનપર્યંત દેશનિકાલની શિક્ષા કરી રંગુનમાં રાખ્યો.

**બળવાનો અંત**

દરમિયાન ઈંગ્લંડ અને સંસ્થાનોમાંથી લશ્કર પર લશ્કર આવવા લાગ્યાં અને સર કોલીન કેમ્પબેલ સેનાધિપતિ નિમાયો. હાઇલેન્ડર્સ અને શિખનું સૈન્ય લઈ તે શત્રુની છાવણીમાં પહોંચ્યો. એણે લખનૌ લઇ અંગ્રેજોનો છુટકારો કર્યો. નાનાસાહેબ, અયોધ્યાની બેગમ અને બંડખોરોના અગ્રેસરો પહેલાંથી નાશી ગયાં હતાં. મધ્ય હિન્દમાં સર હ્યુ રોઝ પણ યશસ્વી રીતે શત્રુઓ સાથે ઘૂમતો હતો. તેણે તાત્યાટોપીનો પરાભવ કરી ઝાંસીનો કિલ્લો હાથ કર્યો. ઝાંસીની રાણી વીરાંગના લક્ષ્મીબાઇએ એ કિલ્લો બચાવવા અત્યંત શૌર્ય બતાવ્યું. પણ આખરે તેની હાર થઇ. લક્ષ્મીબાઈ અને તાત્યાટોપી નાસીને ગ્વાલીઅર તરફ ગયાં અને એ પ્રખ્યાત કિલ્લો તાબામાં લીધો. સિંધિયા અંગ્રેજોને વફાદાર રહ્યો હતો તેથી તેને મદદ કરવા સર હ્યુ રોઝ એકદમ ગ્વાલીઅર પર ધસી આવ્યો. ૨૦ દિવસ સખત ઝપાઝપી થઈ તેમાં લક્ષ્મીબાઇએ વીરતાથી લડતાં લડતાં પોતાનો દેહ મૂકયો. સિંધિયા પાછો ગ્વાલીઅર આવ્યો. તાત્યાટોપી નાસી છૂટયો પણ આખરે કેદ પકડાયો. ત્યાર પછી બળવાનો અંત આવ્યો, અને દેશમાં શાંતિ ફેલાઈ.

**બળવા પછી**

આ બળવાએ હિન્દના રાજપ્રકરણમાં મહત્વના ફેરફારો કરાવ્યા. ૧૮૫૮માં પાર્લામેન્ટે એક કાયદો કર્યો તેની રૂએ ઇસ્ટ ઇંડિઆ કંપનીનું અસ્તિત્વ હવે જતું રહ્યું. નિયામક સભા કાઢી નાખવામાં આવી. હિન્દની રાજસત્તા બ્રિટિશ પાર્લામેન્ટને સોંપાઈ, અને ગવર્નરજનરલને વાઇસરૉયનો ખિતાબ આપવામાં આવ્યો.

# ભાગ—૬ ઠ્ઠો.

## હિન્દમાં બ્રિટિશ અમલ

### ૧. લૉર્ડ કૅનિંગ વાઈસરૅાય થયો

ઈ. સ. ૧૮૫૮થી હિન્દુસ્તાનના ઇતિહાસમાં નવો યુગ શરૂ થયો. રાજ્યની લગામ કંપની પાસેથી ઇંગ્લંડના શહેનશાહ પાસે ગઈ. મહારાણી વિક્ટોરીઆએ તે જોખમદારી સ્વીકારી લઈ પોતાનો પ્રખ્યાત ઢંઢેરો બહાર પાડયો. લૉર્ડ કૅનિંગને 'ગવર્નરજનરલ' અને 'વાઇસરૅાય'ની પદવી આપવામાં આવી, જેને પરિણામે ગવર્નરજનરલ હવેથી શહેનશાહના પ્રતિનિધિ તરીકે હિન્દુસ્તાનમાં રાજવહીવટ ચલાવશે એમ નક્કી થયું.

#### મહારાણીનો ઢંઢેરો

ઈ. સ. ૧૮૫૮ના નવેંબર માસમાં અલાહાબાદમાં એક મોટો દરબાર ભરવામાં આવ્યો. ત્યાં લૉર્ડ કૅનિંગે મહારાણીનો ઢંઢેરો વાંચી સંભળાવ્યો. લૉર્ડ કૅનિંગની વાઈસરૅાય તરીકે નિમણૂક જાહેર થઈ. જે બળવાખોરોએ ગોરા લોકોનાં ખૂન કર્યાં હતાં તે સિવાય બધાને માફી આપવામાં આવી. સરકાર તરફથી ધર્મ સંબંધી કોઇપણ જાતની ડખલ થશે નહિ અને બધાને પોતાનો ધર્મ પાળવા દેવામાં આવશે એમ જાહેર થયું. વળી, સરકારી નોકરી માટે યોગ્યતાનું જ ધોરણ ગ્રહણ કરવામાં આવશે, જાતિભેદ પર લક્ષ આપવામાં આવશે નહિ વગેરે બાબતોનો ઢંઢેરામાં સમાવેશ કરવામાં આવ્યો. આ ઢંઢેરામાં જણાવેલા ઉમદા વિચારો જો બ્રિટિશ સરકાર અમલમાં મૂકે તો હિન્દી પ્રજાનો અસંતોષ મોટે ભાગે દૂર થાય.

#### લૉર્ડ કૅનિંગની રાજપદ્ધતિ

લૉર્ડ કૅનિંગે બળવા પછી કુનેહથી અને માયાળુપણે રાજકારભાર ચલાવ્યો. દેશી રાજાઓ પ્રત્યેની એની વર્તણૂક એ આ ઉદાર પદ્ધતિનો

અચોટ પુરાવો છે. જો રાજાઓ અપુત્ર હોય તો તેમનાં રાજ્યો ખાલસા કરવાની લૉર્ડ ડલહૌઝીના સમયથી ચાલી આવતી પદ્ધતિ એણે બંધ કરી; અને આવા રાજાઓને દત્તક લેવાનો હક રહેશે, એમ ખુલ્લી રીતે જાહેર કર્યું. વળી, જે જે રાજાઓએ બળવા દરમિયાન બ્રિટિશ રાજ્યને મદદ કરી પોતાની વફાદારી બતાવી હતી તેમને ખીતાબ, જાગીર, વગેરે ભેટોની નવાજેસ કરી તેમની વફાદારીની જાહેર રીતે કદર કરી. આ ઉપરાંત પ્રજા તરફ પણ એણે ઘણી જ રહેમદીલી બતાવી. આ પદ્ધતિ માટે કેટલાક પક્ષમાં ટીકા થવા લાગી અને 'કૅનિંગ ઘણો જ ભલો છે,' એમ કહેવાવા લાગ્યું.

## ૨. લૉર્ડ એલ્જીન, ૧૮૬૨-૬૩

લૉર્ડ કૅનિંગ પછી લૉર્ડ એલ્જીન વાઇસરૉય નિમાયો. એના સમયમાં કોઈ પણ અગત્યનો બનાવ બન્યો નથી. ફક્ત પંજાબમાં એક નાનો બળવો થયો હતો. વહાબી નામની ઝનૂની અફગાન કોમે બંડ કર્યું. શરૂઆતમાં આ ટોળીને દાબી દેવાનું મુશ્કેલ લાગ્યું, પણ પાછળથી સર હયુજની મદદથી આ બંડ સમાવી દેવામાં આવ્યું; ત્યાર પછી તરત જ ઈ. સ. ૧૮૬૩માં લૉર્ડ એલ્જીન મરણ પામ્યો.

## ૩. લૉર્ડ લૉરેન્સ, ૧૮૬૩-૬૯

### ભૂતાનની લડાઈ

લૉરેન્સ વાઇસરૉય થયો કે તરત જ ભૂતાનનો પ્રશ્ન ફરીથી ઉભો થયો. ઈ. સ. ૧૭૭૨માં અંગ્રેજોએ ભૂતાનીઓની વિરૂદ્ધ કુચબિહારના રાજાને મદદ કરી ત્યારથી તેઓ અને અંગ્રેજો વચ્ચે વિખવાદ શરૂ થયો. ત્યાર પછી જ્યારે જ્યારે છમકલાઓ થતાં ત્યારે બેસાડી દેવામાં આવતાં; તોપણ થોડા સમય માટે જ શાંતિ રહેતી. ઈ. સ. ૧૮૬૩-૬૪માં ધુંધવાતો અગ્નિ ફરીથી પ્રજ્વલિત થયો. ભૂતાનીઓએ વાઇસરૉય

તરફથી મોકલવામાં આવેલા એલચીનું ભારે અપમાન કર્યું અને અંગ્રેજોને શરમાવે એવી શરતો પર તેની પાસે સહી કરાવી લીધી. વાઇસરૉયને એ વાતની ખબર પડી કે તરત જ તેણે તે શરતો સ્વીકારવા ના પાડી અને લડાઇ જાહેર કરી. ભૂતાનના પહાડી પ્રદેશમાંથી લશ્કરને પસાર થવામાં ઘણી હાડમારી વેઠવી પડી. આખરે સુલેહ કરવામાં આવી. આ સુલેહની શરત મુજબ ભૂતાનીઓએ દ્વારજામના અદ્વાર પ્રાંત અંગ્રેજોને આપવાનું કબૂલ કર્યું.

## દુકાળ અને રેલ

આ વાઇસરૉયના સમયમાં હિન્દુસ્તાનમાં બે સખત દુકાળો પડ્યા. સને ૧૮૬૫માં બંગાળામાં વરસાદ ઘણો ઓછો પડયો. તેની માઠી અસર ઓરિસા સુધી પહોંચી. ત્યાં બીજે વર્ષે દુકાળ પડયો અને લાખો માણસો મરણ પામ્યાં. આ પ્રદેશની પ્રતિકૂળ કુદરતી રચનાને લીધે પરિણામ વધારે ગંભીર આવ્યું. આ કમભાગ્ય પ્રદેશને માટે જાણે આટલું જ બસ ન હોય તેમ બીજો દૈવી કોપ થયો. નદીઓમાં ઉપરા ઉપરી મોટી રેલો આવી અને દુકાળના પંજામાંથી જે ભાગ બચ્યો હતો, તેમાંનો મોટો ભાગ આ રેલનો ભોગ થઇ પડયો. પાકને અનહદ નુકસાન થયું; લોકોની માલમત્તાનો પત્તો મળ્યો નહિ અને વસતીનો લગભગ $\frac{1}{3}$ ભાગ નાશ પામ્યો.

ઇ. સ. ૧૮૬૮–૬૯માં બુંદેલખંડ અને રજપૂતાનાનો વારો આવ્યો; પણ સારે નસીબે આ સમયે સંકટનિવારણ માટે તાબડતોબ ઉપાયો લેવામાં આવ્યા, અને એના પરિણામે ભારે નુકસાન થતું અટક્યું.

## અફઘાનીસ્તાન

ઇ. સ. ૧૮૬૩માં અફઘાનીસ્તાનનો બાહોશ અમીર દોસ્ત મહમદ મરણ પામ્યો. રાજગાદી માટે તેના સોળ પુત્રમાં મોટો ઝગડો થયો. થોડા સમય સુધી શેરઅલીએ રાજ્ય કર્યું પણ તેના મોટાભાઇએ તેને

હાંકી મૂકયો; તેથી તેણે બ્રિટિશ સરકારની મદદ માગી. પણ લૉરેન્સને અફ્ઘાનીસ્તાનના આંતરિક વિગ્રહમાં પડવું યોગ્ય ન લાગ્યું. તેથી તેને કોઇપણ જાતની મદદ કરવા ના પાડી. આ નીતિ ઘણાને પસંદ પડી નહિ. જો કે આ પદ્ધતિને વખોડી કાઢવામાં આવી છે, તોપણ સર્વ રીતે જોતાં તે યોગ્ય જ હતી એમ કહેવામાં ખોટું નથી. આ પદ્ધતિએ ચાલવામાં આવ્યું હોત તો લૉર્ડ લિટનના સમયમાં જે ગંભીર બનાવ બન્યા તે ન બનત.

## ૪. લૉર્ડ મેયો, ૧૮૬૯–૭૨

### અફ્ઘાનીસ્તાન

આગલા વાઇસરૉયે શેરઅલીને મદદ નહિ કરેલી તેથી તે ગુસ્સે હતો. તેને પોતાના પક્ષમાં લઇ લેવાના હેતુથી લૉર્ડ મેયોએ અંબાલામાં મોટો દરબાર ભરી, શેરઅલીને ત્યાં બોલાવી, તેનું સારૂં સન્માન કર્યું. લૉર્ડ મેયોએ દરબારની ભવ્યતા ઉપરાંત પોતાના વ્યક્તિત્વથી સારી છાપ પાડી અને શેરઅલી રાજી થઇ પાછો ફર્યો.

### સુધારાઓ

રાજવહીવટમાં જે સુધારાઓ એણે દાખલ કર્યા તે પૈકી પ્રાંતિક ઇલાકાઓની સરકારને આર્થિક સ્વતંત્રતા આપવાનો સુધારો ઘણો જ અગત્યનો હતો. અત્યાર સુધી હિન્દુસ્તાનની વરિષ્ઠ સરકાર બધો પૈસો પોતાની પાસે રાખતી અને ઇલાકાઓની સરકાર તેની બહાલી મેળવ્યા પછી જ કોઇપણ જાતનો ખર્ચ કરી શકતી. આથી ઘણો લાંબો પત્રવ્યવહાર ચાલતો, જેને પરિણામે વખતનો ખોટો વ્યય થતો. લૉર્ડ મેયોએ આ પદ્ધતિમાં ફેરફાર કર્યો. જમીનની મહેસૂલ અને બીજી આવક પાંચ વર્ષ માટે ઇલાકાની આવકતરીકે ગણવાનું નક્કી કરવામાં આવ્યું. જેથી તે આવક પર ઇલાકાની સરકારને સ્વતંત્ર હક રહ્યો. આ યોજનાને સ્થાનિક સ્વરાજ્યનું પહેલું પગથિયું કહીએ તો ખોટું નહિ.

આ ઉપરાંત રાજ્યમાં બીજા ઘણા સુધારાઓ દાખલ કરવામાં આવ્યા. રાજકારભાર વ્યવસ્થિત રીતે ચાલે તે માટે તેના સાત વિભાગ પાડી, તે સાત સભ્યોને સોંપવામાં આવ્યા. હિન્દુસ્તાનની વસતીની ગણત્રી પહેલીજ વાર લૉર્ડ મેયોના સમયમાં થઇ. વળી હિન્દુસ્તાનની ખેતી અને વેપારની સ્થિતિ વિશે આંકડાઓ મેળવવાની યોજના એણે દાખલ કરી.

## ૫. લૉર્ડ નૉર્થબ્રુક, ૧૮૭૨–૭૫

મધ્ય એશિઆમાં રશિયાની સત્તા ધીમે ધીમે વધતી જતી હતી. તે અટકાવવા માટે બંનેની–ઇંગ્લંડ અને રશિયાની–હદ નક્કી કરવાની જરૂર હતી. તે મુજબ ઈંગ્લંડ અને રશિયા સાથે કરાર કરવામાં આવ્યા અને બંનેની હદ નક્કી થઇ.

### બિહાર અને ઉત્તર બંગાળામાં દુકાળ

સને ૧૮૭૪માં બિહાર અને ઉત્તર બંગાળામાં મોટો દુકાળ પડયો. સરકાર તરફથી દુકાળ નિવારણાર્થે કુવા તથા વાવ ખોદાવવાનું, નવા રસ્તા બનાવવાનું તથા નવી રેલવે બાંધવાનું, વગેરે નવાં કામો ખોલવામાં આવ્યાં; એથી દુકાળથી પીડિત વર્ગને સારી મદદ મળી.

### વડોદરા

મલ્હારરાવ ગાયકવાડ ઇ. સ. ૧૮૭૦માં વડોદરાની ગાદીએ બેઠો. એના રાજવહીવટમાં અંધાધુંધી ઘણી હતી. તેથી બ્રિટિશ સરકાર તરફથી વારંવાર ચેતવણી આપવામાં આવતી; છતાં તેની કાંઇ પણ અસર ન થઇ. ઈ. સ. ૧૮૭૫માં વડોદરામાં રહેતા બ્રિટિશ રેસીડન્ટને ઝેર દીધાનું તહોમત તેના ઉપર મૂકવામાં આવ્યું. તેની:તપાસ માટે જયાજીરાવ સિંધિયા, જયપુરના મહારાજા રાયસિંહ અને સર દિનકરરાવ મળી ત્રણ હિન્દી અને બીજા ત્રણ અંગ્રેજો મળી ૭ સભ્યોનું મંડળ નિમવામાં આવ્યું. અંગ્રેજ સભ્યોને મલ્હારરાવ ગુનેગાર છે એમ લાગ્યું.

પણ: હિન્દી સભ્યોને તે દૂષિત લાગ્યો નહિ. તેથી છેવટે નિર્દોષ ગણી મલ્હારરાવને છોડી મૂકવામાં આવ્યો; છતાં પાછળથી તેના ખરાબ રાજકારભાર માટે તેને પદભ્રષ્ટ કરવામાં આવ્યો અને સયાજીરાવ ગાયકવાડને ગાદી આપવામાં આવી.

### સુધારા

લૉર્ડ નૉર્થબ્રુકે ડહાપણથી રાજકારભાર ચલાવી કેટલાક સારા સુધારાઓ દાખલ કર્યા. આવક પરનો કર કાઢી નાખ્યો; મીઠા પરનો કર કમી કર્યો; સ્થાનિક સ્વરાજ્યને ઉત્તેજન આપ્યું; અને હિન્દીઓને ઉંચે દરજ્જે ચઢાવ્યા.

### રાજીનામું

હિન્દી પ્રધાન લૉર્ડ સેલીસબરીએ અફ્ઘાનીસ્તાન સંબંધી જે નીતિ ગ્રહણ કરી તે સાથે લૉર્ડ નૉર્થબ્રુક સંમત થયો નહિ. તેથી ઇ. સ. ૧૮૭૬માં એણે રાજીનામું આપ્યું.

## ૬. લૉર્ડ લિટન, ૧૮૭૫-૮૦

### મદ્રાસમાં દુકાળ

હિન્દુસ્તાનને કમનસીબે થોડા થોડા સમયને અંતરે કોઈ કોઈ ભાગમાં દુકાળ પડયા જ કરે છે. આગળ આપણે જોયુ તે મુજબ બંગાળા અને ઓરિસ્સામાં દુકાળ પડયો હતો; હવે ઇ. સ. ૧૮૭૭-૭૮માં મદ્રાસનો વારો આવ્યો. મુંબઇ ઇલાકામાં પણ એ દુકાળની અસર થઇ. સરકાર તરફથી આ આફતમાં સપડાયેલા માણસોનું દુઃખ નિવારણ કરવા માટે અનેક ઉપાયો યોજવામાં આવ્યા. વાઇસરૉયે લગભગ એક કરોડ રૂપીઆ સંકટ નિવારણ માટે વાપર્યા. તેમ છતાં જોઇએ તેવી અસર ન થઇ અને લગભગ બાવન લાખ માણસો મરણ પામ્યાં.

### દેશી છાપાંઓને લગતો કાયદો

સ્વતંત્ર પ્રેસ એ પ્રજાના હાથમાં મોટું શસ્ત્ર છે. એ વડે પ્રજા રાજકારભારની ટીકા કરી તેની સામે લડત ચલાવી શકે છે. અત્યાર

સુધી દેશી છાપાંઓની સંખ્યા થોડી હતી. પણ હવે કેળવણીના પ્રચારથી તેની સંખ્યા વધતી જતી હતી. તેથી પ્રજામત જાહેર કરી શકાય એમ હતું. લૉર્ડ લિટન આથી ગભરાયો. દેશી છાપાંઓ પોતાનો સ્વતંત્ર મત જાહેર કરતાં અટકે એ હેતુથી એણે ૧૮૭૮માં દેશી છાપાંઓનો કાયદો અમલમાં મૂક્યો. આ કાયદાની રૂએ દરેક કલેક્ટર અને મેજીસ્ટ્રેટને અમુક સત્તા આપવામાં આવી, જેને આધારે જે બાબતો સરકારને વાંધા ભરેલી લાગે તે ન છાપવા માટે કબૂલાત આપવાનું દેશી છાપાના અધિપતિને કહેવામાં આવ્યું. આથી દેશી છાપાની સ્વતંત્રતાને ફટકો પડ્યો, અને લૉર્ડ લિટન ઘણો જ અપ્રિય થઈ પડ્યો. આ કાયદા સામે ઘણી ઝુંબેશ ચલાવવામાં આવી. આખરે આપણે આગળ જોઈશું તે મુજબ ઉદાર-ચિત્ત વાઇસરૉય લૉર્ડ રીપને તે કાયદો કાઢી નાખ્યો.*

## બીજો અફઘાન વિગ્રહ

લૉર્ડ નૉર્થબ્રુકના સમયમાં રશિયા અને ઇંગ્લંડની અફઘાનીસ્તાનની હદ નક્કી કરવામાં આવી તોપણ શાંતિ થઈ નહિ. યૂરોપમાં રશિયા અને તુર્કસ્તાન વચ્ચે યુદ્ધ જાગ્યું, અને અફઘાનીસ્તાનની સહાય મેળવવાના ઇરાદાથી રશિયાએ પોતાનો એલચી અફઘાનીસ્તાન મોકલ્યો. ત્યાંના અમીરે એનું સારું સન્માન કર્યું. આ ઉપરથી અંગ્રેજોએ પણ એક એલચી કાબુલ મોકલ્યો. પરંતુ અફઘાનીસ્તાનની હદમાં એ દાખલ થયો

*આ સંબંધમાં વાંચનારને સ્વાભાવિક પ્રશ્ન થાય છે કે આવો કાયદો દેશી છાપાંઓને જ કેમ લાગુ પાડવામાં આવ્યો? અંગ્રેજી છાપાંઓને શા માટે એમાંથી મુક્ત કરવામાં આવ્યાં? તેના જવાબમાં જણાવવાનું કે દેશી છાપાંઓ વાંચનાર વર્ગ સરખામણીમાં કેળવણીમાં પછાત હોય, તેથી તેઓ પર આવાં છાપાંની ઘણી અસર થાય; ને ઉપરાંત જેમ અંગ્રેજી છાપાંઓમાં થતાં લખાણની સરકાર વિરુદ્ધ થતી અસર ઓછી કરવા માટે બીજાં ઍંગ્લો ઇંડિયન છાપાંઓ તૈયાર હોય છે, તેમ દેશી છાપાંઓ માટે હોતું નથી. વળી, જે સાધારણ જન-સમાજની સીધી યા મુંગી સંમતિને લીધે પરદેશી રાજ્ય ટકી શકે છે, તે વર્ગ દેશી છાપાંઓ વાંચવાથી ઉશ્કેરાઈ જાય. આ કારણોને લીધે દેશી છાપાંઓ ઉપર જ આવો અંકુશ મૂકવામાં આવ્યો હતો.

કે તરત જ તેને અટકાવવામાં આવ્યો. તેથી તેને નિરુપાયે પાછા ફરવું પડયું. આ ઉપરથી લૉર્ડ લિટને લડાઇ જાહેર કરી.

બ્રિટિશ લશ્કરે કંદહાર અને જલાલાબાદ જીત્યાં અને શેરઅલીને નાસી જવું પડયું. થોડા વખતમાં શેરઅલી મરણ પામ્યો. એટલે બ્રિટિશે તેના ભાઈ યાકુબખાનને અમીર બનાવ્યો; અને તેની સાથે ઈ. સ. ૧૮૭૯માં સંધિ કરી. સંધિના કરાર મુજબ બ્રિટિશે યાકુબખાનને અમીર તરીકે સ્વીકારવાનું કબૂલ રાખ્યું અને યાકુબખાને કાબુલમાં એક અંગ્રેજ રેસીડન્ટ રાખવાની રજા આપી.

રેસીડન્ટને મોકલવામાં આવ્યો પણ તે અફઘાન પ્રજાને રુચ્યું નહિ. તેથી તેઓએ રેસીડન્ટ અને બીજા માણસોનાં ખૂન કર્યાં. આથી લૉર્ડ લિટન ઉશ્કેરાયો અને ફરીથી લડાઇ જાહેર કરી. જનરલ રોબર્ટ્સને કાબુલ મોકલવામાં આવ્યો. તેણે અફઘાનોને હરાવ્યા અને યાકુબખાનને કેદ કરી હિન્દુસ્તાન મોકલી આપ્યો. આથી અફઘાન લોકો ઉશ્કેરાયા અને બળવો કરી સામા થયા. જનરલ રોબર્ટ્સે પોતાનો બચાવ કર્યો. એટલામાં ઈંગ્લંડમાં પ્રધાનમંડળમાં ફેરફાર થયો અને પ્રગતિવાદી-લીબરલ પ્રધાનમંડળના હાથમાં સત્તા આવી. એથી લૉર્ડ લિટનને રાજીનામું આપવું પડયું; એટલે લડાઇ અધુરી રહી.

## ૭. લૉર્ડ રીપન, ૧૮૮૦-૧૮૮૪

### અફઘાન વિગ્રહ

ઈ. સ. ૧૮૮૦ માં લૉર્ડ રીપન વાઇસરૉય થયો. આ સમયે અફઘાન વિગ્રહ ચાલુ જ હતો. એનું ટુંક વર્ણન આગળ આવી ગયું છે. હિન્દુસ્તાન આવ્યા પછી લૉર્ડ રીપનને માલુમ પડયું કે યાકુબખાનના ભાઇ આયુબખાનને અંગ્રેજ લશ્કરે મેવાડ આગળ હરાવ્યું છે. તેથી તેણે લૉર્ડ રોબર્ટ્સને ફરીથી અફઘાનીસ્તાન મોકલ્યો. તેણે બહાદુરીથી

કાબુલથી કંદહાર કૂચ કરી અને અફઘાનીસ્તાનના લશ્કર પર વિજય મેળવ્યો. આથી અફઘાનો નરમ પડ્યા. અંગ્રેજોએ શેરઅલીના ભત્રીજા અબદુલ રહેમાનને અમીર બનાવ્યો; અને ત્યાંથી પાછા ફર્યા. આ પ્રમાણે અફઘાન વિગ્રહનો અંત આવ્યો.

## ઇલ્બર્ટ બીલ, ૧૮૮૩

લૉર્ડ રીપનની વાઇસરૉય તરીકેની કારકિર્દીમાં ૧૮૮૩નું વર્ષ હંમેશાં યાદ રહેશે. હિન્દી મેજીસ્ટ્રેટ અને જજ પ્રત્યે અપમાનભર્યો વહેવાર ચાલુ હતો, તેને લીધે જાતીય અસમાનતા વધી ગઈ હતી; તે દૂર કરવાના ઉમદા હેતુથી કાઉન્સીલના એક સભ્ય મી. ઇલ્બર્ટે એક બીલ રજુ કર્યું. ૧૮૭૩ના ફોજદારી કાયદા મુજબ કોઇપણ હિન્દી મેજીસ્ટ્રેટ અથવા જજને યૂરોપીઅન ગુનેગારનો કેસ ચલાવવાની સત્તા ન હતી. અત્યાર સુધી આવા પ્રસંગો થોડા જ આવ્યા હતા. પણ છેલ્લાં દસ વર્ષની કેળવણીના પ્રચારને લીધે બાહોશ હિન્દીઓ જજ અને મેજીસ્ટ્રેટની ઉંચી પદવીએ પહોંચ્યા હતા. તેમની કોર્ટમાં યૂરોપીઅન ગુનેગારનો કેસ ન ચાલી શકે એવા પ્રતિબંધથી તેમનું સ્વમાન હણાતું હતું. આ કડવી લાગણી દૂર કરવાના હેતુથી ઇ. સ. ૧૮૮૩માં એવું બીલ રજુ કરવામાં આવ્યું કે જેથી દરેક હિન્દીને આ હક આપવામાં આવે. પરંતુ આવું થાય અને પોતાની આપખુદી જતી રહે, એ કોને ગમે? ગમે તે પ્રકારે આ બીલ ઉડાવી દેવા માટે આપણા યૂરોપીઅન ભાઇઓએ ભારે ખળભળાટ મચાવી મૂક્યો. આખરે વાઇસરૉયને નમતું આપવું પડયું; અને એમ નક્કી થયું કે જ્યારે યૂરોપીઅન ગુનેગાર એક હિન્દી જજની સમક્ષ ઉભો રહે ત્યારે જ્યુરીના સભ્યોની અર્ધી સંખ્યા યુરોપીઅન સભ્યોની હોવી જોઇએ. આ રીતે જો કે હિન્દી જજના માનભંગનો પ્રશ્ન કેટલેક અંશે લાભમાં ઉકેલાયો તોપણ જે ઉમદા હેતુથી આ બીલ લૉર્ડ રીપને પોતાની કાઉન્સીલમાં દાખલ થવા દીધું હતું, તે ઉમદા હેતુ પાર પડયો નહિ.

સુધારાઓ—

(૧) દેશી છાપાંઓપર મૂકાએલા અંકુશ દૂર

લૉર્ડ લિટનના સમયમાં દેશી છાપાંઓ પર અંકુશ મૂકવામાં આવ્યો હતો તેથી પ્રજામાં ઘણો જ અસંતોષ ફેલાયો હતો. લૉર્ડ રીપને તે કાયદો રદ કરી સદરહુ અંકુશ કાઢી નાખ્યો.

(૨) સ્થાનિક સ્વરાજ્યનો કાયદો

જે સુધારાઓ રીપને દાખલ કર્યા તે પૈકી સૌથી અગત્યનો સુધારો સ્થાનિક સ્વરાજ્યને લગતો હતો. શહેરના લોકો પોતાના શહેરને લગતો કારભાર પોતે કરી શકે તે માટે ઈ. સ. ૧૮૮૨માં આ કાયદો ઘડવામાં આવ્યો. તદનુસાર મ્યુનિસિપાલિટીમાં શહેર તરફથી ચૂંટાયલા પ્રતિનિધિઓને બેસવાનો હક મળ્યો. આગળ જતાં ચૂંટાયલા સભ્યોની સંખ્યા વધતી ગઇ એટલું જ નહિ, પણ પ્રમુખને ચૂંટવાની સત્તા પણ મ્યુનિસિપાલિટીને જ મળી. મ્યુનિસિપાલિટી જેવી સ્થાનિક સંસ્થાઓ દ્વારા લોકોને વહીવટ કરવાની તાલીમ મળે અને પછીથી ધીમે ધીમે છલાકાનો અને આખા દેશનો રાજવહીવટ ચલાવવાની શક્તિ પણ પ્રાપ્ત કરી શકાય. આ પ્રમાણે આ કાયદાથી હિન્દુસ્તાનને ઘણો લાભ થયો.

(૩) સૂતરાઉ કાપડ પરની આયાતનો કર રદ

નાણાંખાતાના પ્રધાને દાખલ કરેલા સુધારાને લીધે દેશના વ્યાપારની સ્થિતિ સુધરી, અને સરકારી અંદાજપત્રોમાં ખોટને બદલે વધારો માલમ પડયો. લૉર્ડ રીપન જેવા ઉમદા વિચારવાળો વાઇસરૉય આ સ્થિતિનો લાભ લેવા ચૂકે તેમ નહોતું. તેણે તરત જ સુતરાઉ કાપડપરની આયાતનો કર રદ કર્યો અને પ્રજાના હિતની લાગણીનો એક વધુ પૂરાવો આપ્યો.

(૪) પરચુરણ

આ ઉપરાંત લોકહિતનાં બીજાં ઘણાં કાર્યો એણે કર્યાં. દેશના હુન્નરને ઉત્તેજન આપવાના હેતુથી કલકત્તામાં એક મોટું ઔદ્યોગિક

પ્રદર્શન ભર્યું. બંગાળામાં જમીનદારોનો જુલમ વધતો જતો હતો; અને તેઓ ખેડૂતોને ઘણો જ ત્રાસ આપતા હતા. તેમાંથી મુક્ત કરવા માટે ખેડૂતોને રાહત મળે એવો કાયદો પસાર કરવામાં આવ્યો. હિન્દુસ્તાનનાં કારખાનાઓમાં નાની ઉમરના મજુરોની સ્થિતિ ઘણી જ ખરાબ હતી. તેઓ પાસે ઘણું કામ લેવામાં આવતું. તે સ્થિતિ સુધારવા માટે ૧૮૮૧ માં એક કાયદો ઘડવામાં આવ્યો. તેની રૂએ સાતથી બાર વર્ષની ઉમરના મજુરો પાસે બાર કલાક કરતાં વધુ કામ ન લેવાનું નક્કી કરવામાં આવ્યું.

## મ્હૈસુર

જે ઉમદા નીતિ બ્રિટિશ મુલકના રાજવહીવટમાં લૉર્ડ રીપને ગ્રહણ કરી હતી તેવી જ મોટા મનની પદ્ધતિ દેશી રાજ્યો પ્રત્યે પણ રાખવામાં આવી. ઈ. સ. ૧૮૩૧માં મ્હૈસૂરના રાજા કૃષ્ણરાવ ઓડીયરને ગેરવ્યવસ્થા, જુલમ, વગેરે કારણસર પદભ્રષ્ટ કરવામાં આવ્યો, ત્યારથી ત્યાંનો વહીવટ બ્રિટિશ કમિશનદ્વારા ચલાવવામાં આવતો. ૧૮૬૭ માં સદરહુ પદભ્રષ્ટ થએલો રાજા મરણ પામ્યો. બ્રિટિશ સરકારે રાજાના દત્તક પુત્રને રાજવહીવટ સોંપવાનો વિચાર કર્યો, પણ તે વખતે તે સગીર હતો એટલે તે વિચાર અમલમાં મૂકાયો નહિ. ઈ. સ. ૧૮૮૧ માં રાજા પુખ્ત ઉમરે પહોંચ્યો કે તરત જ લૉર્ડ રીપને તેને મ્હૈસૂરની ગાદી પાછી સોંપી.

## લૉર્ડ રીપન વાઈસરૉય તરીકે

ઉપર વર્ણવેલા કાર્યોની સમાલોચનાથી વાંચકને ખાત્રી થઈ હશે કે અત્યાર સુધીના વાઈસરૉય પૈકી લૉર્ડ રીપન જેટલી ઉદારતા ભાગ્યે જ કોઇપણ વાઇસરૉયે બતાવી હશે. રાજવહીવટ માટે જે કાંઇ ધારાઓ ઘડયા, તે સર્વમાં પ્રજાહિત એ જ એનું દૃષ્ટિબિંદુ હતું. સ્થાનિક સ્વરાજ્યનો કાયદો પસાર કરી એણે પ્રજાને પ્રગતિને માર્ગે મૂકી. ઇલ્બર્ટ બીલદ્વારા હિન્દી જજ અને મેજીસ્ટ્રેટને થતું અપમાન દૂર કરવાનો પ્રયાસ કર્યો. દેશી છાપાંપરનો કાયદો રદ કરી એણે છાપાંઓની સ્વતંત્રતા પર થએલો હુમલો

અટકાવ્યો. વળી, કેળવણી માટે હંટર કમિશન, મજુરોની સ્થિતિ સુધારવા માટેનો ૧૮૮૧નો કાયદો, ઔદ્યોગિક પ્રદર્શન, વગેરે બતાવી આપે છે કે લૉર્ડ રીપનનું કાર્ય સર્વદેશીય હતું. જે ચાળીસ વર્ષમાં ન થઇ શકે તે લૉર્ડ રીપને ચાર વર્ષના ટુંકા સમયમાં કરી અમર કીર્તિ મેળવી. આવો વાઇસરૉય લોકપ્રિય નિવડે, પ્રજાનો પ્રેમ સંપાદન કરે, અને સર્વ વાઇસરૉયમાં અદ્વિતીય બની માન મેળવે તેમાં શું નવાઈ?

## ૮. લૉર્ડ ડફરીન, ૧૮૮૪–૧૮૮૮

### અફ્ઘાન પ્રશ્ન

જ્યારથી અફ્ઘાન વિગ્રહ શરૂ થયો ત્યારથી દરેક વાઇસરૉયને બ્રિટિશ–અફ્ઘાન સંબંધ જાળવી રાખવા તરફ ઘણું જ લક્ષ આપવું પડતું. લૉર્ડ ડફરીનને પણ એમ જ કરવું પડયું. પોતાની સત્તા વધારવાની સ્વાભાવિક લાલસા રશિયા રોકી શકયું નહિ. અફ્ઘાનીસ્તાનની સરહદથી ૧૫૦ માઇલ દૂર આવેલું મર્વ નામનું શહેર રશિયાના હાથમાં ગયું. આ સમાચારે દરેક જગ્યાએ ખળભળાટ કરી મૂકયો. ઈંગ્લંડમાં પણ ગભરાટ ઉત્પન્ન થયો, અને લૉર્ડ ડફરીન પર તારો છૂટવા માંડયા. સારે નસીબે આ સમયે અફ્ઘાનીસ્તાનનો અમીર અબ્દુર રહેમાન વાઇસરૉયના દરબારમાં હાજરી આપવા આવ્યો હતો અને તેનો મુકામ રાવલપીંડીમાં હતો. અમીર ઘણો જ બાહોશ, કુનેહબાજ અને વ્યવહારકુશળ પુરુષ હતો. તેણે જોયું કે ઘંટીના બે પડ (રશિયા અને ઈંગ્લંડ) વચ્ચે અફ્ઘાનીસ્તાન ચગદાઇ જતું હતું. તેથી તેણે જેમ બને તેમ શાંતિથી અને કુનેહથી આ પ્રશ્નનો નીવેડો લાવવા નિશ્ચય કર્યો. તેણે જાહેર કર્યું કે મર્વનો કબજો રાખવા હું બહુ ઉત્સુક નથી; તેના બદલામાં જો મને પશ્ચિમની સરહદ પાસેનો ઝુલ્ફીકાર નામનો પ્રદેશ મળે તો મને સંતોષ થશે. આ જાહેરાતથી લડાઇનો અગ્નિ શાંત થયો, અને ભવિષ્યમાં ફરીથી તકરાર ન થાય તે માટે લૉર્ડ ડફરીને અંગ્રેજ અને રશિયન અમલદારોનું એક મંડળ સ્થાપ્યું. આ મંડળે અફ્ઘાનીસ્તાનની સરહદ નક્કી કરી.

## ત્રીજો બ્રહ્મી વિગ્રહ

બ્રહ્મદેશના રાજા થીબોએ બ્રિટિશ વેપારીઓપર જુલમ કરવા માંડયો, અને જર્મની, ઇટાલી, ફ્રાન્સ, વગેરે દેશની બીજી યુરોપીય પ્રજા સાથે વેપાર માટે પત્રવ્યવહાર શરૂ કર્યો. ફ્રાન્સ તરફ તેનો ખાસ પક્ષપાત હતો તે બ્રિટિશ સરકારને કેમ રૂચે? વળી, પહેલા અને બીજા બ્રહ્મી વિગ્રહને પરિણામે આરાકાન, ટેનાસરીમ, અને પેગુ અંગ્રેજના કાબુમાં આવ્યા એટલે હિન્દના પૂર્વ ભાગ તરફના બર્માનો ભાગ તો બ્રિટિશ કબજામાં આવ્યો જ હતો. તો બાકીના બ્રહ્મદેશને શા માટે સર કરી ન લેવું? આ હેતુથી લૉર્ડ ડફરીને લડાઈ જાહેર કરી અને બર્મા તરફ અંગ્રેજ લશ્કરે કૂચ કરી. થોડા સમયમાં લશ્કર માંડલેમાં દાખલ થયું, અને તે સર કરી તેનો કબજો લીધો. થીબોને કેદ કરવામાં આવ્યો. આ પ્રમાણે ત્રીજા બ્રહ્મી વિગ્રહનો અંત આવ્યો. પરિણામે ઉપલા બ્રહ્મદેશને બ્રિટિશ રાજ્ય સાથે જોડી દેવામાં આવ્યો.

## હિન્દી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના

હિન્દના દૃષ્ટિબિંદુએ મહાસભા નામના મંડળની સ્થાપના એ ઘણો જ મહત્વનો બનાવ હતો. ઉચ્ચ કેળવણીનો પ્રચાર, પોતાની અધોગતિનું ભાન, વગેરે અનેક કારણોને લીધે હિન્દવાસીઓમાં નવું ચેતન આવ્યું અને રાષ્ટ્રીય ભાવના ઉત્પન્ન થઈ. એને પરિણામે હિન્દી રાષ્ટ્રીય મહાસભા નામનું પ્રજાકીય મંડળ અસ્તિત્વમાં આવ્યું. પ્રજાની માગણી વ્યવસ્થિતરીતે સરકાર સમક્ષ રજુ કરવી એ આ મંડળનો મુખ્ય ઉદ્દેશ હતો. આ સંસ્થાની પહેલી બેઠક ઇ. સ. ૧૮૮૫માં સર રોમેશચંદ્ર બેનરજીના પ્રમુખપણા હેઠળ મુંબઈમાં મળી. તે વખતે પ્રતિનિધિઓની સંખ્યા માત્ર ૭૨ ની હતી. આ સંસ્થાને અસ્તિત્વમાં લાવવા માટે મી. એ. ઓ. હ્યુમ, સર વેડરબર્ન, સર સુરેંદ્રનાથ, દાદાભાઈ નવરોજજી વગેરે ભાઇઓએ ઘણો શ્રમ ઉઠાવ્યો હતો.

### સુધારાઓ

લૉર્ડ ડફરીનના સમયમાં પ્રજાહિતને લગતા કેટલાક અગત્યના સુધારા કરવામાં આવ્યા. કારખાનાને લગતો કાયદો પસાર કરવામાં આવ્યો. આ કાયદાની રૂએ સ્ત્રીઓ માટે દિવસના અગીઆર કલાકની મજુરી નક્કી કરવામાં આવી. વળી, નવ વર્ષથી નાની ઉમરનાં છોકરાંઓને કારખાનામાં મજુર તરીકે દાખલ ન કરવાનું નક્કી થયું. આ ઉપરાંત અઠવાડીઆમાં એક દિવસ રજા પાળવી એમ ઠર્યું.

## ૯. લૉર્ડ લેન્સડાઉન, ૧૮૮૮-૧૮૯૪

### ૧૮૯૨ નો કાઉન્સીલ એક્ટ

યુનિવર્સિટીની કેળવણીએ અને રાષ્ટ્રીય મહાસભાએ હિન્દુસ્તાનમાં નવું વાતાવરણ ઉત્પન્ન કર્યું. પ્રજામત વધુ અને વધુ કેળવાયો, અને પ્રજાએ પોતાના હકો માટેની લડત જોસભેર ચલાવી. આ ચળવળે સરકારપર ધારેલી અસર ઉત્પન્ન કરી. હિન્દી પ્રજાને રાજકારભારમાં વધુ હક આપવાના ઇરાદાથી ઇ. સ. ૧૮૯૨માં એક કાયદો પસાર થયો. આ કાયદાની રૂએ વડી ધારાસભાના સભ્યોની સંખ્યા વધારવામાં આવી. સભ્યોને વાર્ષિક અંદાજપત્ર પર વિવેચન કરવાનો, અને અમુક હદમાં કાયદા મુજબ સવાલો પૂછવાનો હક આપવામાં આવ્યો. પ્રાંતિક ધારાસભામાં પણ અગત્યનો સુધારો દાખલ કરવામાં આવ્યો. એથી યુનિવર્સિટી, ડિસ્ટ્રિક્ટ બોર્ડ, મ્યુનિસિપલ બોર્ડ વગેરે જાહેર સંસ્થાઓને પ્રાંતિક ધારાસભામાં પોતાના પ્રતિનિધિઓ મોકલવાનો હક મળ્યો. આ પ્રમાણે મંડળોદ્વારા પ્રતિનિધિતત્ત્વ દાખલ થયું.

### અફઘાન પ્રશ્ન

અફઘાનીસ્તાનની સરહદનો પ્રશ્ન વળી પાછો ઉભો થયો, અને વિવિધ પ્રકારની ખટપટ પછી બ્રિટિશ સત્તાના વિસ્તારની હદ ચિત્રલ સુધી લઈ જવામાં આવી.

**ચલણ**

આ વાઈસરૉયના સમયમાં દુનિયાના જુદા જુદા ભાગોમાં અનેક કારણોને લીધે રૂપાની કિંમત એકદમ ઘટી ગઇ; એને લીધે હિન્દુસ્તાન જેવા રૂપાના ચલણવાળા દેશમાં ગંભીર સ્થિતિ ઉત્પન્ન થઈ. રૂપીઆની કિંમત ઘટતી ઘટતી ઈ. સ. ૧૮૯૨ માં ૧ શિલિંગ અને ૧ પેન્સ સુધી પહોંચી; અને હિન્દુસ્તાનના વ્યાપારનું સત્યાનાશ વળ્યું.

હિન્દુસ્તાનને મુખ્યત્વે કરી ગ્રેટબ્રિટન સાથે વ્યાપાર કરવાનો રહે છે, અને ગ્રેટબ્રિટનમાં સોનાનું ચલણ છે. જેથી રૂપાની કિંમત ઘટવાથી અમુક રકમ માટે પહેલાં જેટલાં રૂપીઆ મોકલવા પડે, તેના કરતાં હવે વધુ રૂપીઆ મોકલવાની જરૂર પડે. આ દેવું કંઈ રોકડ રકમથી અપાતું નથી. પણ તેટલી કિંમતનો માલ નિકાસ કરવો પડે છે. એટલે હિન્દુસ્તાનમાંથી વધારે માલનો નિકાસ થયો. આના પરિણામે અંદાજપત્રમાં ભારે ખોટ આવી. એ ખોટ પૂરી પાડવા માટે પ્રજા પર વધુ કરો નાખવામાં આવ્યા. 'આવક વેરો' ફરીથી દાખલ થયો અને મીઠાના કરમાં પણ વધારો કરવામાં આવ્યો.

## ૧૦. લૉર્ડ એલ્જીન (બીજો), ૧૮૯૪-૧૮૯૯

### કર, દુકાળ, પ્લેગ, વગેરે

રૂપીઆની કિંમત ઘટી જવાથી સરકારને ભારે ખોટ ગઈ, તેથી નવા કરો નાખવા પડ્યા, એ આપણે વાંચ્યું. પ્રજાને કમનસીબે ઈ. સ. ૧૮૯૬માં હિન્દુસ્તાનમાં મોટો દુકાળ પડયો. મુંબઈ, મદ્રાસ, સંયુક્ત પ્રાંતો, બિહાર, રજપૂતાના, વગેરે પ્રાંતો આ દુકાળના પંજામાં સપડાઈ ગયા. લગભગ સાડાસાત લાખ માણસો મરણ પામ્યાં અને પીડાયેલાં અને મદદ લેનારાઓની સંખ્યા ૧૮૯૭માં ચાળીસ લાખ સુધી પહોંચી. જાણે એટલેથી જ બસ ન હોય તેમ હિન્દુસ્તાનની ભાગ્યહીન પ્રજાપર બીજો દૈવી કોપ ઉતર્યો. ૧૮૯૬ના ઑગષ્ટ મહિનામાં ગાંઠિયા તાવ નામની મરકી મુંબઇમાં દાખલ થઇ. તે 'બ્યુબોનિક પ્લેગ'

ના નામથી ઓળખાય છે. આ મરકી પ્રથમ ગ્રીસમાં ઈ. સ. પૂર્વે ૪૩૧માં દાખલ થઈ હતી અને જુદા જુદા પ્રદેશોની મુલાકાત લઈ છેવટે હોંગકોંગ મારફતે હિન્દુસ્તાનમાં દાખલ થઈ એમ મનાય છે. મરકી પ્રથમ ઉંદરોનો ભોગ લે છે, અને પછી માણસોમાં ફેલાય છે. ૧૮૯૭ના ફેબ્રુઆરી સુધીમાં લગભગ ચાર લાખ માણસો મુંબઈ છોડી ચાલ્યા ગયા. પ્લેગમાંથી બચવા માટે દાક્તરોએ રસી શોધી કાઢી છે, જે મૂકાવવાથી થોડા સમય માટે સંરક્ષણ થઇ શકે છે. આ ઉપદ્રવ હિન્દુસ્તાનનાં જુદા જુદા ભાગોમાં ફરી વળ્યો છે. તે એટલો ભયંકર અને પ્રબળ માલમ પડયો છે કે તેનો નાશ કરવા માટે સરકાર તરફથી આદરવામાં આવેલા સર્વે પ્રયત્નો નિષ્ફળ નિવડ્યા છે.

## ૧૧. લૉર્ડ કર્ઝન, ૧૮૯૯–૧૯૦૫

ઈ. સ. ૧૮૯૯માં હિન્દુસ્તાનના વાઈસરૉય તરીકે જ્યોર્જ નેથેનીઅલ કર્ઝન નિમાયો. એની ઉમર ૪૦ વર્ષની હતી. તેણે અત્યાર પહેલાં પરદેશી ખાતાના પ્રધાન અને હિન્દુસ્તાનના નાયબ પ્રધાનની ઉંચી પદવીઓ ભોગવી હતી. વળી હિન્દુસ્તાનની ચાર વખત મુલાકાત લીધી હતી. અફ્ઘાનીસ્તાન, ચિન, કોરીઆ, જાપાન, વગેરે દેશોમાં ફરી તેને લગતા પ્રશ્નોનું જ્ઞાન સંપાદન કર્યું હતું. આ ઉપરાંત એશિયાને લગતા વિષયોના અભ્યાસ કરી તે વિષે ત્રણ પુસ્તકો લખ્યાં હતાં.

### વાયવ્યકોણની સરહદ પરનો પ્રદેશ

વાયવ્યકોણની સરહદ પરની તોફાની ટોળીઓને વશ કરવા બ્રિટિશ લશ્કર રોકવામાં આવતું તે ત્યાંથી ખસેડી લેવામાં આવ્યું, અને તેને બદલે તેઓમાંથી જ લશ્કરી ટુકડી ઉભી કરી બંદોબસ્ત તેમને સોંપવામાં આવ્યો. પાસેના મુલકમાં 'વાયવ્યકોણની સીમાનો પ્રાંત' બનાવી ત્યાં ચીફ કમિશ્નર નિમવામાં આવ્યો. આ પ્રમાણે પંજાબના બે વિભાગ બન્યા–એક લેફ્ટનન્ટ ગવર્નરના હાથ નીચે અને બીજો ચીફ કમિશ્નરના હાથ નીચે. આ ગોઠવણ પછી લગભગ દશ વર્ષ સુધી આ પ્રદેશમાં શાંતિ રહી.

## અફ્ઘાનીસ્તાન

ઉપર મુજબ વાયવ્યકોણની સરહદ પરના પ્રદેશની ગોઠવણને લીધે અફ્ઘાનીસ્તાન સાથેનો સંબંધ પણ ઘણો સારો રહ્યો. ત્યાંની સરહદ પરની ટોળીઓ ઘણી વખત તોફાન કરવા ઉશ્કેરાઈ જતી; પણ અમીર અબ્દુર રહેમાન તેમને યુક્તિ અને ડહાપણથી કાબુમાં રાખતો. આ અમીર ઈ. સ. ૧૯૦૧માં મરણ પામ્યો. ત્યારપછી તેનો છોકરો હબીબુલ્લા અમીર થયો. તેના સમયમાં શાંતિનો ભંગ થવાનો પ્રસંગ આવ્યો, છતાં લૉર્ડ કર્ઝને તે દાબી દીધો અને અફ્ઘાનીસ્તાન સાથેનો મિત્ર તરીકેનો સંબંધ ચાલુ રહ્યો.

## તિબેટ

અફ્ઘાનીસ્તાન મુજબ તિબેટમાં પણ રશિયાની સત્તા વધતી જતી હતી. તે અટકાવવા લૉર્ડ કર્ઝને લશ્કર મોકલ્યું. ત્યાં દલાઈ લામા બૌદ્ધનો ધર્મગુરુ હતો, અને રાજવહીવટ પણ તેના હાથમાં જ હતો. લશ્કરને જવાનો માર્ગ વિકટ હતો. રસ્તો ઝાડ વગરનો ઉજ્જડ હતો અને બરફ પણ પુષ્કળ પડતો. પત્રવ્યવહાર માટે ઘણી અગવડ હતી. આ સઘળી મુશ્કેલીઓ છતાં લશ્કરે બહાદુરીથી કૂચ કરી. લશ્કર લાસા પહોંચ્યું ત્યાર પહેલાં દલાઈ લામા નાસી ગયો; બ્રિટિશ અમલદારે તેના પ્રતિનિધિ સાથે મસલત ચલાવી સુલેહ કરી. આ કરારનામાની મુખ્ય શરતો નીચે મુજબ હતીઃ—(૧) હિન્દ અને તિબેટ વચ્ચે વ્યાપાર ચાલુ રાખવા માટે યાતુંગ, ગ્યાન્ત્સે, અને ગારતુકને વ્યાપારી સ્થળો તરીકે નક્કી કરવામાં આવ્યાં. (૨) બ્રિટિશ સરકાર તરફથી એક એજન્ટ ગ્યાન્ત્સેમાં રાખવાનું ઠર્યું અને જરૂરી વખતે લાસા જઈ પહોંચવાની તેને સત્તા આપવામાં આવી. (૩) બ્રિટિશ સરકારની સંમતિ વગર તિબેટનો કોઈ પણ ભાગ બીજા રાજ્ય સાથે જોડી શકાય નહિ તેમજ તેનાથી છૂટો પાડી શકાય નહિ. (૪) બીજાં રાજ્યોને રેલવે વગેરે બાંધવાની સગવડ આપી શકાય નહિ.

**ઈરાન**

ઈરાનના અખાતપર લાંબા સમય થયાં બ્રિટિશ સરકારે પોતાની સત્તા જમાવી હતી. યુરોપની બીજી પ્રજાઓથી આ સહન ન થઇ શક્યું. ૧૮૯૨ માં ફ્રાન્સ જાગ્યું અને ત્યાંના એક રાજનીતિજ્ઞે જણાવ્યું કે ઈરાનના અખાતમાં સર્વોપરી સત્તા સ્થાપવાનો ઇંગ્લંડને કોઈ પણ જાતનો હક નથી. ઈ. સ. ૧૮૯૮ માં ઓમાનના સુલતાને બ્રિટિશ સરકાર સાથેના ૧૮૯૧ ના ખાનગી કરારનો ભંગ કરી જીસે નામનું બંદર ફ્રાન્સને આપ્યું, અને તેનું રક્ષણ કરવા માટેની સર્વ સત્તા પણ તેને સોંપી. આ કરારભંગની ખબર પડતાં લૉર્ડ કર્ઝને એક કાફલો મોકલ્યો અને સુલતાનના મહેલને બાળી મૂકવાની ધમકી આપી. તરત જ ધારેલી અસર થઇ અને સુલતાને ફ્રાન્સને જે હક આપ્યો હતો તે પાછો લઇ લીધો.

આ ઉપરાંત રશિયા પણ પોતાની સત્તા એશિયામાં વધારવા માટે ઉત્સુક હતું. ઈરાનનો ઉત્તર ભાગ ધીમે ધીમે રશિયાની સત્તામાં આવે એવો સંભવ હતો. ઈરાનનું મુખ્ય શહેર તહેરાન રશિયાની હદથી ફક્ત સો માઇલ જ દૂર હતું. વળી, ઈરાની લશ્કરના ઉપરી અમલદારો મોટે ભાગે રશિયનો હતા.

આ કારણોને લીધે ઈ. સ. ૧૯૦૩ માં [illegible] ખાતાના પ્રધાન લૉર્ડ લેન્સડાઉને જાહેર કર્યું કે જો કોઈ પણ [illegible]રાનના અખાતમાં કાફલો રાખી પોતાની સત્તા જમાવવાનો પ્રયાસ કરશે, તો બ્રિટિશ સરકાર તેની સામે થવા માટે યોગ્ય પગલાં ભરશે. આ જાહેરાત પછી તરત જ લૉર્ડ કર્ઝને અખાતની મુલાકાત લીધી અને તેના સંરક્ષણ માટે તેમજ બીજી પ્રજાઓને પોતાની સત્તા સ્થાપતાં અટકાવવા માટે યોગ્ય બંદોબસ્ત કર્યો.

**બંગાળાના ભાગલા**

લૉર્ડ કર્ઝનની વાઇસરૉય તરીકેની કારકિર્દીમાં સૌથી મહત્ત્વનો બનાવ બંગાળાના ભાગલાનો છે. બંગાળાની વસતી ઘણી જ વધી

ગઈ હતી; મુંબઈ ઇલાકા કરતાં ચાર ગણી હતી. આખા ઇલાકાનો વહીવટ એક જ લેફ્ટનન્ટ ગવર્નર સારી રીતે કરી શકે એમ ન હતું. તેથી લૉર્ડ કર્ઝને બંગાળાના બે ભાગલા પાડ્યા. બંગાળાનો પૂર્વ ભાગ આસામને જોડી દઈ તેને પૂર્વ બંગાળા નામ આપવામાં આવ્યું. તેનું મુખ્ય મથક ઢાકા રાખવામાં આવ્યું. બાકીના ભાગને પશ્ચિમ બંગાળા નામ આપી તેનો વહીવટ કલકત્તામાં રાખવાનું ઠર્યું.

આ યોજના બંગાળાની પ્રજાને રુચી નહિ. એક ભાગમાં વસતીનો મોટો ભાગ મુસલમાન હતો અને ઘણો જ નાનો ભાગ હિન્દુઓનો હતો. તેથી પ્રજાને એમ લાગ્યું કે હિન્દુમુસલમાનને લડાવી અંગ્રેજ સરકાર રાજ્ય કરવા માગે છે. આથી પ્રજાની લાગણી ઉશ્કેરાઈ અને આ ભાગલા રદ કરાવવા માટે ભારે ચળવળ શરૂ થઈ. ઠેર ઠેર જાહેર સભાઓ ભરવામાં આવી અને બ્રિટિશ માલનો બહિષ્કાર અને સ્વદેશીનો પ્રચાર જાહેર કરવામાં આવ્યો. વિદ્યાર્થીઓને સરકારી શાળાઓનો ત્યાગ કરી રાષ્ટ્રીય શાળાઓમાં દાખલ થવાનો બોધ આપવામાં આવ્યો. આ રીતે પ્રજાએ લૉર્ડ કર્ઝનના આ પગલા તરફ પોતાનો સખત અણગમો જાહેર કર્યો. પણ લૉર્ડ કર્ઝનની ઉપર કાંઇ પણ અસર થઇ નહિ. તે આગ્રહી પુરુષ હતો, અને પોતે ધારેલું કામ ગમે તે ભોગે કરવા તત્પર હતો. તે મક્કમ રહ્યો અને દેશમાં જે અસંતોષ ફેલાયો હતો તેની જરાપણ દરકાર ન કરી. તેથી તે ઘણો જ અપ્રિય થયો. પાછળથી સરકારને નમતું આપવું પડયું અને ઇ. સ. ૧૯૧૧માં બંગાળાના ભાગલા રદ કરવામાં આવ્યા.

## યુનિવર્સિટી એક્ટ, ૧૯૦૪

હિન્દુસ્તાનની યુનિવર્સિટીમાં જે શિક્ષણ આપવામાં આવતું હતું, તેમાં ઘણી ખામીઓ હતી એમ સર્વનો મત હતો. તે દોષ દૂર કરવા શું પગલાં ભરવાં જોઇએ તે સૂચવવા માટે એક કમિશન નિમવામાં આવ્યું. આ કમિશને જે સૂચનાઓ કરી તે પૈકી યુનિવર્સિટીનું બંધારણ બદલવાની સૂચના પણ હતી. કેળવણીમાં જેને રસ ન હોય તેવા માણસો

યુનિવર્સિટીમાં દાખલ થઈ ગયા હતા. તેમને દૂર કરી કેળવાએલા માણસો દાખલ કરવા જોઇએ, અને સરકાર તરફથી નિમાએલા સભ્યોની બહુમતી જોઇએ, એ મુજબ કમિશને અભિપ્રાય આપ્યો.

તદનુસાર ઈ. સ. ૧૯૦૪ માં યુનિવર્સિટી એક્ટ પસાર કરવામાં આવ્યો. તે મુજબ સેનેટના સભ્યોની સંખ્યા ૧૦૦ની નક્કી કરવામાં આવી. તેમાં એંસી સભ્ય સરકાર નિમે અને બાકીના વીસ, ગ્રેજ્યુએટો તરફથી ચૂંટાય. દર પાંચ વર્ષે નવા સભ્યો નિમવાનું નક્કી થયું.

કેળવણી આપવામાં અત્યાર સુધી જે સ્વતંત્રતા હતી તે આ કાયદાથી છીનવી લેવામાં આવી અને સરકારનો કાબુ ઘણો જ વધી ગયો, તેથી એ કાયદો અપ્રિય થઇ પડયો.



સર ફીરોજશાહ

મરહુમ સર ફીરોજશાહ મહેતા તથા મી. ગોખલેએ આ કાયદાને વખોડી કાઢી તે રદ કરાવવા માટે કાઉન્સીલમાં પોતાનો બનતો પ્રયાસ કર્યો, પણ લૉર્ડ કર્ઝને જરા પણ મચક ન આપી અને આખરે પ્રજાપક્ષના વિરોધ છતાં કાયદો પસાર કરવામાં આવ્યો.

## સુધારાઓ

લૉર્ડ કર્ઝનને જુના ઐતિહાસિક મકાનો માટે ઘણોજ શોખ હતો, અને જુની વસ્તુઓના સંરક્ષણ માટે તે બહુજ કાળજી રાખતો. અમદાવાદ, કલકત્તા, દિલ્હી, પૂના, બીજાપુર, વગેરે સ્થળોએ પ્રાચીન

ઐતિહાસિક મકાનો છે, તે સર્વને સુધારી સારી સ્થિતિમાં રાખવા માટે **પ્રાચીન વસ્તુ સંશોધક તથા પ્રાચીન વસ્તુ સંરક્ષક** નામનું નવું જ ખાતું ખોલવામાં આવ્યું. લોર્ડ કર્ઝનના આ કાર્ય માટે હિન્દુસ્તાન એનો જેટલો ઉપકાર માને તેટલો ઓછો છે.

આ ઉપરાંત ખેડૂતોની સ્થિતિ સુધારવા માટે લૉર્ડ કર્ઝને ઘણા સારા સુધારાઓ દાખલ કર્યા. સહકારી મંડળીઓની સ્થાપના એ સૌથી અગત્યનો અને ખેડૂતોને ઘણો જ લાભકારક સુધારો છે. આ મંડળીઓ મારફતે ખેડૂતોને થોડે વ્યાજે નાણાં મળવાં લાગ્યાં અને તેથી તેઓની પૈસા સંબંધી હાડમારી ઘણે અંશે દુર થઈ.

### રાજીનામું

હિન્દના સેનાધિપતિ લૅર્ડ કિચનર સાથે લૉર્ડ કર્ઝનને મતભેદ પડયો, અને બ્રિટિશ પ્રધાનમંડળે લૅાર્ડ કિચનરને ટેકો આપ્યો. તેથી લૉર્ડ કર્ઝનનું અપમાન થયું એટલે એ રાજીનામું આપી ઇ. સ. ૧૯૦૫માં ઇંગ્લંડ ગયો.

### લૉર્ડ કર્ઝન વાઇસરૉય તરીકે

બુદ્ધિ અને ઉદ્યમ એ બન્ને ભાગ્યે જ સાથે જોવામાં આવે છે; પરંતુ લોર્ડ કર્ઝન બુદ્ધિશાળી અને બાહોશ નર હતો, એટલું જ નહિ પણ તે ઘણો જ ઉદ્યમી હતો; અથાગ શ્રમ લેવાની તેનામાં શક્તિ હતી. પોતે બુદ્ધિશાળી હોવાથી બીજાઓની સૂચના તરફ એ તિરસ્કારની નજરથી જોતો, અને એવી સૂચનાઓ એને ગમતી નહિ. પોતે ઘણું કામ કરી શકતો હોવાથી દરેક ખાતાના માણસો પાસે ઘણા કામની આશા રાખતો અને તેઓની પાસે કામ કરાવતો. બંગાળાના ભાગલાએ બતાવી આપ્યું કે લૉર્ડ કર્ઝન દૃઢ નિશ્ચયવાળો પુરુષ હતો. પ્રજાપ્રીતિ ખોવાને ભોગે પણ એ પોતાનું ધાર્યું જ કરતો. પ્રજામતની અવગણના કરી તેથી એ ઘણોજ અપ્રિય થઇ પડયો; છતાં તેની તેણે દરકાર ન કરી. એનાં અનેક આપખુદીભર્યાં કાર્યોને લીધે એ પ્રજાપ્રીતિ સંપાદન કરવા ભાગ્યશાળી ન નિવડયો.

# ભાગ–૭ મો

## નવો યુગ

### ૧. લૉર્ડ મિંટો, ૧૯૦૫–૧૯૧૦

જે સમયે લૉર્ડ કર્ઝન હિન્દુસ્તાન છોડી સ્વદેશ ગયો તેજ સમયે સ્વતંત્રતાના હિમાયતી "લીબરલ્સ" ઘણી મોટી સંખ્યામાં પાર્લામેન્ટના સભ્યો ચૂંટાયા અને એજ પક્ષના સભ્યોનું એક સત્તાવાન પ્રધાનમંડળ થયું. આ બનાવથી હિન્દુસ્તાનના ઇતિહાસમાં નવો યુગ શરૂ થયો, અને હિન્દુસ્તાનના રાજવહીવટપર એની ઘણી અસર થઈ. "લીબરલ" પક્ષના એક આગળ પડતા સભ્ય લૉર્ડ મોર્લે હિન્દી પ્રધાન નિમાયા. "લીબરલ" પક્ષના રાજકીય સિદ્ધાંતો હિન્દુસ્તાનના રાજ-વહીવટને લગાડી એણે હિન્દુસ્તાનમાં રાજકીય સુધારા દાખલ કરવાનો નિશ્ચય કર્યો. એમને સારે નસીબે ઈ. સ. ૧૯૦૫ના નવેંબર માસમાં કેનેડાના ગવર્નરજનરલ લૉર્ડ મિંટો હિન્દુસ્તાનના વાઇસરૉય નિમાયા. હિન્દી પ્રધાન અને હિન્દના વાઈસરૉયના રાજકીય વિચારો ઘણી બાબતોમાં મળતા આવતા હતા. હિન્દુસ્તાનના રાજકારભાર વિષે તેમણે સ્વતંત્રપણે વિચાર કર્યો અને "મોર્લે–મિંટો સુધારા" ઘડી કાઢ્યા.

#### રાજકીય પરિસ્થિતિ

આ સમયે હિન્દુસ્તાનની રાજકીય પરિસ્થિતિ ઘણી ચિંતા કરાવનારી હતી. કર્ઝનના વખતમાં બંગભંગની સામે બંગાળા અને બીજાપ્રાંતોમાં કોલાહલ મચી રહ્યો. હિંસાત્મક રાજદ્રોહની ચળવળ શરૂ થઇ. ડાકુઓ અને બંડખોરો જુલ્મી કૃત્યો કરવા લાગ્યા. કેટલેક ઠેકાણે સરકારી અમલદારોના ખૂન થયાં. જાહેર સભાઓમાં રાજદ્રોહવાળા ભાષણો ઠામઠામ થવા લાગ્યા. મહાસભાએ બંગભંગની સામે સખત વિરોધ દર્શાવનારો ઠરાવ પસાર કર્યો,

હિન્દના રાજકીય કારભારમાં હિન્દીઓનો હિસ્સો હોવો જોઇએ અને વધુ સત્તા હિન્દીઓને મળવી જોઇએ, એ માંગણીઓ ઉપરાંત મહાસભાએ સ્વદેશી માલ વાપરવાની અને બ્રિટિશ માલનો બહિષ્કાર કરવાની ચળવળ શરૂ કરી.



દાદાભાઈ નવરોજજી

આ સમયથી મહાસભામાં બે પક્ષ પડયા. એક તરફ વિનીતો (મૉડરેટસ) હતા. એ પક્ષની માન્યતા એવી હતી કે હિન્દની પ્રજાને ધીમે ધીમે રાજકારભારમાં હિસ્સો મળે અને હિન્દ અને બ્રિટન વચ્ચે સંપૂર્ણ સહકાર રહે એ જ હિન્દને માટે લાભદાયક છે. બીજો પક્ષ ઉદ્દામ મતનો (એકસ્ટ્રીમીસ્ટસ) હતો. તેઓ સ્વરાજવાદી હતા. સ્વરાજ મેળવવામાં બળની જરૂર પડે તો તેનો પણ ઉપયોગ કરવો એવો તેમનો મત હતો. બંગાળા અને મુંબઇમાં ઉદ્દામ પક્ષ બળવાન હતો. એ પક્ષના વડા નેતા લોકમાન્ય બાળગંગાધર ટીળક હતા. ૧૯૦૬માં દાદાભાઈની+ કુનેહને લીધે મહાસભાનું નાવ સહીસલામત હંકારી ગયું;

+ સને ૧૮૨૫માં એક ગરીબ પારસી કુટુંબને ત્યાં દાદાભાઇનો જન્મ થયો. જન્મ પછી ટુંક સમયમાં પિતાનું અવસાન થયું. માતા તથા પિતા બન્નેની ફરજો એકલી માતાને શિર પડી. કાર્યકુશળ અને વ્યવહારૂ માતાએ આપત્તિમાં ધૈર્ય રાખી અનેક સંકટો વેઠી બાળકને ઉચ્ચ કેળવણી આપી. દાદાભાઇ મુંબઇ યુનિવર્સિટીના એમ. એ. થયા, અને એલફીન્સ્ટન કૉલેજમાં પ્રોફેસર નિમાયા. થોડા સમય પછી વ્યાપાર અર્થે વિલાયત ગયા. તે વખતે અંગ્રેજ લોકોમાં હિન્દુસ્તાન વિષે ઘોર અજ્ઞાન હતું. હિન્દ તેમજ બીજા દેશોમાં હિન્દી માટે ઘણો હલકો અભિપ્રાય બંધાયો હતો. માતૃભક્ત દાદાભાઇમાં સ્વદેશ-

પરંતુ ઇ. સ. ૧૯૦૭માં સુરતમાં મોટું ભંગાણ પડયું. ઉદ્દામ પક્ષના કેટલાકોએ ભાંડફોડ ચળવળ ચાલુ જ રાખી. સરકારી અમલદારો પર ખૂની હુમલાઓ થવા લાગ્યા. એ ભયંકર રાજદ્રોહની ચળવળ દાબી દેવાને ઇંગ્લંડના પ્રધાન મંડળે હિન્દી સરકારને સખત પગલાં લેવાની પરવાનગી આપી. એ પક્ષના નેતા લોકમાન્ય ટીળકને ઇ. સ. ૧૯૦૮ માં રાજદ્રોહના આરોપ માટે ૭ વર્ષની સજા કરવામાં આવી. લાલા લજપતરાય અને સરદાર અજિતસિંહને દેશપાર કરવામાં આવ્યા. બંગાળામાં પણ આબરૂદાર ગૃહસ્થોની ધરપકડ કરવામાં આવી.

## મોર્લે-મિંટો સુધારા

આ સુધારાની રૂએ ધારાસભાના સભ્યોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો. નિમણૂકના સિદ્ધાંતની સાથે સાથે ચૂંટણીનો સિદ્ધાંત પણ દાખલ કરવામાં આવ્યો. વડીધારાસભાના સભ્યોની સંખ્યા ૨૧ થી વધારીને ૬૦ કરવામાં આવી, જો કે તેમાં સરકારી અમલદારોની સંખ્યા બીન-સરકારી સભ્યોના કરતાં વધારે રાખવામાં આવી. પ્રાંતિક ધારાસભાના સભ્યોની સંખ્યા લગભગ બેવડી કરવામાં આવી અને ત્યાં સરકારી અમલદાર સભ્યોના કરતાં બીન-સરકારી સભ્યો વધારે સંખ્યામાં રાખવામાં આવ્યા. તે જ વખતે વાઇસરૉયની કારોબારી સભામાં લૉર્ડ સિંહની

---

પ્રેમ ઉભરાયો. વ્યાપાર છોડી દેશની સેવા માટે એમણે કમર કસી. અનેક ભાષણો આપી, લેખો લખી, વાદવિવાદ કરી એમણે હિન્દ માટેનું અજ્ઞાન દૂર કર્યું.

એમના મક્કમતા, સત્યપ્રીતિ, વિદ્વત્તા, સરળતા વગેરે ગુણોને લીધે પ્રમાણિક અંગ્રેજો એમની તરફ આકર્ષાયા. પરિણામે દાદાભાઇ પાર્લામેન્ટના સભ્ય થયા. આ અનુપમ માન મેળવનાર દાદાભાઈ પહેલા જ હિન્દી હતા. ૧૯૦૬ની કલકત્તાની મહાસભાના પ્રમુખ સ્થાનેથી એમણે 'સ્વરાજ્ય'ની હાકલ કરી. ત્યારબાદ હિન્દની સ્થિતિ વિષે અંગ્રેજીમાં એક પુસ્તક લખ્યું. આ પુસ્તકમાં, અંગ્રેજો હિન્દમાં આવ્યા ત્યારથી હિન્દની આર્થિક સ્થિતિ બગડતી ગઇ છે, હિન્દ દિવસે દિવસે વધારે ગરીબ થતું જાય છે, એમ દાખલા દલીલ સાથે એમણે સાબીત કર્યું. ઇ. સ. ૧૯૧૭માં ૯૨ વર્ષની વયે તેઓએ દેહ છોડયો. તેઓ હિન્દના ઇતિહાસમાં 'હિન્દના દાદા' તરીકે ઓળખાય છે.

નિમણૂક કરવામાં આવી, હિન્દી પ્રધાનની સભામાં બે હિન્દી ગૃહસ્થોને નિમવામાં આવ્યા, અને પ્રાંતિક કારોબારી સભામાં એક હિન્દીની નિમણૂક થઈ.

આમ છતાં સુધારામાં કેટલીક ગંભીર ખામીઓ હતી. વડીધારાસભા તથા પ્રાંતિકધારાસભાની સત્તા માત્ર દેખાવની જ હતી. તેઓને રાજકારભાર અને અંદાજપત્ર પર ટીકા અને ચર્ચા કરવાની સત્તા આપવામાં આવી એ ખરૂં પણ તેઓને નાણાં અટકાવવાની સત્તા ન્હોતી. વળી રાજના આંતરીક કારભારમાં હિન્દીઓને બહુ થોડો હિસ્સો આપવામાં આવ્યો. પરિણામે સુધારાને માટે જે મોટી આશાઓ રાખવામાં આવી હતી તે નિષ્ફળ ગઈ. ઘણા હિન્દીઓને તેમ જ વિનીત પક્ષના મી. ગોખલે* જેવા અગ્ર નેતાઓને પણ આ સુધારા અધુરા લાગ્યા.



ગોખલે

*ગોપાળ કૃષ્ણ ગોખલેનો જન્મ ૧૮૬૬માં થયો. દાદાભાઈ માફક ગોખલેએ પણ નાનપણમાં પિતાનો છાંયો ખોયો. કુટુંબનો ભાર એના મોટાભાઈ ગોવિંદને શીર પડયો. કારકુન તરીકેની માસિક રૂા. ૧૫ થી ૨૦ ની આવકમાંથી ગોવિંદ પોતાના ભાઈને દર માસે. રૂા. ૮ મોકલતો, જેમાંથી કૉલેજની ફી, ખાવાનો ખર્ચ વગેરે સઘળું નિભાવવું પડતું. આમ છતાં ગોખલેએ પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો. ૧૮ વર્ષની નાની વયે તેઓ બી. એ. થયા. ચીપલુનકર આગરકર, ટીળક વગેરે દેશભક્તોના સહવાસ અને પરિચયને લીધે એમનામાં સ્વદેશાભિમાનના અંકુર સ્ફુર્યા. ડેકન એજ્યુકેશન સોસાયટીની સ્થાપના થઇ. ગોખલે સોસાયટીમાં જોડાયા. લગભગ ૧૮ વર્ષ સુધી સ્વયંસેવક તરીકે

# ૨. લૉર્ડ હાર્ડિંજ, ૧૯૧૦–૧૯૧૬

## નામદાર શહેનશાહનો દિલ્હીમાં રાજ્યાભિષેક

૧૯૧૧ ના ડીસેંબરની ૧૨ મી તારીખે શહેનશાહ પાંચમા જ્યોર્જનો દિલ્હીમાં રાજ્યાભિષેક થયો. આ પ્રસંગની ખુશાલીમાં શહેનશાહે બંગાળાના ભાગલા રદ કર્યા અને કેળવણી માટે વાર્ષિક પચાસ લાખ રૂપીઆની ગ્રાન્ટ જાહેર કરી.

## મહાન યૂરોપીય યુદ્ધ

૧૯૧૪ ના ઑગસ્ટ માસમાં યૂરોપમાં એક મોટા યુદ્ધની શરૂઆત થઈ. એક પક્ષમાં જર્મનિ, ઑસ્ટ્રીઆ અને તુર્કસ્તાન હતા. બીજા પક્ષમાં ઇંગ્લંડ, રશિયા, ફ્રાન્સ અને બેલ્જિઅમ જોડાયા. હિન્દે પોતાની વફાદારી સંપૂર્ણ રીતે બતાવી આપી. મોર્લે-મિંટો સુધારાથી ઉત્પન્ન થયલો અસંતોષ લોકો ઘડીભર ભૂલી ગયા અને સામ્રાજ્યના કટોકટીના

---

કોલેજની સેવા બજાવી. દરમિયાન ખંત, ઉત્સાહ અને ધીરજથી એમણે હિન્દુસ્તાનની આર્થિક સ્થિતિનો બારીક અભ્યાસ કર્યો. ૧૮૯૭માં કરન્સી કમિશન આગળ જુબાની આપવા મુંબઇના પ્રતિનિધિ તરીકે તેઓ ઈંગ્લંડ ગયા. દલીલની સચોટતા, પોતાના મંતવ્ય માટે ડગલે ને પગલે આંકડા—અને તે પણ મોટે ભાગે સરકારી રિપોર્ટમાંથી લીધેલા—નો આધાર, વિશાળ જ્ઞાન, ઉંડો અભ્યાસ—આ સઘળાને લીધે ઈંગ્લંડના આંકડા-શાસ્ત્રીઓએ ગોખલે માટે ઉંચો મત બાંધ્યો. સને ૧૯૦૦ માં ગોખલે મુંબઈની ધારાસભાના સભ્ય નિમાયા. ત્યાં એમણે સરકારની મહેસૂલ પધ્ધતિની સખત ઝાટકણી કાઢી. ૧૯૦૨માં તેઓ વડી ધારાસભાના સભ્ય થયા. અંદાજપત્રના એમના ભાષણોએ લૉર્ડ કર્ઝન જેવા વાઈસરૉયને ચકિત કર્યા. પ્રાથમિક કેળવણી ફરજીયાત કરવા માટે ગોખલેએ ઘણો પ્રયાસ કર્યો. ૧૯૦૫ની બનારસની મહાસભાનું પ્રમુખસ્થાન એમને આપવામાં આવ્યું. તેઓએ દક્ષિણ આફ્રિકામાં વસતા હિન્દીઓની હાડમારીનો પણ સારો અભ્યાસ કર્યો. એમણે માતૃભૂમિની સેવા કરનારા પુરૂષોને તાલીમ આપવા માટે 'હિન્દુસ્તાનના સેવકોનું મંડળ' સ્થાપ્યું. તેને અંગે તેમજ બીજી જાહેર પ્રવૃત્તિઓના બોજાને લીધે ગોખલેની તબીયત લથડી અને ૧૯–૨–૧૫ને રોજ તેમનું અવસાન થયું.

સમયમાં સર્વ પ્રકારનો ભોગ આપવા તૈયાર થયા. દેશી રાજાઓએ પણ સામ્રાજ્યને પોતાનાથી બનતી મદદ કરી.

### લૉર્ડ હાર્ડિંજ વાઇસરૉય તરીકે

દક્ષિણ આફ્રિકામાં વસતા હિન્દીઓને થતા અન્યાય માટે ત્યાંની યુનીયન ગવર્નમેન્ટ સામે હાર્ડિંજે ભારે ઝૂંબેશ ઉઠાવી. બંગાળાના ભાગલા રદ કરાવવા બ્રિટિશ પ્રધાનમંડળને એ સમજાવી શક્યો. વળી અસાધારણ સંજોગોમાં પણ એ પોતાના મનનું સમતોલપણું જાળવી શકતો. એના ઉપર ૧૯૧૨માં બોમ્બ ફેંકવામાં આવ્યો તોપણ એણે પોતાની ઉદાર રાજનીતિ ચાલુ રાખી. આથી હાર્ડિંજ ઘણો જ લોકપ્રિય વાઇસરૉય થયો. ૧૯૧૬ માં જ્યારે એ ઇંગ્લંડ ગયો ત્યારે હિન્દની પ્રજાએ તેમજ દેશીરાજાઓએ એને અપૂર્વ માન આપ્યું.

## ૩. લૉર્ડ ચેમ્સફર્ડ, ૧૯૧૬–૨૧

### મહાન યુદ્ધ અને હિન્દુસ્તાન

લૉર્ડ ચેમ્સફર્ડ હિન્દ આવ્યા ત્યારે યૂરોપીય યુદ્ધ ચાલુ જ હતું. ચારે બાજુએ સ્વતંત્રતા અને આત્મનિર્ણયના સિદ્ધાંતોની વાતો થઇ રહી હતી. યુદ્ધ દરમ્યાન હિન્દે જે અમૂલ્ય સેવા બજાવી હતી તેની કદર કરવાની બ્રિટિશ મુત્સદ્દીઓને જરૂર જણાઈ. **લીગ ઓફ નેશન્સમાં** હિન્દીઓને સ્થાન મળ્યું. પહેલી બેઠકમાં લૉર્ડ સિંહ તથા બીકાનેરના મહારાજાની નિમણૂક થઈ. વર્સેલ્સના સંધિપત્રપર પણ આ બે હિન્દીઓને સહી કરવાનું માન મળ્યું.

### રાષ્ટ્રીય ચળવળ

મહાન યુદ્ધે આડકતરી રીતે રાષ્ટ્રીય ભાવનાને વેગ આપ્યો. હિન્દીઓએ યુદ્ધ સમયે મોટો ભોગ આપ્યો હતો. પંદર લાખ શૂરા લડવૈયાઓ ઇંગ્લંડની મદદે મોકલ્યા હતા. બેલ્જિઅમને પગતળે કચડી

નાંખી જર્મન લશ્કર ફ્રાન્સની સરહદ નજીક આવી પહોંચ્યું હતું. અને ફ્રાન્સ અને ઇંગ્લંડના હોસકોસ ઉડી ગયા હતા, તેવે સમયે હિન્દના સૈનિકો ફ્રાન્સમાં ઉતર્યા અને સરહદ પર અજીત દિવાલની માફક ખડા રહી દુશ્મનોના હુમલાને ખાળ્યા. આ જ ક્ષણથી, યુદ્ધનું વલણ બદલાયું અને ઇંગ્લંડનો જય થયો. સૈનિકોના ભોગ ઉપરાંત હિન્દે આર્થિક સહાય પણ કરી હતી. તેથી વિજય પછી સઘળાને એમ લાગતું કે ઇંગ્લંડ કંઈ નહિ તો હિન્દની વફાદારી પૂરતું પણ ઉદાર વલણ લેશે. હિન્દના રાષ્ટ્ર-નેતાઓએ સ્વતંત્રતા અને આત્મનિર્ણયની માગણી કરવા માંડી. મિસિસ એસન્ટના નેતૃત્વ હેઠળ હોમરૂલ-સ્વરાજની ચળવળ જોસભેર ચાલવા લાગી. ઇ. સ. ૧૯૧૬ માં લખનૌમાં મળેલી મહાસભાએ વિનીત અને ઉદ્દામ પક્ષોને જોડી દીધાં. વળી મહાસભા તથા મુસ્લીમ લીગે કોમી ભેદો બાજુએ મૂકી સુધારાની સંયુક્ત યોજના બહાર પાડી. પરંતુ સરકારને હોમરૂલની ચળવળ રાજદ્રોહી લાગી. તેથી મિસિસ બેસન્ટ તથા બે ગોઠીઆઓને મદ્રાસમાં નજરકેદ કરવામાં આવ્યા.

## ૧૯૧૭ ની જાહેરાત

બ્રિટનના મુત્સદ્દીઓ ઉપર આની અસર થઇ. પરિણામે હિન્દી પ્રધાન મી. મૉન્ટેગ્યુએ ઑગસ્ટ ૧૯૧૭ માં એક અગત્યનું જાહેરનામું બહાર પાડયું. તેમાં જણાવવામાં આવ્યું કે (૧) હિન્દને બ્રિટિશ સામ્રાજ્યના એક પરિપૂર્ણ અંગ તરીકે ગણવામાં આવશે. (૨) જવાબ-દાર રાજતંત્રના હક આપવાને હિન્દના રાજતંત્રમાં હિન્દીઓનું પ્રમાણ વધારવામાં આવશે. (૩) હિન્દમાં ધીમેધીમે જવાબદાર રાજતંત્ર દાખલ કરવાનું બ્રિટિશ સરકારનું ધ્યેય રહેશે.

## મૉન્ટફર્ડ સુધારાઓ ૧૯૧૯

આ સુધારાની રૂએ હિન્દી ધારાસભાઓને વધુ પ્રતિનિધિત્વવાળી કરી તેનું કદ વધારવામાં આવ્યું અને સીધી ચૂંટણીની રીતિ સ્વીકારવામાં



લૉર્ડ મૉન્ટેગ્યુ

આવી. બ્રિટિશ પાર્લામેન્ટનું અનુકરણ કરી હિન્દની વડી ધારાસભાના બે વિભાગ—કાઉન્સીલ ઑફ્ સ્ટેટ અને લેજીસ્લેટીવ એસેમ્બ્લી—કરવામાં આવ્યા. પ્રાંતિક ધારાસભાઓમાં પ્રજાને જવાબદાર તંત્ર દાખલ કરવાના હેતુથી રાજવહીવટના બે વિભાગ કરી, એકને પ્રજાના પ્રતિનિધિઓના હાથમાં મૂકવામાં આવ્યો અને, બીજાનો કારભાર અસલ મુજબ ચાલુ રહ્યો. આ બે વિભાગો અનુક્રમે સુપ્રત વિષયો અને અનામત વિષયો તરીકે ઓળખાય છે. અનામત વિષયો ગવર્નર અને તેની કારોબારી સભાના હાથમાં છે. તે માટે તેઓ ધારાસભાને નહિ પરંતુ બ્રિટિશ રાજસભાને જવાબદાર ગણાય. સુપ્રત વિષયોનો કારભાર પ્રજાના પ્રતિનિધિઓમાંથી નિમાયલા પ્રધાનોના હાથમાં મૂકવામાં આવ્યો. પ્રધાનો સદરહુ વહીવટ માટે ધારાસભાને જવાબદાર ગણાય. આ પ્રમાણે પ્રાંતોમાં દ્વિમુખી–કાર્યવાહી દાખલ કરવામાં આવી. (વધુ વિગત માટે જુઓ ભાગ આઠમો.)

## રોલેટ કાયદો અને પંજાબ પ્રકરણ ૧૯૧૯

રાજદ્રોહની તપાસ માટે મી. રોલેટના પ્રમુખપણા હેઠળ એક સમિતિ નિમવામાં આવી. તે સમિતિના રિપોર્ટ પર આધાર રાખી



લૉર્ડ ચેમ્સફર્ડ

હિન્દી સરકારે બે બીલો રજુ કર્યાં. એ બીલ પ્રમાણે સરકાર કોઈ પણ માણસને વગર તપાસે દેશનિકાલ કરી શકે. એ બીલો "રોલેટ બીલ્સ" અથવા "કાળા કાયદા"ને નામે પ્રસિદ્ધ છે. સદરહુ બીલની સામે હિન્દની પ્રજાએ સખત વાંધો લીધો. ચારે દિશામાં એ સામે ઘણો પોકાર થયો. પણ સરકાર મક્કમ રહી અને પ્રજાના વિરોધ તરફ લક્ષ ન આપી પ્રજામતની દરકાર કર્યા વિના તેમાંનું એક બીલ વડીધારાસભામાં પોતાની બહુમતિથી પસાર કર્યું. એ બીલની ચર્ચા સમયે ધારાસભાના બીન–સરકારી સભાસદોએ પોતાનો સખત વિરોધ દર્શાવ્યો અને કેટલાકે તો ધારાસભામાંથી રાજીનામાં પણ આપ્યાં. સદરહુ બીલ પસાર થતાં આખા હિન્દમાં મોટો ખળભળાટ થઈ રહ્યો. મુંબઈ ઈલાકામાં અને ઉત્તર હિન્દુસ્તાનમાં ઘણી જગ્યાએ તોફાનો થયાં. પંજાબના લોકો સૌથી વધારે ગુસ્સે થયા. ગાંધીજીએ સરકારના કેટલાક અન્યાયી કાયદા અને હુકમોનો અનાદર કરનારી "સત્યાગ્રહ" ની ગંભીર ચળવળ શરૂ કરી. ગાંધીજીને પંજાબ જવાનો મનાઈ હુકમ મળ્યો. તેનો તેમને અનાદર કર્યો. તેથી તેમને મથુરામાં અટકાવવામાં આવ્યા. એ સમાચાર વીજળીની માફક આખા હિન્દમાં પ્રસર્યા. પંજાબમાં પરિસ્થિતિ એટલી ગંભીર થઈ ગઈ કે ત્યાં લશ્કરી કાયદો જાહેર કરવામાં આવ્યો, તેમજ લોકોને એકઠા થતા અટકાવવાનો

મનાઈ હુકમ બહાર પાડવામાં આવ્યો. એ હુકમનો ભંગ કરી લોકો એપ્રિલ માસની ૧૩મી તારીખે, અમૃતસરના જાલીયાનવાળા બાગમાં મોટી સંખ્યામાં ભેગા થયા. જનરલ ડાયર ત્યાં એક લશ્કર લઈને આવ્યો. પૂરતી ચેતવણી આપ્યા વિના એ નિર્દોષ લોકોના ટોળાપર એણે બંદુકનો મારો શરૂ કર્યો, જેને પરિણામે સેંકડો લોકો ત્યાં ને ત્યાં મરણ પામ્યાં. અનેક નિર્દોષ લોકોને અને વિદ્યાર્થીઓને અમલદારોએ ઘણા જ હેરાન કર્યા. લોકોને પેટ ઘસડીને પણ ચલાવ્યા. પંજાબના આ અત્યાચાર સામે દેશમાં દરેક સ્થળે પોકાર થઈ રહ્યો. પણ ગાંધીજીએ લોકોને સંપૂર્ણ શાંતિ જાળવવા વિનંતિ કરી અને તેની અસર સારી થઈ. એ અત્યાચાર સામે પોતાનો સખત વિરોધ દર્શાવવા વાઈસરૉયની કારોબારી સભાના એક સભ્ય સર શંકરન નાયરે રાજીનામું આપ્યું. પ્રજામાં એટલો બધો અસંતોષ ફેલાયો કે પંજાબ-પ્રકરણની તપાસ કરવા સરકારને એક કમિશન નિમવું પડ્યું. કમિશનમાં હિન્દીઓ પણ હતા. તપાસને અંતે કમિશનના અભિપ્રાયમાં મતભેદ પડયો. એક બાજુએ હિન્દી સભાસદોનો અભિપ્રાય અને બીજી બાજુ યૂરોપીઅન સભાસદોનો અભિપ્રાય. આથી લોકોમાં સરકાર સામે અસંતોષ અને વિરોધની લાગણી વધારે તીવ્ર બની.

**અસહકાર**

મહાન યુદ્ધમાં તુર્કીએ જર્મનિનો પક્ષ લીધો હતો. યુદ્ધને અંતે તુર્કી શરણ થયું અને સંધિ થઈ. એ સંધિથી મુસલમાનોમાં ઘણો જ અસંતોષ ફેલાયો. મુસલમાનોના અસંતોષમાં હિન્દુઓએ પણ દિલસોજી જાહેર કરી. આ પ્રમાણે ખિલાફતના પ્રશ્નમાં આખા હિન્દે રસ લેવા માંડયો. વળી પંજાબમાં બનેલા બનાવોની તપાસ માટે સરકાર તરફથી નિમવામાં આવેલી સમિતિના યૂરોપીઅન સભાસદોના રિપોર્ટથી હિન્દમાં ઘણો અસંતોષ પેદા થયો હતો. બાદ એ જ વિષયપર બ્રિટિશ પાર્લામેન્ટમાં પુષ્કળ ચર્ચા થઈ અને ઉમરાવોની સભામાં જનરલ ડાયરના કૃત્યને વધુમતિથી વખાણવામાં આવ્યું. આથી મહાત્મા ગાંધી તથા બીજા હિન્દના નેતાઓને સખત આઘાત થયો. જ્યાંસુધી પંજાબ

અને ખિલાફતને માટે સંપૂર્ણ ન્યાય ન મળે ત્યાંસુધી નવા રાજબંધારણનો અસ્વીકાર કરવા અને સરકારના રાજકારભારમાં કોઈપણ પ્રકારનો સહકાર ન કરવા ગાંધીજીએ પ્રજાને ઉપદેશ કર્યો. ઈ. સ. ૧૯૨૦ના ઑગસ્ટ માસની પહેલી તારીખથી અહિંસાત્મક અસહકારની ચળવળ શરૂ થઈ. અસહકારના ઠરાવ મુજબ નેતાઓએ લોકોને સરકારના ઈલ્કાબો, સરકારી નોકરી અને સરકારી શાળાઓ છોડવા તથા ધારાસભાનો બહિષ્કાર કરવા ઉપદેશ કર્યો.

## અસહકારના પ્રણેતા મહાત્મા ગાંધી

સંવત ૧૯૨૫ના ભાદરવા વદ ૧૨ને દિવસે એટલે ૨–૧૦–૧૮૬૯ ને રોજ મોહનદાસ ગાંધીનો પોરબંદરમાં જન્મ થયો. પિતાનું નામ કરમચંદ ગાંધી. ગાંધીકુટુંબ ત્રણ પેઢી થયાં પોરબંદરમાં કારભારૂં કરતું. પાછળથી કરમચંદ ગાંધીને પોરબંદર છોડવું પડેલું. ત્યારપછી તેઓ રાજકોટના દિવાન થયા. મોહનદાસનો વિદ્યાભ્યાસ મોટો ભાગે રાજકોટમાં જ થયલો. ૧૮૮૧માં કસ્તુરબાઈ સાથે મોહનદાસના લગ્ન થયા. ૧૮૮૭માં મેટ્રીક્યુલેશનની પરીક્ષા પસાર કરી તેઓ ભાવનગર સામળદાસ કૉલેજમાં દાખલ થયા. ૧૮૮૮ માં ઈંગ્લંડ ગયા. ત્યાં તેઓ ખ્રિસ્તિ ધર્માચાર્યો તેમજ અન્ય ગૂઢ વિચારકોના સમાગમમાં આવ્યા. ૧૮૯૧માં બેરીસ્ટર થઈ હિન્દ આવ્યા.

દરમિયાન એમના એક અસિલને સલાહ આપવા માટે એમને દક્ષિણ આફ્રિકા જવું પડયું. ત્યાં ગોરાઓનો સખત વિરોધ હોવા છતાં તેઓ સુપ્રીમ કોર્ટમાં એડવોકેટ તરીકે દાખલ થયા. ૧૮૯૪માં 'નાતાલ હિન્દી મહાસભા'ની સ્થાપના કરી. ૧૮૯૫માં ત્યાંના હિન્દીઓના હકના રક્ષણ માટે હિન્દમાં ચળવળ ચલાવી. આફ્રિકા પાછા જતાં ત્યાંના વિરોધીઓને હાથે રચાએલા કારસ્થાન પ્રમાણે કિનારા પર ઉતરતાં જ એમનું ખૂન થતું ત્યાંના પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટે અટકાવ્યું. ૧૮૯૯ની બોઅરની લડાઈમાં એમણે બ્રિટિશ સરકારને સહાય આપી. ૧૯૦૧માં તબીયત સુધારવા હિન્દ આવ્યા અને કલકત્તાની સત્તરમી મહાસભાની બેઠકમાં હાજરી આપી.

બીજે જ વર્ષે એમને વળી પાછા દક્ષિણ આફ્રિકા જવું પડ્યું. આંના હિન્દીઓનો એમના ઉપરનો પ્રેમ અને વિશ્વાસ વધતા ગયા એટલે એમણે આફ્રિકામાં જ રહેવાનું નક્કી કર્યું. થોડા સમયમાં 'ટ્રાન્સવાલ ઇન્ડિયન એસોશીએશન'ની સ્થાપના થઇ. ૧૯૦૪માં 'ઇન્ડિયન ઓપીનીઅન' નામનું પત્ર શરૂ થયું. આ સાપ્તાહિકનો બોજો મોટે ભાગે ગાંધીજીને શિર જ હતો. દક્ષિણ આફ્રિકામાં હિન્દીઓ 'કૂલી' તરીકે ઓળખાય છે. આ 'કૂલીઓ'ને રહેવા માટે જે સ્થાન નોખું રાખવામાં આવે છે તે 'કૂલી લોકેશન' કહેવાય છે. આ સ્થાનમાં અત્યંત ગંદકી એકઠી થતી, "ત્યાં સડક કે દીવાબત્તી તો હોય જ શેના?" એમની સ્થિતિ સુધારવા ગાંધીજીએ તનતોડ મહેનત કરી.



મહાત્મા ગાંધી

૧૯૦૬માં ઝુલુ બળવા વખતે મુડદા ઉંચકનારાઓની સરદારી લીધી. 'એશીઆટીક લૉ'નામના કાયદા સામે ચળવળ શરૂ કરી. સત્યાગ્રહની લડત આરંભી; કેદ પકડાયા. થોડા સમય પછી 'ગાંધી–સ્મટસ'નામક સમાધાન થયું. સમાધાનની શરત સ્મટસે ન પાળી એટલે ફરીથી લડત શરૂ થઇ. વળી પાછા કેદ પકડાયા. એમ દક્ષિણ આફ્રિકાની લડત ૧૯૧૪ સુધી ચાલી. ૧૯૧૫માં હિન્દ આવ્યા.

૧૯૧૫ના મે માસમાં તેઓએ 'સત્યાગ્રહ આશ્રમ'ની સ્થાપના કરી. ૧૯૧૭માં ચંપારણ્યની કુમકે ગયા. ૧૯૧૮માં ખેડા જીલ્લાના સત્યાગ્રહમાં સફળ થયા. તેજ સાલમાં લૉર્ડ ચેમ્સફર્ડના આમંત્રણથી દિલ્હીની

યુદ્ધ પરિષદમાં ભાગ લીધો અને ખેડામાં લશ્કર ભરતીનું કામ કર્યું. ૧૯૧૯માં 'નવજીવન' અને 'યંગ ઇન્ડીઆ'નું તંત્રીપદ સ્વીકાર્યું. તેજ વર્ષમાં રોલેટ કાયદા સામે સત્યાગ્રહનો આરંભ કર્યો. મોન્ટ-ફર્ડ સુધારાઓ સંતોષકારક ન હોવા છતાં સહકાર કરવાની સલાહ આપી. પરંતુ પંજાબના અત્યાચાર અને ખિલાફતના અન્યાયે એમની આંખ ઉઘાડી. ૧૯૨૦ની મહાસભામાં અસહકારનો ઠરાવ કરાવ્યો. ૧૯૨૧માં 'ટીળક સ્વરાજ ફંડ'માં તેઓ એક કરોડ રૂપીઆ એકઠા કરી શકયા. ૧૯૨૧ની અમદાવાદની મહાસભાની બેઠક વખતે ડીકટેટર-સરમુખત્યાર નિમાયા. ૧૯૨૨ માં બારડોલીમાં સવિનય ભંગની કરેલી તૈયારી ચૌરીચોરાના અત્યાચારોને લીધે પડતી મૂકી. એજ વર્ષના માર્ચ માસની ૧૦મી તારીખે એમને પકડવામાં આવ્યા અને રાજદ્રોહના ગુના માટે ૭ વર્ષની સજા થઇ. ૧૯૨૪ ની શરૂઆતમાં એમની તબીયત બગડી. શસ્ત્રક્રિયા ફતેહમંદ થઈ છતાં તબીયત નબળી હોવાથી આરામની જરૂર હતી તેથી ફેબ્રુઆરી ૧૯૨૪ માં એમને છોડી મૂકવામાં આવ્યા.

## ૪. લૉર્ડ રીડીંગ ૧૯૨૧-૨૬

લૉર્ડ રીડીંગ ૧૯૨૧માં વાઇસરૉય થયા. તેઓ તે વખતે ઇંગ્લંડના વડા ન્યાયાધીશ હતા.

### સ્વરાજ પક્ષ

અસહકાર મંદ પડયા પછી બંગાળાના ચિત્તરંજનદાસના નેતૃત્વ હેઠળ સ્વરાજ પક્ષની સ્થાપના થઈ. આ પક્ષનો આશય ધારાસભામાં જઈ ત્યાં સરકારના મુસદ્દાઓ પસાર નહિ થવા દેવાનો હતો. આ પક્ષમાં પંડીત મોતીલાલ નહેરૂ, વિઠલભાઈ પટેલ વગેરે અગ્રગણ્ય નેતાઓ જોડાયા. તેઓ પોતાના આશયમાં કેટલેક અંશે ફળીભૂત થયા.

### હિન્દી લશ્કર:—

હિન્દી લશ્કરમાં હિન્દીઓને સ્થાન મળવું જોઇએ એ માગણીને પરિણામે વડા સેનાધિપતિએ, ૨૩ વર્ષમાં હિન્દના લશ્કરની આઠ ટુક-

ડીઓ કેવળ હિન્દીઓની બને એવી યોજના બહાર પાડી. હિન્દના લશ્કરને રાષ્ટ્રીય બનાવવાની આ પ્રમાણે શરૂઆત થઈ.

**દેશબંધુદાસ અને સુરેન્દ્રનાથ બેનરજીનું અવસાન**

જુન ૧૯૨૫ માં સ્વરાજ પક્ષના નેતા ચિત્તરંજનદાસનું હૃદય બંધ પડવાથી મૃત્યુ થયું. આથી સ્વરાજ પક્ષ નબળો પડયો એટલું જ નહિ પણ હિન્દને મોટી ખોટ ગઈ. એજ વર્ષના ઑગસ્ટ માસમાં વિનીત પક્ષના આગેવાન સર સુરેન્દ્રનાથનું અવસાન થયું.

## ૫. લૉર્ડ ઈરવીન ૧૯૨૬–

લૉર્ડ રીડીંગ પછી એપ્રીલ ૧૯૨૬ માં લૉર્ડ ઈરવીન હિન્દના વાઇસરૉય થયા. એમનો કારભાર હજુ ચાલુ છે.

**સાયમન કમિશન અને તેનો બહિષ્કાર**

૧૯૧૯ના 'હિન્દના કાયદા' મુજબ, બ્રિટિશ રાજસભાએ હિન્દને વધુ હક આપવાનો વિચાર કરવા પાર્લામેન્ટના સાત સભ્યોનું એક કમિશન નિમ્યું. સર સાયમન આ કમિશનના પ્રમુખ છે. કમિશનમાં એક પણ હિન્દીને ન નિમવામાં આવ્યો તેથી સર ચીમનલાલ સેતલવડ, સર તેજબહાદુર સપ્રુ જેવા મધ્યમ વિચારના વિનીતોએ પણ સદરહુ કમિશનનો સંપૂર્ણ બહિષ્કાર કર્યો. વડીધારાસભામાં પણ બહિષ્કારનો ઠરાવ થયો.



લૉર્ડ ઈરવીન

## બારડોલી સત્યાગ્રહ

હિન્દી સરકારની મહેસૂલી પદ્ધતિ માટે કેટલા વર્ષો થયા પોકાર થઇ રહ્યો હતો. સને ૧૯૨૮માં બારડોલીની મહેસૂલમાં ૩૦ ટકા જેટલો વધારો કરવામાં આવ્યો. આ વધારાની સામે બારડોલીના ખેડૂતોએ સખત વિરોધ દર્શાવ્યો. ખેડૂતોએ શ્રી. વલ્લભભાઇ પટેલની સલાહ લીધી. શ્રી. વલ્લભભાઇ અને મુંબાઇ સહકાર વચ્ચે લાંબો પત્રવ્યવહાર થયો. તેઓએ નિષ્પક્ષ પંચ મારફતે ફરી આંકણી કરવાની માગણી કરી. આ માગણી સ્વીકારાવવાનો જરા પણ સંભવ ન માલમ પડયો એટલે એમણે ખેડૂતોને મહેસૂલ ન ભરવાની સલાહ આપી. સાથે સાથે આવી લડતમાં ઘણાં દુ:ખ સહન કરવા પડશે એવી રીતની ચેતવણી પણ લોકોને આપી. ખેડૂતોને લાગ્યું કે હવે તો આ માર્ગ લીધા સિવાય છૂટકો જ નથી એટલે તેઓએ ફરી તપાસ ન થાય ત્યાં સુધી મહેસૂલ ન ભરવાનો ઠરાવ કર્યો.

આ મુજબ સત્યાગ્રહની લડાઇનો આરંભ થયો. સરકાર શરૂઆતમાં મક્કમ રહી. ચળવળને દાબી દેવા ઘણા પ્રયત્નો થયા. જમીન ખાલસા કરવામાં આવી. જપ્તીનો ત્રાસ પણ વધ્યો. ખેડૂતોના ઢોરોને ઘણું નુકસાન થયું. તેમ છતાં લોકો નિડર રહ્યા. વલ્લભભાઈ પટેલની તાલીમ અને તંત્રરચનાએ સર્વને ચકિત કર્યા. બારડોલીએ હિન્દુસ્તાનનું જ નહિ પણ આખી દુનિયાનું ધ્યાન ખેંચ્યું. આખરે મુંબાઈ સરકારને પ્રજાની માગણી વ્યાજબી લાગી અને તપાસ કમિટિ નિમવાનું જાહેર કરવામાં આવ્યું.

## લાલા લજપતરાયનું અવસાન

૧૭મી નવેમ્બર ૧૯૨૮ને રોજ 'પંજાબનો સિંહ સૂતો.' એના અવસાનથી હિન્દને ભારે ખોટ ગઈ.+

---

+લાલા લજપતરાયનો જન્મ પંજાબના લુધિઆણા જીલ્લાના જગરાન નામના ગામમાં ઇ. સ. ૧૮૬૫માં થયો. એમના પિતા લાલા રાધાકૃષ્ણ સરકારી હાઇસ્કુલના ઉર્દૂ શિક્ષક હતા. લજપતરાયે અઢાર વર્ષની ઉમરે કાયદાની પરીક્ષા

## રાજકીય પરિસ્થિતિ

જો કે ૧૯૨૪ પછી અસહકારનો વેગ ધીમો પડયો તોપણ આ ચળવળે પ્રજામાં અજબ પ્રકારની જાગ્રતિ ઉત્પન્ન કરી. પરદેશી રાજ્યની ઝૂંસરીમાંથી મુક્ત થવાની તમન્ના દરેક હિન્દીને હલમલાવી રહી. સર્વત્ર અસંતોષ ફેલાયો. દરમિયાન બ્રિટિશ સરકારે ૧૯૨૭ના ઑક્ટોબર માસમાં સાયમન કમિશનની જાહેરાત બહાર પાડી. સદરહુ કમિશનમાં એક પણ હિન્દીને સ્થાન ન મળવાથી હિન્દુસ્તાનને

---

પસાર કરી વકીલાત કરવા માંડી. તે સમયમાં પંજાબમાં આર્ય સમાજનું ઘણું જોર હતું. સ્વામી દયાનંદના લેખોની લાલા લજપતરાય પર ઘણી અસર થઈ. પરિણામે લાલા લજપતરાય આર્યસમાજમાં જોડાયા, અને ૧૮૮૬માં બીજા મિત્રોની મદદથી દયાનંદ ઍંગ્લોવેદીક કૉલેજની સ્થાપના કરી. દરમિયાન અસામાન્ય પ્રતિભા અને વક્તૃત્વ શક્તિને લીધે વકીલના ધંધામાં તેઓએ સારી પ્રતિષ્ઠા મેળવી. સને ૧૮૮૮ના સાલથી તેઓએ રાષ્ટ્રીય મહાસભામાં ભાગ લેવો શરૂ કર્યો. ૧૯૦૫ની બનારસની મહાસભા વખતે બંગાળાના ભાગલા વિરૂદ્ધ લાલાજીએ સખત ઝૂંબેશ ચલાવી. સદરહુ મહાસભાએ વિલાયતમાં પ્રચાર કાર્ય કરવા માટે ગોખલે અને લાલાજીની નિમણૂક કરી. પોતાનું કાર્ય સમાપ્ત કરી લજપતરાય અમેરિકા ગયા અને ત્યાંની શિક્ષણ પદ્ધતિનો અભ્યાસ કર્યો. ત્યાંથી પાછા ફર્યા કે તરત જ પંજાબની સરકારે ૧૯૦૭માં એમને દેશ નિકાલ કર્યા. આજે તો જેલ જેવું સહેલું થઇ ગયું છે. પરંતુ જે સમયે જેલથી જન-સમાજ ડરતો તે સમયે આ પંજાબના સિંહે મર્દાનગીથી જેલને વધાવી લીધી. થોડા મહિના પછી લજપતરાય છૂટયા અને સુરતની ઐતિહાસિક મહાસભામાં ભાગ લીધો. ૧૯૧૪માં જ્યારે લાલાજી અમેરિકાના પ્રવાસેથી પાછા ફરતા હતા ત્યારે બ્રિટિશ રાજકર્તાઓએ તેમને હિન્દ આવતા અટકાવ્યા અને યુદ્ધ ચાલે ત્યાં સુધી હિન્દમાં આવવાની મનાઇ કરી. ૧૯૨૦માં તેઓને હિન્દ આવવાની રજા મળી. ૧૯૨૦ની કલકત્તાની ખાસ મહાસભાના પ્રમુખસ્થાનેથી તેઓએ પંજાબના અત્યાચાર વિરૂદ્ધ સખત પોકાર કર્યો અને સરકાર સાથે અસહકાર કરવા દેશને સલાહ આપી. ૧૯૨૧માં લાલાજી વળી પાછા પકડાયા. જેલમાંથી પાછા ફર્યા બાદ એમણે હિન્દુ સંગઠનનું કાર્ય હાથ ધર્યું. ૧૯૨૮માં વડી-ધારાસભામાં એમનો સાયમન કમિશનના બહિષ્કારનો ઠરાવ પસાર થયો. થોડા સમય પર એમણે 'દુઃખી હિન્દ' નામનું પુસ્તક બહાર પાડયું.

સખત આઘાત થયો. ઉદ્દામ પક્ષનું જોર વધવા લાગ્યું. ૧૯૨૭ની મદ્રાસની મહાસભાએ સ્વતંત્રતાનો ઠરાવ પસાર કર્યો. ૧૯૨૮ ની શરૂઆતમાં હિન્દના જુદા જુદા પક્ષને એકત્ર કરવાના હેતુથી સર્વપક્ષ-સમિતિની સ્થાપના થઈ. આ સમિતિએ પંડિત મોતીલાલ નહેરૂના અધ્યક્ષપણા હેઠળ એક નાની ઉપ-સમિતિ નિમી. દેશના મોટા ભાગને રૂચે એવું બંધારણ ઘડવાનું કાર્ય આ ઉપ-સમિતિને સોંપવામાં આવ્યું. સદરહુ સમિતિ-નહેરૂ સમિતિ-એ એક યોજના બહાર પાડી અને લખનૌ મુકામે ઑગસ્ટ ૧૯૨૮માં મળેલી સર્વપક્ષ-સમિતિએ સદરહુ રિપોર્ટ મંજુર કર્યો. તદનુસાર 'સંસ્થાનિક સ્વરાજ્ય' (ડુમિનિયન સ્ટેટસ) હિન્દના ધ્યેય તરીકે સ્વીકારવામાં આવ્યું. પરંતુ ઉદ્દામ પક્ષને આથી સંતોષ ન થયો. સદરહુ પક્ષના અગ્રગણ્ય નેતાઓ-શ્રીનિવાસ-આયંગાર, પંડિત જવાહિરલાલ નહેરૂ, સુભાષચંદ્રબોઝ-એ જુદો પક્ષ સ્થાપ્યો, અને 'સ્વતંત્રતા'ની ચળવળ શરૂ કરી. ૧૯૨૮ની કલકત્તાની મહાસભા વખતે આ પક્ષનું જોર વધી ગયું. ગાંધીજી અને પંડિત મોતીલાલ નહેરૂ નહેરૂ રિપોર્ટને વળગી રહેવા માગતા હતા. પરંતુ ઉદ્દામ પક્ષના બળને લીધે તેમને નમતું આપવું પડયું. પરિણામે "એક વર્ષમાં એટલે ૩૧-૧૨-૨૯ સુધીમાં નહેરૂ બંધારણમાં જણાવ્યા મુજબ સંસ્થાનિક સ્વરાજ્યની માગણી બ્રિટિશ સરકાર ન સ્વીકારે તો ૧-૧-૩૦થી હિન્દે સ્વતંત્રતા જાહેર કરવી" એ મતલબનો ગાંધીજીનો ઠરાવ મહાસભાએ કબુલ રાખ્યો. મહાસભાના ઠરાવે ઉભી કરેલી પરિસ્થિતિ વિષે બ્રિટિશ પ્રધાનમંડળ સાથે મસલત કરવા લૉર્ડ ઈરવીન ૧૯૨૯ની શરૂઆતમાં ઇંગ્લંડ ગયા. ત્યાંથી પાછા ફર્યા પછી તેઓએ તા. ૩૧-૧૦-૨૯ ને રોજ એક અગત્યનું જાહેરનામું બહાર પાડયું. આ જાહેરનામામાં બે મુદ્દાઓ જાહેર કરવામાં આવ્યા:-(૧) બ્રિટિશ પાર્લામેન્ટનું ધ્યેય હિન્દ માટે-સંસ્થાનિક સ્વરાજ્યનું રહેશે. (૨) થોડા સમયમાં હિન્દના જુદા જુદા પક્ષના નેતાઓની એક ગોળમેજી પરિષદ ભરવામાં આવશે.

આ જાહેરનામાના જુદા જુદા અર્થ કરવામાં આવ્યા. રાષ્ટ્રીય પક્ષે અમુક શરતોએ પરિષદમાં હાજરી આપવાનું કબૂલ કર્યું. ગાંધીજીએ 'સહકારની શરતો' એ મથાળા હેઠળ નીચે મુજબ જણાવ્યું:— "ખરીતો સ્પષ્ટ રીતે સમજવાની આવશ્યકતા છે, નેતાઓનો સ્વીકાર બીનશરતી નથી. વિવેકની ભાષા વાપરી છે છતાં તેમાં દ્વિઅર્થ નથી; જો રાજદ્વારી કેદીઓ છુટે, ડુમિનિયન સ્ટેટસની વાત નિઃસંદેહ થાય, જે પરિષદ બોલાવવાની છે તેમાં મહાસભાપક્ષને પ્રધાનપદ હોય, અને જે કાયદાની રૂએ પરિષદ પછી થવાનું છે તેનો ભાવરૂપે અમલ આજથી કરવામાં આવે તો જ પ્રજા તરફથી પરિષદમાં સહકાર અપાય. આ ચાર શરતોનું પૂર્ણપણે પાલન થાય તો મહાસભા તરફથી પૂરો સહકાર થવો જ જોઇએ એને વિષે મારા મનમાં મુદ્દલ શંકા નથી." તા. ૨૩–૧૨–૨૯ના રોજ વાઇસરૉય અને ગાંધીજી વચ્ચે મસલત થઇ. ગાંધીજીએ જણાવ્યું કે જો ડુમિનિયન સ્ટેટસનું બંધારણ ઘડવા માટે ગોળમેજી પરિષદ ભરાવવાની હોય તો મહાસભાના પ્રતિનિધિઓ તેમાં હાજરી આપી શકે. લૉર્ડ ઇરવીન આવી રીતની કબૂલત આપી ન શક્યા એટલે સદરહુ મસલત પડી ભાંગી. ત્યારબાદ ૧૯૨૯ ના ડીસેંબરમાં લાહોર મુકામે પંડિત જવાહિરલાલ નહેરૂના પ્રમુખપણા હેઠળ મળેલી મહાસભાએ જાહેર કર્યું કે મહાસભાના ધ્યેયમાં 'સ્વરાજ' શબ્દનો અર્થ 'સંપૂર્ણ સ્વાતંત્ર્ય' કરવો. આ ઠરાવને અનુસરી ૨૬-૧-૩૦ નો દિવસ "સ્વાતંત્ર્ય દિન" તરીકે ઉજવાગો. મહાસભાની કાર્યવાહક સમિતિએ ગાંધીજીને સવિનય ભંગ કરવાની મંજૂરી આપી. કાયદાનો સવિનય ભંગ કરતાં પહેલાં તા. ૨–૩–૩૦ને રોજ ગાંધીજીએ વાઇસરૉયને આખરનો પત્ર લખ્યો. આ પત્ર 'ધમકી નહિ પણ ધર્મકૃત્ય છે' એમ ગાંધીજીએ જણાવ્યું. વાઇસરૉય સાહેબ તરફથી સંતોષકારક જવાબ ન મળવાથી ગાંધીજીએ તા. ૧૨–૩–૩૦ થી સવિનય ભંગની ચળવળ શરૂ કરી.

# ભાગ—૮ મો

# બ્રિટિશ હિન્દનું રાજતંત્ર

## પ્રકરણ—૧ લું

### હિન્દીવજીર અને તેની સભા

હિન્દ ઉપર બ્રિટિશ 'રાજસભા' (પાર્લામેન્ટ) રાજકીય સત્તા ભોગવે છે. સદરહુ રાજસભાએ પોતાનામાંના જ એક અમલદારની હિન્દીવજીર તરીકે નિમણૂક કરી છે. આ અમલદાર બ્રિટિશ 'પ્રધાનમંડળ' નો એક સભ્ય છે અને હિન્દના રાજવહિવટ માટે તે 'રાજસભા' ને જોખમદાર છે.

### બ્રિટિશ 'રાજસભા' નો અંકુશ

ઈ. સ. ૧૬૦૦ ની સાલમાં હિન્દુસ્તાન સાથે વેપાર કરવાને ઉભી થયેલી મંડળીએ આશરે પોણીબસેં વર્ષ સુધી વેપાર કર્યો અને કેટલેક અંશે રાજસત્તા પણ ચલાવી; પરંતુ ૧૭૭૩ માં નિયામક કાયદો પસાર કરી બ્રિટિશ 'રાજસભા'એ બંગાળાના ગવર્નરને ગવર્નર જનરલ બનાવ્યો. ૧૭૮૪ માં 'પીટનો હિન્દી કાયદો' પસાર થયો. આ કાયદાથી કંપનીની હિન્દના અમલદારો નિમવાની સત્તા સિવાય હિન્દને લગતી બીજી સર્વે બાબતો 'રાજસભા'એ નિમેલા નિયામક મંડળના અંકુશ નીચે આવી. આ વસ્તુસ્થિતિ સને ૧૮૫૭ના બળવા સુધી ચાલુ રહી. સને ૧૮૫૮ના કાયદાથી હિન્દ ઉપરની સઘળી સત્તા રાજસભાના હાથમાં આવી.

### હિન્દીવજીરની સત્તા

હિન્દીવજીરને ઘણી સત્તા આપવામાં આવી છે. (૧) હિન્દી ધારાસભાઓએ પસાર કરેલા સઘળા કાયદાઓને છેવટે એની મંજૂરી

મેળવવી પડે છે. (૨) હિન્દે લડાઇમાં ઉતરવું કે નહિ તે એ નક્કી કરે છે. (૩) મોટી નહેર બાંધવી હોય, મોટા પગારની નવી જગ્યા કાઢવી હોય, પગાર વધારવા હોય, સ્થાનિક સરકારો અથવા દેશી રાજ્યોને પૈસા ધીરવા હોય-આ સઘળા કાર્યો માટે હિન્દીવજીરની પરવાનગી મેળવવી પડે છે.

## હિન્દીવજીરની સભા

હિન્દીવજીરની સભા તેણે જ નિમેલા આઠથી બાર સભ્યોની બનેલી છે. તેઓની નિમણૂક પાંચ વર્ષ માટે થાય છે. સને ૧૯૧૯ના કાયદાની રૂએ આ સભાનું બંધારણ એવું નક્કી કરવામાં આવ્યું કે સભાના અડધોઅડધ સભ્યોએ હિન્દમાં ઓછામાં ઓછા દશ વર્ષનો વસવાટ કર્યો હોવો જોઇએ અને સભ્ય બનતી વખતે તેમણે હિન્દ છોડ્યાને પાંચથી વધુ વર્ષ થયા હોવા નહિ જોઇએ. આથી હિન્દી રાજકીય પરિસ્થિતિમાં થતા પ્રત્યેક ફેરફારથી માહિતગાર માણસો જ સભ્ય બની શકે છે. દરેક સભ્યને ૧૨૦૦ પાઉંડનું વર્ષાસન મળેછે અને હિન્દમાં વસવાટ કરી રહેલા સભ્યોને એ વર્ષાસન ઉપરાંત ૬૦૦ પાઉંડ ભથ્થાના મળેછે.

## તેનું કાર્ય

હિન્દીવજીરની સભાનું કાર્ય બે પ્રકારનું છે-હિન્દીવજીર પર કાબુ રાખવો અને તેને સલાહ આપવી.

# પ્રકરણ–૨ જું

# વાઇસરૉય અને તેની કારોબારી સભા

## વાઇસરૉય

વાઈસરૉય એ ખુદ શહેનશાહની સત્તાનો અધિકારી છે. નામદાર શહેનશાહના પ્રતિનિધિ તરીકે રાજતખ્તને બક્ષેલી ખાસ સત્તા તે વાપરી શકે છે. વડા પ્રધાનની સૂચનાથી નામદાર શહેનશાહ તેની નિમણૂક કરે છે. સાધારણ રીતે તે પાંચ વર્ષ માટે નિમાય છે. હિન્દી વજીર હિન્દના રાજવહીવટ માટે રાજસભાને જવાબદાર હોવાથી વાઈસરૉયને હિન્દી વજીરના સર્વે હુકમ માનવા પડે છે.

વાઇસરૉયની પસંદગી ઘણુંખરૂં ઈંગ્લંડના પ્રતિષ્ઠિત, બાહોશ, અને રાજકાર્યકૂશળ અમીર વર્ગમાંથી થાય છે. સાધારણ રીતે હિન્દની સાથે અંગત પરિચયમાં નહિ આવેલા હોય એવા માણસોને પસંદ કરવામાં આવે છે. આમ હોવાનું કારણ એમ કહેવાય છે કે વાઈસરૉયનું કામ તેની કારોબારી સભાના સભ્યોએ રજુ કરેલી બાબતોપર નિર્ણય આપવાનું હોવાથી એ જેમ તટસ્થ અને નિષ્પક્ષપાતી બની શકે તેમ સારૂં. કારણકે હિન્દી સનદી નોકરીમાં જોડાઈ સરકારી ખાતાની ઘરેડમાં પડી થોડાંક વર્ષ અનુભવ મેળવી પારંગત બનેલો અમલદાર તે ચીલામાંથી બહાર નીકળી, જોઇએ તેટલી વિશાળ દૃષ્ટિએ ન્યાય આપવા અશક્ત નિવડે છે.

## વાઈસરૉયની સત્તા

હિન્દી રાજતંત્રના અધ્યક્ષ તરીકે વાઈસરૉયની સત્તા ઘણા પ્રકારની છે. તે (૧) હિન્દનો પરદેશ સાથેનો સંબંધ સંભાળે છે, (૨) સરહદપરની પ્રજાઓ સાથે કરાર કરે છે, (૩) દેશી રાજ્યોના વહીવટ પર દેખરેખ રાખે છે, (૪) ધારાસભાએ પસાર કરેલા ખરડાને મંજુર કરવાની ના પાડી શકે છે, (૫) જો એને લાગે કે કોઇપણ ઠરાવ યા

ખરડાપરના વિવેચનથી બ્રિટિશ હિન્દની સુલેહ શાંતિને નુકસાન પહોંચવાનો સંભવ છે તો તેવી ચર્ચા એકદમ અટકાવી શકે છે, (૬) વડી ધારાસભાએ નામંજુર કરેલો ખર્ચ તે આપસત્તાથી મંજુર કરી શકે છે, અને (૭) કાયદાના જેટલા જ અસરકારક હુકમો આપસત્તાથી તે અમુક મુદત માટે બહાર પાડી શકે છે.

## વાઇસરૉયની કારોબારી સભા

હાલની વાઇસરૉયની કારોબારી સભા આઠ સભ્યોની બનેલી છે. વાઇસરૉય આ સભાનો પ્રમુખ છે અને ઉપ–પ્રમુખની એ નિમણૂક કરે છે. સભાસદોની નિમણૂક નામદાર શહેનશાહ કરે છે અને તેઓ ઘણું ખરૂં પાંચ વર્ષ સુધી એ દરજ્જો ભોગવે છે. સને ૧૯૧૯ના કાયદાથી સભાસદોની કુલ સંખ્યાની મર્યાદા નીકળી ગઇ છે. સભાસદોમાંના ત્રણ જણે હિન્દમાં દશ વર્ષ સુધી શહેનશાહની નોકરી કરી હોવી જોઇએ, તેઓમાંનો એક હિન્દુસ્તાન અથવા ઇંગ્લંડનો દશ વર્ષનો અનુભવી ધારાશાસ્ત્રી હોવો જોઇએ, અને છેવટમાં તેઓમાંના ઓછામાં ઓછા ત્રણ હિન્દી હોવા જોઇએ.

## કાર્યપદ્ધતિ

સભામાં ચર્ચાતા પ્રશ્નોનો નિર્ણય બહુમતિથી કરવામાં આવે છે. સભાના કાર્યના નિયમો વાઇસરૉય ઘડે છે. આ નિયમાનુસાર થયલા નિર્ણયોને ગવર્નર–જનરલ અને તેની સભાના ઠરાવો તરીકે ઓળખવામાં આવે છે. ચર્ચામાં જ્યારે બંને બાજુએ સરખા મત પડે ત્યારે વાઇસરૉયને પ્રમુખ તરીકે વધારાનો ‘નિર્ણયકારી મત’ આપવાની સત્તા છે. ઘણા મહત્ત્વના પ્રશ્નોમાં તો તે આખીયે સભાની વિરૂદ્ધ જઇ તેનો અમલ કરી શકે છે.

## ખાતાંની વહેંચણી

કારોબારી સભાના કામની વહેંચણી નીચે મુજબ આઠ ખાતાંઓ પાડીને કરવામાં આવી છે:—

## (૧) રાજકીય અથવા પરદેશ ખાતું

આ ખાતું વાઇસરૉયના પોતાના હાથમાં છે. પરદેશીય રાજનીતિ, સરહદ પરની પ્રજાઓ, હિન્દનાં દેશીરાજ્યો, અજમેર–મેરવાડા, વાયવ્ય સરહદનો પ્રાંત અને બ્રિટિશ બલુચિસ્તાન સાથે આ ખાતું સંબંધ ધરાવે છે.

## (૨) લશ્કરી ખાતું

આ ખાતાનો વહીવટ વડો સેનાધિપતિ કરે છે. તે હિન્દી સૈન્ય ઉપર દેખરેખ રાખે છે.

## (૩) સ્વદેશ ખાતું

આંતરિક રાજકીય પરિસ્થિતિ, ન્યાય અને કાયદાનો અમલ, જેલ-ખાતું, પોલિસ ખાતું, વગેરેનો વહીવટ આ ખાતાનો સભ્ય કરે છે.

## (૪) નાણાં ખાતું

દેવું, ટંકશાળ, જકાત, ખંડણી, સ્ટૅંપ, અફીણ, મીઠું, સરકારી નોકરોના પગાર, રજા, પેન્શન, પ્રાંતિક સરકારની ઉપજ તેમજ ખર્ચ તરફ ધ્યાન રાખવાનું કામ વગેરેનો સમાવેશ આ ખાતામાં થાય છે. એ ઉપરાંત વડી સરકારનાં ઉપજ તથા ખર્ચનો હિસાબ રાખવાનું અને વાર્ષિક અંદાજપત્ર તૈયાર કરવાનું કામ આ ખાતું કરે છે.

## (૫) રેલવે, વ્યાપાર, અને ધર્મવિષયક ખાતું

રેલવે બોર્ડ જે હિન્દી રેલવેઓ ઉપર દેખરેખ રાખે છે તેને લગતું સઘળું કામકાજ આ ખાતાનો સભાસદ કારોબારી સભામાં રજુ કરે છે. વળી આ ખાતું વેપારને લગતી ઘણીએ બાબતો, તેને લગતી નવીન અને જરૂરી માહિતી એકઠી કરી જાહેર કરે છે. પોસ્ટ, તાર વગેરે વિષયોનો વહીવટ કરે છે. વળી ધર્મને લગતું સઘળું કાર્ય આ ખાતું સંભાળે છે.

(૬) ધારા ખાતું

દેશને માટે કાયદા, મુસદ્દા વગેરે તૈયાર કરવાનું અને વડી તેમ જ પ્રાંતિક સરકારોને કાયદાની સલાહ આપવાનું કામ આ ખાતું કરે છે.

(૭) કેળવણી, જાહેર તંદુરસ્તી, વગેરેને લગતું ખાતું

આ ખાતાં પ્રાંતિક બન્યાથી વડી સરકારને એટલે આ ખાતાના સભાસદને તો માત્ર સ્થાનિક સરકારોના એ વિષયના વહીવટ ઉપર દેખરેખ રાખવાનું જ રહે છે.

(૮) ઉદ્યોગ અને મજુર વર્ગને લગતું ખાતું

દેશનાં હુન્નરઉદ્યોગને અર્થશાસ્ત્ર, વિજ્ઞાન, વગેરેની મદદથી ઉત્તેજન આપવાનું કામ આ ખાતું કરે છે.

## પ્રકરણ–૩ જું

## પ્રાંતિક સરકાર

### બ્રિટિશ હિન્દના રાજકીય વિભાગો

રાજવહીવટની સરળતાને ખાતર બ્રિટિશ હિન્દના પંદર વિભાગ કરવામાં આવ્યા છે. તેમાંથી મુંબઈ, મદ્રાસ અને બંગાળા ત્રણ ઈલાકાઓ, અને સંયુક્તપ્રાંતો, પંજાબ, બિહાર ને ઓરિસા, મધ્યપ્રાંતો અને આસામ એ પાંચ પ્રાંતો એ દરેક 'ગવર્નર' ચલાવે છે. બ્રહ્મદેશ 'લેફ્ટેનન્ટ ગવર્નર'ના હાથ નીચે છે, જ્યારે વાયવ્યસરહદનો પ્રાંત, દિલ્હી, બ્રિટિશ બલુચિસ્તાન, અજમેર–મેરવાડા, કુર્ગ અને આન્દામાન એ દરેક 'ચિફ કમિશ્નર' ચલાવેછે.

## ઈલાકાના ગવર્નરો અને બીજા ગવર્નરો

ગવર્નરોને રાજવહીવટમાં મદદ કરવાને કારોબારી સભા અને પ્રધાન મંડળ હોય છે. ઈલાકાના ગવર્નરો બીજા પ્રાંતોના ગવર્નરો કરતાં તેમની પ્રતિષ્ઠા તેમ જ વધારે પગારને લીધે વધારે મોટો હોદ્દો ભોગવે છે. તેમની નિમણૂક નામદાર શહેનશાહ હિન્દી વજીરની સલાહથી ઇગ્લંડમાં રહેતા પ્રતિષ્ઠિત અને અનુભવી ગૃહસ્થોમાંથી કરે છે. જ્યારે બીજા ગવર્નરોને નિમતાં પહેલાં ગવર્નરજનરલની સલાહ લેવામાં આવે-છે અને તેમની નિમણૂક હિન્દી સનંદી નોકરીના અમલદારોમાંથી પણ થઈ શકે છે. ઈલાકાના ગવર્નરો હિન્દી વજીર સાથે સીધો પત્રવ્યવહાર કરી શકે છે, જ્યારે બીજા ગવર્નરો તેમ કરી શકતા નથી.

## હિન્દી પ્રજાની રાજકીય જાગ્રતિ અને રાષ્ટ્રીય ભાવના

પ્રજાની રાષ્ટ્રીય ભાવનાને સંતોષવા માટે હિન્દી વજીર મી. મોન્ટેગ્યુએ ૧૯૧૭ના ઑગસ્ટની ૨૦મી તારીખે જાહેર કર્યું કે જવાબદાર રાજતંત્રના હક્ક આપવાને, હિન્દના રાજવહીવટમાં હિન્દીઓનું પ્રમાણ વધારવાને તથા હિન્દુસ્તાનને બ્રિટિશ સામ્રાજ્યનું એક અંગ ગણવાને બ્રિટિશ સરકાર તત્પર છે. આ નિવેદનના સારરૂપ મોન્ટફર્ડ સુધારાઓ* હિન્દુસ્તાનને મળ્યા અને તેમાં જણાવવામાં આવ્યું કે જવાબદાર રાજ-તંત્ર, ક્રમશઃ સ્થાપવા માટે પ્રાંતિક સરકારથી શરૂઆત કરવી. તે માટે પ્રાંતોને ધારા ઘડવામાં, રાજવહીવટમાં અને નાણાં પ્રકરણમાં થોડેક અંશે સ્વતંત્રતા આપવાનું નક્કી થયું.

## 'દ્વિરાજક કાર્યવાહી પદ્ધતિ'

આ પદ્ધતિથી પ્રાંતિક કાર્યવાહી મંડળના બે વિભાગ પડી જાય છે. એક વિભાગ ગવર્નર અને તેની કારોબારી સભાનો છે અને તે

---

*૧૯૧૯માં દાખલ થયલા સુધારા 'મોન્ટ-ફર્ડ' સુધારા કહેવાય છે. કારણ કે તે વખતે મી. મોન્ટેગ્યુ હિન્દી પ્રધાન હતા અને લૉર્ડ ચેમ્સફર્ડ હિન્દના વાઈસરૉય હતા.

રાજસભાને જવાબદાર છે; બીજો ગવર્નર અને તેના પ્રધાનોનો છે અને તે ધારાસભાને જવાબદાર છે.

પ્રાંતિક કારોબારી સભા ગવર્નર અને બે થી ચાર સભાસદોની બનેલી છે. મોટે ભાગે અડધો અડધ સભ્યો હિન્દી હોય છે. નામદાર શહેનશાહ તેમને પાંચ વર્ષ માટે નિમે છે. તેમની હકુમતમાં "અનામત" –રીઝર્વ્ડ તરીકે ઓળખાતા વિષયો છે. આ વિષયોની વ્યવસ્થા માટે ગવર્નર પહેલાંની પેઠે જ હાલ પણ રાજસભાને જવાબદાર છે.

ધારાસભામાં ચૂંટાયેલા સભ્યોમાંથી ગવર્નર તેના પ્રધાનોની નિમણુક કરે છે, અને તેમને "સોંપાયલા"–ટ્રાન્સફર્ડ વિષયોનો વહીવટ આપે છે. તેઓ ધારાસભાને જવાબદાર છે.

(૧) ન્યાય, પોલીસ, જેલ, યૂરોપીઅનોનું શિક્ષણ, સ્ટેંપ, જમીન-મહેસૂલ વગેરે ખાતાંઓનો અનામત વિષયોમાં સમાવેશ થાય છે, અને તેનો વહીવટ કારોબારી સભાના હાથમાં છે. (૨) સ્થાનિક સ્વરાજ્ય, જાહેર બાંધકામ, કેળવણી, આબકારી, જંગલોની દેખરેખ વગેરે વિષયો સોંપાયલા વિષયો કહેવાય છે, અને તેનો વહીવટ પ્રધાનોને સોંપવામાં આવ્યો છે.

**પ્રધાનો કાર્યવાહી રાજતંત્રના સભ્યો છે પણ કારોબારી સભાના સભ્યો નથી.** તેમની મુદત ધારાસભાની મુદત જેટલી એટલે કે ત્રણ વર્ષની છે. અજ્ઞાન અથવા બિનઅનુભવથી પ્રધાનોએ કદાચ ખોટો માર્ગ લીધો હોય તો ગવર્નર તેમની ભૂલ સુધારવા સલાહ આપે છે, પણ જો તેઓ ન સમજે તો પ્રણાલિકા એવી છે કે, તેણે તેમને તેમનો માર્ગ લેવા દેવો :અને પછી જરૂર જણાય તો આપસત્તાથી તેમના નિર્ણયનો અસ્વીકાર કરવો. જો પ્રધાનને આ અસ્વીકાર બિનજરૂરી યા અયોગ્ય લાગે તો રાજીનામું આપી શકે છે. વળી જો ગવર્નરને એમ લાગે કે અમુક પ્રધાન વારંવાર ખોટું કાર્ય કરે છે અથવા તો ધારાસભાનો વિશ્વાસ તેણે ખોયો છે તો તેને એ દૂર કરી શકે છે. આવા બનાવ વખતે જો બીજા પ્રધાનો તેમજ ધારાસભા, ગવર્નરના

નિશ્ચય વિરુદ્ધ એ પ્રધાનને સબળ ટેકો આપે તો ગવર્નર તેમને સઘળાને રજા આપી, ધારાસભાને વિસર્જન કરી નવી ચૂંટણી કરાવી શકે છે. પરંતુ આ નવા પ્રધાનો પણ જુના પ્રધાનોના મતના જ હોય તો ગવર્નરને તેમનો મત સ્વીકારવો પડે છે. આ ઉપરથી એટલું તો સ્પષ્ટ છે કે ગવર્નરના હાથમાં બહોળી અને અગત્યની સત્તા હોવા છતાં આખરે નિશ્ચયી મતધારીઓને નમ્યા વગર તેનો છૂટકો નથી.

## કાર્યવાહી મંડળની એકત્ર સભા

આ દ્વિરાજક કાર્યવાહી પદ્ધતિમાં બે પ્રકારની સત્તાનો સમાવેશ થયેલો હોવાથી, કારોબારી સભા અને પ્રધાનો વચ્ચેની એકતા અને સહકાર ઉપર તેની સફળતાનો આધાર રહ્યો છે. તેમની વચ્ચેની આ એકતા અને સહકાર વધારવા માટે આ બે વિભાગોને સાથે મેળવવાની ગવર્નર હમેશાં ગોઠવણ કર્યા કરે છે. રોજનું સાધારણ કામ ઘણુંખરૂં ખાતાંઓ મારફતે જ થાય છે, પરંતુ ઘણી મહત્ત્વની બાબતો માટે ગવર્નરના અધ્યક્ષપણા હેઠળ આખું કાર્યવાહી મંડળ મળે છે. પ્રધાનો કારોબારી સભાસદોને પ્રજાનું દૃષ્ટિબિંદુ અને તેમની ઇચ્છા જણાવે છે અને કારોબારી સભાસદો સરકારનો અનુભવપ્રવીણ મત દર્શાવે છે. આથી દરેક પક્ષ બીજા પક્ષની દલીલ જાણી અને સમજીને જ નિર્ણયપર આવે છે. આટલું થયા પછી પણ દરેક પક્ષ પોતાનું ધાર્યું કરવાને મુખત્યાર છે. 'અનામત' ખાતાનો છેવટનો નિર્ણય અને તેની જવાબદારી કારોબારી સભાસદોને માથે છે, જ્યારે 'સોંપાયલા' વિષયોનો ફડચો પ્રધાનો જ આણે છે.

## પ્રાંતિક વિભાગો અને તેનો વહીવટ

પ્રાંતિક સરકારનું તંત્ર જોયા પછી આપણે હવે પ્રાંતનાં આંતરિક રાજવહીવટનુ તંત્ર જોઇએ. રાજવહીવટની સરળતા માટે બ્રિટિશ હિન્દમાં દરેક પ્રાંત વિભાગોમાં અને જીલ્લાઓમાં વહેંચી નાખવામાં આવ્યો છે. વિભાગોનો ઉપરી કમિશ્નર કહેવાય છે. પરંતુ આખા

હિન્દુસ્તાનમાં રાજવહીવટના નાનામાં નાના અંગ તરીકે તો જીલ્લાને જ ગણવામાં આવ્યો છે. હિન્દુસ્તાનમાં ૨૭૧ જીલ્લા છે, દરેક જીલ્લાનું સરાસરી ક્ષેત્રફળ ૫૦૦૦ ચો. મા. છે; અને તેની વસતી આશરે ૧૦ લાખ માણસની છે. જીલ્લાના પેટા વિભાગ તાલુકાઓ છે અને તાલુકો ઘણાં ગામો મળીને બને છે.

## જીલ્લાનો કલેકટર

જીલ્લાનો ઉપરી કલેકટર કહેવાય છે. તે પહેલા દરજ્જાનો મૅજિસ્ટ્રેટ છે. મહેસૂલી અમલદાર તરીકે તે પોતાના જીલ્લાની જમીનની મહેસૂલ માટે જોખમદાર છે; જો ખેડૂત અને જમીનદાર વચ્ચે તકરાર પડે તો તેનો નિવેડો એણે આણવો પડે છે. દુષ્કાળના વખતમાં 'તગાવી' મદદ કોને અને કેટલી આપવી તે એ નક્કી કરે છે. જીલ્લાના એક મુખ્ય મૅજિસ્ટ્રેટ તરીકે એ જીલ્લા પોલિસનો ઉપરી છે અને જીલ્લાની સુલેહ અને સંરક્ષણ માટે જોખમદાર છે. વળી તેના જીલ્લામાં આવેલાં ગામડાંઓના વહીવટ માટે તે જવાબદાર હોવાથી તેનો ઘણો વખત આ ગામડાંઓની સુખાકારી, કેળવણી, ખેતી વગેરે પર દેખરેખ રાખવામાં જાય છે. કલેકટરની આ બધી ફરજો જોતાં તે દરેલ પ્રકૃતિનો, લોકો તરફ સહાનુભૂતિવાળો અને ઉદ્યમી હોય એ જરૂરનું છે.

## જીલ્લાના પેટાવિભાગો અને તેના ઉપરીઓ

કલેકટરના હાથ નીચે 'આસીસ્ટંટ' અને 'ડેપ્યુટી' કલેકટરો હોય છે અને તેઓમાંના દરેકના તાબામાં જીલ્લાના પેટાવિભાગોમાંનો એક હોય છે. તાલુકાઓનો ઉપરી મામલતદાર કહેવાય છે. દરેક ગામડામાં ત્રણ મુખ્ય સરકારી માણસો હોય છે:–(૧) પટેલ, મહેસૂલ ઉઘરાવે છે. (૨) કુલકર્ણી, હિસાબ રાખે છે (૩) ચોકીદાર, ગામની ચોકી કરે છે.

# પ્રકરણ-૪ થું

# સ્થાનિક સ્વરાજ્ય

## પ્રાચીન હિન્દની સંસ્થાઓ

હિન્દુસ્તાનના પ્રાચીન ઇતિહાસનો પ્રદેશ પ્રથમ પશ્ચિમના વિદ્વાનોએ ખેડેલો હોવાથી અને તેમણે આપેલું ચિત્ર બહુધા એક તરફી હોવાથી સાધારણ રીતે લોકમાન્યતા એવી થઈ ગઇ છે કે હિન્દીઓ આપખુદ સત્તાને ચાહનારા છે અને તેમને બંધારણી રાજસત્તા કે સ્વરાજ્ય ગમતું નથી. પરંતુ હાલમાં હિન્દમાતાના કેટલાક વિદ્વાન પુત્રોએ પ્રાચીન ઇતિહાસનો અભ્યાસ કરી કેટલાંક અમૂલ્ય પુસ્તકો પ્રકટ કરી સિદ્ધ કરી આપ્યું છે કે યૂરોપીય પ્રજા જ્યારે જંગલી અવસ્થામાં હતી ત્યારે આર્યાવર્તમાં નાનકડાં કેટલાંએ પ્રજાસત્તાક રાજ્યો પ્રસરેલાં હતાં. વિન્સેન્ટ સ્મિથ જેવા હિન્દના પ્રાચીન ઇતિહાસના પ્રખર અભ્યાસક યૂરોપીય હોવા છતાં કેટલાક દાખલા ટાંકી આ મતને ટેકો આપે છે. મહાન સિકંદરે પોતાની સ્વારી વખતે હિન્દુસ્તાનમાં ઘણાંયે નાનાં નાનાં પ્રજાસત્તાક રાજ્યો દીઠાં હતાં. વળી ચંદ્રગુપ્તના દરબારમાં આવેલા ગ્રીક એલચી મેગેસ્થીનસે હિન્દમાં એવાં ૧૧૮ રાજ્યો હોવાનું લખ્યું છે, એટલું જ નહિ પણ એ તો કહે છે કે તે વખતનું હિન્દનું પ્રજાતંત્ર પ્રશંસાપાત્ર હતું. મધ્યકાલીન હિન્દુ અને મુસલમાની કાળમાં પણ આ નાનકડાં પ્રજાસત્તાક રાજ્યો પુરાણા વખતથી ચાલી આવેલી રીત પ્રમાણે આંતરિક વ્યવસ્થા જાળવતાં અને ન્યાય આપતાં.

## તેમનું બંધારણ

ગામના વડીલોની મંડળી 'પંચાયત' કહેવાતી અને તે ગામનો વહીવટ ચલાવતી. ચોકીદાર, હિસાબી કારકુન, કાસદ, કુંભાર વગેરે આ ગામડાની સરકારના અમલદારો હતા અને તેમને પગારપેટે જમીન આપવામાં આવતી, અથવા તો ગામની જમીનના કુલ પાકમાંથી અમુક

હિસ્સો તેમને આપવામાં આવતો. પરંતુ કંપની સરકારના રાજ્યે આ પંચાયતોની અવદશા કરી અને તે ધીમે ધીમે અદૃશ્ય થઈ. સર્વે સંસ્થાઓ આદર્શ હતી એમ કહેવાનો હેતુ નથી પણ જો તે બગડેલી સંસ્થાને સુધારી હોત તો સ્વરાજ્યના એકના એક બીજનો આ પ્રમાણે નાશ ન થાત. ગામડાંઓના સત્તાધીશો તરફના અણવિશ્વાસને લીધે તેમની મહેસૂલી અને ફોજદારી સત્તા ઝૂંટવી લેવામાં આવી અને તેથી સત્તા વગરની નામની સંસ્થાઓનો નાશ થયો. પરંતુ ચાલુ જમાનામાં બ્રિટિશ સરકારે જ્યારે હિન્દુસ્તાનમાં સ્થાનિક સ્વરાજ્ય સ્થાપવાનો નિશ્ચય કર્યો ત્યારે આ ગ્રામ્ય પંચાયતોનો પુનરુદ્ધાર કરવાની તેને ખાસ જરૂર જણાઈ. તેથી પંચાયતોને પાછી અસ્તિત્વમાં લાવવાને સરકાર મહેનત કરી રહી છે.

## મ્યુનિસિપાલિટીઓની ઉત્પત્તિ અને વિકાસ

હાલમાં હિન્દુસ્તાનમાં જે પદ્ધતિ પ્રમાણે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ ચાલે છે તેને ઉપર જણાવેલી જૂની સંસ્થાઓ સાથે કંઈ પણ સંબંધ નથી. હાલની સંસ્થાઓ બ્રિટિશ સરકારે દાખલ કરેલી પદ્ધતિ મુજબ યોજાયલી છે. (૧) કંપની સરકારના રાજ્યની શરૂઆતમાં કલકત્તા, મદ્રાસ અને મુંબઈને મ્યુનિસિપાલિટી જેવું કંઈક બંધારણ કરી આપવામાં આવ્યું હતું. અંગ્રેજી સંસ્થાઓની નકલ કરી અહીં પણ 'મેયર' વગેરે અધિકારીઓ નિમ્યા હતા. આ મ્યુનિસિપાલિટીઓને શહેરની કેળવણી, સુખાકારી વગેરે માટે દેખરેખ રાખવાની અને શહેરમાં જતી આવતી ચીજોપર કર નાખવાની સત્તા હતી. (૨) સને ૧૮૫૦માં મ્યુનિસિપાલિટીઓને લગતો કાયદો પસાર કરવામાં આવ્યો અને પ્રાંતોમાં મ્યુનિસિપાલિટીઓ સ્થાપી તેમાં લોકનું પ્રતિનિધિત્વ કંઈક અંશે દાખલ કરવામાં આવ્યું. (૩) સને ૧૮૫૬માં મ્યુનિસિપાલિટીના વહીવટ માટે સરકારે કમિશ્નરો નિમ્યા. સને ૧૮૭૦ના લૉર્ડ મેયોના ઠરાવથી આ પદ્ધતિમાં સુધારો કરવામાં આવ્યો. ત્યારબાદ મ્યુનિસિપલ વહીવટમાં સ્થાનિક પ્રજાને આગળ પડતો ભાગ લેવાને

સરકારે ઉત્તેજન આપવાની નીતિ અખત્યાર કરી. (૪) સને ૧૮૮૧માં લૉર્ડ રિપને સ્થાનિક સ્વરાજ્ય વિષે તેનો પ્રખ્યાત ઠરાવ પ્રકટ કર્યો. આ ઠરાવથી મ્યુનિસિપાલિટીની આવક માટે ઘણાં સ્થાનિક સાધનોપર કર નાખવાની છૂટ આપવામાં આવી. મ્યુનિસિપાલિટી એ સ્વરાજ્યનું પ્રથમ પગથિયું છે એમ પહેલીવાર જાહેર કરનાર આ ઉદારચિત મહાન વઈસરૉયની હિન્દી પ્રજા ઋણી છે. (૫) સને ૧૮૯૩ના કાયદાએ સ્થાનિક સંસ્થાઓનાં સત્તા તેમજ કાર્યો વધાર્યાં. પ્રજાનું પ્રતિનિધિત્વ પણ વધારવામાં આવ્યું.

## 'કૉર્પોરેશન્સ'

મુંબઈ, મદ્રાસ અને કલકત્તા કંપની સરકારના ખાસ મથકો હોવાથી ત્યાંની મ્યુલિસિપાલિટી જુનામાં જુની છે અને હજુ પણ બ્રિટિશ હિન્દમાં એ ત્રણ મુખ્ય હોઈ 'કૉર્પોરેશન'ને નામે ઓળખાય છે. તેમનું બંધારણ સ્થાનિક સરકારે પસાર કરેલા ખાસ કાયદાથી ઘડાયેલું છે. આ ત્રણેમાં મુંબઈની 'કૉર્પોરેશન'માં લોકોના પ્રતિનિધિઓનું પ્રમાણ સૌથી વધારે છે.*

## શહેરોની મ્યુનિસિપાલિટીઓનું બંધારણ

શહેરોની મ્યુનિસિપાલિટીમાં ⅘ સભ્યો ચૂંટાયલા છે અને ⅕ સરકારના નિમેલા છે. સભ્યો પોતાનામાંજ એકને પ્રમુખ તરીકે ચૂંટી કાઢે છે.

---

*** મુંબઈની કૉર્પોરેશન**

મુંબઈની કૉર્પોરેશનનું હાલનું બંધારણ સને ૧૯૨૩ ના કાયદાની રૂએ થયું છે. તેમાં ૧૦૬ સભ્યો છે, જેમાંના ૭૬ શહેરના ભાડા ભરનારાઓએ ચૂંટેલા પ્રતિનિધિઓ છે. શહેરના મંડળો જેવાં કે દેશી વેપારી મંડળ, બોમ્બે ચેમ્બર ઑફ કૉમર્સ, યુનિવર્સિટી અને મીલમાલેકોનું મંડળ એ દરેકના એક એક એ પ્રમાણે ચાર, અને ૧૬ સરકારના નિમેલા સભ્યો છે. આ ૯૬ સભાસદો બીજા ૧૦ સભ્યોને પસંદ કરે છે.

### સરકારી અંકુશ

આ સંસ્થાઓ ઉપરનો સરકારનો કાબુ ઓછો થવા છતાં હજુ ઘણો છે, અને તે અંકુશ જીલ્લા-કલેકટર અથવા તેજ વિભાગના કમિશ્નર મારફત વપરાય છે. સરકારની પરવાનગી વિના મ્યુનિસિપાલિટીઓથી મોટું જાહેર દેવું કરી શકાય નહિ. વળી મ્યુનિસિપાલિટીના નાણાં, હિસાબ અને મોટા કારોબારી અમલદારોની નિમણૂક પર ખાસ અંકુશ રાખવામાં આવે છે. મ્યુનિસિપાલિટીમાં અંધેર હોય અથવા તે તેની સત્તાનો દુરુપયોગ કરે છે એમ સરકારને લાગે તો મ્યુનિસિપાલિટીને અમુક વખત માટે બરતરફ કરી પોતે નિમેલી કમિટિ દ્વારા સરકાર વહીવટ ચલાવી શકે છે.

### મ્યુનિસિપાલિટીની ફરજો

મ્યુનિસિપાલિટીઓ માટે નીચેનાં કામ ફરજીઆત છેઃ–(૧) દીવાબત્તીની વ્યવસ્થા કરવી, (૨) રસ્તા વાળવા, (૩) આગથી રક્ષણ કરવું, (૪) નુકસાનકારક અને જોખમકારક વેપાર ધંધાને અટકાવવા યા નિયમમાં રાખવા, (૫) રસ્તા વચ્ચે અને ચકલાઓમાં હરકત કરતી વસ્તુઓને દૂર કરવી, (૬) જોખમકારક મકાનો દૂર કરવાં યા ખરીદી લેવાં, (૭) ગંદકીવાળા સ્થાનોને ચોકખા કરાવવાં, (૮) મડદાંઓને બાળવા, દાટવા વગેરેની વ્યવસ્થા રાખવી, (૯) જાહેર રસ્તાને પાકા કરવા અને બરાબર રાખવા, (૧૦) નાળાં બંધાવવાં, (૧૧) જાજરૂ, ગટર, હમામખાનાં, ધોવાની જગ્યાઓ, હવાડા અથવા હોજ, તળાવ વગેરે બાંધવા, (૧૨) પ્રાથમિક કેળવણી આપવી, અને (૧૩) પાણી પૂરૂં પાડવું.

### આવકનાં સાધનો

લોકોના પર ઘર, જાજરૂ, નળ વગેરેનો વેરો નાખી આ બધાં કામો માટે જોઈતાં નાણાં મ્યુનિસિપાલિટી મેળવે છે.

**લોકલબોર્ડનું બંધારણ, આવકના સાધનો વગેરે**

લૉર્ડ રિપનના ઠરાવ મુજબ શહેરની મ્યુનિસિપાલિટી પેઠે ગામડાઓમાં લોકલબોર્ડની સ્થાપના થઈ છે. આ બોર્ડોમાં બિનસરકારી સભ્યોનું પ્રમાણ વધુ રાખવું, અને બની શકે ત્યાં સુધી તેનો પ્રમુખ પણ બિનસરકારી રાખવો—આવી સામાન્ય ભલામણો તે ઠરાવમાં હતી. સ્થાનિક સરકારોએ પરિસ્થિતિનો વિચાર કરી યોગ્ય ફેરફારો સાથે આ ભલામણો અમલમાં મૂકી છે.

આ પ્રમાણે મુંબઈ ઈલાકામાં તાલુકા અને જીલ્લા બોર્ડો છે; ગ્રામ્ય પંચાયતો નહોતી તે હવે સ્થાપવામાં આવી છે. ઘણુંખરું તાલુકાબોર્ડનો પ્રમુખ મામલતદાર અને જીલ્લાબોર્ડનો પ્રમુખ કલેકટર હોય છે. જીલ્લાબોર્ડના કાર્યો ઘણેભાગે શહેરની મ્યુનિસિપાલિટીને મળતાં છે અને તાલુકાબોર્ડ પોતાની સરહદમાં એજ કામો જીલ્લાબોર્ડની દેખરેખ હેઠળ કરે છે. તે માટે જોઈતા પૈસા માટે જમીન મહેસુલપર રૂપીએ એક આનો લોકલ ફંડનો લેવામાં આવે છે. વળી રસ્તાના તેમજ નાળાં તથા પૂલનાં નાકા ઉપર પણ નાકાવેરો લેવામાં આવે છે.

## પ્રકરણ–૫ મું

## ધારાસભા

### (૧) વડી ધારાસભા

વડી ધારાસભાના બે વિભાગ પાડવામાં આવ્યા છે. (૧) કાઉન્સીલ ઑફ સ્ટેટ, અને (૨) લેજીસ્લેટીવ એસેમ્બલી. દરેક ખરડો આ બન્ને સભાએ પસાર કરેલો હોવો જોઈએ.

## કાઉન્સીલ ઑફ સ્ટેટનું બંધારણ

'કાઉન્સીલ ઑફ સ્ટેટ'માં ૬૦ સભાસદો હોય છે, જેમાંના ૩૩ ચૂંટાયલા છે. બાકીના ૨૭ વાઇસરૉય નિમે છે, જેમાંના વધુમાં વધુ ૨૦ સરકારી નોકરો હોઈ શકે. કાઉન્સીલનું કામકાજ ચલાવવાને વાઈસરૉય એક પ્રમુખની નિમણુક કરે છે. આ મંડળની મુદત પાંચ વર્ષની છે.

## લેજીસ્લેટીવ એસેમ્બલીનું બંધારણ

'લેજીસ્લેટીવ એસેમ્બલી' ૧૪૪ સભાસદોની બનેલી છે, જેમાંના ૧૦૩ પ્રજાના ચૂંટેલા છે. ૪૧ સરકાર નિમે છે, જેમાંના વધુમાં વધુ ૨૬ સરકારી અમલદાર હોઈ શકે. સભાસદોની કુલ સંખ્યામાં વધારો થઈ શકે છે; પરંતુ ધોરણ એ રાખવામાં આવ્યું છે કે કુલ સંખ્યાના ૫/૭ ચૂંટાયલા અને બાકીનામાંના ૧/૩ બિનઅધિકારી સભ્યો હોવા જોઇએ. સભાની મુદત ત્રણ વર્ષની છે. પહેલા ચાર વર્ષ માટે પ્રમુખની નિમણુક વાઈસરૉયે કરી હતી. ત્યાર પછી એસેમ્બલી જ પોતામાંના એકને પ્રમુખ તરીકે ચૂંટે છે.

## કોમી પ્રતિનિધિત્વ

કોમી પ્રતિનિધિત્વનું ધોરણ પહેલવહેલું સને ૧૯૦૯ના મોર્લે-મિંટો સુધારાથી દાખલ થયું અને પ્રાંતિક તેમ જ વડી ધારાસભામાં મુસલમાનોને માટે ખાસ બેઠક રાખવામાં આવી. સને ૧૯૧૯ના કાયદાથી મુસલમાનો ઉપરાંત પંજાબમાં શિખો, મદ્રાસમાં હિન્દી ખ્રિસ્તીવર્ગ અને મુંબઇ, મદ્રાસ ને બંગાળામાં યૂરોપીઅનોને ખાસ પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું. વળી આ જ સિદ્ધાંત પ્રમાણે મદ્રાસમાં બ્રાહ્મણેતર વર્ગ અને દખ્ખણમાં મરાઠાઓને માટે અમુક સંખ્યા અલાયદી રાખવામાં આવી છે. વધુમાં અંત્યજ અને પછાતવર્ગ, મજુરવર્ગ વગેરેના પ્રતિનિધિઓને સરકાર જ નિમે છે. આવી રીતનું કોમી પ્રતિનિધિત્વ દૂર થવાની જરૂર છે. કારણકે એને લીધે હિન્દુ, મુસલમાન, બ્રાહ્મણ, અબ્રાહ્મણ વગેરે કોમો વચ્ચે કડવાશ ઉભી થઈ છે.

## ધારાસભાની સત્તા

ધારાસભાના કાર્ય-વિષયોના ત્રણ પ્રકાર છેઃ—(૧) ધારા ઘડવા, (૨) મહત્ત્વના પ્રશ્નોની ચર્ચા કરવી, અને (૩) સવાલ પૂછી બાતમી મેળવવી.

### (૧) ખરડો પસાર કરવાની વિધિ

કોઇ પણ ખરડાને ધારાસભાના બંને વિભાગોમાંથી પસાર કરવાની વિધિ બ્રિટિશ રાજસભામાં થતી વિધિને ઘણી રીતે મળતી છે. બંને વિભાગોમાંનો કોઇ પણ સભાસદ પોતાના વિભાગમાં ખરડો રજુ કરી શકે છે. બિન--અમલદાર સભાસદને પોતાનો ખરડો રજુ કરવાની ખબર આપવી પડે છે અને આ ખબર આપતી વખતે તે ખરડો અને તેના હેતુ વગેરે સરકારને મોકલવા પડે છે. પછી આ મુસદ્દો જાહેર જાણ માટે સરકારી ગેઝેટમાં છપાય છે. કેટલીક વખત આવી રીતે છપાયલા મુસદ્દાને પહેલી વારના વાંચનમાંથી પસાર થયેલા ગણવામાં આવે છે, નહિ તો છપાયા પછી અમુક મુદતે પ્રથમ વાંચન માટે રજુ થાય છે. તે વખતે તેનાં કારણો અને હેતુઓ પર ચર્ચા થઇ તેને વિચાર માટે હાથ ધરવો કે નહિ તે મત લઈ નક્કી થાય છે. ત્યારપછી ખરડો સીલેક્ટ કમિટિને સોંપવામાં આવે છે. સીલેક્ટ કમિટિ મુસદ્દાની દરેક કલમપર ચર્ચા કરી જે જે ફેરફાર કરવા યોગ્ય લાગે તે કરી કારણો સહિત પોતાનો રિપોર્ટ છપાવી ધારાસભાના દરેક સભાસદને પૂરો પાડે છે. ત્યારબાદ બીજા વાંચન માટે ધારાસભામાં તે ખરડો હાથમાં લેવામાં આવે છે. તે વખતે સભા તેની કલમે કલમની ચર્ચા કરે છે, અને મત લઇ સુધારાવધારા કરે છે. આ રીતે આખો મુસદ્દો બીજી વારના વાંચનમાંથી પસાર થાય છે. ત્યાર પછી તે ત્રીજી વારના વાંચન માટે રજુ થાય છે; તે વખતે દરેક કલમ ઉપર મત નથી લેવાતા પણ આખા બીલ ઉપરજ લેવાય છે, અને એ રીતે એક સભા એ ખરડાને ત્રીજી વારના વાંચનમાંથી પસાર કરી બીજી સભામાં મોકલી આપે છે. ત્યાં પણ તે આવીજ રીતે ત્રણવાર પસાર થાય છે.

જો બંને મંડળોમાંથી તે કાયદો એક સરખો પસાર થાય તો ગવર્નર-જનરલની મંજુરી માટે મોકલવામાં આવે છે. સરકારે રજુ કરેલો કોઈ ખરડો બંને મંડળ અથવા બેમાંથી એક મંડળ મંજુર કરવાની ના પાડે તો ગવર્નરજનરલ પોતાની સત્તાથી તેને કાયદા તરીકે પસાર કરી શકે છે.

(૨) મહત્ત્વના પ્રશ્નોપર ચર્ચા કરવાની સત્તા ધારાસભાને સને ૧૮૯૨થી આપવામાં આવી છે. આ સત્તા ત્રણ રીતે વપરાય છે. ૧. કોઈપણ મહત્ત્વના જાહેર હિતને લગતા વિષયની ચર્ચા માટે સભા બરખાસ્ત કરવાની દરખાસ્ત કરવી, ૨. જાહેરહિતનાં કામો માટે ઠરાવ લાવવા, ૩. અંદાજપત્ર ઉપર ચર્ચા કરવી.

૧. સભા બરખાસ્ત કરવાની દરખાસ્ત કયાંતો સરકાર પાસેથી વધુ ખુલાસો મેળવવા માટે અથવા તો તેના પર સભાના તિરસ્કારની લાગણી બતાવવા માટે લાવવામાં આવે છે અને તે પ્રમુખની રજાથી રજુ થાય છે. સભાનો અભિપ્રાય જાણી લઇ પ્રમુખ તે મુજબ પોતાનો નિર્ણય આપે છે. આવી દરખાસ્ત સભાની એક બેઠકમાં એક જ વખત લાવી શકાય; વળી એ અરસામાં જ બનેલા કોઈ બનાવને લગતી તે હોવી જોઇએ; અને કોઈ ચર્ચા ચાલુ બેઠકમાં થવાની હોય અથવા જે વિષે સભામાં ઠરાવ લાવી શકાય તે વિષે આવી દરખાસ્ત રજુ કરી શકાય નહિ.

૨. સભામાં રજુ થઈ પસાર થતા ઠરાવો માત્ર મતદર્શનરૂપે જ છે, અને તે કોઈ પણ રીતે બંધનકર્તા નથી. પરંતુ આ મતદર્શનની કિંમત સભાના પ્રતિનિધિત્વ પર આધાર રાખે છે. આવા ઠરાવ ગવર્નર-જનરલ અને તેની કારોબારી સભાને ભલામણ રૂપે જ લાવી શકાય અને તે ઠરાવ પરદેશીય સંબંધ, દેશી રાજાઓ અથવા કોર્ટમાં ચાલતા કામ વિષે હોવો જોઇએ નહિ. જાહેર હિતને નુકસાનકારક ગણી કોઈપણ ઠરાવની ગવર્નરજનરલ મના કરી શકે છે. ઠરાવ રજુ થઇને પસાર થયા પછી તેની નકલ ગવર્નરજનરલ ઉપર મોકલવામાં આવે છે.

૩. અંદાજપત્ર એ કાર્યવાહીએ ધારાસભા આગળ રજુ કરેલો જાહેર નાણુંનો હિસાબ છે. રાજ્ય ચલાવવાની સત્તા નાણુંસ્થિતિ પર આધાર રાખતી હોવાથી જાહેર નાણું પર પ્રજાના પ્રતિનિધિઓને સર્વે પ્રજાકીય દેશોમાં સંપૂર્ણ સત્તા છે. આ સત્તા ઉપરથી જ રાજવહીવટમાં પ્રજામતની કેટલી કિંમત છે તેની ગણતરી થાય છે. હિન્દી ધારાસભામાં ખાસ બાબતો બાદ કરતાં અંદાજપત્રની બીજી બાબતો પર ધારાસભાની મંજુરી લેવાય છે. કોઇપણ નવા કર નાખવા માટે ધારાસભાની મંજુરી આવશ્યક છે. પણ જો કોઇ વખત બંને કે એક મંડળ ના પાડે અને વાઇસરૉયને એમ લાગે કે કરની જરૂર છે તો પોતે પોતાની સત્તાથી નવા કર નાખી શકે છે.

(૩) ધારાસભાનું ત્રીજું મહત્ત્વનું કાર્ય સવાલો પૂછી સરકારનાં કાર્યો અને ભૂલો પર જાહેર પ્રજાનું ધ્યાન ખેંચવાનું છે. જે ખાતાને લગતો સવાલ હોય તે ખાતાના જ અમલદારને સવાલ પૂછી શકાય. પરદેશીય સંબંધ, દેશી રાજાઓ સાથેનો સંબંધ અને કોર્ટમાં ચાલતા મુકર્દમા વિષે સવાલો પૂછી શકાય નહિ.

## (૨) પ્રાંતિક ધારાસભા

### મોન્ટફર્ડ સુધારાથી થયલા ફેરફારો

હિન્દમાં જવાબદાર રાજતંત્રની શરૂઆત પ્રાંતોથી કરવાની હોવાથી સને ૧૯૧૯ના કાયદાથી પ્રાંતિક ધારાસભાના બંધારણમાં ઘણા મહત્ત્વના ફેરફારો થયા છે. (૧) ગવર્નર હવે ધારાસભાનો પ્રમુખ નથી. પહેલા ચાર વર્ષ માટે પ્રમુખની નિમણૂક ગવર્નરે કરી હતી અને ત્યાર પછી ધારાસભાના સભાસદો પોતામાંના જ એકને પ્રમુખ તરીકે ચૂંટી કાઢે છે. (૨) ધારાસભાના સભાસદોની સંખ્યા ઘણી વધારવામાં આવી છે. (૩) બિન-સરકારી ચૂંટાયલા સભાસદોની બહુમતિ દાખલ કરવામાં આવી છે. (૪) સીધી ચૂંટણીની રીત અખત્યાર કરવામાં આવી છે.

અને ચૂંટનારની સંખ્યા પણ વધારવામાં આવી છે. (૫) રાજવહીવટના બે વિભાગ કરી એકને કારોબારી સભાના, અને બીજાને પ્રધાનોના, અંકુશ હેઠળ મૂકવામાં આવ્યો છે.

## પ્રાંતિક ધારાસભાની રચના

જુદા જુદા પ્રાંતોની ધારાસભામાં હાલમાં સભાસદોની સંખ્યા નીચે પ્રમાણે છે:—

| | | | |
|---|---|---|---|
| મદ્રાસ | ૧૨૭ | પંજાબ | ૮૩ |
| મુંબઈ | ૧૧૧ | બિહાર અને ઓરિસા | ૧૦૩ |
| બંગાળા | ૧૪૦ | મધ્ય પ્રાંતો | ૭૦ |
| સંયુક્ત પ્રાંતો | ૧૨૩ | આસામ | ૫૩ |

આમાંના વધુમાં વધુ ૨૦ ટકા સભાસદો સરકારી અમલદાર હોઇ શકે અને ઓછામાં ઓછા ૭૦ ટકા ચૂંટેલા હોવા જોઇએ.

## મુંબઈની ધારાસભાની રચના

કુલ ૧૧૧ સભાસદોમાંથી ૮૬ ચૂંટાયલા છે અને ૨૫ સરકાર નિમે છે. ચૂંટાયલા ૮૬માંથી ૪૬ સામાન્ય પ્રજાએ અને ૨૯ અમુક કોમો તરફથી સામાન્ય રીતે ચૂંટાયલા છે, જ્યારે ૧૧ અમુક ચોક્કસ રીતે ચૂંટી કાઢવામાં આવે છે. ૨૫ સરકારે નિમેલા સભાસદોમાંથી ૨૦ અમલદારો અને ૫ બિન-સરકારી સભ્યો હોય છે.

## મતદારમંડળ અને મતદારોની લાયકાત

મુંબઈની ધારાસભાના સભાસદની ચૂંટણીમાં મત આપનાર ૨૧ અથવા તેથી વધુ વર્ષનો, બ્રિટિશ રૈયત ગણાતો પુરુષ હોવો જોઇએ. જો તેણે ૬ મહિનાની કેદની સજા ભોગવી હોય તો પાંચ વર્ષ સુધી તે મત આપી શકે નહિ. પ્રાંતિક ધારાસભાની રજાથી સ્ત્રીઓ પણ મત આપી શકે. આ સામાન્ય લક્ષણો ઉપરાંત શહેરો માટે મત

આપનાર, જ્યાંથી તે મત આપતો હોય ત્યાં ઓછામાં ઓછા ૬ મહિનાથી રહેતો હોવો જોઇએ; અને મુંબઈમાં રૂા. ૧૨૦). કરાંચીમાં રૂા. ૬૦) અને બીજે ઠેકાણે રૂા. ૩૬)નું વાર્ષિક ભાડું આવે એવા ઘરમાં રહેનાર અથવા એવા ઘરનો માલીક હોવો જોઇએ; અથવા આવકવેરો ભરતો હોવો જોઇએ. ગામડાં માટે મત આપનાર, જ્યાંથી તે મત આપતો હોય ત્યાં ૬ મહિનાથી રહેલો હોવો જોઇએ, રૂા. ૩૨)નું વાર્ષિક જમીન મહેસૂલ આપતો હોવો જોઇએ, અથવા મ્યુનિસિપલ હદમાં આવેલા વાર્ષિક રૂા. ૩૨)ના ભાડાના ઘરમાં રહેનાર અથવા તેનો માલીક હોવો જોઇએ.

## સભાસદોની લાયકાત

ધારાસભાના ઉમેદવારમાં તેના મતદારનાં લક્ષણો તો હોવાં જ જોઇએ; તે ઉપરાંત તે ૨૫ વર્ષ અથવા તે ઉપરનો હોવો જોઇએ અને સનદ છીનવી લીધેલો ધારાશાસ્ત્રી અથવા તો દેવાળીઓ હોવો ન જોઇએ.

## રાજવહીવટના વિષયોની વહેંચણી

**પ્રાંતિક વિષયોને** આગળ જણાવ્યા મુજબ બે વિભાગમાં વહેંચી નાખવામાં આવ્યા છેઃ-અનામત અને સોંપાયલા. **અનામત વિષયોમાં** જમીન મહેસૂલ, દુકાળશમન, ન્યાયખાતું, પોલિસ, કેદખાનાં, વગેરે આવી જાય છે અને તેમનો વહીવટ ગવર્નર અને તેની કારોબારી સભાના સભ્યો ચલાવે છે. આ વહીવટ માટે તેઓ ધારાસભાને નહિ પરંતુ બ્રિટિશ રાજસભાને જવાબદાર છે. **સોંપાયલા વિષયોમાં** સ્થાનિક સ્વરાજ્ય, વૈદકીય ખાતું, સુખાકારી, બાંધકામ, કેળવણી, ખેતીવાડી, આબકારી ખાતું વગેરેનો સમાવેશ થાય છે અને તેમનો વહીવટ ધારાસભાને જવાબદાર પ્રધાનોના હાથમાં છે. આ પ્રમાણે પ્રાંતિક વહીવટમાં દ્વિરાજક કાર્યવાહી પદ્ધતિ-ડાયર્કી દાખલ કરવામાં આવી છે.

અનામત અને સોંપાયલા વિષયો જોવાથી જણાશે કે પ્રજાની ઉન્નતિને લગતા અને નાણાંની ખાસ જરૂર પડે તેવા વિષયો પ્રધાનોને

સોંપવામાં આવ્યા છે. જ્યારે સત્તાવાળા અને મહેસૂલ એટલે નાણું લાવનારા વિષયો ધારાસભાના અંકુશમાંથી મુક્ત રાખવામાં આવ્યા છે.

## ધારાસભાની સત્તા

વડી ધારાસભા પેઠે પ્રાંતિક ધારાસભાના કામકાજના પણ ત્રણ વિભાગ પડી શકે. (૧) ધારા ઘડવા, (૨) ચર્ચા અને વિચારણા કરવી, અને (૩) સવાલો પૂછવા.

## (૧) ખરડો પસાર કરવાની વિધિ વગેરે

કોઈપણ ખરડો રજુ કરી તેને પસાર કરવાની વિધિ અહીં પણ લગભગ વડી ધારાસભા જેવી જ છે. ખરડો ત્રણ વાંચનમાંથી પસાર થાય છે. ત્યાર પછી ગવર્નરની મંજુરી માટે મોકલી આપવામાં આવે છે. જે પછી છેવટની મંજુરી માટે ગવર્નરજનરલ પાસે જાય છે. ગવર્નરને જો એમ લાગે કે અમુક ખરડાથી તેના પ્રાંતની સુલેહશાંતિને હાનિ થશે તો તે ખરડાને પડતો મૂકવાની ધારાસભાને ફરજ પાડી શકે છે. વળી કોઇપણ ખરડો પસાર કરવાની ધારાસભા ના પાડે તો ગવર્નર આપસત્તાથી તેનો કાયદા તરીકે અમલ કરી શકે.

## (૨) મહત્ત્વના પ્રશ્નોની ચર્ચા

પ્રાંતિક ધારાસભામાં પણ વડી ધારાસભા પેઠે મહત્ત્વના વિષયોની ચર્ચા માટે સભા બરખાસ્ત કરવાની દરખાસ્ત લાવી શકાય છે અથવા તેને માટે ઠરાવ પસાર કરી શકાય છે. પરંતુ 'દ્વિરાજક કાર્યવાહી પદ્ધતિ' ને લીધે પ્રાંતિક અંદાજપત્ર ઘડવામાં અને તેને પસાર કરવાની વિધિમાં ઘણો ફેર છે. જે જે વિષયો જેના તાબામાં હોય તેની સાથે મસલત કરી ગવર્નર અમુક નિશ્ચયપર આવે છે, અને તે મુજબ આખી કાર્યવાહીનું એક જ અંદાજપત્ર રજુ થાય છે. કંઈપણ કચવાટ યા ગેરસમજુતી ન થાય તે માટે કાર્યવાહીના બંને વિભાગોની ભેગી સભા બોલાવવામાં આવે છે.

સૌથી પહેલાં અનામત વિષયો માટે જોઇતી રકમ નક્કી થાય છે. ત્યાર-પછી જે વધે તે સોંપાયલા વિષયો માટે વહેંચી આપવામાં આવે છે. જો પ્રધાનોને તે રકમ ઓછી લાગતી હોય તો તેઓ નવો કર નાખવાની દરખાસ્ત ધારાસભામાં મૂકી શકે છે. મતફેર પડવાને લીધે કારોબારી સભ્યો અને પ્રધાનો માંહોમાંહે ઉપજની વહેંચણી ન જ કરી શકે તો ગવર્નર લેખિત હુકમ આપી દરેક વિષય માટે ઉપજનો અમુક ભાગ આપવાનું નક્કી કરે છે. આ અંદાજપત્ર નક્કી થયા પછી તે ધારાસભામાં રજુ થાય છે. સાધારણ રીતે રકમની માગણી ખાતાવાર થાય છે.

ઓછી કરેલી રકમ સોંપાયલા વિષયને લગતી હોય તો પ્રધાનોની સૂચનાથી તે ફરીથી ધારાસભા આગળ મૂકવામાં આવે છે. પરંતુ આ તો માત્ર એક પ્રણાલિકા ખાતર જ છે; કારણ કે જો ધારાસભા મક્કમ રહે તો પ્રધાને તેટલી જ રકમમાં ચલાવવું પડે, અથવા તેમ ન બને તો રાજીનામું આપવું પડે. આવું જ કંઈ અનામત વિષયને માટે થાય તો ગવર્નર પોતાની સત્તાથી ધારાસભાની મરજી વિરુદ્ધ માગેલી રકમ મંજુર કરે છે. વળી જો ગવર્નરને એમ લાગે કે ધારાસભાએ નહિ સ્વીકારેલી કોઈ પણ માગણીની રકમ પ્રાંતની સુલેહશાંતિ માટે જરૂરની છે તો તે પોતાની સત્તાથી માગેલી રકમ આપે છે.

(૩) વડી ધારાસભા પેઠે અહીં પણ સભાસદોને સવાલો અને તેની પુષ્ટિમાં વધુ સવાલો પૂછવાનો હક્ક છે અને તે માટેના નિયમો પણ સરખા જ છે.

# પ્રકરણ–છઠ્ઠું

## ન્યાય ખાતું

### ન્યાયપદ્ધતિ, ફોજદારી અને દિવાની

ન્યાયાસન આગળ જે બાબતો નિર્ણય માટે આવે છે તેમના બે વિભાગો પડી જાય છે. આખા સમાજને હાનિકર્તા કાંઈ પણ કાર્ય થયું હોય તો તે ગુનો કહેવાય છે અને તેની દાદ મેળવી શિક્ષા કરાવવા માટે જે ફરિયાદ કરવામાં આવે છે તે પહેલો વિભાગ બને છે. હક્કની તકરારનો નિવેડો આણવો હોય અથવા તો અંગત વેર વાળવા નુકસાન કર્યું હોય, આબરૂ લીધી હોય તેની નુકસાની મેળવવા જે દાવા માંડવામાં આવે તે વગેરેનો બીજો વિભાગ બને છે. પહેલા વિભાગની ફરિયાદો ફોજદારી કહેવાય છે અને તેમનો નિર્ણય ફોજદારી કાયદા અને વિધિ પ્રમાણે થાય છે. બીજા વિભાગની ફરિયાદો દિવાની કહેવાય છે અને ચુકાદો દિવાની કાયદા અને વિધિ પ્રમાણે અપાય છે.

### પ્રાંતની ફોજદારી કોર્ટો

ઘણાખરા પ્રાંતોમાં ફોજદારી કોર્ટોના ૭ વર્ગ પાડવામાં આવ્યા છે.

(૧) હાઈકોર્ટ–જેમાં ઈલાકાના મુખ્ય શહેરના મૂળ કામો અને નીચલી કોર્ટોમાંથી અપીલ આવે છે (૨) સેશન્સ કોર્ટ (૩) ડીસ્ટ્રીક્ટ મૅજિસ્ટ્રેટની કોર્ટો (૪) પ્રેસિડન્સી મૅજિસ્ટ્રેટોની અને કેટલાંક શહેરોમાં સીટી મૅજિસ્ટ્રેટોની કોર્ટો (૫) બીજા વર્ગના મૅજિસ્ટ્રેટોની કોર્ટો (૬) ત્રીજા વર્ગના મૅજિસ્ટ્રેટોની કોર્ટો (૭) પહેલા, બીજા અને ત્રીજા વર્ગના માનદ મૅજિસ્ટ્રેટોની કોર્ટો.

### તેમની સત્તા અને બંધારણ

દરેક જીલ્લામાં એક સેશન્સ કોર્ટ હોય છે અને તેના જજને સેશન્સ જજ કહે છે. ફાંસીની સજા સિવાય બીજી કોઈપણ શિક્ષા આ

કોર્ટ કરી શકે છે. પ્રેસિડન્સી અને પહેલા વર્ગના મૅજિસ્ટ્રેટો ૨ વર્ષની કેદ અને રૂા. ૧૦૦૦) સુધીનો દંડ કરી શકે છે.

સેશન્સ અને હાઇકોર્ટના સઘળા ફોજદારી કેસોની સુનાવણી જ્યુરી અને એસેસરો રૂબરૂ થાય છે. સામાન્ય રીતે, જ્યુરીના મત પ્રમાણે વર્તવાને જજ બંધાયલો છે, જ્યારે એસેસરોના અભિપ્રાય મુજબ વર્તવાને તે બંધાયલો નથી. પાંચથી નવ સભ્યોની જ્યુરી બને છે. જો જ્યુરીનો મત સાવ ખોટો લાગે તો સેશન્સ જજ સદરહુ કેસ ચુકાદા માટે હાઇકોર્ટ સમક્ષ રજુ કરે છે. મોટાં શહેરોમાં અકસ્માતથી મરણ થાય તે સંબંધી તપાસ કરવા 'કોરોનરની કોર્ટ' હોય છે, જ્યારે નાનાં શહેરોમાં આ કામ મૅજિસ્ટ્રેટના હુકમથી પોલીસ જ કરી લે છે.

## પ્રાંતની દિવાની કોર્ટો

દિવાની કોર્ટોના પાંચ વિભાગ પાડી શકાય છે. (૧) હાઈ કોર્ટ ૨) જીલ્લા કોર્ટો (૩) સ્મૉલ કૉઝીઝ કોર્ટ (૪) પહેલા વર્ગના સબૉર્ડિનેટ જજોની કોર્ટો (૫) બીજા વર્ગના સબૉર્ડિનેટ જજોની કોર્ટો.

## તેમનું કાર્ય

ઇલાકાના મુખ્ય શહેરોમાં રૂા. ૨૦૦૦) સુધીના અને બીજાં શહેરોમાં તેથી ઓછી રકમના દાવાઓ ચૂકવવાને સ્મૉલ કૉઝીઝ કોર્ટ રાખવામાં આવી છે. મોટા દાવાઓ હાઇકોર્ટમાં થઈ શકે છે.

## હાઇકોર્ટ અને પ્રિવિકાઉન્સીલ

નીચલી કોર્ટના નિર્ણયથી અસંતોષ થાય તો હાઇકોર્ટને અપીલ કરવામાં આવે છે. હાઇકોર્ટના ફેંસલા વિરૂદ્ધ વિલાયતમાં પ્રિવિકાઉન્સીલને અપીલ થઈ શકે છે.

## યૂરોપીઅનોનો ન્યાય

દિવાની કામોમાં યૂરોપીઅનોને કોઈ પણ પ્રકારના ખાસ હક્ક આપવામાં આવ્યા નથી. પરંતુ ફોજદારી કામોમાં યૂરોપીઅનોને યૂરોપીઅન અથવા અમેરીકન જ્યુરી વગેરે ખાસ હક્ક આપવામાં આવ્યા છે.

# પ્રકરણ–૭ મું

## જાહેર સહીસલામતી

દરેક દેશને બહારનો તેમજ અંદરનો એમ બે જાતનો ભય હોય છે. બહારનો ભય પરદેશી શત્રુની ચઢાઇનો અને અંદરનો ભય ચોર, લૂટારા, સ્થાનિક હુલ્લડ તથા બળવા વગેરેનો છે. આ ભયમાંથી પ્રજાજનોનું રક્ષણ કરવા લશ્કર અને પોલીસની યોજના થઈ છે.

### હિન્દી લશ્કર

હિન્દુસ્તાનના લશ્કરના બે મુખ્ય વિભાગ પડે છે:-(૧) જાથુકનું નિયમિત લશ્કર, અને (૨) અણી પ્રસંગે ઉભું કરવામાં આવતું વધારાનું લશ્કર.

### (૧) જાથુકનું નિયમિત લશ્કર

હાલમાં હિન્દી લશ્કરના ચાર વિભાગ–ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ–દિશાવાર કરવામાં આવ્યા છે. તેમનો ઉપરી વડો સેનાધિપતિ છે અને તે વાઇસરૉયની કારોબારી સભાનો સભ્ય હોઈ લશ્કરની આંતરિક વ્યવસ્થા માટે જવાબદાર છે.

મહાન વિગ્રહની આખરે આ લશ્કર ૨૭૫૦૦૦ સિપાઇઓનું બનેલું હતું અને તેમાંના ૨૩૨૦૦૦ બ્રિટિશ હતા. બ્રિટિશ ટુકડીઓ ગ્રેટબ્રીટન અને આયર્લૅંડના સિપાઇઓની બનેલી છે. જ્યારે હિન્દી ટુકડીઓમાં મુખ્યત્વે કરી શિખ, ગુરખા, રજપૂત, મરાઠા વગેરે લડાયક જાતિઓના માણસો છે.

### (૨) વધારાનું લશ્કર

વધારાનું અનિયમિત લશ્કર નીચેના પેટા વિભાગનું બનેલું છે–વૉલંટીઅરો; ઇમ્પીરીઅલ સર્વિસ ટ્રુપ્સ; ઇમ્પીરીઅલ કેડેટ કોર; સરહદનું લશ્કર; મીલીટરી પોલીસ; અને હિન્દનું મુલ્કી લશ્કર (ટેરિટોરિઅલ ફોર્સ.)

## હિન્દી પ્રજા અને હિન્દી લશ્કર

પહેલાં તો હિન્દીઓમાંથી ફક્ત લડાયક જાતોના જ માણસો લઈ તેમનું લશ્કર બનાવાતું; બીજા હિન્દીઓને સ્વદેશનું રક્ષણ કરવાથી બાતલ કરવામાં આવ્યા હતા, એટલું જ નહિ પણ તેમને સંપૂર્ણ રીતે શસ્ત્રરહીત અને નિર્માલ્ય બનાવવાના વ્યવસ્થિત પ્રયત્નો થયા હતા. આ સામે હિન્દી પ્રજાના પોકારથી થોડો વખત થયા એ બાબતમાં સરકારે પોતાની નીતિ સુધારવાનું યોગ્ય ધાર્યું છે. હિન્દી જુવાનોને લશ્કરી તાલીમ આપવા માટે દહેરાદૂનમાં એક લશ્કરી વિદ્યાલય ખોલવામાં આવ્યું છે. અહીં, ઈંગ્લંડની સેંડહર્સ્ટની શાહી લશ્કરી કૉલેજમાં દાખલ થવા પૂરતી તૈયારી કરાવવામાં આવે છે; અને તે કૉલેજની પરીક્ષામાં પસાર થનારને હિન્દી લશ્કરમાં ઉંચી પદવી આપવામાં આવે છે. આમ છતાં દેશી લશ્કરમાં પણ ઉપરી અમલદારો ઘણુંખરૂં યૂરોપીઅન હોય છે. હાલમાં વડા સેનાધિપતિએ જણાવ્યું છે કે આઠ ટુકડીઓમાં ૨૩ વર્ષને અંતે બધા અમલદારો દેશી કરી દેવામાં આવશે. આ રીતે હિન્દનું બધું લશ્કર હિન્દીઓનું ક્યારે બનશે ? વળી હિન્દી લશ્કરનું ખર્ચ ઈ. સ. ૧૯૦૪–૫માં ત્રીસ કરોડ હતું તે વધીને ૧૯૨૨–૨૩માં સડસેઠ કરોડ થયા. હિન્દને એવા મોટા લશ્કરની જરૂર નથી એમ પ્રજાના નેતાઓ માને છે અને ખર્ચ ઓછું કરાવવા તેઓ બનતો પ્રયાસ કરે છે.

## હિન્દની પોલીસ

પોલીસ ફોર્સના મુખ્ય પાંચ વિભાગ પડે છેઃ—શહેર અને ગામડાંની પોલીસ; રીઝર્વ ફોર્સ; મીલીટરી પોલીસ; રેલવે પોલીસ અને છુપી પોલીસ.

**શહેર અને ગામડાંની પોલીસ** પોતાના શહેર અથવા ગામડામાં ગુનેગારોને પકડી તેમને સજા કરાવી વ્યવસ્થા જાળવે છે. **રીઝર્વફોર્સ** એ દરેક જીલ્લામાં અમુક સ્થળે, હુલ્લડ જેવા અણીના પ્રસંગે ખપ લાગે છે. **મીલીટરી પોલીસ** વાયવ્યસરહદના પ્રાંતો, આસામ અને બ્રહ્મદેશમાં કામ કરે છે. **રેલવે પોલીસ** રેલવેની માલમત્તા

સંભાળે છે અને રેલવે લાઇન અથવા સ્ટેશનની સરહદમાં થતા ગુનાઓની તપાસ રાખે છે. છુપી પોલીસખાતું ખાસ કરી રાજદ્વારી લોકો વિષે માહિતી મેળવવામાં, રાજદ્રોહનાં કાર્યો પકડવામાં અને ગંભીર ગુનાઓની તપાસમાં હંમેશ પરોવાયલું રહે છે.

જીલ્લા પોલીસનો ઉપરી ડીસ્ટ્રીકટ સુપ્રીન્ટેન્ડન્ટ ઑફ પોલીસ કહેવાય છે અને તેના પર જીલ્લાનો કલેક્ટર સામાન્ય દેખરેખ રાખે છે. સુપ્રીન્ટેન્ડન્ટના હાથ નીચે ડેપ્યુટી પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ, ઇન્સ્પેક્ટર, સબ-ઈન્સ્પેક્ટર (ફોજદાર) વગેરે અમલદારો હોય છે.

**જેલ**

દરેક જીલ્લાને મથકે એકેકી જેલ હોય છે. તે સિવાય પ્રાંતમાં યોગ્ય સ્થળોએ સેન્ટ્રલ જેલ પણ હોય છે. આખા પ્રાંતની બધી જેલોનો ઉપરી ઈન્સ્પેક્ટર જનરલ હોય છે. દરેક જેલનો ઉપરી જેલર કહેવાય છે. જેલમાં ઘણી જાતના ઉદ્યોગો હોય છે, અને એ ઉદ્યોગોમાંથી સરકારને સારૂં ઉત્પન્ન મળે છે.

## પ્રકરણ-૮ મું

## નાણાંખાતું અને જમીનમહેસૂલ

સને ૧૯૧૯ના કાયદાથી વડી અને પ્રાંતિક સરકારનાં ઉપજનાં સાધનો અને ખર્ચના વિષયો નીચે મુજબ નક્કી કરવામાં આવ્યાં:—

**ઉપજનાં સાધનો**

| વડી સરકાર | પ્રાંતિક સરકાર |
|---|---|
| ખંડણી | જમીન મહેસૂલ |
| અફીણ; મીઠું | આબકારી |
| રેલવે; ટપાલ; તાર | સ્ટેમ્પ |
| જકાત; આવકવેરો | રજીસ્ટ્રેશન |
| લહેણાનું વ્યાજ વગેરે | જંગલ વગેરે |

ખર્ચના વિષયો

| વડી સરકાર | પ્રાંતિક સરકાર |
|---|---|
| ઉપજ એકઠી કરવાનો ખર્ચ | આબકારી |
| દેવાનું વ્યાજ | પોલીસ; જેલ |
| ટપાલ, તાર અને રેલવે | કેળવણી |
| વડી સરકારનો ખર્ચ | નહેર, જાહેર બાંધકામ |
| લશ્કરનો ખર્ચ વગેરે | દુકાળશમન વગેરે |

## જમીન મહેસૂલ

હિન્દની વસતીના ૮૫ ટકા ખેતી અને તેને લગતા ઉદ્યોગો ઉપર જીવન ગુજારે છે. આ ખેતીપ્રધાન દેશમાં જૂના જમાનામાં ઉત્પન્નનો અમુક ભાગ રાજાનો ગણાતો અને તે પાકમાં જ લેવાતો. મુગલાઈના વખતમાં ટોડરમલે પાકને બદલે પૈસામાં તે ભાગ લેવાનું ઠરાવ્યું. પાકની જાત નક્કી કરવામાં આવી, અને અમુક વર્ષના પાકની સરાસરી લઈને તે મુજબ મહેસૂલ નક્કી કરવામાં આવી. મુગલાઈના અંતમાં મોટા મોટા ઈજારદારો જમીન મહેસૂલ ઉઘરાવતા અને તેમાંનો નક્કી કરેલો ભાગ સરકારમાં ભરતા. કંપની સરકારે બંગાળામાં આ રીત ચાલુ રાખી અને જમીનદારોએ વાર્ષિક અમુક રકમ સરકારને આપવી એવું લૉર્ડ કૉર્નવૉલીસે સને ૧૭૯૩માં હંમેશ માટે નક્કી કર્યું. બંગાળામાં આ રીતે કાયમી જમાબંધી ચાલુ થઈ.

ત્યાર પછી બીજા મુલકમાં સંજોગોને અનુસરી જુદી જુદી પદ્ધતિ દાખલ થઈ. જમીનદારી અને રૈયતવારી એવી બે મુખ્ય પદ્ધતિઓ છે. જમીનદારીમાં એક જમીનદાર મોટી જમીનવાળો ખેડૂત છે, જે જમીન તે બીજા ખેડૂતો પાસે ખેડાવે છે. રૈયતવારીમાં દરેક ખેડૂત છે, જે જમીન તે ખેડે છે અને મહેસૂલ માટે સરકારને જવાબદાર છે.

મહેસૂલ ઉઘરાવવાનું કામ ગામના તલાટીને સોંપવામાં આવ્યું છે. જ્યારે સરકારના ધારવા પ્રમાણે ચાર આનીથી ઓછો પાક થાય ત્યારે મહેસૂલ મુલતવી રખાય છે અને છ આની થયો હોય તો અર્ધું મહેસૂલ મુલતવી રખાય છે. મુલતવી રહેલું મહેસૂલ સારા વર્ષોમાં વસુલ કરાય છે.

# પ્રકરણ-૯ મું

## પ્રજાની ઉન્નતિ કરનારાં ખાતાંઓ

રાજ્યની સુવ્યવસ્થા અને પ્રજાની ઉન્નતિ એ બે રાજવહીવટના વિશિષ્ટ ગુણો છે. આમાંનાં વ્યવસ્થા જાળવવાને યોજાએલાં સાધનો આપણે જોઇ ગયા. હવે ઉન્નતિકારક સાધનો જોઈશું. આ સાધનોમાં મુખ્યત્વે કરી કેળવણીનો પ્રચાર, વ્યવસ્થિત દુકાળશમન, જાહેર સુખાકારી અને જાહેર બાંધકામોનો સમાવેશ થાય છે.

### કેળવણી

#### (૧) પ્રાથમિક

પ્રાથમિક શિક્ષણ એ આમવર્ગને કેળવવા માટે છે. આ શિક્ષણને ફરજીઆત તેમ જ મફત કરવાના પ્રયત્નો થાય છે. તદનુસાર ફરજીઆત પ્રાથમિક કેળવણીના કાયદા પણ પસાર થાય છે. પ્રાથમિક શાળાઓ મ્યુનિસિપાલિટી અથવા લોકલ બોર્ડને હસ્તક ચાલે છે અને તેમાં વાંચન, લેખન, ગણિત, ઇતિહાસ, ભૂગોળ વગેરે સામાન્ય વિષયો શીખવાય છે.

#### (૨) માધ્યમિક

માધ્યમિક શાળાઓમાં મેટ્રિક પરીક્ષા માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં આવે છે. આ શાળાઓ સરકારી તેમ જ ખાનગી હોય છે અને તેમાં વિદ્યાર્થીઓને ભિન્ન ભિન્ન વિષયોનું સામાન્ય જ્ઞાન મળે છે.

(૩) ઉચ્ચ

મેટ્રિક પછી વધુ અભ્યાસ માટે કૉલેજ હોય છે. કૉલેજો સરકારી તેમ જ ખાનગી હોય છે અને તે સઘળી અમુક યુનિવર્સિટી સાથે સંબંધ રાખે છે. કૉલેજનો અભ્યાસક્રમ ચારથી છ વર્ષ સુધી પહોંચે છે. તેમાં ગણિત, સાહિત્ય, વિજ્ઞાન, ઇતિહાસ અર્થશાસ્ત્ર, વગેરે શીખવાય છે.

આગળ જણાવી ગયા તે મુજબ કેળવણી પ્રાંતિક વિષય હોઇ તેનો વહીવટ પ્રધાન કરે છે. કેળવણી ખાતાનો ઉપરી 'ડાયરેક્ટર ઑફ પબ્લિક ઇન્સ્ટ્રક્શન' કહેવાય છે અને તેના હાથ નીચે ઇન્સ્પેક્ટરો, ડેપ્યુટીઓ, વગેરે હોય છે.

**વ્યવસ્થિત દુકાળશમન**—૮૫ ટકા જેટલા હિન્દીઓ એકલી ખેતી ઉપર જીવે છે અને ખેતીનો આધાર વરસાદ ઉપર હોવાથી હિન્દુસ્તાનમાં દુકાળનો સંભવ ઝાઝો છે. વળી સામાન્ય ગરીબાઇ અને રોગને લીધે હિન્દના દુકાળો વધુ નાશકારક હોય છે. પરિણામે દુકાળશમનનું કામ હિન્દી સરકારની ખાસ જરૂર થઈ પડી છે. દર સાલ દોઢ કરોડ રૂપીઆ દુકાળશમનફંડ ખાતે કાઢવામાં આવે છે.

**દુકાળશમનના ઉપાયો**

(૧) વરસાદ ન પડે તો નહેરના પાણીથી પાક થઇ શકે એ હેતુથી નહેરો ખોદાવાય છે.

(૨) ખેડુતોની 'સહકારી પેઢીઓ' કાઢવામાં આવે છે જેમાંથી તેમને વખતો વખત મદદ મળી શકે છે.

(૩) દુકાળવાળાં પ્રદેશમાં તળાવો ખોદવાનું, રસ્તાઓ બાંધવાનું, રેલવે બાંધવાનું, વગેરે કામ કરાવાય છે અને મજુરી પેટે ખાવાનું ખરીદાય એટલા પૈસા આપવામાં આવે છે.

(૪) ખેડુતોને ખેતી કરવા શક્તિમાન થવા માટે તગાવી તરીકે પૈસા આપવામાં આવે છે; આ રકમ ઠરાવેલે હપ્તે સરકારને પાછી ભરવાની હોય છે.

## જાહેર સુખાકારી

સુખાકારી ખાતાના બે વિભાગો પડે છે:–(૧) રોગને અટકાવવા પ્રયત્ન કરે છે તે આરોગ્ય વિભાગ કહેવાય છે. (૨) રોગ મટાડવાને પ્રયત્ન કરે છે તે વૈદ્યકીય વિભાગ કહેવાય છે.

### આરોગ્યખાતું

લોકોની દરિદ્રતા અને સામાન્ય અજ્ઞાન, શહેરોની ખીચોખીચ વસતી, ગટરોની અવ્યવસ્થા અને પોતાની અને પોતાના કુટુંબની તંદુરસ્તી સાચવવા તરફ આમવર્ગની દુ:ખદાયક બેદરકારી–આ સર્વ તરફ નજર કરતાં હિન્દુસ્તાનમાં આરોગ્યનો વિષય પશ્ચિમના દેશો કરતાં વધુ મહત્ત્વનો ગણાવો જોઇએ. ગટરોમાં ગંધાતાં પાણી ભરાઇ રહે, બાજરૂની ગંદકી વધે, શેરીને નાકે કચરાના ઢગલા વધતા જાય, ટાંકી અથવા કુવાની આજુબાજુ ગંદકી થાય, દારૂનો પ્રચાર વધતો જાય, બજારમાં કોહી ગયલી વસ્તુઓ વેચાય અને તે ખાવામાં વપરાય–આ સૌ પ્રજાને રોગી બનાવનારાં કારણો છે. આ બધું દૂર કરવાને સરકાર તરફથી **આરોગ્ય ખાતું** ખોલવામાં આવ્યું છે. એ ખાતાનો ઉપરી હિન્દી સરકારનો સેનીટરી કમિશ્નર કહેવાય છે. એના હાથ નીચે દરેક પ્રાંતનાં સેનીટરી ખાતાંઓ એક સેનીટરી બોર્ડના અંકુશ હેઠળ હોય છે. શહેરની આરોગ્યના વિષે મ્યુનિસિપાલિટીએ ધ્યાન રાખવાનું હોવાથી તેના તરફથી એક ખાસ 'હેલ્થ ઑફીસર'ની નિમણૂક થાય છે.

### વૈદ્યકીય ખાતું

**વૈદ્યકીય ખાતાનો** ઉદ્દેશ–રોગ મટાડવા માટે સરકારે આ ખાતું ખોલ્યું છે. આ ખાતાની દેખરેખ હેઠળ સરકારી ઇસ્પિતાલો, દવાખાનાંઓ ઉઘાડવામાં આવ્યા છે. સ્ત્રીઓ માટે સ્ત્રી–ડાક્ટરોની દેખરેખ હેઠળ ઝનાની ઇસ્પિતાલ પણ હોય છે. સરકારે કેટલાંક ફરતાં દવાખાનાં પણ રાખ્યાં છે જે ગામે ગામ ફરી લોકોને દવા આપે છે.

# પ્રકરણ-૧૦ મું

## દેશી રાજ્યો

હિન્દુસ્તાનની તેત્રીસ કરોડની વસતીમાંથી સાત કરોડ દેશી રાજ્યોના રહીશ છે.

### દેશી રાજ્યોનું વર્ગીકરણ

નાનાં મોટાં મળી લગભગ સાતસો દેશી રાજ્યો છે. તેમને ત્રણ વિભાગમાં વહેંચી નાખવામાં આવ્યાં છે. (૧) જેઓ વાઇસરૉયની સાથે સીધો વ્યવહાર ચલાવે છે; જેવાં કે વડોદરા, નિઝામ, મ્હેસૂર, કાશ્મીર અને નેપાળ. (૨) જેમાંનાં થોડાં થોડાં એકઠાં કરી તેમની એજન્સી બનાવી દરેક એજન્સી માટે એક એજન્ટ-ટુ-ધી ગવર્નર જનરલ નિમી તેની મારફતે હિન્દી સરકાર સાથે વ્યવહાર ચાલે છે. આવી એજન્સીઓઃ- (અ) મધ્યહિન્દ એજન્સીમાં ગ્વાલીઅર, ઈંદોર, ભોપાળ વગેરે (બ) રજપૂતાના એજન્સીમાં ઉદેપુર, જયપુર, જોધપુર, બીકાનેર વગેરે (ક) બલુચીસ્તાન એજન્સીમાં ખેલાત અને લાસબેલા. (૩) જેઓ પ્રાંતિક સરકારના તાબામાં છે અને વાઇસરૉયની સાથે સીધો સંબંધ ધરાવતાં નથી; આમાં મુંબઈના ગવર્નરના તાબામાં કોલ્હાપુર, કચ્છ વગેરે; મદ્રાસ ગવર્નરના તાબામાં કુચબિહાર, સીકીમ વગેરે છે.

### દેશી રાજાઓનો બ્રિટિશ સરકાર સાથેનો સંબંધ

દેશી રાજ્યો આંતરિક વહીવટ માટે મોટે ભાગે સ્વતંત્ર છે. પોતાની પ્રજા માટે તેઓ કાયદા રચી શકે છે, તેમ જ ખર્ચ માટે કર નાંખી શકે છે. પરંતુ (૧) કોઈ પણ દેશી રાજ્ય બ્રિટિશ સરકારની સંમતિ વિના પરરાજ્ય સાથે કોઈ પણ જાતનો સંબંધ રાખી શકે નહિ. (૨) દેશી રાજ્યો માંહોમાંહે પણ સીધો વ્યવહાર રાખી શકે નહિ. તેમણે બ્રિટિશ અમલદાર મારફત નિયમાનુસાર વ્યવહાર રાખવો જોઇએ. (૩) જો કોઇ

દેશી રાજ્યમાં અન્યાય અને અત્યાચાર એટલો વધી પડયો હોય કે તેથી અરાજકતા અથવા બળવાનો ભય રહે તો બ્રિટિશ સરકાર આંતરિક વહીવટમાં પણ વચ્ચે પડી શકે છે અને જરૂર પડે તો તે રાજ્યનો વહીવટ પણ થોડા વખત માટે પોતાના હાથમાં લઈ શકે છે. આ બાબતમાં ઇંદોર નરેશનો દાખલો તાજો જ છે. (૪) બ્રિટિશ સરકાર ઉપર આફત હોય ત્યારે દેશી રાજાઓએ તેમના લશ્કરની મદદ આપવી પડે છે.

નરેંદ્રમંડળ–સને ૧૯૧૯ના કાયદાથી એક નરેંદ્રમંડળ યોજવામાં આવ્યું છે. અગિયાર અને તેથી વધુ તોપોનું માન ધરાવતા સર્વે દેશી રાજાઓને તેમાં બેસવાનો હક છે. દેશી રાજ્યો વિચારની પરસ્પર આપ લે કરે, સૈના હિતના વિષયમાં એકત્રિતપણે વિચાર કરે એવો આ મંડળ રચવાનો હેતુ છે. વાઇસરૉય પોતે આ મંડળનો પ્રમુખ છે. આ મંડળનું બંધારણ હજુ કાયમી થયું નથી. તેથી હાલમાં તો તે એક સુવ્યવસ્થિત સભા કરતાં ખાનગી સલાહકાર મંડળીને વધારે મળતું છે.

# પરિશિષ્ટ

## વર્નાક્યુલર ફાઈનલ પરીક્ષા

## ઉત્તર વિભાગ

### ૧૯૨૯

### ઈતિહાસ

૧ નીચેના પૈકી કોઈપણ પાંચ વિષે ટુંકી હકીકત લખોઃ—
રામાનુજ, ચંદ્રગુપ્ત, અહલ્યાબાઈ, ટિપુ, મીરકાસીમ, બંગાળાની દ્વિરાજક પદ્ધતિ, પ્રજાસંઘ, પહેલો મરાઠા વિગ્રહ, નાનક.

૨ "નાના ફડનવીસ સાથે મરાઠી રાજ્યનું ડહાપણ ગયું" આ કથન કેટલે અંશે સત્ય છે તે સિદ્ધ કરો.

૩ લૉર્ડ હેસ્ટિંગ્સ, લૉર્ડ ડલહાઉસી અને લૉર્ડ વેલેસ્લી એમાંથી તમો કોને વધારે સમર્થ ગણો છો? અને શા માટે? તેની કારકિર્દીનું વર્ણન કરો.

૪ અકબરની રાજનીતિનું વર્ણન કરો. બ્રિટિશ રાજનીતિમાં તે જ્યાં જોવામાં આવતી હોય તે બતાવો.

૫ ઈસ્ટ ઇંડિયા કંપનીને જુદી જુદી વખતે જે સનદો મળી તે જણાવો. તેમાં દર વખતે શા શા ફેરફાર કરવામાં આવ્યા હતા?

### ૧૯૩૦

### ઈતિહાસ

૧ મરાઠા રાજ્યના ઉદય અને પડતીનાં કારણો આપો.

૨ નીચેના પૈકી કોઈ પણ પાંચ વિષે ટુંકી હકીકત લખોઃ—
બીજો મ્હેસૂર વિગ્રહ, ગૌતમ બુદ્ધ, આર્થર વેલેસ્લી, કબીર, મહારાણી વિકટોરીઆનો ઢંઢેરો, પ્લાસીનું યુદ્ધ અને પ્રાંતિક ધારાસભા.

૩ અકબર અને ઔરંગઝેબની રાજનીતિની સરખામણી ને મુકાબલો કરો અને મોગલ રાજ્યની પડતીનાં કારણો સમજાવો.

૪ લૉર્ડ ડલહાઉસીની કારકિર્દીનું વર્ણન આપો અને તેમના વખતમાં હિન્દુસ્તાનમાં બ્રિટિશ મુલકનો વિસ્તાર નકશો દોરી દર્શાવો.

૫ મુંબાઈ ઈલાકો જુદે જુદે વખતે ક્યા ક્યા મુલકો બ્રિટિશ રાજ્યમાં જોડાવાથી બન્યો તેનું દિગ્દર્શન કરો.

મંગળદાસ ઍન્ડ સન્સ, સુરત.